સમાજ પર ફોક્સઃ રાજકોટમાં બે દિવસમાં બે પાટીદાર સંમેલન ૧૬

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ– ૮ | પાના : ૧૬ |રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧–૫–૨૦૨૪ – બુધવાર |રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૧૩ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોક્સ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

### નવા નાણાકીય વર્ષના પ્રથમ માસમાં આડકતરા કરવેરાની આવકમાં સરકારની તિજોરી છલકાઈ

# પ્રથમ વખત જીએસટી કલેકશન રૂા.૨ લાખ કરોડને પારઃ નવો રેકોર્ડ

### એપ્રિલ માસમાં જીએસટીનું કલેકશન રૂા.૨.૧૦ લાખ કરોડ નોંધાયુઃ માર્ચના રૂા.૧.૭૮ લાખ કરોડના કલેકશનમાં ૧૨.૪ ટકાનો વધારોઃ ઘરેલુ વ્યવહારોથી જીએસટી આવક ૧૩.૪ ટકા વધીઃ વર્ષ દરમ્યાન સરેરાશ ૧.૮૦ લાખ કરોડની જીએસટી આવક થવાનો અંદાજ




નવી દિલ્હી તા.૧

દેશમાં આર્થિક ગતિવિધિ સતત વધી રહી હોવાના કારણે કેન્દ્ર તથા રાજય સરકારોની કર આવક પણ વધી રહી છે અને એપ્રિલ ૨૦૨૪માં જીએસટીની આવક રૂા.૨.૧૦ લાખ કરોડના નવા રેકર્ડ પર પહોંચી ગઈ છે. પ્રથમ વખત જીએસટી કલેકશન આ રીતે રૂા.૨.૧૦ લાખ કરોડ નોંધાયું છે જે વાર્ષિક ધોરણે ૧૨.૪ ટકાનો ઘટાડો નોંધાવે છે. ગત મહિને જીએસટી કલેકશન ૧.૭૮ લાખ કરોડ નોંધાયું હતું જયારે ૨૦૨૩માં એપ્રિલ માસમાં તે ૧.૮૭ લાખ કરોડ નોંધાયુ છે. એપ્રિલ માસના જીએસટી આવકમાં દેશમાં ૧૩.૪ ટકાનો અને આયાતથી ૮.૩ ટકાનો વધારાની આવક મળી છે અને રિફંડ બાદ સરકારને જીએસટીની નેટ આવક રૂા.૧.૯૨ લાખ કરોડ થશે જે ગત વર્ષ કરતા ૧૭.૧ ટકો

(અનુસંધાન ૧૨ મા પાને)

### વેકસીન ડેમેજ પેમેન્ટ સીસ્ટમ સ્થાપવા કેન્દ્રને આદેશ આપો

# વેકસીન વિવાદ હવે સુપ્રીમમાંઃ સાઈડ ઈફેકટની તપાસ માટે નિષ્ણાંતોની કમીટી નિયુકત કરવા માંગ

### કોવિશિલ્ડની આડઅસર અંગે ભારતમાં સીરમ ઈન્સ્ટીટયુટ સામે પણ દાવોઃ વેકસીન લીધા બાદ મૃત્યુ પામેલા એક મહિલાના પિતાએ વળતર દાવો દાખલ કર્યો



નવી દિલ્હી તા.૧

કોરોનાકાળમાં અપાયેલી વેકસીનના મુદે હવે વિવાદ ભારતના આંગણે આવી ગયો છે અને પ્રથમ વખત દેશમાં કોરોનાની કોવિશિલ્ડ વેકસીન લીધા બાદ મૃત્યુ પામેલ એક મહિલાના માતા-પિતાએ આ વેકસીનના નિર્માતા સીરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયા સામે વળતરનો દાવો દાખલ કરવાની તૈયારી સાથે સુપ્રીમકોર્ટમાં એક રીટ કરીને ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સના નિષ્ણાંતોના વડપણ હેઠળ એક કમીટી રચી ભારતમાં વેકસીનની આડઅસર અંગે તપાસ કરવાની માંગણી કરી છે. અરજદારે આ ઉપરાંત સુપ્રીમ કોર્ટના નિવૃત જજ પણ આ કમીટીમાં હોય તે નિશ્ચિત કરવા જણાવ્યું છે અને ભારતમાં વેકસીનની આડઅસરના કારણે જે લોકોને જીવન ગુમાવવુ પડયુ હોય અથવા તો અપંગતા કે કાયમી મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય તેમના કુટુંબીજનો અથવા તો જે તે વ્યકિતને વળતર માટે કેન્દ્ર સરકાર વેકસીન ડેમેજ પેમેન્ટ સીસ્ટમ તૈયાર કરે તેવો આદેશ આપવાની પણ માંગણી કરી છે. બ્રિટન સ્થિત ઓકસફર્ડ એસ્ટ્રાજેનેકાએ એક સ્થાનિક અદાલતમાં

(અનુસંધાન ૧૨ મા પાને)

સ્ટાફ જોઈએ છે
રેડીમેઈડ શુટિંગ શર્ટિંગના શોરૂમ માટે
સેલ્સમેન - 3
ઓફીસ બોય - 3
વિસોત સિલેકશન પેડક રોડ, રાજકોટ
98795 50750

# ચૂંટણી વચ્ચે રાહતઃ કોમર્શીયલ રાંધણગેસ સીલીન્ડર રૂા.૧૯ સસ્તો

### તેલ કંપનીઓએ ભાવ ઘટાડયાઃ ઘરેલુ સીલીન્ડરમાં કોઈ બદલાવ નહીં



નવી દિલ્હી તા.૧

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે તેવા સમયે રાંધણગેસના ભાવમાં રાહત જાહેર કરવામાં આવી છે. કોમર્સીયલ રાંધણગેસ સીલીન્ડરના ભાવમાં રૂા.૧૯નો ઘટાડો કરવામાં આવ્યો છે. સબસીડીયુક્ત ઘરેલુ ગેસ સીલીન્ડરના ભાવમાં કોઈ બદલાવ નથી.

દેશભરમાં લોકસભાની ચૂંટણીના માહોલ વચ્ચે સતત બીજા મહિને રાંધણગેસમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. પેટ્રોલીયમ કંપનીઓ દ્વારા કોમર્સીયલ ગેસ સીલીન્ડરમાં રૂા.૧૯નો ભાવઘટાડો જાહેર કરવામાં આવ્યો છે જયારે ઘરેલુ એલપીજી સીલીન્ડરના ભાવ યથાવત

(અનુસંધાન ૧૨ મા પાને)









# ગ્રાહકો પાસેથી મનફાવે તેમ ચાર્જ વસુલતી બેંકો પર આખરે RBIની લાલ આંખ!

**બેંકોએ ગ્રાહકો પાસેથી મન ફાવે તેમ ચાર્જ ન વસુલવો જોઈએ અને જો બેન્ક લોન લેનાર ગ્રાહકો પાસેથી વ્યાજની ચુકવણી પર વધારાનો ચાર્જ વસુલતી હોય તો તે ચાર્જ પણ બેન્ક દ્વારા ગ્રાહકોને રિફંડ કરવામાં આવશે. આરબીઆઈની સુપરવાઈઝરી ટીમોએ બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કોર્પોરેશન (એનબીએફસી)ની તેમની ઓનસાઈટ ચેકિંગ દરમિયાન કેટલીક અન્યાયી પ્રથાઓ શોધી કાઢ્યા પછી આ નિર્દેશ આપ્યો છે. જેથી આ નિર્દેશનું મહત્વ ઘણું વધી જાય છે.**

**આ વખતે આરબીઆઈએ માત્ર સલાહ જ આપી નથી પરંતુ સાથે આદેશ આપ્યો છે કે બેંકો તેમની લોન વિતરણ અને વ્યાજ વસૂલવાની પદ્ધતિઓની સમીક્ષા કરે. બેંકોએ હવે આ મુદ્દાઓને સુધારવા અને અસરગ્રસ્ત ગ્રાહકોને વધારાનું વ્યાજ અને અન્ય શુલ્ક પરત કરવા માટેની સિસ્ટમ-સ્તરનાં ફેરફારો કરવાની જરૂર છે.આ નિર્દેશ એ સુનિશ્ચિત કરવાના આરબીઆઈના પ્રયત્નોનો પુરાવો છે કે આરબીઆઇ બેંકિંગ ક્ષેત્રની અખંડિતતા માટે કાર્ય કરે છે.**





તાજેતરના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ પોતાની નિષ્પક્ષતા અને પારદર્શિતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને જાળવી રાખવા માટે દેશની તમામ બેંકોને નિર્દેશ આપ્યો છે કે, બેંકોએ ગ્રાહકો પાસેથી મન ફાવે તેમ ચાર્જ ન વસુલવો જોઈએ અને જો બેન્ક લોન લેનાર ગ્રાહકો પાસેથી વ્યાજની ચુકવણી પર વધારાનો ચાર્જ વસુલતી હોય તો તે ચાર્જ પણ બેન્ક દ્વારા ગ્રાહકોને રિફંડ કરવામાં આવશે. આરબીઆઈની સુપરવાઇઝરી ટીમોએ બેંકો અને નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કોર્પોરેશન (એનબીએફસી)ની તેમની ઓનસાઇટ ચેકિંગ દરમિયાન કેટલીક અન્યાયી પ્રથાઓ શોધી કાઢ્યા પછી આ નિર્દેશ આપ્યો છે. જેથી આ નિર્દેશનું મહત્વ ઘણું વધી જાય છે.

આરબીઆઈના તારણોમાં જાણવા મળ્યું છે કે કેટલીક બેંકો આખા મહિના માટે વ્યાજ વસૂલતી હતી કે પછી ભલે તે મહિનાની અંદર લોન ચૂકવવામાં આવી હોય. વધુમાં, વાસ્તવિક ડિસ્ટ્રિબ્યુશન તારીખને બદલે લોન કરારની મંજૂરી અથવા અમલીકરણની તારીખથી વ્યાજ વસૂલવામાં આવતું હતું. કેટલાક કિસ્સાઓમાં, બેંકોએ ચેક દ્વારા લોન જારી કરી હતી પરંતુ ચેકની તારીખથી વ્યાજ વસૂલ્યું હતું.

બેન્કોની આવી પ્રથાઓ લોન લેનારાઓ એવા ગ્રાહકો માટે નોંધપાત્ર અસરો ધરાવે છે કે જેઓએ જેટલા રૂપિયાની લોન લીધી હોય તેના કરતાં વધારે રૂપિયા વ્યાજ તરીકે ચુકવ્યા હોય. આ વાત ફકત ગ્રાહકો પર વધી રહેલા નાણાકીય બોજ પૂરતી સીમિત નથી પરંતુ સાથે જ તે નાણાકીય સંસ્થાઓ અને તેમના ગ્રાહકો વચ્ચે વિશ્વાસની બાબત પણ છે.

આ વખતે આરબીઆઈએ માત્ર સલાહ જ આપી નથી પરંતુ સાથે આદેશ આપ્યો છે કે બેંકો તેમની લોન વિતરણ અને વ્યાજ વસૂલવાની પદ્ધતિઓની સમીક્ષા કરે. બેંકોએ હવે આ મુદ્દાઓને સુધારવા અને અસરગ્રસ્ત ગ્રાહકોને વધારાનું વ્યાજ અને અન્ય શુલ્ક પરત કરવા માટેની સિસ્ટમ-સ્તરનાં ફેરફારો કરવાની જરૂર છે.આ નિર્દેશ એ સુનિશ્ચિત કરવાના આરબીઆઈના પ્રયત્નોનો પુરાવો છે કે આરબીઆઇ બેંકિંગ ક્ષેત્રની અખંડિતતા માટે કાર્ય કરે છે. આ સાથે જ આરબીઆઇ અન્ય બેન્કોને સ્પષ્ટ સંદેશ પણ આપવા માંગે છે કે, મધ્યસ્થ બેંક વાજબી પ્રથાઓમાંથી કોઈપણ વિચલનને સહન કરશે નહીં. આ પગલું વધુ નૈતિક બેંકિંગ વાતાવરણને પ્રોત્સાહન આપશે અને સામાન્ય લોન લેનારના હિતોનું રક્ષણ કરશે તેવી અપેક્ષા છે.



**બેંકો વ્યાજની ગણતરી કેવી રીતે કરે છે તેના મિકેનિક્સનો અભ્યાસ કરવો જોઈએ. લોન પરના વ્યાજની ગણતરી સામાન્ય રીતે મુખ્ય રકમ અને જે સમય માટે નાણાં ઉછીના લેવામાં આવે છે તેના આધારે કરવામાં આવે છે. જ્યારે બેંકો વાસ્તવિક વિતરણની તારીખને બદલે મંજૂરી અથવા અમલીકરણની તારીખથી વ્યાજ વસૂલ કરે છે, ત્યારે તેઓ અન્યાયી રીતે લોન લેનાર પર વ્યાજનો બોજ વધારે છે. આ પ્રથા, ટેકનિકી હોવા છતાં ગ્રાહકોની નાણાકીય સુખાકારી પર સીધી અસર કરે છે.**

હવે આપણે ઓવરચાર્જિંગની સમસ્યાને સમજવાનો પ્રયત્ન કરીએ. બેંકો વ્યાજની ગણતરી કેવી રીતે કરે છે તેના મિકેનિક્સનો અભ્યાસ કરવો જોઈએ. લોન પરના વ્યાજની ગણતરી સામાન્ય રીતે મુખ્ય રકમ અને જે સમય માટે નાણાં ઉછીના લેવામાં આવે છે તેના આધારે કરવામાં આવે છે. જ્યારે બેંકો વાસ્તવિક વિતરણની તારીખને બદલે મંજૂરી અથવા અમલીકરણની તારીખથી વ્યાજ વસૂલ કરે છે, ત્યારે તેઓ અન્યાયી રીતે લોન લેનાર પર વ્યાજનો બોજ વધારે છે. આ પ્રથા, ટેકનિકી હોવા છતાં ગ્રાહકોની નાણાકીય સુખાકારી પર સીધી અસર કરે છે.

પારદર્શિતા એ કોઈપણ નાણાકીય વ્યવહારનો આધાર છે. જ્યારે ગ્રાહકો લોન લે છે, ત્યારે તેઓ એવું સમજીને કરે છે કે તેમની પાસેથી વ્યાજબી રકમ વસૂલવામાં આવશે. આરબીઆઈનો નિર્દેશ બેંકોને એક રીમાઇન્ડર તરીકે કામ કરે છે કે પારદર્શિતા વૈકલ્પિક નથી પરંતુ મૂળભૂત જરૂરિયાત છે. રિફંડ ફરજિયાત કરીને, RBI બેંકો અને તેમના ગ્રાહકો વચ્ચે વ્યાજ ચાર્જ અંગે સ્પષ્ટ સંચારની જરૂરિયાતને વધુ મજબૂત બનાવી રહી છે.

બેંક અને તેના ગ્રાહકો વચ્ચેનો સંબંધ વિશ્વાસ પર બનેલો છે. જ્યારે ગ્રાહકોને લાગે છે કે તેમની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે, ત્યારે વિશ્વાસ ક્ષિણ થાય છે. નિયમનકારી પરિપ્રેક્ષ્યમાં, આરબીઆઈનો નિર્દેશ બેંકિંગ ક્ષેત્રની અંદર પ્રણાલીગત સમસ્યાઓને રોકવા માટે એક સક્રિય પગલું છે. અન્યાયી પ્રથાઓને સંબોધીને, આરબીઆઈ અન્ય નિયમનકારી સંસ્થાઓ માટે અનુસરવા માટે એક દાખલો સ્થાપિત કરી રહી છે. તે સ્પષ્ટ સંકેત છે કે સેન્ટ્રલ બેંક આ ક્ષેત્ર પર સક્રિયપણે દેખરેખ રાખી રહી છે અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે જરૂર પડ્યે હસ્તક્ષેપ કરશે.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

આ નિર્દેશની સમગ્ર બેન્કિંગ સેકટરમાં અસર થવાની શકયતા છે. RBIની માર્ગદર્શિકાઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે બેંકોએ તેમની સિસ્ટમની સમીક્ષા કરવાની અને ઓવરઓલ ઓપરેટિંગ ફેરફાર કરવાની જરૂર પડશે. ભવિષ્યમાં આવી સમસ્યાઓ ઊભી થતી અટકાવવા માટે આમાં ટેકનોલોજી અને તાલીમમાં નોંધપાત્ર રોકાણ કરવું પડી શકે છે. જો કે, આવા રોકાણોના લાંબા ગાળાના ફાયદા સ્પષ્ટ છે કે તેનાથી વધુ મજબૂત અને ન્યાયી બેંકિંગ સિસ્ટમનું નિર્માણ થશે.

આરબીઆઈના પગલાંની ભારતની સરહદોની બહાર પણ અસરો છે. વૈશ્વિક અર્થતંત્રમાં, એક દેશના બેંકિંગ ક્ષેત્રની પ્રથાઓ અન્ય લોકોને પ્રભાવિત કરી શકે છે. અયોગ્ય વ્યાજ ચાર્જ સામે સ્ટેન્ડ લઈને, આરબીઆઈ બેંકિંગ એથિકસ અને ગ્રાહક સુરક્ષા પર વૈશ્વિક સિસ્ટમમાં યોગદાન આપી રહી છે. તે એક એવું પગલું છે જે વિશ્વભરની અન્ય કેન્દ્રીય બેંકો દ્વારા સમાન ક્રિયાઓને પ્રેરણા આપી શકે છે.

## ગરવી ગુજરાતને નવા દ્રષ્ટિકોણથી વધાઈ

૧લી મે એટલે જય જય ગરવી ગુજરાતનો સ્થાપના દિવસ. આ દિવસ પર વિશેષ પ્રતિજ્ઞા દ્વારા આપણા ગુજરાતને દૂરદેશી નજરથી, નવી ગૌરવવંતી દ્રષ્ટિકોણથી ગૌરવશાળી બનાવીએ. બાહ્યિક રીતે ગુજરાત અને ગુજરાતીઓ સદા પ્રગતિશીલ, વિકાસ પામતું રહેલ છે અને રહેશે, તેવી શુભેચ્છા તો છે પરંતુ આંતરિક રીતે સશક્ત ગુજરાત બને તે માટે નવો આધ્યાત્મિક દ્રષ્ટિકોણ અપનાવીએ, સ્વયંની આંતરિક ચેતનાને જગાડીએ. મનના અંધકાર(રાત)ને મીટાવીએ. ગુજરાતની ગૌરવમય ગાથાનો આધારસ્તંભ આધ્યાત્મિક્તા અર્થાત પરસ્પર સ્નેહ, સહયોગ, સદ્દભાવનાના મલ્યો છે આપને સૌ સાથે મળીને સ્વસ્થ્ય, સુદ્રઢ સમાજની પુન:સ્થાપનાની જયોત જગાવીએ.

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

ગુજરાતની ગાથા સ્વયં પરમાત્મા પણ વર્ણવે છેકે- ગુજરાત અર્થાત જેની ગુજર ગઈ રાત/અંધકાર. અંધકારનું પોતાનું કોઈ અસ્તિત્વ હોતુ નથી. અંધકાર અર્થાત પ્રકાશ/રોશનીનો અભાવ. આમ ગુજરાત એટલે કે જેનો અંધકાર સદાને માટે વિતી ગયો અર્થાત સદા સર્વનું પ્રકાશમયી જીવન અને બધા (જ્ઞાન)રોશનીમાં છે. આમ રાત ગઈ; નવી સવાર, પ્રકાશમયી દિવસની શુભ આશાઓ, નવા ઉમંગો સાથેની શરૂઆતને આ સ્થાપના દિવસે વધાવીએ. ભારત ભમિ તો શિવ પરમાત્માની અવતરણ ભૂમિ છે અને ભારત દેશમાં એવું કોઈ જ ક્ષેત્ર નહી હોય જેમાં ગુજરાતીઓનું યોગદાન ન હોય. કવિ ખબરદારે કહ્યુ છેકે- 'જયાં જયાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત છે.' ગુજરાતીઓ વ્યાપાર ધંધામાં નિપૂણ હોવા સાથે તેઓ દિલના વિશાળ, ઉદાર છે વળી આગવી રાજાઈ કે નીડર લીડરશીપના ગુણ પણ ગુજરાતીઓમાં રહેલા જોવા મળતા હોય છે ગુજરાતીઓ ભલે ભણતા ઓછુંહશે પણ અનેક ભણેલાઓને પોતાનામાં સમાવી ઉદ્યોગને વિશાળ પાયે લઈ જનારા ગુજરાતીઓ સદા મોખરે રહેવામાં માહિર છે.

### બ્રહ્માનો દિવસ

જેમ કે સૃષ્ટિ ચક્રના ચાર યુગ છે. જેમાં પ્રથમ બે યુગ એટલે સતયુગ અને ત્રેતાયુગ. તે સમયે વિશ્વ ધરા પર અખંડ ભારત એક જ રાજ્ય હતુ કે જેમાં દેવી-દેવતાઓ વાસ હતો અર્થાત દૈવી ગુણધારી સભ્ય મનુષ્યો વસતા હતા. તેઓનું જીવન નિર્વિકારી હતું. આથી વિશ્વ પર પ્રકાશ હતો અર્થાત સર્વ આત્માઓરૂપી દીપક સદાયે પ્રજ્વલિત હતા. એ રોશનદાર દેવાત્માઓની ખુશ્બુ ચારે તરફ ફેલાયેલી હતી. જેના ગુણગાન વર્તમાન સમયે પણ સર્વ ગાઈએ છીએ. આથી એ બન્ને યુગ સતયુગ, ત્રેતા સુધીના અવધિકાળને 'બ્રહ્માના દિવસ' તરીકે ઓળખાવેલ છે. ત્યા મનુષ્યોમાં ડર, ભય, ચિંતા, તનાવ, ક્રોધ, મોહ, અહંકારરૂપી વિકારો ન હતા. જયારે કે મનુષ્યને ભટકાવનાર, મનુષ્યાત્માઓના જીવનમાં અંધકાર લાવનાર એ વિકારો જ હોય છે. જેની શરૂઆત ત્યાર પછીના યુગથી થઈ અર્થાત દ્વાપરથી થઈ હતી. મનુષ્ય જ્યારે પોતાના જ દૈવી સંસ્કારોને ભૂલીને વ્યભિચારી, વિકારી બને છેત્યારે તે ભટકે છે. બેબાકળો બની શરૂઆતમાં તો શિવની ભક્તિ કરે છેપરંતુ બાદમાં પોતાના જ પૂર્વજોની જડ મૂર્તિઓ અને ચિત્રોની પુજા કરે છે. તેની આગળ માંગવાનું ચાલુ કરી પુજારી બને છે. વર્તમાન કળિયુગમાં તો પ્રકૃતિ તત્વો અને મનુષ્યોની આગળ પણ નમન કરી પોતાના સુખ, શાંતિ અર્થે અજ્ઞાની મનુષ્યો માંગે છે. આમ મનુષ્ય જીવન બંધનનો અનુભવ કરે છે. જેમ રાત્રીના અંધકારમાં ક્શુ સૂઝતુ ન હોવાથી ભટકાય છેતેમ આ અવધિકાળ કે જેમાં તે પ્રસન્નતા, સંતુષ્ટતા, સુખ, શાંતિ, પવિત્રતા ગુમાવે છે તેવા આ બે યુગ દ્વાપર અને કળિયુગને 'બ્રહ્માની રાત'ના સમય તરીકે ઓળખાવેલ છે.

### બ્રહ્માની રાત

હાલ કળિયુગનો પણ અંતનો સમય હળાહળ કળિયુગ ચાલી રહ્યો છે જે અંધકારનો યુગ બતાવે છે. અત્યારે કામ, ક્રોધ, અહંકાર તેમની ચરમસીમા પર છે અને જેમ અતિનો અંત નિશ્ચિત હોય છે. તેવામાં આ રાત્રી(અંધકાર)ના, ગીતાના વાયદા પ્રમાણે, શમા(રોશની) બની સ્વયં પરમાત્મા વિશ્વધરા પર અવતરિત થયા છે. અને દરેક મનુષ્યાત્માઓને પતિતમાંથી પાવન, સર્વ ગુણ સંપન્ન, ડબલ અહિંસક બનાવી, ઉતમ પુરૂષ(આત્મા) બનાવી રહ્યા છે. આમ કળિયુગનો અંતિમ અને સતયુગની શરૂઆતનો આ થોડો સંધિકાળનો સમય, જેને પુરૂષોતમ સંગમયુગ કહે છે તે ચાલી રહ્યો છે. અત્યારે જ ફરી વૈકુંઠ (સ્વર્ગ), રામરાજયની સ્થાપના પરમાત્માની શ્રીમતના આધારે થાય છે. આ દુઃખભરી દુનિયાના અંત બાદ ફરી સતયુગ સ્વર્ણિમ પ્રકાશની દુનિયા આવી રહી છે. જે ફરી બ્રહ્માના દિવસનો અમૃતકાળ કે પ્રારંભકાળ છે.

### ગુજર ગઈ રાત

પરમાત્માના તો સૌ વિશ્વની આત્માઓના પિતા છે. પરમાત્મા સ્થાન, રંગ, રૂપ કે કોઈ એક ધર્મની આત્માઓને નહી પરંતુ સર્વ વિશ્વની આત્માઓનો ઉધ્ધાર કરી, સર્વના સંસ્કારોનું પરિવર્તન કરાવી રહ્યા છેતો આપણે પણ સૌ પુરૂષાર્થ કરીએ તેમની શ્રીમત પર ચાલીને, સ્વયંના પાપકર્મોના દુઃખદાયી ફળોના ભોગવટાથી મુક્તિ પ્રાપ્ત કરવાનો સંકલ્પ લઈએ. આપણે, ગુજરાત રાજયના નામ અનુસાર ગુજર ગઈ રાત; જેને તે યથાર્થ સાબિત કરી વિશ્વના શિર સ્વર્ણિમ મુગટ તાજ બનીને વિશ્વ સમક્ષ પ્રત્યક્ષ થઈએ. એ પરમાત્માની સંતાન હોવાનું સત્ય પ્રમાણ આપીએ. સ્વયંના સદવિચાર, વાણી અને વ્યવહાર દ્વારા અને પાવન, ગુણકારી, સદભાવનાયુક્ત સંસ્કારો દ્વારા નવુ પરિવર્તન આણીએ. આપસી ભાઈચારા, પ્રેમ અને એક્તાથી રહીએ. સર્વના કલ્યાણની ભાવના સાથે ભારતમાં રામરાજયની પુનઃ સ્થાપનામાં પોતાનો સમય, સંકલ્પ, શ્વાસનો સહયોગ આપીએ. મનમાં સ્વર્ગનું એવું શ્રેષ્ઠ વિઝન તૈયાર કરીએ, ફરી ભારતને સોને કી ચીડિયા બનાવીએ. સૌને એવી ખુશખબરીના વધામણા આપીએ.

# રેકોર્ડ બ્રેક ભાવ છતાં સોનાની ખરીદીમાં ૮ ટકાનો વધારો

## જાન્યુઆરીથી માર્ચમાં ૧૩૬.૬ ટન સોનાની ડિમાન્ડ : ચાલુ વર્ષે ૮૦૦ ટને પહોંચવાનું અનુમાન



મુંબઈ: તા.૩૦

સોનાના ઊંચા ભાવ હોવા છતાં, ભારતમાં આ વર્ષે જાન્યુઆરી-માર્ચમાં માંગ ૮% વધીને ૧૩૬.૬ ટન થઈ છે. એક વર્ષ પહેલા તે ૧૨૬ ટન હતું. આ સમયગાળા દરમિયાન સોનાની વૈશ્વિક માંગ ૩% વધીને ૧,૨૩૮ ટન થઈ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ પોતાનો રિપોર્ટ જાહેર કર્યો હતો. જેમાં જાણવા મળ્યું કે ભૌગોલિક-રાજકીય કારણોસર સોનામાં સતત વધારો થઈ રહ્યો છે. સેન્ટ્રલ બેંક દ્વારા કરવામાં આવેલી ખરીદીને ધ્યાનમાં લેતાં આ વર્ષે ભારતમાં સોનાની માંગ ૭૦૦-૮૦૦ ટનની આસપાસ રહેશે.

ભારતમાં માંગ મૂલ્યના આધારે ૨૦ ટકા વધીને રૂ. ૭૫,૪૭૦ કરોડ થઈ છે. આ સમયગાળા દરમિયાન, ઝવેરાતની માંગ ૪% વધીને ૯૫.૫ ટન થઈ, જ્યારે રોકાણ (યુદ્ધ, સિક્કા વગેરે) ૧૯% વધીને ૪૧ ટન થઈ. WGC ભારતના પ્રાદેશિક સીઈઓ સચિન જૈને જણાવ્યું હતું કે, 'ભારત હવે રોકાણ આધારિત સોનાની માંગના વૈશ્વિક વલણને અનુસરી રહ્યું છે. જોકે ક્વાર્ટરના અંતે ઊંચા ભાવ હોવા છતાં, ભારતમાં સોનાના દાગીનાની પરંપરાગત માંગ અકબંધ રહી હતી. જોકે, માર્ચમાં જ્યારે ભાવ ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યા ત્યારે વેચાણમાં થોડો ઘટાડો થયો હતો. જો ભાવ આ રીતે વધતા રહેશે તો માંગ આ રેન્જના નીચલા સ્તરે રહી શકે છે. ૨૦૨૩માં દેશમાં સોનાની માંગ ૭૪૭.૫ ટન હતી. નોંધનીય છે કે માર્ચ ક્વાર્ટરમાં સોનાની સરેરાશ કિંમત (આયાત ડ્યૂટી અને જીએસટી સિવાય) ૫૫,૨૪૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. અમેરિકામાં તે ઔંસ દીઠ $૨,૦૭૦ હતો. સોનું સોમવારે રૂ. ૭૨,૩૭૩ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું, જે ૧૮ એપ્રિલે રૂ. ૭૩,૪૭૭ના સર્વોચ્ચ સ્તરે હતું.

### અક્ષય તૃતિયા પર ડીમાન્ડ સારી રહેવાનો આશાવાદ

WGC નું કહેવું છે કે જો ભાવ સ્થિર રહેશે તો અક્ષય તૃતીયા દરમિયાન માંગ મજબૂત રહેશે. કામા જ્વેલરીના એમડી કોલિન શાહ કહે છે, 'આટલી કિંમતે પણ જ્વેલર્સ આકર્ષક ઑફર્સ સાથે પ્રોત્સાહક કાર્ય કરી રહ્યા છે. હકીકતમાં, ગોલ્ડ આધારિત નાણાકીય ઉત્પાદનો અને ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ જેવી પ્રોડક્ટ્સ ભારતીયોમાં લોકપ્રિય બની રહી છે. આરબીઆઈએ આ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૧૯ ટન સોનું ખરીદ્યું છે, જે ૨૦૨૩માં ૧૬ ટન હતું.

સચિન જૈને જણાવ્યું હતું કે પ્રથમ વખત ભારતીય ગ્રાહકોએ તેજીવાળા બજારમાં વધુ સોનું ખરીદ્યું છે. તેઓએ વિચાર્યું કે કિંમતો ૭૦,૦૦૦ રૂપિયાની ઉપર જ રહેશે. જૈન કહે છે કે ઐતિહાસિક રીતે, ભારત અને ચીન સહિત વિશ્વના પૂર્વીય બજારો જ્યારે ભાવ નીચા જતા હોય છે અને વધઘટ થાય છે, ત્યારે પશ્ચિમના બજારો વળે છે જ્યારે ભાવ વધે છે.

### રીઝર્વ બેંકની સતત ખરીદી

આરબીઆઈ દ્વારા સોનાની ખરીદીથી પણ માંગમાં વધારો થયો છે. આરબીઆઈ દ્વારા વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રણ મહિનામાં કુલ ૧૯ ટન સોનાની ખરીદી કરવામાં આવી છે. સમગ્ર વર્ષ ૨૦૨૩માં આરબીઆઈએ માત્ર ૧૬ ટન સોનું ખરીદ્યું હતું. જાન્યુઆરી-માર્ચમાં વૈશ્વિક સોનાની માંગ ત્રણ ટકા વધીને ૧,૨૩૮ ટન થઈ છે. ૨૦૧૬ પછી નું આ સૌથી મજબૂત ક્વાર્ટર હતું. સેન્ટ્રલ બેંકો દ્વારા વધેલી ખરીદીને કારણે પણ ભાવમાં વધારો થયો છે.

### કિંમત ૮૦ હજાર રૂપિયા સુધી પહોંચવાનું અનુમાન

હાલમાં સોનું ૭૪૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરને સ્પર્શી ગયું છે. એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સીના વડા અનુજ ગુપ્તા કહે છે કે અન્ય એસેટ ક્લાસની સરખામણીમાં સુરક્ષિત ગણાતું સોનું ભારતીયોની પ્રિય છે. તેમનો અંદાજ છે કે જો વધુ વધારો થશે તો આગામી બે વર્ષમાં સ્થાનિક બજારમાં સોનું રૂ. ૮૦ હજારના સ્તરને સ્પર્શી શકે છે.

### સુવિચાર

**ભુલ એ જીવનનું પાનું છે પણ સંબંધ એક આખું પુસ્તક છે જરૂર પડે ભૂલનું પાનું ફાડી નાખજો પણ એક પાના માટે આખું પુસ્તક ન ફાડતા..!!**



### આજનું ચિંતન

#### પ્રભુની દ્રષ્ટિ

**જેને આપણે દુઃખ સમજીએ છીએ, એ ખરી રીતે તો પ્રભુએ આપણને ઉંચે લઇ જવા માટે આપેલો અનુભવ હોય છે. જે પ્રભુના માર્ગે ચાલવા ચાહે છે એણે તો સમજી લેવું જોઈએ કે મારા કલ્યાણ અને ઉદ્ધાર માટે જ પ્રભુ મને દુઃખ-દર્દ આપે છે. આ એની દયાદ્રષ્ટિ છે.**

**દુઃખની વેળાએ જ, જયારે આપણે એને યાદ કરીએ છીએ ત્યારે, એ આપણી સૌથી વધુ નજીક હોય છે. સુખ અને ચેનના સમયે તો એની અને આપણી વચ્ચે અંતર ખુબ વધી જતું હોય છે.**

### આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૯, તા.૨/૫/૨૪, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૧૬, સૂર્યાસ્ત : ૭-૧૧, જૈન નવકારશી : ૭.૦૫
રાશિ : મકર (ખ.જ.) ૧૪.૩૨થી કુંભ (ગ.શ.સ.ષ)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મકર


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

### રાશીફળ

**મેષ :** જવાબદારીઓ વધવાની છે, તમારે ઉધારી ધંધા ન કરવો, સંયુકત વ્યવસાયમાં લાભ રહે, પ્રવાસ થાય.
**વૃષભ :** મહત્વના કાર્યો પરત્વે ધ્યાન આપો, નોકરીમાં મનગમતું કાર્ય મળે, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**મિથુન :** વિદેશ જવાની તક મળવાની મહત્વની કામગીરી તમો પોતે જ કરજો, રહેણાકના મકાનમાં રીનોવેશન થવાનો યોગ.
**કર્ક :** વહેવારૂ અભિગમ અપનાવવાની સલાહ છે, તનાવનો સામનો રહેવાનો, નવા સંપર્કો લાભદાયક રહેશે, વિદેશથી લાભ.
**સિંહ :** નબળા વિચારોને ટાળવાની કોશિષ કરો, જરૂર સફળતા મેળવશો, જીવનસાથી સાથે ગેરસમજોથી દુર રહેજો.
**કન્યા :** રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપો, લખાણના કાર્યોમાં કોઈ ઉતાવળ ન કરવી, પરિવારના સભ્યો સાથે પાર્ટીમાં જવાનું થાય.
**તુલા :** વ્યકિતત્વનો વિકાસ થવાનો, લગ્નની ઈચ્છા ફળવાની, નોકરીમાં પગાર વધવાની શકયતા, નવી એજન્સીની ઓફર આવે.
**વૃશ્ચિક :** વેપારમાં અનુકુળતા વધવાની છતાં નવું રોકાણ ન કરવું, મહત્વની વ્યકિતની મુલાકાત થાય.
**ધન :** રહેણાંકના મકાનમાં કોઈ મનગમતા ફેરફારો કરવાની ઈચ્છા સફળ થાય, કાનુની પ્રશ્નો ટાળવા.
**મકર :** આવશ્યકતા અનુસાર નાણાકીય લાભ રહે, બપોર પછીનો સમય કોઈ સારો લાભ મળે.
**કુંભ :** નોકરીમાં કોઈ પરિવર્તન થાય, બદલીના ચાન્સ, અંધશ્રધ્ધામાં ન પડવું, કર્જમાં રાહત થવાની.
**મીન :** યુવા વર્ગને રોમાન્સમાં સફળતા રહે, સ્વાસ્થ્ય બાબત બેદરકારી ન રાખવી, અન્ય વિશ્વાસ વધારવો.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. જેમના નામમાં 'આબુ' આવે છે તે શાયર (૮)
૭. ધર્મની દ્રષ્ટિએ થતા 'ઉજાગરા' (૪)
૮. ...નું બેસવું અને ગળવું પડવું (૨)
૯. તળમાંથી પાણી ખેંચતું યંત્ર (૪)
૧૨. મટકું (૩)
૧૩. પ્રેમ (૨)
૧૪. બોર કરે તેવું (૩)
૧૬. દિવામાં પુરવી પડે (૨)
૧૮. જાહેરખબરનું સંક્ષિપ્ત (૨)
૨૦. હવા ખાવાનો પેલેસ (૫)
૨૨. ..મચ્છ (૩)
૨૪. પુરૂષ, મર્દ (૨)
૨૫. મધર (૨)
૨૬. એક અટક (૪)
૨૭. રમેશ સિપ્પિની ફલોપ ફિલ્મ (૨)
૨૮. જુસ્સો, શૂરાતન (૨)
૨૯. અનાપ ... (૩)
૩૧. બોર્ડર (૪)
૩૪. દાદાના દાદા (૪)
૩૫. મુસ્લિમ બિરાદરોનો પાક મહિનો (૪)

### ઉભી ચાવી

૧. ઉનાળામાં તેનો રસ મળે (૩)
૨. હેસિયત, ગજુ (૩)
૩. ફાયર (૨)
૪. એક અટક (૪)
૫. ણવા-ઉંધુ લખો (૨)
૬. ડગલું (૩)
૯. ભજીયા [illegible] (૨)
૧૦. વળતો પ્રહાર (૫)
૧૧. કિરણો (૨)
૧૨. એક મહિનાની તપસ્યા (૫)
૧૫. હોલી ડે (૨)
૧૬. વ્હીકલ (૩)
૧૭. માન ન માન મેં તેરા ... (૪)
૧૯. ચેકનો એક પ્રકાર (૩)
૨૧. ગાયિકા : ... મંગેશકર (૨)
૨૩. રાજકોટનો વિસ્તાર (૩)
૨૬. મન હરી લે તેવું (૪)
૨૭. રાજકોટ-ગોંડલ વચ્ચેનો ઔદ્યોગિક ઝોન (૩)
૨૮. કભી આર, કભી ... (૨)
૩૦. નાપ - હિન્દી (૨)
૩૧. કાયમ ... ખુશ રહે તું (૨)
૩૨. ટીબીનું એક નામ (૨)
૩૩. ...લીલુ જોયું ને તમે યાદ આવ્યા (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પૃ | થ્વી | રા | જ | ક | પૂ | ર | | ક | ડુ |
| થ | | ત | | મ | લ | ક | | | ગ |
| ક | | રા | મ | | | મ | ગ | ફ | ળી |
| ર | મ | ણી | ય | | રા | | ણે | | |
| ણ | | | ખા | ના | બ | દો | શ | | દ |
| | | | નું | | કી | | | પ | ળ |
| રા | હ | ત | | | દે | વ | ના | ર | |
| | ળ | | પૂ | ર | ળી | | મા | શુ | કા |
| તાં | દ | ળ | જા | | | છ | | રા | ગ |
| | ર | | પો | લી | સ | | | મ | ણ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### અમિત શાહની જામકંડોરણા મુલાકાત બાદ સહકારી ચિત્ર પલ્ટાયાનો નિર્દેશ

# ‘ઇફ્કો’ માટે ગુજરાતમાંથી ૪ ફોર્મઃ રાદડીયા નિશ્ચિતઃ બિપીન પટેલનું ફોર્મ પાછું ખેંચાશે?


રાજકોટ, તા.૧

ભારતની ટોચની સહકારી સંસ્થા ‘ઇફ્કો’ની આગામી ૯મીએ યોજાનારી ડાયરેક્ટર બોર્ડની ચૂંટણી પૂર્વે સહકારી ક્ષેત્રમાં ઉત્તેજના છે. ગુજરાતમાંથી ચાર સહકારી આગેવાનોએ ઉમેદવારી કરી છે તેમાંથી રાજકોટના નેતા જયેશ રાદડીયાનું નામ ફાઇનલ થવાના સંકેત છે.

કેન્દ્રીય સહકારી મંત્રી અમીત શાહે ગત સપ્તાહમાં ચૂંટણી પ્રચાર માટે જામકંડોરણામાં જાહેરસભા યોજી હતી અને જયેશ રાદડીયાના નિવાસે ભોજન લીધું હતું ત્યાર પછી ચિત્ર બદલાયાની ચર્ચા છે.

ઇફ્કોના ડાયરેક્ટર બોર્ડમાં ગુજરાતની એક સીટ છે. છેલ્લી બે ટર્મથી જયેશ રાદડીયા જ બીન હરિફ ચૂંટાતા હતા. સહકારી ક્ષેત્રે પણ ઉમેદવાર પસંદગી પાર્ટી લેવલે કરવાનો નિર્ણય લેનાર ભાજપ દ્વારા આ વખતે બીપીનભાઇ નારણભાઇ પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ જારી કરાયો હતો. જો કે, જયેશ રાદડીયાએ પણ ફોર્મ ભરી દીધું હતું. આ સંજોગોમાં કોણ બાજી મારશે તે વિશે સહકારી તથા રાજકીય ક્ષેત્રો જબરી ઉત્તેજના સર્જાઇ હતી.

ઇફ્કોની ચૂંટણી માટે ગુજરાતમાંથી કુલ ચાર આગેવાનોએ ફોર્મ ભર્યા હોવાનું



જાણવા મળ્યું છે. જયેશ રાદડીયા, બીપીનભાઇ પટેલ (ગોતા) ઉપરાંત મોડાસાના પંકજ નરસીભાઇ પટેલ તથા માણાવદરના વિજય દેવજીભાઇ

#### ભાજપે બીપીન પટેલના નામનો મેન્ડેટ ઇસ્યુ કરી દેતા સર્જાયેલી ઉત્તેજના વચ્ચે બદલાતા સમીકરણોઃ શુક્રવારે ફોર્મ પાછા ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થશે

ઝાટકીયાએ પણ ઉમેદવારી કરી છે.

સહકારી સૂત્રોના કહેવા પ્રમાણે જયેશ રાદડીયાએ ફોર્મ ભર્યુ અને બીપીન પટેલ નામનો ભાજપે મેન્ડેટ જારી કર્યો હોવાથી ઉત્તેજના ઉભી થઇ હતી. ભાજપ દ્વારા નિર્ણયમાં પેરફાર કરાશે કે કેમ તે વિશે પણ અટકળો-ચર્ચાએ જોર પકડયું હતું. ભાજપના રાષ્ટ્રીય નેતાઓ સમક્ષ રજુઆતો પણ થવા લાગી હતી.

હવે એવા નિર્દેશ સાંપડયા છે કે બીપીન પટેલના નામનો મેન્ડેટ ઇસ્યુ કરનાર ભાજપ દ્વારા નિર્ણય બદલાવવામાં આવશે. જયેશ રાદડીયાનું નામ ફાઇનલ થયાનું નિશ્ચિત છે અને બીપીન પટેલને ઉમેદવારી પાછી ખેંચવાની સુચના અપાશે. ઇફ્કોમાં આવતીકાલે ઉમેદવારીપત્રોની



ચકાસણી થવાની છે અને શુક્રવારે તા.૩ના રોજ ફોર્મ પાછા ખેંચવાનો દિવસ છે તે દરમ્યાન વિધિવત નિર્ણય થઇ જવાની સંભાવના છે.

માહિતગાર સુત્રોએ કહ્યું છે કે સહકારી મંત્રાલયનો હવાલો સંભાળતા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની જામકંડોરણાની મુલાકાત બાદ ચિત્ર બદલાયું હતું. ચૂંટણી જાહેરસભા કરનારા અમીત શાહે બાદમાં રાદડીયાના નિવાસે ભોજન લીધું હતું. આ વખતે મનસુખ માંડવીયા, ઇફ્કોના દિલીપ સંઘાણી વગેરે પણ હાજર હતા. ચૂંટણીનો મુદ્દો ઉપસ્થિત થયો હતો અને તેમાં ‘ચિંતા નહીં કરવાની’ બાહેંધરી આપવામાં આવી હતી. હવે જયેશ રાદડીયાને જ ત્રીજી ટર્મ માટે ઇફ્કોના ડાયરેક્ટર બનાવવાનું નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

ઇફ્કોનું ચૂંટણી ચિત્ર આગામી ૩ મેને શુક્રવારે સ્પષ્ટ થવાનું છે. ઉમેદવારી પાછી ખેંચવાના અંતિમ દિવસે સ્થિતિ સ્પષ્ટ થઇ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૯ મેના રોજ યોજાનારી ડાયરેક્ટર બોર્ડની ચૂંટણીમાં ગુજરાત સિવાય પંજાબ, ઉત્તરાખંડ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, તામીલનાડુ, બિહાર જેવા રાજ્યોની બેઠકો માટે પણ ફોર્મ ભરાયા છે. કુલ ૫૦ ઉમેદવારોના ૯૭ ફોર્મ ભરાયા છે.

## રાજકોટમાં બપોરે ૧૮ કિ.મી.ની ઝડપે ફુંકાતી આગ ઝરતી લુ

### અઢી વાગ્યે તાપમાન ૩૯.૬ ડિગ્રી નોંધાયુ



રાજકોટ, તા.૧

રાજકોટ શહેરમાં ગઇકાલે ૪૨ ડિગ્રી તાપમાનમાં અકળાયેલા નગરજનો આજે બપોરે આગ ઝરતી લુમાં શેકાયા હતા. રાજકોટ શહેરમાં આજે બપોરે ૨.૩૦ કલાકે ૩૯.૬ ડિગ્રી તાપમાન સાથે ૧૮ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા નગરજનો આગ ઝરતી લુથી પરેશાન થઇ ગયા હતા.

આ ઉપરાંત આજે બપોરે હવામાં ભેજ ૧૫ ટકા રહેવા પામ્યો હતો. બપોરે અંગ દઝાડતી લુથી લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું અને રાજમાર્ગો ઉપર સાવ ઓછો ટ્રાફિક નજરે પડયો હતો. જયારે આજે સવારે ૮.૩૦ કલાકે શહેરમાં ૨૮.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૨ ડિગ્રી નોંધાવા પામ્યુ હતું. તેમજ સવારે હવામાં ભેજ ૬૩ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ છ કિ.મી. રહેવા પામી હતી.

## સાત ફેરા વિના હિન્દુ લગ્ન માન્ય નથી : સુપ્રિમનો મોટો ચુકાદો

નવી દિલ્હી, તા. ૧

સાત ફેરા વિના હિન્દુ વિવાહ માન્ય ન હોવાનો અત્યંત મહત્વપૂર્ણ અને મોટો ચુકાદો સર્વોચ્ચ અદાલતે આપ્યો છે અને હિન્દુ મેરેજ એકટ-૧૯૫૫ હેઠળ હિન્દુ લગ્નની કાનુની જરૂરીયાતો તથા પવિત્રતાને સ્પષ્ટ કરી છે.

સુપ્રિમ કોર્ટે ચુકાદામાં કહ્યું છે કે હિંદુ લગ્ન એ એક સંસ્કાર છે અને તે ‘ગીત-નૃત્ય’, ‘પીવા-જમવાની’ (વાઇનીંગ એન્ડ ડાઇનીંગ) ઘટના નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જરૂરી વિધિઓ કરવામાં ન આવી હોય તો હિંદુ લગ્ન રદબાતલ છે અને નોંધણી આવા લગ્નને માન્ય ગણી શકતી નથી.

કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિંદુ લગ્નને માન્ય રાખવા માટે, તે સપ્તપદી (પવિત્ર અગ્નિની આસપાસ પરિભ્રમણના સાત પગલાં) જેવા યોગ્ય

#### વિવાહ માત્ર ગીત-સંગીત કે ખાણીપીણીની ઉજવણી નથી, પવિત્ર સંસ્કાર છે : જરૂરી વિધિ વિના લગ્ન રદ્દ થઇ શકે : કાનુની જરૂરીયાત અને પવિત્રતા સ્પષ્ટ કરતી સર્વોચ્ચ અદાલત

સંસ્કારો અને વિધિઓ સાથે કરવામાં આવે છે અને વિવાદોના કિસ્સામાં આ સમારોહનો પુરાવો છે. જસ્ટિસ બી. નાગરથનાએ પોતાના ચુકાદામાં કહ્યું કે, હિંદુ લગ્ન એ એક સંસ્કાર છે, જેને ભારતીય સમાજમાં એક મહાન મૂલ્યની સંસ્થા તરીકેનો દરજ્જો મળવો જોઈએ. આ કારણોસર, અમે યુવક-યુવતીઓને વિનંતી કરીએ છીએ કે લગ્નની સંસ્થામાં પ્રવેશતા પહેલા તેના વિશે ઊંડાણપૂર્વક વિચાર કરો અને ભારતીય સમાજમાં આ સંસ્થા કેટલી પવિત્ર છે તેનો વિચાર કરો. તેમણે કહ્યું, લગ્ન એ ‘ગીત અને નૃત્ય’ અને ’પીવા અને જમવાનું’ અથવા અનુચિત દબાણ દ્વારા દહેજ અને ભેટોની માંગણી અને વિનિમય કરવાનો



પ્રસંગ નથી. લગ્ન એ કોઈ વ્યાપારી વ્યવહાર નથી, તે ભારતીય સમાજની એક મહત્વપૂર્ણ ઘટના છે જે એક પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધને સ્થાપિત કરવા માટે ઉજવવામાં આવે છે, જે ભવિષ્યમાં વધતા પરિવાર માટે પતિ અને પત્નીનો દરજ્જો પ્રાપ્ત કરે છે.

## સોનામાં રૂા.૧૦૦૦નું ગાબડું: ૧૦ ગ્રામના ભાવ રૂા.૭૩૦૦૦ તરફ સરકયો



રાજકોટ,તા.૧


છેલ્લા સપ્તાહથી સોનાચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે સતત વધતા ભાવ હવે પાછા ધકેલાઈ ગયા છે રેકોર્ડ સ્તરે પહોચેલ સોનું હવે નીંચુ આવ્યું છે ડોલરમાં વૈશ્વિક મંદી પડતા સોનામાં ૧૦૦૦નો કડાકો નોંધાયો છે તેની સાથે સોનાનો ભાવ રૂા.૭૩૩૦૦એ પહોચ્યો છે.વૈશ્વિક સ્તરે ડોલર નબળો પડયો છે.જેને પરીણામે સોના ચાંદીના ભાવમાં મોટી ઉથલપાથલ થઈ છે. સતત વધતા ભાવે બજારને રાહત આપી છે. ભાવ વધવા છતા આ વર્ષે પણ ખરીદી પર અસર થઈ નથી ઉપરાંત ખરીદી અકબંધ રહી છે વર્ષની શરૂઆતથી જ સોના ચાંદીના ભાવ નવી ટોચે પહોચ્યા છે.રોજ વધતા ભાવે નવો રેકોર્ડ બ્રેક કયો છે. ત્યાર આજે ફરી સોનામાં રૂા.૧૦૦૦નું ગાબડું પડયું છે.

### સ્માર્ટ સીટી વિસ્તારમાં નવું નઝરાણું : મોટાની ટીકીટ રૂા.૨૫, બાળકોની રૂા.૧૦ : લાઇટ એન્ડ સાઉન્ડ શો પણ સાંજથી શરૂ

# રીવરફ્રન્ટ જેવું અટલ સરોવર લોકો માટે ખુલ્યું : એમ્યુઝમેન્ટ પાર્ક મહિનામાં ખુલશે

### બોટીંગ, ફેરીસ વ્હીલ સહિતની સુવિધા માટે પ્રતિક્ષા : નાગરિકો ૨.૯૩ લાખ ચો.મી. વિસ્તારમાં ફરી શકશે : રાંદરડા, લાલપરી બાદ બારેમાસ જીવંત રહેનારૂ પહેલું તળાવ નિર્માણ પામ્યું













રંગીલુ RAJKOT

રાજકોટ, તા. ૧

ગુજરાત રાજય સ્થાપના દિને આજે રાજકોટની હરવા ફરવાની શોખીન જનતાને મહાપાલિકાએ સ્માર્ટ સીટી અંતર્ગત વિકસીત કરેલા સાબરમતી રીવરફ્રન્ટ જેવા અટલ સરોવરને કોઇ કાર્યક્રમ વગર સોંપ્યું છે. ચૂંટણી જાહેર થતા પહેલા મુખ્યમંત્રીએ ઉદઘાટન કર્યા બાદ આજથી સ્માર્ટ સીટી ખાતે રૂા. ૧૩૬ કરોડનાં ખર્ચે આકાર લેનાર શાનદાર અટલ સરોવરને ખુલ્લુ મુકાયું છે. જેમાં મોટા વ્યકિતની ટીકીટ ફી રૂા. ૨૫ અને બાળકોની ફી રૂા. ૧૦ નકકી કરવામાં આવી છે.

હાલ અટલ સરોવરના વિશાળ વિસ્તારમાં લોકોને જુદા જુદા ગાર્ડનમાં ફરવા મળશે તો રાઇડસ, બોટીંગ સહિતની એમ્યુઝમેન્ટ પાર્કની સુવિધા એક મહિનામાં મળતી થશે તેમ તંત્રએ જાહેર કર્યુ છે. બારે માસ આ તળાવ ભરેલુ રહે તેવું આયોજન હોય, નવા રીંગ રોડ પર ફરવાનું રેસકોર્સ જેવું નવું સ્થળ લોકોને મળશે. રાજકોટમાં લાલપરી અને રાંદરડા તળાવ બાદ છેલ્લા ૪૦ થી ૫૦ વર્ષમાં આ પહેલું એવું તળાવ બન્યું છે કે જેમાં પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૯થી અટલ સરોવરનું કામ શરૂ થયું હતું. વિશાળ અટલ સરોવર ઉપરાંત વિવિધ રાઇડસ, નયનરમ્ય બગીચા, આંતરિક પાકા રસ્તા, વોકીંગ ટ્રેક, સાઇકલ ટ્રેક, ફૂડ કોર્ટ, ગ્રામીણ કુટિર વગેરે આકર્ષણો જોવા મળશે. મોટાભાગનું કામ પૂર્ણતાના આરે છે.સ્માર્ટ સીટી એટલે કે રૈયા ટી.પી. સ્કીમ નં. ૩૨માં મનપા દ્વારા બેનમૂન અટલ સરોવરનું નિર્માણ ૧૩૬ કરોડના ખર્ચે થયું છે.

અટલ સરોવરનું કુલ ક્ષેત્રફળ ૨,૯૩,૪૫૭ ચો.મી.છે.જેમાં વોટર બોડીનો કુલ વિસ્તાર ૯૨,૮૩૭ ચો.મી. છે. આશરે ૧૩૬ કરોડના ખર્ચે બનેલા અટલ સરોવરમાં એજન્સી દ્વારા ૧૫ વર્ષ સુધી નિભાવ મરામતની જવાબદારી રહેશે.જેમાં, ગાર્ડન, લેન્ડસ્કેપિંગ, બોટોનિકલ ગાર્ડન, બોટોનિકલ કલોક, સાઈકલ ટ્રેક, પર્પાકિંગ એરિયા, વોલ્ક-વે, પાર્ટી પ્લોટ, ટોય ટ્રેઈન, ફેરીસવ્હીલ, એમ્ફીથીયેટર, પાર્ટી લોન, ફૂડ કોર્ટ, ગ્રામ હાટ, મોન્યુમેન્ટલ ફલેગ વગેરે જેવી અનેક સુવિધા ઉપલબ્ધ કરાશે.

અટલ સરોવર માટે બોટ આવી ચૂકી છે. પરંતુ સલામતીની વધુ ચકાસણી અને પ્રક્રિયાના કારણે હજુ બોટીંગ ઘણા સમય પછી શરૂ થશે.

**પાણીનો સંગ્રહ**

આ તળાવમાં અંદાજે ૪૭૭ મીલીયન લીટર પાણીનો સંગ્રહ થશે. અટલ સરોવરનું કુલ ક્ષેત્રફળ ૨,૯૩,૪૫૭ ચો.મી. છે. જેમાં વોટર બોડી ૯૨૮૩૭ ચો.મી. વિસ્તારમાં છે. આ વિસ્તારમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો સહિતની સુવિધા સાથે ગ્રામ હાટ માટે કુલ ૪૨ દુકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

બે ફલેગ પોલ પૈકી એકની ઉંચાઇ ગુજરાતમાં સૌથી ઉંચી ૭૦ મીટરની છે.

આ પ્રોજેકટ તા. ૭-૧૧-૧૯ના રોજ શરૂ થયો હતો અને તા.૭-૩-૨૦૨૪ના રોજ પૂર્ણ થયો છે.

#### અટલ સરોવરના આકર્ષણ

- ગાર્ડન, સ્પે. ચિલ્ડ્રન ગાર્ડન
- ફેરીસ વ્હીલ
- બોટીંગ, ટોય ટ્રેન
- વોકવે, સાયકલ ટ્રેક, પાર્કિંગ
- બે એમ્ફી થીયેટર
- એન્ટ્રન્સ પ્લાઝા, લેન્ડ સ્કેપીંગ
- પાર્ટી પ્લોટ, ફૂડ કોટ, ગ્રામ હાટ
- બે ફલેગ માસ્ટ

એમ્યુઝમેન્ટ પાર્કની સુવિધા શરૂ થતા હજુ મહિનો નીકળી જશે.





પશ્ચિમ રાજકોટના છેડે સ્માર્ટ સીટીમાં નિર્માણ પામેલા અટલ સરોવરને ઉદઘાટન બાદ આજે ગુજરાત સ્થાપના દિનથી લોકો માટે ખુલ્લુ મૂકી દેવામાં આવ્યું છે. અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટની યાદ કરાવતા આ અટલ સરોવરના લાઇટીંગ અને લાઇટ એન્ડ સાઉન્ડ શો લોકોમાં આકર્ષણ જગાવશે. તો એમ્યુઝમેન્ટ પાર્કની સુવિધા આવતા મહિને શરૂ થશે. તસ્વીરમાં સરોવરના અલગ અલગ ગાર્ડન અને લાઇટીંગ શોની ઝલક જોવા મળે છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

અમદાવાદ હાઈવે પર બેટી ગામ પાસેનો બનાવ

# બેફામ દોડતાં ડમ્પર ચાલકે એસટી બસની સાઈડ દબાવી ડ્રાઈવર પર ટોમીથી હુમલો કર્યો

## ડમ્પર ચાલક સહિત ચાર શખ્સોએ બસમાં તોડફોડ કરી એસટી ડ્રાઈવરને મારી નાખવાની ધમકી આપી: ઈજાગ્રસ્ત ભુપેન્દ્રસિંહ પરમારને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા: સામાપક્ષે પણ યુવાન ઘવાયો: એરપોર્ટ પોલીસે ડમ્પર ચાલક સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી:

રાજકોટ. તા.૧

અમદાવાદ હાઈવે પર બેરોકટોક દોડતાં ડમ્પર ચાલકો અવારનવાર અકસ્માત સર્જી લોકોને મોતના મુખમાં ધકેલી દેતાં હોય છે. તેમજ છાસવારે માથાકૂટના બનાવો પણ સામે આવતાં રહેતાં હોય છે. ત્યારે ગઈકાલે બેટી ગામ પાસે ડમ્પર ચાલકે એસટી બસની સાઈડ દબાવતાં ડ્રાઈવરે ડમ્પર ચાલકને ટપારતાં ચાર શખ્સોએ ટોમીથી હુમલો કરી એસટી બસમાં તોડફોડ કરી હતી. બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા એસટી બસ ચાલકને સારવારમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ અંગે એરપોર્ટ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મૂળીના ભારાજીયા ગામમાં રહેતાં ભુપેન્દ્રસિંહ અજીતસિંહ પરમાર (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ડમ્પર નં. બીડબ્લ્યુ ૬૫૪૯ નો ચાલક, નારાજ મેતાજી



અને અજાણ્યાં બે શખ્સોના નામ આપતાં એરપોર્ટ પોલીસે આઈપીસી ૩૩૨, ૪૨૭,૫૦૪,૫૦૬(૨) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ એસટીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે તેઓ બસ નં. જીજે.૧૮.ઝેડ. ટી.૧૯૯૪ લઈ સુરેન્દ્રનગર થી રાજકોટ તરફ આવતાં હતાં ત્યારે અમદાવાદ હાઈવે પર બેટી ગામમાં આવેલ બુટ ભવાની ફેટલની સામે હાઈવે રોડ પર બસ પહોંચતા પાછળથી પુરપાટ ઝડપે આવેલા ડમ્પર નં. જીજે.૦૩. બીડબ્લ્યુ.૬૫૪૯ ના ચાલકે ડમ્પર બસની સાઈડમાં દબાવતાં અકસ્માતનો ભય ઉભો થતાં ફરિયાદીએ બસ ઉભી રાખી ડમ્પરના ચાલકને સમજવવા જતાં ઉશ્કેરાયેલા ડમ્પર ચાલક અને તેની સાથેના અન્ય ત્રણ શખ્સોએ ગાળો આપી ડમ્પરમાંથી ટોમી કાઢી હુમલો કરતાં ફરિયાદીને હાથમાં અને છાતીમાં ગંભીર ઇજા પહોંચી હતી.

ઉપરાંત આરોપીએ એસટી બસના કાચમાં પથ્થરના છુટા ઘા કરતાં બસની આગળનો કાચ તૂટી ગયો હતો. તેમજ આરોપીએ એસટી બસના ચાલકને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બાદમાં ઇજાગ્રસ્ત ભુપેન્દ્રસિંહ પરમારને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

જ્યારે સામાપક્ષે નવાગામમાં રહેતાં દેવરાજભાઈ ઘોઘાભાઈ ગાંગણીયા (ઉ.વ. ૨૧) સિવિલ હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત હાલતમાં દાખલ થયેલ હતો અને હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું કે, તેઓ ગઈકાલે ત્રણ વાગ્યે ભવાની હોટેલ પાસે હતો ત્યારે અજાણ્યાં શખ્સોએ ટોમી વડે હુમલો કરતાં ગંભીર ઇજા પહોંચી હતી. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરી હતી.

# શોખ અને રૌફ જમાવવા એસ્ટેટ બ્રોકર સાગર વાંક પિસ્તોલ સાથે રાખતો હતો

## ક્રાઇમ બ્રાન્ચની ટીમે કોઠારીયા સોલવન્ટ નજીક જુના ટોલનાકા પાસેથી આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી



રાજકોટ. તા.૦૧

લોકસભા ચૂંટણી પૂર્વે ગેરકાયદેસર હથિયારો સાથે ફરતાં લોકોને પકડવા પોલીસ મેદાને પડી છે. ત્યારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે કોઠારીયા સોલવન્ટ નજીક જુના ટોલનાકા પાસેથી એસ્ટેટ બ્રોકર સાગર વાંક પિસ્તોલ અને કાર્ટીઝ સાથે પકડી પાડ્યો હતો. પિસ્તોલ સાથે પકડાયેલ શખ્સ શોખ અને રૌફ જમાવવા માટે રાખતો હોવાની કબૂલાત આપી હતી.

દરોડાની વિગત મુજબ શહેર ક્રાઇમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ મહીપાલસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ ઉમેશ ચાવડાને કોઠારીયા સોલવન્ટ નજીક જુના ટોલનાકાથી આગળ અમરદિપ માર્બલની સામે સર્વિસ રોડ પર એક શખ્સ ગેરકાયદેસર હથિયાર સાથે ઉભો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે શખ્સને પકડી નામ પૂછતાં સાગર દેવાણદ વાંક (ઉ.વ.૨૮) (રહે. નવલનગર શેરી નં.૬, મવડી મેઈન રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની તલાશી લેતાં તેની પાસેથી એક પિસ્તોલ અને એક કાર્ટીઝ મળી આવતાં તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપીની પૂછતાછમાં તે જમીન મકાનનો ધંધાર્થી હોવાનો અને પાંચ વર્ષથી શોખ માટે પિસ્તોલ રાખી હોવાની કબૂલાત આપી હતી. પિસ્તોલ કોની પાસેથી ખરીદી તે અંગે ક્રાઇમ બ્રાન્ચે વિશેષ પૂછતાછ હાથ ધરી હતી.

### છરી-ધોકા સાથે નીકળી ગુનાને અંજામ આપે તે પહેલા ૮ શખ્સો ઝબ્બે

રાજકોટ, તા.૧

લોકસભા ચૂંટણી પૂર્વે કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે માટે શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે ગેરકાયદેસર હથિયારો સાથે ફરતા લોકોને પકડી પાડવાની સુચનાથી શહેર પોલીસે છરી સાથે પીડીએમ કોલેજ જાહેર રોડ પરથી વિજય કનુ જરીયા, કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી વિજય નટુ નાગાણી, મોરબી રોડ જકાત નાકા પાસેથી હરેશ બટુક વાઘેલા, મોરબી રોડ લાતી પ્લોટ પાસેથી રાજેશ બાવજી ચુડાસમા, આજીડેમ ચોકડી નજીકથી પ્રકાશ મગન મકવાણા, રાજકોટ-ભાવનગર રોડ પર આજીડેમ ચોકડી પાસેથી રાજુ સુરેશ દુમાદિયા અને રૈયાધારમાંથી અમીત પરમારને દબોચ્યા હતાં.

જ્યારે આજીડેમ ચોકડી પાસેથી મહેશ ગંગારામ પાટીલને ધોકા સાથે પોલીસે પકડી પાડ્યો હતો.

# અવસાન નોંધ

**રાજકોટ :** મૂળ હડમતીયા(જં) હાલ રાજકોટ વિક્રમસિંહ કીર્તિસિંહ જાડેજાના પત્ની રાજકુંવરબા વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૬૬) તે કુમારહર્ષ તથા નિલાંબરીબાના માતુશ્રી તા. ૨૯-૪-૨૪ સોમવારના રોજ અવસાન પામેલ છે. સદગત નું બેસણું તા. ૨-૫-૨૪ ગુરુવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે મારૂતેશ્વર મહાદેવ મંદિર, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. (મો. ૯૩૭૫૦૮૮૦૦૦)

**રાજકોટ:** મહારાજ ઘેલારામજી જ્ઞાતિના સ્વ. હરિપ્રસાદ માનશંકરભાઈ રાજ્યગુરૂના પત્ની પ્રવીણાબેન (ઉ.૯૮) તે આનંદભાઈ, દેવેન્દ્રભાઈ, મીતાબેન, પ્રીતિબેનનાં માતા અને અશોક ગુણવંતરાય જોશી, કલ્પેશ ભરતભાઈ જોશી, હિનાબેન આનંદભાઈ રાજ્યગુરૂ, અમીબેન દેવેન્દ્રભાઈ રાજ્યગુરૂનાં સાસુ, નરેન્દ્રભાઈ માનશંકરભાઈનાં ભાભીનું તા.૨૮ના અવસાન થયું છે. બેસણું તા.૨ના સાંજે ૫થી ૬ વિવાન ફ્લેટ, શાંતિ નિકેતન રેસીડેન્સી પાસે, પ્રમુખ સ્વામી આર્કેડની સામેની શેરી, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. અશોક જોશી-૯૭૨૩૫ ૫૮૫૩૦, મીતા જોશી-૯૪૨૯૧ ૬૭૯૮૯.

### પંકજભાઈ સુરેલીયાનું અવસાનઃ કાલે બેસણું

રાજકોટ: પંકજભાઈ કલ્યાણજીભાઈ સુરેલીયા (શકિત પેટર્ન વર્કસ) તે સ્વ. કલ્યાણજી શામજી સુરેલીયા (ઈન્દોર પેટર્ન)ના પુત્ર અને ભાવીન અને ધારા વિશાલકુમાર બકરાણીયા (જામનગર)ના પિતા અને નીતીન કલ્યાણજીભાઈ સુરેલીયા, હર્ષા જયવંતકુમાર પીલોજપરા (અમદાવાદ) અને હીનાબેન સુધીરકુમાર અનોવાડીયાના ભાઈનું તા.૩૦ના અવસાન થયું છે. તેમનું બેસણું તા.૨ના ગુરૂવારે સાંજે ૫થી ૬-૩૦ રૂક્ષ્માણી હાઈટ્સ, બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ઝાલાવાડી સઈ સુથાર દરજી જ્ઞાતિના સ્વ. હસુભાઈ પરસોત્તમભાઈ ગોહેલ (ભૂતપૂર્વ પ્રમુખ), સ્વ. લલીતભાઈ પરસોતમભાઈ ગોહેલ (ગેલોડે) તથા ભુપતભાઈ પરસોતમભાઈ ગોહેલના નાનાભાઈ તેમજ હાલના જ્ઞાતિના પ્રમુખ કલ્પેશભાઈ એલ. ગોહેલ, રોહિતભાઈ ગોહેલ, વિમેશભાઈ ગોહેલ, રાજેશભાઈ ગોહેલ, રમેશભાઈ ગોહેલ, અલ્પેશભાઈ ગોહેલ, પારસભાઈ ગોહેલનાકાકા સ્વ. નટવરલાલ પરસોતમભાઈ ગોહેલ (ઉ.૭૧)નું તા.૨૯ના અવસાન થયું છે. બેસણું તા.૨ના ૪થી ૬, પંચનાથ મંદિર, પંચનાથ પ્લોટ, રાજકોટ રાખેલ છે. કલ્પેશભાઈ મો. ૯૯૭૮૮ ૬૨૩૯૩.

**વેરાવળ:** ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ મુળ ઢાંકળ હાલ વેરાવળ સ્વ. પ્રાણલાલ મુલજીભાઈ વ્યાસના પત્ની ગં.સ્વ. રમાબેન (ઉ.૮૫) તે હિતેશભાઈ (વેરાવળ), જાગૃતિ એ. મહેતા (ધારી), સોનલબેન જે. વ્યાસ (જુનાગઢ)ના માતુશ્રી, આદીત્ય વ્યાસ (રાજકોટ)ના દાદીમાનું તા.૨૯ના રોજ અવસાન થયેલ છે.

**ગોંડલ:** મુળ માંગરોળ નિવાસી હાલ ગોંડલ તે જસુમતીબેન જયંતિલાલ જોષી તે વ્યંકટેશભાઈ જોષી (રાજકોટ), ડો. રઘુવીરપ્રસાદ જોષી (ગોંડલ), અ.સૌ. હર્ષાબેન વિજયભાઈ ઓઝા (બેંગ્લોર) અને મેહુલભાઈ જોષી (માણાવદર)ના માતુશ્રીનું રવિવારના રોજ કૈલાસવાસ થયેલ છે. સદગતનું બેસણું તા.૨ના રોજ ગોંડલ મુકામે સોની સમાજવાડી, સ્ટેશન પ્લોટ મુકામે સાંજે ૪થી ૬ વાગ્યે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ગોપાલદાસ મથુરાદાસ સામાણીના પુત્ર દિનેશભાઈ (ઉ.વ. ૫૮) તે હરકિશનભાઈ, સ્વ. અતુલભાઈ તથા લીલમબેન રમેશકુમાર પલાણ (પોરબંદર)ના ભાઈ તેમજ ચિરાગ અને દર્પણના પિતાશ્રી તથા સ્વ. કાંતિલાલ જીવણદાસ કોટેચાના જમાઈનું તારીખ ૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા સ્વસુર પક્ષની સાદડી ગુરૂવાર તારીખ ૨ ના રોજ સાંજે પાંચથી છ ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમનગર મેઇન રોડ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**ગોંડલ :** ગીરધરભાઈ વાલજીભાઈ જેઠવા ના પૂત્ર કિશોરભાઈ (ગોંડલ નગરપાલીકા ના પુર્વ કોર્પોરેટર અને પુર્વ બક્ષીપંચ મોરચા ના પ્રમુખ) તે રોહન તથા બિનલ ના પિતાશ્રી સ્વ.દિપકભાઈ ના ભાઈ તાઃ ૦૧ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. બેસણું : તાઃ ૦૨ ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ શ્રી લોહાણા મહાજન વાડી, ૬-મહાદેવ વાડી, ગોંડલ મુકામે રાખેલ છે

**રાજકોટ:** સ્વ.ઠા નૌતમલાલ પુંજાભાઈ કોટેચાના જયેષ્ઠ પુત્ર સ્વ.મનહરલાલ (મનુભાઈ) તે વિજયભાઈ, સંજયભાઈના ભાઈ તથા અંકુર, શીતલબેનના પિતાશ્રી, આરતી, દર્શીત રાજન,વત્સ (ગોપાલ)ના મોટા પપ્પા તથા સ્વ.ગોપાલજી રવજીભાઈ કોટકના જમાઈનું અવસાન થયેલ છે.બેસણું તથા શ્વસુર પક્ષની સાદડી તા.૨ના રોજ સાંજે ૫ થી ૬ કલાકે સંપનાથ મહાદેવ મંદિર શાંતી નિકેતન એવન્યુ અક્ષર રેસીડેન્સીની બાજુમાં રાખેલ છે. સંજયભાઈ મો.નં.૮૨૦૦ ૪૪૭૪૫૨

**રાજકોટ:** રાજકોટ લુહાર જયંતીભાઈ પરસોતમ પરમાર (ઉ.૮૮) મુળ ગામ હડીયાણાનું કૈલાસવાસ તા.૨૫ ગુરૂવારના રોજ થયેલ છે. તે ધરમશીભાઈ ત્રિકમભાઈ ઉમરાણીયા (નિકાવા) વાળાના જમાઈ તથા વિનોદભાઈ, ચંદુભાઈ, સુરેશભાઈ, હસમુખભાઈ તથા હંસાબેન (લંડન)ના પિતાશ્રી થાય. બેસણું તા.૨ને ગુરૂવાર સાંજના ૪થી ૬ દરમ્યાન વિશ્વેશ્વર મહાદેવ મંદિર, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગુ.હા.સ.ચા.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ ગં.સ્વ.મંગળાબેન લાભશંકર ત્રિવેદી (ઉ.વ.૯૫)મુળ રાજકોટ નિવાસી તે અ.નિ.લાભશંકરભાઈ પુરૂષોત્તમભાઈ ત્રિવેદીના ધર્મ પત્નિ,હરિકૃષ્ણભાઈ લાભશંકર ત્રિવેદી,નરેન્દ્રભાઈ લાભશંકર ત્રિવેદી, અને પ્રતિભાબેન હરીષકુમાર ભટ્ટના માતૃશ્રી અને મનિષભાઈ, તુપ્તિબેન વિશાલકુમાર રાવલ, રીમાબેન હરિકૃષ્ણભાઈ, રૂચિબેન જિષ્ણુકુમાર દવે, તથા તેજસબેનના દાદીમા, મોસાળ પક્ષ સ્વ.ભૂપતભાઈ હરિપ્રસાદ ત્રિવેદીનાં બહેન અને અતુલભાઈ ભૂપતભાઈ ત્રિવેદી(અમરેલી)નાં ફઈબાનું તા.૩૦ મંગળવારનાં રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું ઉઠમણું તેમજ પીયર તરફથી બેસણું તા.૨ ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે, સ્થળ કલ્યાણજી નરસી જાની કમ્યુનીટી હોલ ચંદન પાર્ક મેઈન રોડ, ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિરની સામે, સરકારી કર્મચારી સોસાયટી રાજકોટ રાખેલ છે.હરિકૃષ્ણભાઈ ત્રિવેદી મો.૮૧૨૮૬૮૬૬૨૦,નરેન્દ્રભાઈ ત્રિવેદી મો.૯૮૨૪૧૪૯૮૯૫

**રાજકોટ:** ભાવનગર નિવાસ હાલ રાજકોટ શ્રીમતી ઉષાબેન પ્રવિણચંદ્ર શેઠ (ઉ.વ.૭૮) તે સ્વ.પ્રવિણચંદ્ર ત્રિકમજી શેઠના ધર્મપત્ની, સ્વ.બાપાલાલ કાનજી દોશી-રાજકોટના પુત્રી, રૂપાબેન અતુલભાઈ ટોલિયા રાખીબેન દેવેનભાઈ દોમડીયા અને કોમલબેન નીમેષભાઈ વોરાના માતૃશ્રી આજરોજ અરિહંત શરણ પામેલ છે.સદ્દગતનું બેસણું તા.૨-૫-૨૪ના સવારે ૧૦ થી ૧૦.૩૦ અને પ્રાથના સભા ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાકે ગીતાંજલી હોલ, જયનાથ હોસ્પિટલ સામે, ભકિતનગર સર્કલ પાસે ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.નિતીનભાઈ રસીકલાલ દવે (ઉ.વ.૪૫)નું તા.૨૯ રવિવારના રોજ અવસાન થયેલ છે. સ્વ.રસીકલાલ શિવલાલ દવે અને ઉષાબેનના પુત્ર અને ચિરાગભાઈ રસીકલાલ દવે અને બિંદુબેન સૌરભકુમાર પંડયાના નાનાભાઈ અને દિપાલીબેન નિતીનભાઈ દવેના પતિ અને દેવાંશીબેન અને હિનલબેનના પિતાશ્રી અને વૈભવભાઈ અને નંદનીબેનના કાકા તેમજ જેતપુર નિવાસી ગજેન્દ્રભાઈ આર જાની (કોર્ટ)ના જમાઈ અને પ્રકાશભાઈ જી જાની (જીઈબી) અને નિરવભાઈજી જાનીના બનેવી થાય બેસણું અને પિયર પક્ષની સાદડી તા.૨ ગુરૂવારના રોજ તેમના નિવાસ સ્થાને સુંદરમ્ સીટી, મેસુર ભગત ચોક, માધાપર ચોકની પાસે, રાજકોટ ખાતે ૪ થી ૬ રાખેલ છે.ચિરાગભાઈ આર.દવે ૭૭૦૯૦૪૦૪૭૨, પ્રકાશભાઈ.જી.જાની ૯૯૨૫૨૪૦૧૩૨

# પરિણીતા પર દુષ્કર્મ ગુજારી મીસ કેરેજ કરાવ્યુંઃ પરીવારનો ડર બતાવી શખ્સે ફરીવાર દેહ ચુંથ્યો

## ગોંડલ પંથકનો બનાવ: અનીલા (ભાલોડી)ના મહેશ ઉર્ફે મુન્ના મકવાણાએ બ્યુટી પાર્લર સંચાલિકાને પ્રેમજાળમાં ફસાવી અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું: ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને સંકજામાં લીધો

રાજકોટ,તા.૧

ગોંડલ પંથકમાં રહેતી પરિણીતા અને બ્યુટીપાર્લર સંચાલીક પર અનીળા (ભાલોડી)ના મહેશ ઉર્ફે મુન્ના મકવાણા નામના શખ્સે પ્રેમજાળમાં ફસાવી અવાર-નવાર દુષ્કર્મ ગુજારી મીસ કેરેટ કરાવી નાંખી બાદમાં પરીવારનો ડર બતાવી ફરીવાર દેહ ચુંથ્યો હતો. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સંકજામાં લેવા તજવિજ હાથ ધરી હતી.બનાવ અંગે ગોંડલ પંથકમાં રહેતી ૨૭ વર્ષીય બ્યુટી પાર્લર ચલાવતી પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહેશ ઉર્ફે ગુનો દિલીપ મકવાણા (રહે.અનીડા (ભાલોડી)નું નામ આપતાં ગોંડલ તાલુકા પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે આરોપીએ તેમને પ્રેમજાળમાં ફસાવી તેણી તેની માતાના ઘરે આંટો મારવા ગઈ ત્યારે ઘરમાં આવી અને દુષ્કર્મ ગુજાર્યુ હતું.બાદમાં આરોપીએ પરિણીતાને સમાજમાં બદનામ કરી દેશે તેવો ભય બતાવ્યો હતો તેમજ ભોગ બનનારને ત્રણ વાર મિસ કેરેજ પણ થઈ જતા આરોપીએ તેણીને પરિવારનો ભય બતાવી તેણીને પોતાની સાથે અલગ-અલગ સ્થળોએ લઈજઈ ત્રણ-ચાર વાર બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં અંતે કંટાળેલી પરિણીતાએ તેમના પતિને જાણ કરતા ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ પુછતાછ હાથ ધરી હતી.

# આજીડેમ વિસ્તારમાં લગ્નની લાલચ આપી તરૂણી પર દુષ્કર્મ ગુજારનાર સગીર સકંજામાં

## પાડોશમાં રહેતાં સગીરે આઠેક વાર બળજબરીથી સગીરાનો દેહ ચૂંથ્યો: આજીડેમ પોલીસે આરોપીને બાળ અદાલતમાં રજૂ કરવા તજવીજ હાથ ધરી

રાજકોટ.તા.૧

શહેરમાં ઘણા સમયથી સ્કૂલે જતી વિદ્યાર્થીનીઓ સાથે જાહેરમાં છેડતીના બનાવો બની ચૂક્યા છે તેમજ દુષ્કર્મની ઘટનાઓ પણ સામે આવી રહી છે. ત્યારે શહેરની ભાગોળે રહેતાં એક પરિવારની સગીર દીકરીને પ્રેમજાળમાં ફસાવી પાડોશી સગીરે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. આરોપી સગીરને સકંજામાં લઈ તેમને બાળ અદાલતમાં રજુ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

બનાવ અંગે શહેરના છેવાડાના વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષ ૮ માસ ઉંમરવાળી સગીરાએ તેના પડોશમાં જ રહેતાં આશરે ૧૬ વર્ષની ઉમરના તરૂણ સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ, પોક્સો સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

સગીરાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, પોતે ઘરકામ કરે છે તરૂણ પડોશમાં જ રહેતો હોય પાડોશીના નાતે તેણે પરિચય કેળવ્યો હતો અને મોબાઈલમાં વાતચીત શરૂ કરી હતી. બાદમાં તરુણીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી. તેમજ સગીરાના ઘરે તેમનો પરિવાર બહાર ગયો હોય ત્યારે તેણીને લલચાવી, ફોસલાવી એકલતાનો લાભ લઈ બળજબરીથી અવાર નવાર આઠેક વખત શરીર સંબંધ બાંધી લીધો હતો. આ બનાવ બાદ સગીરાએ દુષ્કર્મ અંગે પરિવારને જાણ કરતા મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો. આરોપી તરૂણ સામે ફરિયાદ નોંધાવતા આજીડેમ પીઆઈ જાડેજા સહિતના સ્ટાફે સગીરાની ફરિયાદ પરથી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શોલે ચિકનવાળા અકબરભાઈના અકસ્માત મૃત્યુના કેસમાં ૯૦ લાખનું વળતર મંજુર

રાજકોટ, તા.૧

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં આવેલ પ્રખ્યાત શોલે ચિકન વાળા અકબરભાઈ અમીનભાઈ શાહીગરા તા. ૯/૨/૨૦૨૨ નાં રોજ પોતાના બાળકો સાથે અજમેર ઉર્ષમાંથી પરત આવવા કાર લઈને નીકળેલ તે દરમ્યાન રાજસ્થાનમાં નેશનલ હાઈવે ૪૮ ઉપર પરસાદ ગામ નજીક એક ટેન્કરની પાછળ કાર ઘૂસી ગયેલ હતી જેમાં અકબરભાઈનું ઘટના સ્થળ ઉપર જ મૃત્યુ થયું હતું.



તારીક પોઠીયાવાલા
એડવોકેટ

ગુજ. અકબરભાઈ અકસ્માત પહેલાં જેતપુર - નવાગઢ હાઈવે પર શોલે ચિકનનાં નામથી હોટેલ ચલાવતા હતા. અકબરભાઇનાં પરિવારજનોએ ધોરાજીનાં અકબરભાઈનાં મિત્ર અને ધોરાજી પોઠીયાવાલા જમાતના પ્રમુખનાં પુત્ર તારીકભાઈ પોઠીયાવાલા મારફત રાજકોટની અકસ્માત ક્લેઇમ ટ્રીબ્યુનલ સમક્ષ ક્લેઇમ કેસ દાખલ કરેલ. જેથી ગુજરનારનાં વકીલ દ્વારા વિવિધ આવકનાં પુરાવા, ઈન્કમટેક્ષ રીટર્ન તેમજ અકબરભાઈ ૩૭ વર્ષની નાની ઉંમરમાં પત્ની, ત્રણ બાળકો તથા માતા-પિતાનું ભરણપોષણ કરતા હતા તે તમામ આધાર પુરાવા રજૂ રાખેલ હતા. જે નામ. કોર્ટ દ્વારા ધ્યાનમાં લઈને ઉપરોક્ત કેસમાં ૯૦ લાખ રૂપિયાનું વ્યાજ ખર્ચ સહિત વળતર મંજૂર કરેલ હતું. આ કેસમાં ગુજરાનારનાં વારસદારો વતી એડવોકેટ તારીકભાઈ પોઠીયાવાલા તથા એડવોકેટ એમ. એ. સુરૈયા રોકાયેલ હતા.

# જિલ્લા પંચાયત ચોક પાસેથી ખોટી નંબર પ્લેટ લગાવી નીકળેલા બાઈક ચાલક સામે ગુનો નોંધાયો


## ઈ-મેમોથી બચવા વાહન ચાલકોના તુક્કા સામે પોલીસ ફરી મેદાને: પ્ર.નગર પોલીસે ખેમસિંઘ બધેલ સામે કાર્યવાહી કરી

રાજકોટ. તા.૦૧

ઈ-મેમોથી બચવા વાહનચાલકો બાઈકમાં નંબર પ્લેટ તોડી નાંખી અથવા ડુપ્લીકિટ લગાવી ફરતાં હોય છે. જે વાહનચાલકો સામે પોલીસ પણ મેદાને પડી છે અને જિલ્લા પંચાયત ચોક પાસેથી ખોટી નંબર પ્લેટ લગાવી નીકળેલા બાઈક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે પ્ર.નગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અલ્પેશભાઇ, કોન્સ્ટેબલ નરેશભાઈ નાનજીભાઈ, શક્તિભાઈ સહિતનો સ્ટાફ જિલ્લા પંચાયત ચોક પાસે કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં વાહન ચેકિંગમાં હતાં તે દરમ્યાન એક શખ્સ હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવી કિશાનપરા ચોકથી જિલ્લા પંચાયત ચોક તરફ જાહેર રોડ ઉપર આવતા તેને અટકાવી બાઈક આગળના ભાગે નંબર પ્લેટ જોતા ૦૩ એલ.ઇ. ૭૨૩૫ વાળી હોય જે ખોટી હોવાની શંકા જણાતા બાઈક ચાલકનું નામ પુછતાં ખેમસિંઘ હોતીલાલ બધેલ (ઉ.વ.૫૦),(રહે. રંગઉપવન સોસાયટી મકાન નં.૩૩ હનુમાન મઢી ચોક પાસે) હોવાનું જણાવેલ હતું.

હાલ શહેરમાં ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન અંગે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા ઈ-ચલણ આપવાની પ્રક્રિયા ચાલુમાં હોય જેના દંડથી બચવા પોતાના વાહનના અસલ નંબર છુપાવવાના હેતુથી આર.ટી.ઓ. દ્વારા ફાળવામાં આવેલ માન્ય રજીસ્ટ્રેશન નંબર પ્લેટના બદલે પોતાના વાહનના આગળના ભાગે ખોટી નંબર વાળી નંબર પ્લેટ લગાવી પોતે નંબર પ્લેટ ખોટી હોવા છતાં ખરા તરીકેનો ઉપયોગ કરી બાઈક ફેરવતા મળી આવતા કોન્સ્ટેબલ કાનાભાઈની ફરીયાદ પરથી બાઈક ચાલક ખેમસિંગ હોતિલાલ બધેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. બેચરભા પાંચાભા પરમાર
સ્વ.તા. ૨-૫-૨૦૨૧, રવિવાર

અમર કર્મોની સુવાસ રહેશે, માટી તણો દેહ નવ રહેશે,
સ્નેહભીના સ્મરણોનો સથવારો રહેશે, આજીવન આપનો સહારો રહેશે.
પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

મહા રકતદાન કેમ્પ
તા. ૨-૫-૨૦૨૪, ગુરૂવાર, સમય : સવારે ૧૦ થી ૧ કલાકે
રામ ધુન
તા. ૨-૫-૨૦૨૪, ગુરૂવાર, સમય : સાંજે ૪ થી ૬ કલાકે
સ્થળ : બેડીપરા રાજપૂત વાડી,
૫/૧૫ રણછોડનગર સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

• સ્વ. વિજયાબા બેચરભા પરમાર •
ચંદુભા બેચરભા પરમાર - પુત્ર નિર્મળાબેન ચંદુભા પરમાર - પુત્રવધુ
હરેશસિંહ બેચરભા પરમાર - પુત્ર તૃપ્તીબેન હરેશસિંહ પરમાર - પુત્રવધુ
દર્શનસિંહ ચંદુભા પરમાર - પૌત્ર જહાન્વીબા દર્શનસિંહ પરમાર - પુત્રવધુ
દક્ષરાજસિંહ હરેશસિંહ પરમાર - પૌત્ર પ્રિયલબા ચંદુભા પરમાર - પૌત્રી
પ્રિશાબા હરેશસિંહ પરમાર - પૌત્રી
ભાવનાબેન બિપીનસિંહ હેરમા (દિકરી), સરોજબેન જયેશસિંહ ડોડીયા (દિકરી)
નીમુબેન રાજેશસિંહ ડોડીયા (દિકરી)

શ્રી રામકૃપા ડ્રીલીંગ - શ્રી રામ ફાઈનાન્સ
રાજસ્થાની જોધપુરી સ્વીટ એન્ડ નમકીન, શિવ શકિત હોટલ,
હોટલ શિવ શકિત લકઝુરીયર્સ રૂમ, એસ.એસ.ફુડ મોલ, રીયલ પેપ્રીકા - પીઝા

SIMPLE





સ્વ.કપિલ
રજનીકાંતભાઈ ત્રિવેદી
સ્વ.તા. ૦૧-૦૫-૨૦૨૪

દુઃખદ અવસાન - બેસણું

રાજકોટ નિવાસી કપિલ રજનીકાંતભાઇ ત્રિવેદી કે જે ઇલાબેન તથા રજનીકાંતભાઇ વસંતરાય ત્રિવેદીના સુપુત્ર, શ્વેતાબેન ત્રિવેદીના પતિ, માહીના પપ્પા તથા જીજ્ઞા, બીના, જયોતિ અને આરતીના ભાઇ તેમજ વીણાબેન તથા સુરેશભાઇ દવેના જમાઇનું તા.૦૧-૦૫-૨૪ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સદ્દગતનું બેસણું

**તારીખ :** ૦૨-૦૫-૨૪ ને ગુરૂવારે, **સમય :** સાંજે ૫ થી ૭
**સ્થળ :** આર.વી.ત્રિવેદી, ૧૦૨, આલ્ફા કાવ્યમ, ગણેશ પાર્ક-૪, પેરેડાઇઝ હોલની સામે, બાપાસીતારામ ચોક રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. **મો.૯૪૨૬૭ ૮૫૦૫૮**



પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ.શાંતાબેન
વાલજીભાઈ મકવાણા
સ્વ.તા.૧-૫-૨૦૨૩

વિનોદભાઈ વાલજીભાઈ મકવાણા
દીનાબેન વિનોદભાઈ મકવાણા
પ્રફુલ્લભાઈ વાલજીભાઈ મકવાણા
કંચનબેન પ્રફુલ્લભાઈ મકવાણા
પ્રકાશભાઈ વાલજીભાઈ મકવાણા
મયુરીબેન પ્રકાશભાઈ મકવાણા
મહેન્દ્રભાઈ વાલજીભાઈ મકવાણા
ઉષાબેન મહેન્દ્રભાઈ મકવાણા
રિદ્ધી, ધવલ, રીના,
નિખિલ, તેજલ, વિધી, ધારા,
ધ્રુવ, ભાર્ગવ, ધરતી, હેતાંશ, ધિયાંશ,
કિયાના તથા મકવાણા પરિવાર



દુઃખદ અવસાન
બેસણું



સ્વ. મૌલિક
હર્ષદભાઈ પોપટ
(HDFC BANK)
સ્વ. તા. ૨૯/૦૪/૨૦૨૪
સોમવાર (ઉ.વ.૪૪)

સ્વ. હર્ષદભાઈ ચીમનલાલ પોપટના પુત્ર, મૌલિક (ઉ.વ.૪૪) તે ઉર્વીબેન ના પતિ, યશ ના પિતા, કૃપાલીબેન ના ભાઈ તથા મયંકભાઈ સુર્યકાંતભાઈ કોટકના સાળા, રમેશભાઈ લાલજીભાઈ ચંદારાણા (ટ્રેઝરી ઓફિસવાળા)ના જમાઈનું તા. ૨૯/૦૪/૨૦૨૪, સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી
તા. ૦૨/૦૫/૨૦૨૪ને ગુરૂવારે સાંજે ૪-૩૦ થી ૬-૦૦ વાગ્યે
તેમના નિવાસ સ્થાન સવન સિગ્નેટ બિલ્ડીંગ, રૈયા રોડ, તુલસી સુપર માર્કેટની સામે, બિલ્ડીંગના હોલમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

લી. પોપટ પરિવારનાં જયશ્રી કૃષ્ણ





પ્રાર્થના સભા

સ્વ. ધવલ રજનીકાંત મહેતા
(ઉ.વ. ૩૯) તા. ૨૯.૪.૨૦૨૪


સ્વ. રજનીકાંત નવલચંદ મહેતાના સુપુત્ર ધવલ તે બિજલના પતિ તથા વિરલના મોટાભાઈ તથા અનિલકાંત, પ્રવીણચંદ્રના ભત્રીજા તથા સ્વ. ભરતકુમાર અમીચંદ શાહ (ગોંડલ)ના જમાઈ તા. ૨૯.૪.૨૪ના રોજ અરિહંત શરણ પામ્યા છે.

: ઉઠમણું :
તા. ૨.૫.૨૦૨૪ ને ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે
શ્રી પ્રહલાદ પ્લોટ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ઉપાશ્રય
: પ્રાર્થના સભા :
તા. ૨.૫.૨૦૨૪ને ગુરૂવારે સવારે ૧૧ કલાકે
વિશાશ્રીમાળી જૈન સમાજની વાડી, ૧૧ કરણપરા, રાજકોટ.

લી. શ્રી નવલચંદ કસલચંદ મહેતા પરિવાર

Vaibhav


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com











વોર્ડ નં.૧૫ના ચુનારાવાડ ચોકમાં આવેલા ભંગારના ડેલા ગંદકી કરવા બદલ સીલ કરવામાં આવ્યા હતા. તો જુદા જુદા વિસ્તારમાં પ્લાસ્ટીકના ઉપયોગ બદલ ૧૦૦થી વધુ ધંધાર્થીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**

# ચુનારાવાડ ચોકમાં કચરાના ઢગલા કરતા ભંગારના ત્રણ ડેલા સીલ : વધુ ૧૦૯ લોકો પાસેથી પ્લાસ્ટિક જપ્ત

## એ.આર.વુડન, ઈન્ડિયા સ્ક્રેપ અને ઈમરાનભાઈ મોટવાણીના એકમને તાળા મારી દેવાયા : પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા આસામીઓને રૂા. ૨૮ હજારનો દંડ કરતી મહાપાલિકા

રાજકોટ, તા. ૧

રાજકોટમાં ચાલતી સ્વચ્છતા ઝુંબેશમાં આજે ચુનારાવાડ ચોક પાસે ભરાતી ભંગાર બજારમાં જાહેરમાં કચરા અને ગંદકીનું ન્યુસન્સ ફેલાવતા ભંગારની ત્રણ દુકાનો અને ડેલા મહાપાલિકાએ સીલ કરી દીધા છે. તો જુદા જુદા વિસ્તારમાં ચાલતી ડ્રાઇવમાં વધુ ૧૦૯ લોકો પાસેથી ૮ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂા. ૨૮ હજારનો દંડ વસુલ કર્યો હતો.

શહેરમાં ચુનારાવાડ ચોક પાસે આવેલ (૧) એ.આર.વુડન, (૨) ઇન્ડિયા સ્ક્રેપ અને (૩) ઈમરાનભાઈ મોટવાણીના ધંધાના સ્થળે જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોવાથી અને ગંદકી સબબ ન્યુસન્સ ફેલાવતા હોવાથી નોટીસ આપી, વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવી હતી. આ ઉપરાંત આ યુનિટના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવા છતાં જાહેર સ્વચ્છતા ન જાળવતા ગઇકાલે યુનિટની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. જેથી આ ત્રણે એકમના સંચાલકોને નોટીસ આપીને ધી જી. પી. એમ. સી. એક્ટ-૧૯૪૯ની કલમ - ૩૭૬ એ હેઠળ સીલ કરી દેવામાં આવ્યા છે.

હાલ સરકારની નિર્મળ ગુજરાત ૨.૦ કાર્યક્રમ અંતર્ગત શહેરને તેમજ શહેરની બહારના વિસ્તારો, શહેરને જોડતા હાઇ-વે વગેરેને સ્વચ્છ કરવા માટે સઘન કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જાહેરમાં ગંદકી ફેલાવતાં આસામીઓ તેમજ ધંધાર્થીઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલવા તેમજ તેમાં સુધારો ન જણાતા આવા ધંધાર્થીઓ સામે દુકાન, ધંધાનું એકમ સીલ કરવા સુધીના આકરા પગલાં લેવામાં આવશે તેમ જણાવાયું છે.

**પ્લાસ્ટીક**

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અન્વયે ત્રણે ઝોનમાં ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૦૯ આસામીઓ પાસેથી ૭.૯૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી, ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૮૫૬૭નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ૩૬ આસામીઓ પાસેથી ૨.૫૬ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૮૦૦, વેસ્ટ ઝોનમાં પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૪ આસામીઓ પાસેથી ૩.૬ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૧૨૦૦૦નો વહીવટી ચાર્જ તથા ઈસ્ટ ઝોનમાં ૨૯ આસામીઓ પાસેથી ૧.૮ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૭૬૭નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચના મુજબ ના. કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર, ત્રણે ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર, સેનીટેશન ઓફિસર, સેનેટરી ઇન્સ., સબ ઇન્સ.ની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

---

વ્યાજખોરોનો ત્રાસ પોલીસ પરિવાર સુધી પણ પહોંચી ગયો

# વ્યાજંકવાદના વમળમાં પોલીસમેનના માતા - પિતાનો આપઘાત

**રાજકોટ શહેર પોલીસમાં હાલ સ્પેશ્યલ બ્રાંચના ચૂંટણી સેલમાં ફરજ બજાવતા મિલનભાઈ ખુંટના પિતા નિલેશભાઈ અને માતા ભારતીબેને ટંકારા તાલુકાના છત્તર ગામે પ્રાથમિક શાળા પાસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી**

**મૃતક દંપતી હડાળા ગામે રહેતા, રાજકોટમાં પુનિતનગર ટાંકા પાસે મકાઈના ડોડાની રેકડી રાખી વેપાર કરતા: બનાવથી ખુંટ પરિવારમાં કલ્પાંત**

રાજકોટ, તા.૧

રાજકોટમાં હવે વ્યાજખોરોનો ત્રાસ પોલીસ પરિવાર સુધી પણ પહોંચી ગયો છે. વ્યાજંકવાદના વમણમાં પોલીસમેનના માતા - પિતાનો આપઘાત કરતા ચકચાર મચી છે. રાજકોટ શહેર પોલીસમાં હાલ સ્પેશ્યલ બ્રાંચના ચૂંટણી સેલમાં ફરજ બજાવતા મિલનભાઈ ખુંટના પિતા નિલેશભાઈ અને માતા ભારતીબેને ટંકારા તાલુકાના છત્તર ગામે પ્રાથમિક શાળા પાસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. મૃતક દંપતી હડાળા ગામે રહેતા હતા. રાજકોટમાં પુનિતનગર ટાંકા પાસે મકાઈના ડોડાની રેકડી રાખી વેપાર કરતા હતા. બનાવથી ખુંટ પરિવારમાં કલ્પાંત છવાયો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ, નિલેશભાઈ મનસુખભાઈ ખુંટ (ઉ.વ.૪૫) અને તેના પત્ની ભારતીબેન (ઉ.વ.૪૩)એ ગઈકાલે



મૃતક ભારતીબેન સારવારમાં હતા તે સમયની તસવીર (તસવીર: જયેશ ભટાસણા ટંકારા)

બપોરે ૨ વાગ્યે ટંકારાના છત્તર ગામમાં આવેલી પ્રાથમિક શાળા નજીક ઝેરી દવા પી લીધી હતી. કોઈએ દંપતીને જોઈ લેતા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના ઇએમટી રેશ્માબેન અને રૂબીનાબેન દોડી આવેલ. ૧૦૮માં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અત્રે સારવારમાં નિલેશભાઈનું ૩.૧૬ વાગ્યે અને ભારતીબેનનું ૪.૩૦ વાગ્યે મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં ટંકારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવેલો. બંનેના મૃતદેહ પીએમ અર્થે ખસેડયા હતા. એલઆરડી તરીકે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા મિલનભાઈ મૃતક દંપતીના એક માત્ર સંતાન છે. તેઓ પણ સગા સંબંધી અને પરિવાર સાથે હોસ્પિટલે દોડી આવેલ. પ્રાથમિક તબક્કે નિલેશભાઈને આર્થિક સંકળામણ હતી. તેણે કોઈ વ્યાજખોર પાસેથી રૂપિયા લીધેલા તેના ત્રાસથી દંપતીએ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક અનુમાન છે. જોકે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ટંકારા પોલીસે મરવા મજબૂર કર્યા અને મનીલેન્ડ એક્ટ મુજબ ગુનો દાખલ કરશે

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, બનાવ બન્યા પછી ટંકારા પોલીસનો સ્ટાફ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યો હતો. અત્રે મૃતકના પુત્ર મિલનભાઈનું નિવેદન લેવા તજવીજ હાથ ધરી હતી. હાલ માતા - પિતા ગુમાવનાર મિલન આઘાતની સ્થિતિમાં હોય, અંતિમ વિધિ પૂર્ણ કરી નિવેદન આપશે તેમ જણાવતા, પોલીસે નોંધ લઈ આગળની કાગળ કાર્યવાહી કરી હતી. મિલનભાઈએ આજે 'સાંજ સમાચાર' ને જણાવ્યું હતું. કે, તેમના પિતાના મોબાઈલમાં વિગતો હોય શકે છે. તેનો લોક ખોલવા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. ઉપરાંત મોબાઈલ કોલ ડિટેઇલ્સ પણ મેળવી તેમાંથી આરોપીઓના નામ મળે તેવી સંભાવના છે. મિલનભાઈ આજ બપોર બાદ ટંકારા ખાતે પોલીસને ફરિયાદ આપવા જવાના હતા. ટંકારા પોલીસ મરવા મજબૂર કર્યા અને મની લેન્ડ એક્ટ મુજબ ગુનો દાખલ કરશે તેવું જાણવા મળે છે.

### સોમવારે ફોન પર મારા પિતાએ કહ્યું હતું કે, તેમને વ્યાજખોરોનો ત્રાસ છે : મિલનભાઈ ખુંટ

મૃતક નિલેશભાઈ અને ભારતીબેનના એક લૌતા પુત્ર મિલનભાઈએ સાંજ સમાચારને જણાવ્યું હતું કે, તેઓ વર્ષ ૨૦૧૯માં એલઆરડી તરીકે સીધી ભરતીથી પોલીસ ફોર્સમાં જોડાયા હતા. તેઓ અત્રે રાજકોટમાં પોતાના કાકા સાથે રહે છે. જ્યારે તેમના માતાપિતા હડાળા રહે છે. સોમવારે તેમને તેના પિતા નિલેશભાઈનો ફોન આવ્યો હતો કે, વ્યાજખોરો ખૂબ દબાણ કરે છે. હવે પ્રેશર વધી ગયું છે. રકમ આશરે ૬ લાખ રૂપિયા જેવી થાય છે. મિલનભાઈએ જણાવ્યું કે, સોમવારે તેઓ પોતાની ફરજ પર હતા. સમય ન મળતા તેઓ પોતાના પિતાને મળવા જઈ શક્યા નહોતા. પણ ફોન પર તેમણે પોતાના પિતાને જણાવ્યું હતું કે, આપણે લીગલ કાર્યવાહી ઉપરાંત જે થશે તે કરીશું. મંગળવારે સાંજે તેઓ હડાળા જવાના હતા એ પહેલા જ બપોરે ત્રણેક વાગ્યે તેને જાણ થઈ તેના માતા પિતાએ ઝેરી દવા પી લીધી છે અને તેમને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. મિલનભાઈએ દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું કે, તેના માતા પિતા આવું પગલું ભરશે તેવો તેને જરીક ખ્યાલ નહોતો. નહિતર જ્યારે વાત કરી ત્યારે જ તેઓ કોઈ એક્શન લેત. હાલ તેઓ ટંકારા પોલીસમાં ફરિયાદ નોંધાવશે.

---

# નાગેશ્વર નજીક દેશી દારૂની ભઠ્ઠીમાં દરોડો : ૬૦૦ લીટર આથા સાથે ત્રણ શખ્સો ઝબ્બે

## ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી રૂા. ૨૯૮૦નો મુદ્દામાલ કર્યો

રાજકોટ, તા. ૧

નાગેશ્વર નજીક ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીમાં ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી ૬૦૦ લીટર આથા સાથે પકડી રૂા. ૨૯૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મસરીભાઇ ભેટારીયા, અમિત કોરાટ, કોન્સ્ટેબલ મુકેશ સબાડ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે જામનગર રોડ પર આઇટીઆઇની પાછળ નાગેશ્વરની બાજુમાં અવાવરૂ જગ્યામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીમાં દરોડો પાડી કિશન રાજુ જાખલીયા, રણજીત બચુ માલકીયા (રહે. બંને દ્વારકાધીશ પેટ્રોલ પંપ સામે, ઉમીયાધાર, સરકારી આવાસ યોજના કવાર્ટર, માધાપર) અને કાનો કરમશી દેલવાણીયાને દબોચી દેશી બનાવવાનો આથો ૬૦૦ લીટર સહિત રૂા. ૨૯૮૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હડાળામાં વૃંદાવન ડેરીની પાછળ જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

રાજકોટ, તા. ૧

હડાળામાં આવેલ વૃંદાવન ડેરીની પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં તિનપતિનો જુગાર રમતા નવઘણ ધીરજ ઉર્ફે વટુકીયા અને લાલદાસ રમેશ ગોંડલીયા (રહે. બંને હડાળા ગામ)ને કુવાડવા રોડ પોલીસ મથકના સ્ટાફે પકડી પાડી રૂા.૧૦,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

---

# માતાજીના દર્શને ગયેલ પત્નિને પતિએ માર માર્યો: સમજાવવા આવેલ સસરાને પણ પડખામાં છરી ઝીંકી

## પેડક રોડ પર આવેલ વાલ્મીકી આવાસ કવાર્ટરનો બનાવ: ઈજાગ્રસ્ત પિતા-પુત્રીને સારવારમાં ખસેડાઈ: બી ડીવીઝન પોલીસે મારામારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી રવિ જેઠવાની શોધખોળ હાથ ધરી

રાજકોટ તા.૧

પેડક રોડ પર આવેલ વાલ્મીકી આવાસ કવાર્ટરમાં રહેતી પરિણીતા માતાજીના દર્શન કરી ઘરે પરત ફરતા ઉશ્કેરાયેલા પતિએ માર માર્યો હતો. પુત્રીને છોડાવવા આવેલ પિતાને પણ છરીના ઘા ઝીંકી દેતા ઘવાયેલ પિતા-પુત્રીને સારવારમાં ખસેડાયા હતા. બનાવ અંગે બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે પેડક રોડ પર આવેલ વાલ્મીકી આવાસ યોજનામાં રહેતા પ્રિયંકાબેન રવિભાઈ જેઠવા (ઉ.૨૪) એ તેના પતિ રવિ રામજી જેઠવા વિરૂધ્ધ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૩૨૬, ૩૨૩, ૪૯૮ (એ), ૫૦૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વધુમાં ફરીયાદીએ જાણાવ્યું હતું કે તેણી છેલ્લા સાતેક વર્ષથી રવિ જેઠવા સાથે પત્ની તરીકે રહે છે. પરંતુ લગ્ન કરેલ નથી. તેણીને સંતાનમાં એક પુત્ર છે ગઈકાલે સાંજના છએક વાગ્યે તેની નાની બહેન અને બનેવી સાથે શીતલપાર્ક પાસે આવેલ ઉગતા પોરની મેલડી માતાજીના દર્શને ગયેલ હતા. બાદમાં રાત્રીના આઠેક વાગ્યે ઘરે પરત ફરતા તેણીના પતિએ કહેલ કે કયાં ગઈ હતી? જેથી તેઓને મેલડી માતાજીના દર્શન કરવા ગયેલ હતી તેવું કહેતા તે ઉગ્ર થઈ ગયેલ અને કહેવા લાગેલ કે કેમ મને પુછયા વગર જતી રહે છે. જે બાબતે બન્ને વચ્ચે ઝઘડો થતા તેનો પતિ ઘરેથી નીકળી ગયેલ હતો. બાદમાં ફરીવાર ઘરે આવી ઝઘડો કરી ગાળો આપવા લાગેલ હતો. દરમ્યાન તેણીની નીચે જ રહેતા તેના પિતા ભરતભાઈ પણ ઘરે દોડી આવેલ અને રવિને ઝઘડો ન કરવા સમજાવેલ હતો.

પરંતુ તે વધુ ઉશ્કેરાયો હતો અને રૂમમાં જઈ છરી લાવી તેણીના પિતાજીને પડખાના ભાગે એક ઘા ઝીંકી દીધો હતો. જેમને છોડાવવા તેણી વચ્ચે પડતા તેમને પણ કપાળના ભાગે છરીનો હાથો ઝીંકી દીધેલ અને પેટ પાટુ મારી દીધુ હતું. દરમ્યાન દેકારો થતા પડોશીઓ દોડી આવતા રવિ નાસી છુટયો હતો. બાદમાં બન્ને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા બનાવ અંગેની ફરીયાદ પરથી બી ડીવીઝન પોલીસે ગુના નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# ઉછીના આપેલ રૂપિયા પરત માંગતા રીક્ષાચાલક પર રવિ ભરવાડનો ધોકાથી હુમલો

## નાણાવટી ચોક પાસે આવેલા આવાસ કવાર્ટર નજીકનો બનાવ: રૂપિયા નથી આપવા કહી યશપાલ બોરીચા પર આરોપી તુટી પડયો: યુનિ. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ તા.૧

નાણાવટી ચોક પાસે આવેલા આવાસ કવાર્ટર નજીક ઉછીના આપેલ રૂપિયા પરત માંગવા ગયેલા રીક્ષાચાલક પર રવિ ભરવાડ નામના શખ્સે ધોકાથી હુમલો કરતા સારવારમાં ખસેડાયા હતા. બનાવ અંગે યુનિ. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે માધાપર પૃથ્વીરાજ પાર્ક શેરીમાં રહેતા યશપાલભાઈ ઢેહાભાઈ બોરીચા (ઉ.૨૨)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રવિ ભરવાડ રહે. નવી કોર્ટ બિલ્ડીંગ સામે ભરવાડવાસનું નામ આપી જણાવ્યું હતું કે તે રીક્ષા ચાલક છે. ગઈરાત્રીના સાડા બારેક વાગ્યાની આસપાસ તે તેના મીત્ર કૃણાલ ભાટી અને અવીનાશ સાથે કારમાં નાણાવટી ચોક પાસે નાસ્તો કરવા જતા હતા ત્યારે તેના મીત્ર રવિને ફોન કરેલો અને જાણાવેલ કે તને આપેલા ઉછીના રૂપિયા ૧૬ હજાર કયારે પરત આપીશ? જેથી રવિ ભરવાડે કહેલ કે તું નાણાવટી ચોક પાસે આવેલ આવાસ યોજનાના કવાર્ટર પાસે આવ. જેથી તે તેના મીત્રો સાથે ત્યાં ગયેલ ત્યાં પહોંચીને તે કારમાંથી નીકળીને રવિને મળવા માટે ગયેલ ત્યારે તેને કહેલ કે મે તને આપેલા ઉછીના રૂપિયા કયારે પરત આપીશ? તેમ કહેતા આરોપીએ કહેલ કે તારા રૂપિયા હવે દેવા નથી તેમ કહી ઝઘડો કરી ગાળો આપવા લાગેલ અને ધોકાથી હુમલો કરી દીધો હતો. બાદમાં ઈજાગ્રસ્તને તેના મીત્રોએ સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડેલ હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિ. પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એચ.વી. પટેલ અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

---

# પટેલ શરાફી મંડળી ઉઠી જતા ભોગ વિમા એજન્ટ બન્યા: બે રોકાણકર્તાનો છરીથી જીવલેણ હુમલો

## અંબિકા ટાઉનશીપમાં રહેતા સુધીરભાઈ વાછાણી નાનામવા આરોગ્ય કેન્દ્ર પાસે હતા ત્યારે ધસી આવેલા દિપક અઘેરા અને કૌશિક કનેરીયાએ પડખામાં છરીનાં ઘા ઝીંકયા: સારવારમાં ખસેડાયા, તાલુકા પોલીસ દોડી ગઈ: હુમલાખોરોએ પટેલ ઈન્સ્વેસ્ટમેન્ટ પોઈન્ટમાં સુધીરભાઈ મારફત રોકાણ કર્યું'તું: મંડળી એક વર્ષ પહેલા ઉઠી જતા રોકાણકારો એજન્ટ પાસે વ્યાજ અને મુદ્દત માંગતા હતા

રાજકોટ તા.૧



શહેરમાં બીલાડીના ટોપની માફક ફૂટી નિકળેલ શરાફી મંડળીઓના સંચાલકો મોટા વ્યાજની લાલચે લોકો પાસેથી એજન્ટ મારફતે રૂપિયા ઉઘરાવી થોડો સમય વ્યાજ ચૂકવ્યા બાદ મંડળીને તાળા મારી નાસી છુટતા હોય છે જયારે રોકાણકારો સામાન્ય એજન્ટોને પકડી પોતાના નાણા અને વ્યાજની ઉઘરાણી કરી કયારેક કયારેક જીવલેણ હુમલા પણ કર્યા હોય તેવા બનાવો બનવા પામ્યા છે. ત્યારે તેવો જ એક બનાવ નાનામવા આરોગ્ય કેન્દ્ર પાસ બનવા પામ્યો છે. પટેલ ઈન્વસ્ટમેન્ટ મંડળીના એજન્ટ પર બે શખ્સોએ છરીથી જીવલેણ હુમલો કરતા જેઓને લોહીલોહાણ હાલતમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પીટલે દોડી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ મવડીમાં આવેલ અંબીકા ટાઉનશીપમાં રહેતા સુધીરભાઈ રણછોડભાઈ વાછાણી (ઉ.૫૮) આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ નાનામવા આરોગ્ય કેન્દ્ર પાસે એસબીઆઈ બેંક નજીક હતા ત્યારે ધસી આવેલા દિપક ધીરૂ અઘેરા અને કૌશીક કનેરીયાએ ઝઘડો કરી છરીના આડેધડ પડખામાં ઘા ઝીંકી નાસી છુટયા હતા. બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢને લોહીલોહાણ હાલતમાં સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન લઈ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ ઈજાગ્રસ્ત સુધીરભાઈને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેઓ પટેલ ઈન્વસ્ટમેન્ટ પોઈન્ટ નામની શરાફી મંડળીમાં એજન્ટ તરીકે કામ કરતા હતા. ત્યારે તેઓની મારફતે દિપક અઘેરા અને કૌશીક કનેરીયાએ સાત સાત લાખ રૂપિયા મંડળીમાં રોકાણ કર્યુ હતું.

દરમ્યાન એક વર્ષ પહેલા પેઢીને અચાનક જ સંચાલકો તાળા મારી નાસી છુટયા હતા. ત્યારે બન્ને રોકાણકારો અવારનવાર તેમના રોકાણ કરેલા રૂપિયા અને વ્યાજની ઉઘરાણી સુધીરભાઈ પાસે કરતા હતા. તેઓ રોકાણકારોને મંડળી બંધ થઈ ગઈ છે અને પોતાની આર્થીક સ્થિતિ નથી કે તેઓને પૈસા ચૂકવી શકે. દરમ્યાન આજરોજ પણ બન્ને શખ્સોએ રૂપિયાની ઉઘરાણી કરી છરીના ઘા ઝીંકી દીધા હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું.

### અગાઉ મનીપ્લસ મંડળી ઉઠી જતા જેતપુર બ્રાન્ચમાં કામ કરતા વિનુભાઈએ આપઘાત કરી લીધો'તો

શરાફી મંડળીના સંચાલકો એજન્ટો મારફતે લોકો પાસેથી રોકાણ કરાવતા હોય છે. ત્યારે પેઢી ઉઠી જાય ત્યારે લોકો એજન્ટોને પકડતા હોય છે. અગાઉ પણ રાજકોટની મનીપ્લસ મંડળીના સંચાલક અલ્પેશ દોંગા પેઢીને તાળુ મારી નાસી છુટતા જેતપુર બ્રાંચમાં નોકરી કરતા વિનુભાઈ પાદરીયાએ આપઘાત કરી લીધો હતો. તેઓએ તેમના પરીચીતો પાસેથી લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. જે બાદ પરિચીતો તેમની પાસે રૂપિયાની ઉઘરાણી કરતા અંતિમ પગલું ભરી લીધુ હતું.

---

# બંગડી બજારમાં બાંધકામના ખાડામાં પડી જતા વેપારી દિનેશભાઇ સામાણીનું મોત

## મૃતકને બંગળી બજારમાં જ પ્રોવિઝન સ્ટોર છે, રાત્રે ૮.૩૦ વાગ્યે લઘુશંકા કરવા ગયા અને અંધારામાં ખાડો ન દેખાતા બનાવ બન્યો

રાજકોટ, તા.૧

શહેરની બંગળી બજારમાં બાંધકામના ખાડામાં પડી જતા વેપારી દિનેશભાઈ સામાણીનું મોત થયું હતું. બનાવથી બંગળી બજારના વેપારીઓમાં ગમગીની છવાઈ હતી.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ, દિનેશભાઇ ગોપાલભાઈ સામાણી (ઉં. વ.૫૮, રહે. રૈયા રોડ, કૈલાસ પાર્ક, શેરી નં.૨, શ્રીજી પાર્ક, મેઈન રોડ)ને ગઈકાલે રાત્રે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ બેભાન હાલતમાં હતા. અત્રે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ. ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો. મૃતદેહ પીએમ અર્થે ખસેડી પરિવારજનોની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, દિનેશભાઇને બંગળી બજારમાં જી. એમ. એન્ડ સન્સ નામે પ્રેવિઝન સ્ટોરની પેઢી છે. તેની આ પેઢીની બાજુમાં જ આવેલ ભાનુ કંગન નામની પેઢીની બાજુમાં અન્ય એક દુકાનનું બાંધકામ ચાલુ છે. જેના બિંબ કોલમ માટેના ઊંડા ખાડા ખોદયા છે. રાત્રે ૮.૩૦ વાગ્યે દિનેશભાઇ પોતાની પેઢીએ હતા ત્યારે લઘુશંકા કરવા માટે જ્યાં




બંગળી બજારમાં બનેલ બનાવના સ્થળ પરની તસવીર (તસવીર : પંકજ શીશાંગીયા)

બાંધકામ ચાલુ છે તે જગ્યા પર ગયા હતા. અહીં તેઓ બિંબ કોલમના ઊંડા ખાડામાં પડી જતા ગંભીર ઇજા થઇ હતી. આસપાસના વેપારીઓ અને તેમના પુત્ર ચિરાગભાઈ દિનેશભાઇને હોસ્પિટલ લાવ્યા હતા પણ માથામાં થયેલી ઇજા જીવલેણ સાબિત થઈ હતી.

દિનેશભાઇને સંતાનમાં બે પુત્ર છે. ત્રણ ભાઈ, એક બહેનમાં વચેટ છે. બંગળી બજારમાં વર્ષોથી તેઓ પ્રોવિઝન સ્ટોરની પેઢી ચલાવતા હતા. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# વડાપ્રધાન આજથી ગુજરાતમાં : કાલે સૌરાષ્ટ્રમાં વિજય વિશ્વાસ સભાઓ

## આજે ડીસા અને હિંમતનગરમાં સંબોધન : તા.રના રોજ આણંદ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને જામનગરમાં સભા : ભારે તાપ વચ્ચે ૧૪ લોકસભા મત વિસ્તારને આવરી લેતો ઝંઝાવતી ચૂંટણી પ્રચાર



રાજકોટ, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યાં છે. લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણીના પ્રચાર માટે તેઓ બે દિવસમાં ૬ જેટલી વિજય વિશ્વાસ જાહેરસભાઓ કરશે. રાજ્યમાં ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનના પગલે મોદીની સભાઓના સ્થળે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે તો સૌરાષ્ટ્રમાં ભારે તાપ અને તડકા વચ્ચે યોજાયેલી જાહેર સભામાં જનમેદની એકત્ર કરવા ભાજપ દોડાદોડી પણ કરી રહ્યો છે.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલા સામે મતદાન માટે ક્ષત્રિય સમાજ હજુ આંદોલન ચલાવી રહ્યો છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિરોધ વચ્ચે પણ વડાપ્રધાનની સભાનો વિરોધ નહીં કરવા નિર્ણય લેવાયો છે.

રાજયમાં ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ મતદાન થવાનું છે. આ પહેલાં વડાપ્રધાન ૭૦ વિધાનસભા વિસ્તારો અને ૧૪ લોકસભા મતવિસ્તારને આવરી લેતો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે. આજે બપોરે ૨.૩૦ કલાકે તેઓ ઉત્તર ગુજરાતમાં ડીસા અને ત્યારબાદ સાંજે ૪.૧૫ કલાકે હિંમતનગરમાં જાહેર સભાઓને સંબોધન કરશે. ચૂંટણીની આચાર સંહિતા હોવાથી તેમનું રાત્રી રોકાણ રાજભવનના સ્થાને ગાંધીનગર સરકીટ હાઉસમાં રાખવામાં આવ્યું છે. આ રોકાણ દરમ્યાન તેઓ ભાજપના પ્રદેશ નેતાઓ સાથે બેઠક કરીને માર્ગદર્શન આપશે અને વર્તમાન રાજકીય પરિસ્થિતિની ચર્ચા કરશે તેવું માનવામાં આવે છે.

વડાપ્રધાન કાલે મધ્ય ગુજરાતના આણંદમાં સવારે ૧૦.૦૦ કલાકે, સુરેન્દ્રનગર-રાજકોટ રોડ પર ત્રિમંદિર મેદાનમાં બપોરે ૧૨.૦૦ કલાકે, જૂનાગઢમાં ૨.૧૫ કલાકે અને જામનગરમાં સાંજના ૪.૧૫ કલાકે જાહેર સભાને સંબોધન કરશે.

બે દિવસના કાર્યક્રમમાં રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર મતવિસ્તારને અસર કરતી સભા સુરેન્દ્રનગરમાં યોજાશે. જામનગરમાં તેમની છેલ્લી સભા છે જે પૂરી કરીને દિલ્હી રવાના થશે. વડાપ્રધાન ગુજરાતના મતદાર હોવાથી તેઓ મતદાન કરવા ફરીથી છઠ્ઠી મેની રાત્રીએ ગુજરાત આવશે.

ક્ષત્રિય સમાજના આંદોલન અને વિરોધ વચ્ચે વડાપ્રધાનના આ પ્રવાસ પર બધાંની નજર મંડરાયેલી છે. જો કે ક્ષત્રિય આગેવાનોએ વડાપ્રધાનની સભાઓને સ્થળે કોઈપણ જાતના વિરોધ કાર્યક્રમ કે આંદોલન નહીં કરવાનું સમાજના યુવાનો અને મહિલાઓને એલાન કર્યું છે.

નરેન્દ્ર મોદી તેમની ચૂંટણીલક્ષી મુલાકાતમાં ઉત્તર ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર તેમજ મધ્ય ગુજરાતમાં આવતી લોકસભા બેઠકોને આવરી લેશે. આ સાથે તેઓ વિધાનસભાની પાંચ પૈકી ચાર પેટાચૂંટણીઓના વિસ્તારને પણ કવર કરશે. જિલ્લાઓના તેમના પ્રવાસ દરમ્યાન કેન્દ્રની સુરક્ષા એજન્સીઓ, ચૂંટણીની સલામતી માટે ખડકેલી રિઝર્વ પોલીસ ઉપરાંત રાજ્ય પોલીસના હજારો જવાનો જાહેરસભાના સ્થળે ખડેપગે સુરક્ષા બંદોબસ્ત જાળવશે.

જુનાગઢ

આવતીકાલે તા. ૨ મેના જુનાગઢ કૃષિ યુનિવર્સિટીને આંગણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી સભાને સંબોધવા આવી રહ્યા છે. સાથે સાથે જામનગર ખાતે સભા સંબોધન કરશે. જામનગરની સરખામણીએ જુનાગઢમાં ધોમધખતા તાપ-ગરમી, બફારામાં ડોમમાં માત્ર પંખા નીચે હવા ખાવાનો વારો આવશે તેની સાથે જામનગરમાં સાંજે ૫ વાગે સભા હોવા છતાં ગરમીમાં રાહત મળે તે માટે ખાસ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

હાલારને જર્મન ડોમ, એરકુલર, ફુવારાની સામે સોરઠને માત્ર પંખાની વ્યવસ્થા કરવામાં આવી છે. જામનગરમાં ડોમ જર્મન સ્ટાઇલનો ૬૦૦ ફુટ લંબાઇ, ૧૨૦ ફુટ પહોળાઇ મોટા મોટા ગાળા મુકવામાં આવ્યા છે. જુનાગઢમાં ડોમ વડાપ્રધાનનું જર્મન સ્ટેજ તૈયાર કરાયું છે જયારે લોકો માટે સાદો ડોમ તૈયાર કરાયો છે બંને સાઇડ ત્રણ ત્રણ મંડપના મોટી સાઇઝના ગાળા નાખવામાં આવ્યા છે. જેમાં કુલ ૩૦ હજાર લોકોનો સમાવેશ થઇ શકશે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન બપોરના ૩ કલાકની આજુબાજુ જુનાગઢ સભા સ્થળે પહોંચશે જયારે લોકોને ૧૨ કલાકથી અંદર બેસાડવાની વ્યવસ્થા શરૂ કરી દેવાશે. જુનાગઢની સભા મંડપના ૪૭૮ ફુટ ડોમમાં મોટા ૬ પંખા અને ડોમની અંદર બંને સાઇડમાં મંડપમાં પંખા ફીટ કરવામાં આવ્યા છે. હાલમાં એરકુલરનું જુનાગઢમાં ડોમમાં આયોજન કરવામાં આવ્યું નથી. ભરબપોરના તાપ-બફારા વચ્ચે ભાજપના જ લોકો કાર્યકરોને એકઠા કરવા માટે પડકાર બની ગયો છે. જામનગરી સભાનો ખર્ચ સાડા ચાર કરોડની સામે જુનાગઢની સભામાં અંદાજી સાડા ત્રણ કરોડનો ખર્ચનો અંદાજ છે. એક જ દિવસે એક જ કલાકના અંતરે સભા હોય તેમાં પણ જુનાગઢમાં ધોમધખતા તાપમાં ૩ કલાકે સભા હોવા છતાં આવી બેધારી નીતિ શા માટે તેવો સવાલ ભાજપના જ વર્તુળોમાં ઉભો થવા પામ્યો છે.

## ક્ષત્રિય સમાજ મોદીની સભાનો વિરોધ નહીં કરે

### સંકલન સમિતિએ પત્ર જાહેર કર્યો : આંદોલન લોકશાહી ઢબે ચાલુ : ભાજપ વિરૂધ્ધ મતદાન માટે અડગ

રાજકોટ, તા. ૧

ગુજરાત રાજ્ય ક્ષત્રિય-રાજપૂત સંગઠનોની સંકલન સમિતિએ પત્ર જાહેર કરીને ગુજરાતમાં યોજાનારી વડાપ્રધાનની જાહેરસભાનો વિરોધ ન કરવા અપીલ કરી છે. સંકલન સમિતિ વતી સમગ્ર સમાજને જણાવવામાં આવ્યું હતું છે. વિરોધના પાર્ટ ૨ મુજબ ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાની નીતિ પર અડગ રહીશું પરંતુ સાથે જ સંકલન સમિતિએ પોતાના સમુદાયને અપીલ કરી છે કે અમે પીએમ મોદીનો વિરોધ નહીં કરીએ.

સંકલન સમિતિએ આશંકા વ્યક્ત કરી છે કે વડાપ્રધાનની જાહેરસભામાં ક્ષત્રિય સમાજના આંદોલનની આડમાં કોઈ દુશ્મન કે કોઈ ખોટા ઈરાદા સાથે રાજ્યના હિતમાં વાતાવરણ બગાડી શકે છે. સંકલન સમિતિએ પીએમ મોદીનો વિરોધ ન કરવા પાછળનું કારણ જણાવ્યું છે કે, દેશમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે, તેથી નેતાઓની રેલીઓ અને જાહેર સભાઓનું આયોજન કરવામાં આવશે, આવી સ્થિતિમાં કેટલાક લોકો અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરશે. જેના કારણે સંકલન સમિતિએ એક પત્ર જારી કરીને કહ્યું છે કે, ક્ષત્રિય સમાજ સુરક્ષામાં ઉભી થતી કોઈ મુશ્કેલી કે સમસ્યા વિશે ક્યારેય વિચારી શકે નહીં.

સંકલન સમિતિએ સમગ્ર સમાજને પીએમની ગુજરાતમાં યોજાનારી જાહેર સભા, રેલી, સંમેલનોનો વિરોધ કરવાથી દૂર રહેવા અપીલ કરી છે. સંકલન સમિતિમાં જણાવાયું છે કે ભાજપનો બહિષ્કાર કરોની નીતિ સાથે અમારૂ આંદોલન શાંતિપૂર્ણ અને લોકશાહી ઢબે ચાલુ રહેશે. બૂથ મેનેજમેન્ટને મજબૂત કરીને અમે ભાજપ સામે લડતા ઉમેદવારને મત આપીશું.

# વધુ એક સફળતાઃ મિસાઇલ આધારિત ટોર્પીડોનું સફળ પરિક્ષણ

## પેરાસુટ મારફત પણ દરિયાના ઉંડાણમાં રહેલી સબમરીનને ટાર્ગેટ કરી શકાય છે



નવી દિલ્હી, તા.૧

સંરક્ષણ ક્ષેત્રે આત્મ નિર્ભર ભારતના મોદી સરકારના આયોજનમાં પ્રથમ વખત ભારતીય સેનાએ સુપરસોનીક મીસાઇલ આધારિત ટોર્પીડોનું સફળ પરિક્ષણ કર્યું છે. ઓડીસામાં બાલાસોરના સમુદ્ર કાંઠે આ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. મીસાઇલ મારફત ટોર્પીડોને નૌકાદળ દ્વારા સબમરીન વિરોધી શસ્ત્ર તરીકે ઉપયોગમાં લેવાય છે અને તે મીડીયમ રેન્જમાં પ્રહાર કરી શકે છે. સુપરસોનીક મિસાઇલમાં ટોર્પીડો વોરહેડ તરીકે કામ કરી છે અને તે પેરાસુટ મારફત પણ દરિયામાં ઉંડે રહેલી સબમરીન પર દાગી શકાય છે. આ સુપરસોનીક મિસાઇલની રેન્જ વધારવાની પણ તૈયારી છે. હાલ તે ૨૦ થી ૪૦ કિ.મી.ના અંતરે રહેલ દુશ્મન દેશોની સબમરીનને ટારગેટ કરી શકે છે.

# રાષ્ટ્રીય હેતુ માટે પણ સ્પેકટ્રમ ફાળવણી લીલામીથી જ કરી શકાશેઃ સુપ્રીમ

## કેન્દ્ર સરકારને આંચકોઃ ચોકકસ હેતુ માટે સ્પેકટ્રમ ફાળવણીમાં વહીવટી પ્રક્રિયા મારફત મંજુરીનો ઈન્કાર

નવી દિલ્હી તા.૧

દેશમાં મનમોહન સરકાર સામે સ્પેકટ્રમ ફાળવણીનો વિવાદ ચગ્યો હતો તે સમયે મોદી સરકાર દ્વારા વહીવટી પ્રક્રિયા મારફત ખાસ કિસ્સામાં સ્પેકટ્રમ ફાળવણીની મંજુરી આપવા સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધો છે અને સ્પેકટ્રમને કુદરતી સ્ત્રોત ગણાવીને તેના વેચાણમાં કે લીઝમાં ઓકસનની પદ્ધતિ જ અપનાવવા કેન્દ્રએ જણાવ્યું છે. ૨૦૧૨માં ટુજી સ્પેકટ્રમની ફાળવણીમાં જે રીતે ગેરરીતિ થઈ હતી તે પછી સુપ્રીમ કોર્ટે સ્પેકટ્રમને રાષ્ટ્રીય દ્રષ્ટિએ કુદરતી સ્ત્રોત તરીકે ગણાવ્યા હતા અને તેના આધારે કેન્દ્રને હવે ફાઈવ-જી સ્પેકટ્રમ ખાસ કિસ્સામાં વહીવટી પ્રક્રિયા મારફત ફાળવણીની મંજુરી આપવા ઈન્કાર કર્યો છે. સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ સર્વોચ્ચ અદાલતની રજીસ્ટ્રી દ્વારા આ કેસમાં સરકારને સ્પષ્ટ જણાવી દીધુ છે. ૨૦૧૨માંજ આ અંગેની એક રિવ્યુ પીટીશન પરત ખેંચી લેવામાં આવી હતી. સરકારે એવી દલીલ કરી હતી કે કેટલાક ઈમરજન્સીના ઉપયોગમાં કે રાષ્ટ્રીય સુરક્ષા સહિતના બિનવ્યાપારીક હેતુ માટે આ પ્રકારના સ્પેકટ્રમની ફાળવણી જરૂરી છે. જેમાં કેન્દ્ર ઉપરાંત ટાટા ટેલી સીસ્ટમમાં, આઈડીયા સેલ્યુલર સહિતની કંપનીઓએ અરજી કરી હતી. પરંતુ સર્વોચ્ચ અદાલતે તે સ્વીકારી નથી.

### તમામ શાળાઓમાં તપાસ પૂર્ણઃ વિસ્ફોટક સહિત કઈ વાંધાજનક ન મળ્યું

# દિલ્હી શાળાઓને ધમકીભર્યા મેલ રશિયન સર્વરથી મોકલાયો હતોઃ ઈન્ટરપોલ તપાસમાં જોડાશે

## દિલ્હી પોલીસની સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હવે ઈ-મેલ મોકલનારની ઓળખ નિશ્ચિત કરવા કાર્યવાહી

નવી દિલ્હીઃ પાટનગર નવી દિલ્હી ઉપરાંત નોઈડા સહિતના ક્ષેત્રમાં આજે વહેલી સવારે ૧૦૦ જેટલી શાળાઓને મળેલા એક ધમકીભર્યા અને જેહાદી સ્ટાઈલના ઈ-મેલમા આ શાળાઓમાં બોમ્બ મુકાયા હોવાથી અને તે ગમે તે સમયે વિસ્ફોટ થશે તેવી ધમકીમાં મેલમાં અપાઈ હતી અને તેના પગલે આ તમામ શાળામાં જયાં હજું શૈક્ષણિક કાર્ય ચાલુ થઈ રહ્યું હતું ત્યાં તુર્તજ બાળકો અને શાળાના શિક્ષકો સહિત તમામને સુરક્ષિત કરી દેવાયા હતા. એક બાદ એક શાળા જેમાં દિલ્હી પબ્લીક સ્કુલની દ્વારીકા અને સંસ્કૃતિ ઉપરાંત નોઈડાની શાળાનો પણ સમાવેશ થતો હતો ત્યાં તુર્તજ દિલ્હી પોલીસની બોમ્બ વિરોધી ટુકડીઓ અને સ્નીફર ડોગ સહિત ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા હતા પણ લગભગ ચાર કલાકની તપાસમાં કોઈ શાળામાંથી બોમ્બ કે કોઈ વાંધાજનક મળી ન આવતા હાશકારો સર્જાયો હતો. બાદમાં દિલ્હી પોલીસની સાયબર શાખાએ ઈ-મેલનું પગેરુ સર્વરમાં શોધી કાઢ્યું હતું. આમ વિદેશમાંથી મળેલા આ ઈ-મેલ યાદવ રશ્મિન ભેજુ અથવા તેની સાથે સંકળાયેલા કક્ષાનું કૃત્ય હોવાનું બહાર આવ્યું હતું. આ સ્થિતિની ગંભીરતા જોતા ખુદ ઉપરાજયપાલ વિજય સકસેના અને ઉચ્ચ અધિકારી તથા દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારના

## પાંચ શાળાઓને જ મેલ મોકલાયોઃ સ્થાનિક કનેકશન પણ હોવાની આશંકા



## ઉપરાજ્યપાલ અને દિલ્હી સરકારના મંત્રીઓએ પણ શાળામાં જઈને પરીસ્થિતિની માહિતી મેળવી

સિનીયર મંત્રી આતિષી સહિતના કેબીનેટ મંત્રીઓ પણ એક બાદ એક શાળાઓમાં દોડી ગયા હતા અને પરીસ્થિતિની સમીક્ષા કરી હતી. જો કે આ એક પોકળ અને ગભરાટ ફેલાવવાનું કૃત્ય હોવાનું બહાર આવ્યુ છે. હવે આ ઈ-મેલનું પગેરુ શોધવા ઈન્ટરપોલની મદદ લેવાશે.

તમામ શાળાઓને એક જ સમાન ઈ-મેલ એક જ સમયે મોકલાયો હતો અને દિલ્હી તથા નોઈડાની પાંચ ગણી શકાય તેવી શાળાઓને ટાર્ગેટ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસ પ્રવકતા સુમન વલવાએ જણાવ્યું કે અમોએ દરેક શાળાનો સંપર્ક કરી તેઓને આ ઈ-મેલ મળ્યો હોવા અંગે પુછપરછ કરી હતી તથા બાળકોને પણ શાળાએથી તેમના ઘરે સલામત પહોંચાડવામાં સહાયતા કરી હતી.

ઈ-મેલ જે રીતે પસંદગીની શાળાઓમાં મોકલાયો તેથી તેનું સ્થાનિક કનેકશન હોવા અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. એક વખત ઈ-મેલ મોકલનારની ઓળખ મળે પછી તેમાં વધુ તપાસ કરાશે. એક તબકકે હજારો વિદ્યાર્થીઓના માતા-પિતામાં પણ તેમના સંતાનોની ચિંતા કરતા શાળાએ દોડી ગયા હતા. શાળા સંચાલકોએ પણ વિદ્યાર્થીઓને સુરક્ષિત કરવાના પગલા લીધા હતા.



# ટી-૨૦ વર્લ્ડકપ માટે ઓસીઝ ટીમનું એલાનઃ માર્શ કેપ્ટન

## સ્મીથ, ફેઝર જેવા ખેલાડીઓનુ પતુ કપાયુ

સિડની તા.૧

જુન મહિનામાં અમેરિકા-વેસ્ટઈન્ડીઝમાં યોજાનાર ટી૨૦ વર્લ્ડકપ માટે ઓસ્ટ્રેલિયાએ પણ ટીમનુ એલાન કર્યુ છે. ઓલરાઉન્ડર મીચેલ માર્શને કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

ટી૨૦ વર્લ્ડકપ માટે ભારત, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ તથા અફઘાનીસ્તાને ટીમો જાહેર કરી જ દીધી છે. હવે ઓસ્ટ્રેલિયાએ એલાન કર્યુ છે. ૧૫ ખેલાડીઓની ટીમમા અનુભવી બેટર સ્ટીવ સ્મીથ, આઈપીએલમાં સ્ફોટક બેટીંગ કરી રહેલા જેક ફેઝર, અનુભવી બોલર બેહરનડોર્ફ તથા ઓલરાઉન્ડર મેટ શોર્ટની બાદબાકી થઈ છે જયારે એશ્ટન એવાર, ટીમ ડેવિડ, નાથન એલિસને ટીમમાં સામેલ કરાયા છે. ૨૦૨૨ના ટી૨૦ તથા ૨૦૨૩ના વન-ડે વર્લ્ડકપમાં સામેલ મોટાભાગના ખેલાડીઓને સ્થાન અપાયુ છે. ખરાબ ફોર્મથી ઝઝુમી રહેલા સ્ટોઈનીસ તથા ગ્રીનને સ્થાન આપવામાં આવ્યુ છે.

ઓસ્ટ્રેલિયન પસંદગી સમીતીના અધ્યક્ષ જોર્જ બેલીએ કહ્યું કે સંતુલીત ટીમ પસંદ કરવામાં આવી છે અને જબરદસ્ત દેખાવ કરશે તેવો વિશ્વાસ છે.

### ઓસ્ટ્રેલિયન ટીમ

મિચેલ માર્શ (કેપ્ટન), એશ્ટન એવાર, પેટ કમીન્સ, ટીમ ડેવિડ, નાથન એલિસ, કેમરન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, ગ્લેન મેકસવેલ, મિચેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઈનીસ, મેથ્યુ હેડ, ડેવિડ વોર્નર તથા એડમ જેમ્પા.

# બાબા રામદેવ અને બાલકૃષ્ણ સામે નરમ પડતી સુપ્રીમ કોર્ટઃ ફટકાર લગાવનાર ન્યાયાધીશોએ આપી નવી તારીખ



નવી દિલ્હી, તા.૧


સુપ્રીમ કોર્ટે મંગળવારે ભ્રામક જાહેરાતના કેસમાં યોગ ગુરૂ બાબા રામદેવ, તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ અને પતંજલિ આયુર્વેદ લિમિટેડ દ્વારા અખબારોમાં પ્રકાશિત બિનશરતી જાહેર માફીમાં 'નોંધપાત્ર સુધારા'ની પ્રશંસા કરી હતી. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાલુલ્લાહની બેન્ચે મંગળવારે બાબા રામદેવ, આચાર્ય બાલકૃષ્ણ અને પતંજલિ આયુર્વેદ લિમિટેડ વતી કોર્ટમાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીને કહ્યું કે, માફીની ભાષા સાચી છે અને નામો પણ હાજર છે.

જસ્ટિસ અમાનુલ્લાહએ કહ્યું, ''મને ખબર નથી કે બીજી માફી કોની તપાસ છે પરંતુ તે નોંધપાત્ર સુધારો છે.'' તેમણે કહ્યું, ''અમે તેની પ્રશંસા કરીએ છીએ.'' હવે આખરે તેઓ સમજે છે.'' તેમણે કહ્યું કે અગાઉ જ્યારે માફી પત્ર પ્રકાશિત કરવામાં આવ્યો હતો ત્યારે તેમાં માત્ર કંપનીનું નામ આપવામાં આવ્યું હતું. જસ્ટિસ અમાનુલ્લાહએ કહ્યું, ''હવે નામ પણ છપાય છે. આ એક નોંધપાત્ર સુધારો છે. અમે તેની પ્રશંસા કરીએ છીએ. ભાષા પણ સારી છે.'' સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે ફાર્માસ્યુટિકલ કંપનીના વકીલને પૂછ્યું કે તેઓએ ડિજિટલ માધ્યમથી અખબારોમાં પ્રકાશિત માફી શા માટે દાખલ કરી, જ્યારે ૨૩ એપ્રિલે કોર્ટે ખાસ કહ્યું હતું કે મૂળ નકલ દાખલ કરવી જોઈએ.

જસ્ટિસ હિમા કોહલીએ કહ્યું, ''આ અમારા આદેશનું પાલન કરતું નથી.'' તેના પર જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું, ''મિસ્ટર રોહતગી, લાગે છે કે મારી વાત તમારા સુધી પહોંચી નથી. ''ખંડપીઠે તેના આદેશમાં નોંધ્યું હતું કે, પતંજલિના વકીલે સ્વીકાર્યું છે કે કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા આદેશને સમજવામાં ગેરસમજ હતી અને દરેક અખબારના મૂળ પૃષ્ઠો ફાઇલ કરવા માટે વધુ એક તક આપી હતી જેમાં માફી પ્રકાશિત કરવામાં આવી છે. આ પછી ખંડપીઠે કહ્યું, ''રજિસ્ટ્રીને નિર્દેશ આપવામાં આવે છે કે આ દસ્તાવેજ એકવાર ફાઇલ થઈ જાય પછી તેને સ્વીકારે.''

કોર્ટે કહ્યું કે, હવે આ કેસની આગામી સુનાવણી ૭ મેના રોજ થશે. આના પર રોહતગીએ રામદેવ અને બાલકૃષ્ણને આગામી તારીખે કોર્ટમાં હાજર રહેવા વિનંતી કરી હતી. બાબા રામદેવ અને પતંજલિ દ્વારા લેવામાં આવેલી કાર્યવાહીથી પહેલાથી જ કંઈક અંશે સંતુષ્ટ બનેલી બેન્ચે બંનેને સુનાવણીની આગામી તા.૭ મેના રોજ હાજર રહેવા માટે આદેશ કર્યો હતો.

# કોલંબિયા યુનિવર્સિટીના પેલેસ્ટાઈન તરફી વિદ્યાર્થીઓ સામે મોટી કાર્યવાહી, દેખાવકારોની અટકાયત



ન્યુ યોર્ક, તા. ૧

પેલેસ્ટિનિયન સમર્થક વિદ્યાર્થીઓ સમગ્ર અમેરીકા ની કોલેજોમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ ઘણા દિવસોથી યુનિવર્સિટી કેમ્પસમાં ટેન્ટ લગાવીને વિરોધ કરી રહ્યા છે. પોલીસ વારંવાર વિદ્યાર્થીઓને તાત્કાલિક કેમ્પસ છોડી દેવાની અપીલ કરી હતી. તે જ સમયે, કોલંબિયા યુનિવર્સિટીએ કહ્યું છે કે તે વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવાનું શરૂ કરી રહી છે. આ સિવાય પોલીસે ટેકસાસ યુનિવર્સિટીમાં દેખાવકારોની ધરપકડ કરી છે. પોલીસે રાત્રે ૯ વાગ્યા બાદ આ કાર્યવાહી કરી હતી. ત્યારે પોલીસ અધિકારીઓ હેલ્મેટ પહેરીને અને ઝિપ ટાઈ અને હુલ્લડ શિલ્ડ લઈને આઇવી લીગ યુનિવર્સિટીના પ્રવેશ દ્વાર પર એકઠા થયા હતા. સત્તાવાળાઓએ કેમ્પસને ખાલી કરવા માટે ઘણા કડક પગલાં લીધા હતા. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ દ્વારા બાંધવામાં આવેલા ટેન્ટ પણ ઉખડી ગયા હતા. આ મહિનાની શરૂઆતમાં કોલંબિયામાં શરૂ થયેલ વિરોધ હવે કેલિફોર્નિયાથી મેસેચ્યુસેટ્સ સુધી ફેલાઈ ગયો છે. જેમ જેમ મેની શરૂઆતમાં ઉજવણી નજીક આવી રહી છે તેમ, વહીવટકર્તાઓને વિરોધીઓને વિખેરવા માટે વધારાના દબાણનો સામનો કરવો પડે છે.



# પોર્ન સ્ટાર મામલે દોષિત ટ્રમ્પને જજની ચેતવણીઃ આદેશનો ભંગ કરશો તો જેલ મોકલશું

## પોર્નસ્ટાર સાથેના સંબંધોને લઈને છુપી રીતે ધન દઈ કેટલાક સાક્ષીઓને નિવેદન આપતા ટ્રમ્પે રોકયા હતા

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧

અમેરિકાના પુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોર્ટની અવગણનાના કેસમાં દોષી જાહેર થયા છે તેના પર અનેક ડોલરનો દંડ લાગ્યો છે. સાથે સાથે કોર્ટે તેમને જેલમાં મોકલવાની પણ ચેતવણી આપી છે.

અહેવાલો મુજબ ન્યાયાધીશ ગુપ્ત રીતે ધન આપવાના કેસમાં પ્રતિબંધ આદેશના ઉલ્લંઘન માટે ટ્રમ્પને કોર્ટની અવગણનાને દોષી ઠેરવી અને તેના પર ૯૦૦૦ ડોલર (૭.૫ લાખ રૂપિયા)નો દંડ ફટકાર્યો છે. ન્યાયાધીશે ટ્રમ્પને ચેતવણી આપી હતી કે જો તે ગુપ્ત રીતે ધન આપવાના કેસમાં પ્રતિબંધ આદેશનો ભંગ કરવો ચાલુ રાખશે તો તેમને જેલમાં મોકલવામાં આવશે.

અદાલતે ટ્રમ્પને પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ સાથે પોતાના સંબંધોને લઈને ગુપ્ત રીતે પૈસા આપવાના કેસમાં સાક્ષીઓ, જયુરી સભ્યો અને કેટલાક અન્ય લોકોના બારામાં જાહેરમાં નિવેદન આપવાથી રોકી દીધા હતા. ન્યાયાધીશે ચેતવણી આપી હતી કે જો તે બીજી વાર આમ કરશે તો જેલ મોકલી દેવાશે. અદાલતનો આ નિર્ણય પુર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ઝટકા સમાન છે.

# મુંબઈમાં નાકાબંધી સમયે બિલ્ડર પાસેથી રૂા.૧.૧ કરોડની રોકડ ઝડપાઈ

મુંબઇ, તા.૧

લોકસભા ચૂંટણીના કારણે નાણાંની હેરફેર પર ચૂંટણી પંચની ફ્લાઇંગ સ્કવોડ સતત નજર રાખે છે અને ખાસ કરીને રોકડની હેરફેર ચૂંટણી હેતુ માટે થાય છે કે કેમ તે અંગે પણ તપાસ કરે છે તે સમયે મુંબઇમાં લાલ બાગ પાસે નાકાબંધી દરમ્યાન એક બિલ્ડર પાસેથી રૂા.૧.૧ કરોડની રોકડ મળી આવતા તેમની આ પુછપરછ થઇ રહી છે. વિપુલ



નાગડા નામના બિલ્ડરની કારમાં શણના કોથળામાં આ રોકડ રકમ ભરી હતી તેઓ પોતાની કારમાં રોકડ લઇને જઇ રહ્યા હતા અને નાકાબંધી દરમ્યાન તેઓ ઝડપાઇ ગયા. બિલ્ડર અને તેના ડ્રાઇવરને નજીકના ભોઇવાડા પોલીસ સ્ટેશને લઇ જવાયા હતા તથા ચૂંટણી પંચ ઉપરાંત આવકવેરા વિભાગને પણ જાણ કરવામાં આવી છે. બિલ્ડરે આ રકમ પોતાના વ્યાપારી હેતુ માટે હોવાનું જણાવ્યું હતું. પરંતુ હાલના તબકકે આ રોકડ રકમ ચૂંટણીપંચે આવકવેરા વિભાગને સુપ્રત કરીને તેની રસિદ પણ આપી છે.






રાજકોટ એસ.ટી. બસપોર્ટ ઉપર છેલ્લા એક સપ્તાહથી વેકેશન અને લગ્નગાળાની જોરદાર અસર દેખાવા લાગી છે. અને બસ સ્ટેન્ડ ઉપર મુસાફરોનો ભારે ઘસારો નજરે પડી રહ્યો છે. ત્યારની તસ્વીરો. (તસ્વીર: દેવેન અમરેલીયા)

## લગ્નગાળો અને વેકેશન સિઝનની ઈફેક્ટ

# ભારે ગરમી છતાં એસ.ટી. બસોમાં ચિક્કાર ટ્રાફિકઃ રાજ્યમાં દૈનિક ૩૦ હજારથી વધુ ટ્રીપોનું સંચાલન

**એસ.ટી. નિગમની દૈનિક આવક રૂા.૧૦ કરોડથી વધુની થઇ ગઇઃ વેકેશન અને લગ્નગાળા અનુસંધાને રાજ્યભરમાં બે હજારથી વધુ એક્સ્ટ્રા બસોનું સંચાલન શરૂઃ રાજકોટ એસ.ટી. વિભાગને પણ લગ્નગાળો અને વેકેશન ફળવા લાગ્યાઃ દૈનિક આવક રૂા.૭૦ લાખ સુધી પહોંચી ગઇઃ રાજકોટથી રોજ ૨૬૦૦થી વધુ ટ્રીપોનું સંચાલન**

રાજકોટ, તા.૧

હાલમાં રાજ્યમાં વેકેશન અને લગ્નગાળાની સિઝન પુર બહારમાં ખીલી ઉઠી છે. એક તરફ ચૂંટણીનો માહોલ છે પરંતુ લોકોને રાજકારણમાં વધુ રસ દેખાતો નથી અને લોકો ખાસ કરીને વેકેશન તેમજ લગ્નગાળા અનુસંધાને સતત બહાર ફરવા નીકળવા લાગ્યા છે. આથી રાજકોટ સહિત રાજ્યભરના એસટી બસ સ્ટેશનો ઉપર મુસાફરોની છેલ્લા કેટલાક દિવસોથી ભારે ભીડ નજરે પડવા લાગી છે.

હાલમાં શરુ થયેલી લગ્નગાળાની તથા વેકેશનની આ સિઝનના પગલે ખાસ કરીને એસટી નિગમને ખુબ જ સારો એવો ફાયદો પણ થવા લાગ્યો છે. એસટી નિગમની તથા જુદા જુદા ડિવીઝનોની દૈનિક આવકમાં ખાસ્સો એવો વધારો નોંધાવા લાગ્યો છે. સાથોસાથ વેકેશન અને લગ્નગાળાના પગલે એસટી નિગમની દૈનિક ટ્રીપોમાં પણ બેવડો વધારો થઇ ગયો છે. ઉલ્લેખનીય છે કે એસટી નિગમ દ્વારા ચાલુ બસે વેકેશન અનુસંધાને રાજ્યભરમાં બે હજારથી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અંતર્ગત એસટી નિગમ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ શરુ કરી દેવામાં આવેલ છે. આ અંગે એસટી નિગમના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજ્યભરમાં હાલમાં એસટીની દૈનિક ૩૦ હજાર જેટલી ટ્રીપો દોડવા લાગી છે અને દૈનિક આવકમાં પણ ભારે ઉછાળો આવ્યો છે. એસટી નિગમના સુત્રોના જણાવ્યા મુજબ હાલમાં નિગમની દૈનિક આવક રૂા.૧૦ કરોડથી વધુની થઇ ગઇ છે.

વધુમાં રાજકોટ એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વિગતો અનુસાર રાજકોટ એસટી વિભાગને પણ વેકેશન અને લગ્નગાળાની સિઝન ફળવા લાગી છે. રાજકોટ એસટી બસ પોર્ટ ઉપર છેલ્લા એક સપ્તાહથી મુસાફરોની ભારે ભીડ નજરે પડવા લાગી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ એસટી વિભાગે વેકેશન અને લગ્નગાળાના અનુસંધાને હાલમાં ૪૦ થી વધુ એકસ્ટ્રા બસો દોડાવવાનું શરુ કર્યું છે.રાજકોટથી પણ ટ્રાફિકમાં સતત વધારો થઇ રહ્યો હોય દૈનિક આવકમાં પણ રૂા. પાંચ લાખ જેટલાનો વધારો થઇ ગયો છે. રાજકોટ એસટી વિભાગના વિભાગીય નિયામક જે.બી. કલોત્રાના જણાવ્યા મુજબ છેલ્લા એકાદ સપ્તાહથી રાજકોટ એસટી વિભાગની દૈનિક આવક રૂા.૭૦ લાખ જેટલી થઇ ગઇ છે અને રોજની ૨૬૦૦થી વધુ ટ્રીપો પણ દોડવા લાગી છે.

તેઓએ વધુમાં જણાવેલ હતું કે ખાસ કરીને રાજકોટથી હાલમાં અમરેલી, દ્વારકા, ગીર, સોમનાથ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને જામનગરના રૂટો પર સૌથી વધુ ટ્રાફિક દેખાઇ રહ્યો છે. જેના કારણે રાજકોટ એસટી વિભાગને હાલમાં ૮૦ થી વધુ વધારાની ટ્રીપો પણ દોડાવવી પડી રહી છે.

# વ્યાજખોરો બેફામ : ૧૦ હજારના ૫૫ હજાર માંગ્યા, યુવકનું અપહરણ થયાની શંકાએ માતાએ ફરિયાદ કરી

**આર.કે. વર્લ્ડ ટાવર પાછળ ગોલ્ડન હાઇટ્સમાં રહેતો રવિ કારીયા યાર્ડમાં કમિશન એજન્ટ તરીકે કામ કરે છે, આરોપી સાગર રેણુકા અને રવિ રેણુકાને શિતલપાર્ક પાનનો ગલ્લો છે**

**પહેલા હાથ ઉછીના કરીને આપ્યા બાદ રોજ ૩૦૦ રૂપિયા વ્યાજના લેતો, રવિ કારીયા દરરોજ રકમ ન આપી શકતા વ્યાજ આપવાની ના કહીં દેતા ધાક ધમકી અપાતી હતી**

રાજકોટ, તા.૧

રાજકોટમાં વધુ એક વાર વ્યાજખોરો બેફામ બન્યા છે. વ્યાજખોરી દ્વારા રૂ. ૧૦ હજાર આપાયા બાદ, ૫૫ હજારની ઉઘરાણી કરાઈ હતી, વ્યાજે રૂપિયા લેનાર યુવકનું અપહરણ થયાની શંકા છે. આ તરફ યુવકની માતાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં સાગર જેશીંગ રેણુકા ને તેના ભાઈ રવિ રેણુકા વિરુદ્ધ ફરિયાદ કરી છે.

ફરિયાદ અરજીમાં બીનાબેન અશોકભાઈ કારીયાના જણાવ્યા મુજબ, તેના પુત્રનું નામ રવિ અશોકભાઈ કારીયા છે. પુત્ર વધુનું નામ રીંકલ કારીયા છે. રવિને ૧ વર્ષનો પુત્ર છે. રવિ બેડી માર્કેટિંગ યાર્ડમાં કમિશન એજન્ટ તરીકે કામ કરે છે. તેઓ શિતલ પાર્ક, આર.કે. વર્લ્ડ ટાવર પાછળ ગોલ્ડન હાઇટ્સમાં રહે છે. રવિ કારીયાનો એક વર્ષીય પુત્ર બીમાર પડતા સાગર રેણુકા જેને શિતલ પાર્ક સર્કલ પાસે જોગી પાન નામે પાનનો ગલ્લો છે. તેની પાસેથી રૂ.૧૦ હજાર ઉછીના લીધા હતા. થોડા દિવસ બાદ સાગરે કહ્યું કે, હવે તારે મને આ રૂપિયાનું વ્યાજ આપવું પડશે. જેથી રવિ કારીયા દરરોજ ૩૦૦ રૂપિયા વ્યાજ પેટે આપતો. જોકે આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સાગરને વિનંતી કરેલી કે, મારી આર્થિક સ્થિતિ સારી નથી. માનવતાની દ્રષ્ટિએ વ્યાજ લેવાનું બંધ કર. હું મુદ્દલ રકમ થોડા સમયમાં ચૂકવી આપીશ. પણ સાગર માનેલ નહીં. વ્યાજ આપવાનું બંધ થતા સાગરના ભાઈ રવિ રેણુકાએ અને સાગરે મળી દબાવવાનું અને વ્યાજ કઢાવવા પ્રેશર કરવાનું શરૂ કરેલું. એક દિવસ ઘરે આવી રવિ કારીયાને બોલાવી લઈ ગયેલા. જે પછી રવિ કારીયા પરત આવેલ નથી. જેથી તેના અપહરણની શંકા છે. ઉપરાંત આરોપીઓએ કહેલ કે, ૧૦ હજારના વ્યાજ સહિત હવે ૫૫ હજાર થાય છે. ત્રણ ચેક પડ્યા છે. તેમાં ૪.૫૦ લાખ ભરી કુલ રૂ.૧૩.૫૦ લાખના ચેક રિટર્ન કરાવી કોર્ટમાં ફરિયાદ કરીશ. ફરિયાદમાં રવિ કારીયાના માતાએ કરેલા આક્ષેપો પર યુનિવર્સિટી પોલોસે વધુ તપાસ હાથ ધરી છે.

# જીએસટી કાયદો અમલી બન્યા બાદ બોગસ બીલીંગના કેસમાં સૌ પ્રથમવાર આરોપીને ત્રણ વર્ષની કેદની સજા ફટકારાઇ

**કૌભાંડકારને રૂા.બે લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યોઃ બોગસ બીલીંગ થકી સરકારને રૂા.૧૩ કરોડનું આરોપીએ નુકશાન કર્યું હતું**

રાજકોટ, તા.૧

ગુજરાતમાં જ્યારથી જીએસટી કાયદો અમલી બન્યો છે ત્યારથી અત્યાર સુધીમાં અસંખ્ય બોગસ બીલીંગના કેસો ઝડપાયા છે અને કરોડો રૂપિયાના બોગસ બીલીંગના કૌભાંડો પણ તંત્રએ ઝડપી લીધા છે. આવા કૌભાંડ કરનારા તત્વોની જીએસટી તંત્રએ અનેક વખત જુદા-જુદા કેસોમાં ધરપકડો પણ કરી છે. પરંતુ મોટાભાગે આરોપીઓ કોર્ટમાં જામીન પર છુટી જવાના કિસ્સા સામે આવ્યા છે.

જો કે હાલમાં જ રાજ્યમાં જીએસટી કાયદો અમલી બન્યા બાદ સૌ પ્રથમવાર બોગસ બીલીંગના એક કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદની સજા અને રૂા.બે લાખનો દંડ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હોવાનું જીએસટીના અધિકારી સુત્રોમાંથી જાણવા મળ્યું છે. આ અંગેની મળતી વધુ વિગતો મુજબ પાન ગલ્લાવાળા સામાન્ય નોકરી કરતા તથા મજુર વર્ગને લોનની લાલચ આપી તેમની પાસેથી પાનકાર્ડ, આધારકાર્ડ વિગેરે દસ્તાવેજો મેળવી બોગસ જીએસટી પેઢીઓ ઉભી કરી બોગસ બીલીંગનું કૌભાંડ આચરવાના અને સરકારને રૂા.૧૩ કરોડ જેટલી રેવન્યુનું નુકશાન કરનાર આરોપીની તાજેતરમાં સ્ટેટ જીએસટી તંત્રએ ધરપકડ કરી હતી.

આ કૌભાંડનો આરોપી રાયધન ગોવિંદભાઇ ડાંગરનો કેસ તાજેતરમાં રાજકોટની ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતાં જજ શ્રી તાપીયાવાલાએ આરોપીને દોષીત ઠેરવી ૩ વર્ષની કેદ તથા રૂા.બે લાખનો દંડ કર્યો છે. આ કામમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટર કે.બી. જાડેજાએ જીએસટી વિભાગ તરફથી દલીલ કરી હતી.

## કામ ન મળતાં યુવકે ઝેરી દવા પીધી, સારવારમાં

**નવાગામમાં વિશાલ મોરીએ પોતાનાં ઘરે પગલું ભર્યું, સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો**

રાજકોટ, તા.૧

કામ ન મળતાં યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. નવાગામમાં રહેતાં વિશાલ મોરીએ પોતાનાં ઘરે ઝેરી દવા પી લેતાં પરિવારમાં ચિંતાની લાગણી પ્રસરી છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.બનાવની વિગત મુજબ વિશાલ નરેન્દ્રભાઈ મોરી (ઉ.વ.૧૯ રહે-નવાગામ ગણેશનગર સ્લમ કવાર્ટર પાછળ) નામનાં યુવકે ગઈ કાલે બપોરના પોતાનાં ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ત્રણેક વર્ષથી કામ બરોબર મળતું ન હોય અને તેઓનાં પિતા કોરોનામાં મૃત્યુ પામ્યાં હતાં. જેથી આર્થિક સાંકળામણ હતી. તેઓની માતા ખાનગી ઓફિસમાં પ્યુન તરીકે નોકરી કરે છે. યુવકને ત્રણેક વર્ષથી સરખું કામ ન મળવાથી ગઈ કાલે બપોરે પોતાનાં ઘરે ઝેરી દવા પી લીધી હતી. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેઓ બે ભાઈમાં મોટો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

# ક્ષત્રિય ધર્મરથનું કાલે સમાપનઃ જાહેર લડત ખત્મઃ હવે ભાજપ વિરોધી મતદાન માટે ઝુંબેશ

**રાજકોટના જુદા-જુદા વોર્ડોમાં ધર્મરથનું પરિભ્રમણઃ કાલે ૫૦૦ કારના કાફલા સાથે ખોડલધામમાં પૂર્ણાહુતિ**

રાજકોટ તા.૧

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની લાગણી દુભાય તેવી ટીપ્પણીનાં પગલે રોષીત ક્ષત્રિય રાજપૂત સમાજે અનેકવિધ પ્રકારે વિરોધ સાથે અસ્મિતાની લડાઈમાં ધર્મરથ ફેરવી સર્વ સમાજનું સમર્થન મેળવી સમગ્ર રાજયમાં ભાજપના ઉમેદવારોને હાર આપવા સંકલ્પ લીધો છે. ત્યારે રાજકોટ સહિત રાજયભરમાં ફરતા ધર્મરથનું કાલે સમાપન થનાર છે. જેમાં રાજકોટ જીલ્લામાં કાલે કાગવડ ખોડલધામ ખાતે ધર્મરથનું સમાપન થનાર છે.




ગત તા.૨૪મી એપ્રિલના રોજ રાજકોટના આશાપુરા મંદિરેથી ધર્મરથનું પ્રસ્થાન થયા બાદ આ ધર્મરથ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ તાલુકા, શહેરો અને ગામડાઓ ફરતા ઠેર ઠેર સ્થળોએ સર્વ સમાજે સ્વાગત સાથે બહેન-દિકરીઓની માન મર્યાદા કાજે પ્રચંડ સમર્થન ક્ષત્રિય સમાજને મળ્યું હતું. તાલુકા-ગ્રામ્ય વિસ્તારોમાં ધર્મરથ ફરી વળ્યા બાદ આજે વહેલી સવારથી શહેરના તમામ ૧૮ વોર્ડમાં ધર્મરથ ફરતા અનેકવિધ સ્થળોએ સ્વાગત સાથે ધર્મ યુધ્ધની લડાઈમાં સમર્તન પુરૂ પાડયું હતું. કાલે કાગવડ ખોડલધામમાં બપોરે માતાજીના જય જયકાર સાથે ધર્મરથનું સમાપન સાથે જાહેરમાં થતા વિરોધ કાર્યક્રમોને બદલે મતદાન થકી ભાજપના ઉમેદવારોને હરાવવાનુ આહવાન શરૂ રહેશે. સંકલન સમિતિ અને રાજપૂત ક્ષત્રિય સમાજના અગ્રણી પી.ટી. જાડેજાએ જરાવ્યું હતું કે, ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન-દીકરીઓ વિશે કરેલી ટીપ્પણી માફીને લાયક નથી. ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલા સહિત ભાજપના તમામ ઉમેદવારોને હરાવવા ચાલતી અસ્મિતાની લડાઈમાં ક્ષત્રિય સમાજે સામુહિક એકી અવાજે વિરોધ પ્રગટ કર્યો છે. ધર્મયુધ્ધની લડાઈમાં ગત તા.૨૪મીથી સમગ્ર રાજય સહિત રાજકોટમાં ધર્મરથને પ્રસ્થાન કરાવ્યું હતું. જે તમામ તાલુકા-ગ્રામ્ય વિસ્તારો ફરી આજે રાજકોટ શહેરના તમામ વોર્ડમાં ધર્મરથ ફરી વળ્યો છે કાલે બપોરે કાગવડ ખોડલધામ ખાતે ધર્મરથનું સમાપન કરવામાં આવશે. સંકલન સમિતિના નિર્ણય મુજબ કોઈપણ સ્થળે વડાપ્રધાના જાહેરસભા સ્થળે દેખાવો કરવામાં આવશે નહીં હવે મતદાનના દિવસે ક્ષત્રિય રાજપૂત સમાજ મોટી સંખ્યામાં ભાજપ ઉમેદવાર વિરૂધ્ધ મતદાન કરે તેવી ઝુંબેશ શરૂ રહેશે.

# કાલે સૌરાષ્ટ ગુજરાતના રાજવીઓની બેઠક બોલાવતા રાજકોટના પુર્વ રાજવી માંધાતાસિંહ

**રાષ્ટ્ર પ્રથમ ચિંતન શિબિરઃ ભાજપ માટે ક્ષત્રિય સમાજને મનાવવા પ્રયાસો**

રાજકોટ તા.૧



એક તરફ ક્ષત્રિય સમાજનું આંદોલન ભાજપ માટે ચિંતા બની ગયું છે તે સમયે રાજકોટના પુર્વ રાજવી માંધાતાસિંહ જાડેજાએ આવતીકાલે સવારે સૌરાષ્ટ્ર-ગુજરાત સ્થિત રજવાડાઓના પુર્વ રાજવીઓની રાષ્ટ્ર પ્રથમ ચિંતન બેઠક બોલાવી છે અને રણજીતવિલાસ પેલેસ ખાતે સવારે ૮.૪૫ કલાકે તે મળશે. ક્ષત્રિય સમાજનું આંદોલન ભાજપ સામે પડકાર ફેંકી રહ્યું છે અને તેમાં ડેમેજ કંટ્રોલના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે તે સમયે સૌરાષ્ટ્ર-ગુજરાતના પુર્વ રાજવીઓની આ બેઠક મહત્વની બની રહેશે અને માનવામાં આવે છે કે તેઓ ભારતીય જનતા પક્ષને સાથે રહેવા ક્ષત્રિય સમાજને અપીલ કરશે.

## આઈસરમાં સામાન પર બેસેલ યુવક તારમાં અડી જતાં દાઝી ગયો, સારવારમાં

**કોઠારિયા સોલવન્ટનો યુવક મિત્રનો સામાન મુકવા વડોદરા આઈસરમાં જતો હતોઃ સામાન પર બેસેલ હતો ત્યારે કોઠારિયા રોડ કોરાટ ચોકડી સર્કલ પર તારમાં અડી જતાં વીજ શોક લાગ્યો**

રાજકોટ, તા.૧

આઈસરમાં સામાન પર બેસેલ યુવક તારમાં અડી જતાં દાઝી ગયો હતો બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. કોઠારિયા સોલવન્ટનો યુવક મિત્રનો સામાન મુકવા વડોદરા આઈસરમાં જતો હતો દરમિયાન સામાન પર બેસેલ હતો ત્યારે કોઠારિયા રોડ કોરાટ ચોકડી સર્કલ પર તારમાં અડી જતાં વીજ શોક લાગ્યો હતો.

બનાવની વિગત મુજબ કોઠારિયા સોલવન્ટમાં રહેતાં દેવકરણ જાલાભાઈ મીર (ઉ.વ.૪૦) નામનો યુવક ગઈ કાલે પોતાના મિત્રનો સામાન મુકવા રાજકોટથી વડોદરા આઈસરમાં રાખેલ સામાન પર બેસીને જતો હતો. દરમિયાન કોઠારિયા રોડ કોરાટ ચોકડી સર્કલ પર પહોંચતા થાંભલાનો ઈલેક્ટ્રિક વાયરનો તાર અડી જતાં દાઝી ગયો હતો. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેઓ મજુરી કામ કરે છે. સંતાનમાં ૩ દિકરા અને ચાર દિકરીઓ હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

## પ્રથમ વખત ચુંટણી પંચે મતદાનના આંકડા લાંબો સમય સુધી જાહેર ન કરતા અનેક પ્રશ્નો

# પ્રથમ તબકકાના મતદાન બાદ ૧૧ દિવસે વોટીંગ ટકાવારી બહાર પાડતું ચૂંટણીપંચ

**બીજા તબકકાના મતદાનના ચાર દિવસ બાદ આંકડા આવ્યા અને ઓચિંતા જ પંચે જાહેર કરેલ કામચલાવ આંકડા કરતા વધુ ટકાવારીનું મતદાન થયુ હોવાનું બહાર આવતા જ વિપક્ષો ચોંકયા**

ચૂંટણી પંચે મંગળવારે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનના ૧૧ દિવસ અને બીજા તબક્કાના મતદાનના ચાર દિવસ બાદ ઓફિશિયલ આંકડા જાહેર કર્યા છે. આ આંકડા અંગે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા સીતારામ યેચુરી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓબ્રાયન અને રાજકીય વિશ્લેષક યોગેન્દ્ર યાદવે સવાલ ઉઠાવ્યા છે. તેમણે પૂછ્યું કે શરૂઆતના આંકડાની સરખામણીમાં મતદાનની ટકાવારી આટલી કેવી રીતે વધી ગઈ અને મતદારોની સંખ્યા કેમ ન આપી?

ચૂંટણી પંચે જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં ૬૬.૧૪% અને બીજા તબક્કામાં ૬૬.૭૧% મતદાન થયું છે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો માટે થયેલા મતદાનમાં ૬૬.૨૨% પુરૂષ અને ૬૬.૦૭% મહિલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. જ્યારે નોંધાયેલા ટ્રાન્સજેન્ડર મતદારોમાં ૩૧.૩૨%એ મતદાન કર્યું છે. બીજી તરફ બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે પૂર્ણ થયું હતું જેમાં ૮૮ બેઠકો માટે ૬૬.૯૯% પુરુષ મતદારો અને ૬૬.૪૨% મહિલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કામાં ટ્રાન્સજેન્ડર નોંધાયેલા મતદારોએ ૨૩.૮૬% મતદાન કર્યું છે.

પરિણામમાં હેરફેરની આશંકાચૂંટણી પંચના આ આંકડાઓ અંગે સીતારામ યેચુરીએ 'X' પર લખ્યું કે, આખરે ચૂંટણી પંચે પ્રથમ બે તબક્કાના મતદાનના અંતિમ આંકડા જાહેર કરી દીધા છે જે સામાન્ય રીતે મામૂલી નથી પરંતુ પ્રારંભિક આંકડા કરતા વધુ છે. પરંતુ દરેક સંસદીય મતદારક્ષેત્રમાં મતદારોની સંપૂર્ણ સંખ્યા કેમ જણાવવામાં ન આવી? જ્યાં સુધી આ આંકડો જણાવવામાં ન આવે ત્યાં સુધી આ મતદાનની ટકાવારી અર્થહીન છે. તેમણે લખ્યું આગળ લખ્યું કે, પરિણામોમાં હેરફેરની આશંકા બની રહે છે કારણ કે મતગણતરી સમયે કેટલાક મતદાન નંબરોમાં ફેરફાર કરવામાં આવી શકે છે. ૨૦૧૪ સુધી દરેક મતવિસ્તારમાં કુલ મતદારોની સંખ્યા હંમેશા ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેતી હતી. પંચે પારદર્શી હોવું જોઈએ અને આ આંકડાને સામે મૂકવા જોઈએ.

ચૂંટણી પંચે જવાબ આપવો પડશે એક અન્ય પોસ્ટમાં યેચુરીએ લખ્યું કે, હું દરેક મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોની સંપૂર્ણ સંખ્યાની વાત કરી રહ્યો છું, મતદાન કરાયેલા મતોની સંખ્યા વિશે નહીં. જે પોસ્ટલ બેલેટની ગણતરી પછી જ જાણી શકાશે. દરેક મતવિસ્તાર ક્ષેત્રમાં મતદાતાઓની કેટલીક સંખ્યા કેમ જણાવવામાં નથી આવી રહી? ચૂંટણી પંચે જવાબ આપવો પડશે.

મતદાનની ટકાવારીમાં ૫.૭૫%નો વધારોઓબ્રાયને X પર લખ્યું કે, મહત્ત્વપૂર્ણ બીજા તબક્કાના સમાપ્ત થયાના ચાર દિવસ બાદ ચૂંટણી પંચે અંતિમ મતદાન આંકડા જાહેર કર્યા છે. ચૂંટણી પંચ દ્વારા ચાર દિવસ પહેલા જાહેર કરવામાં આવેલી સંખ્યાથી ૫.૭૫% નો વધારો! શું આ સામાન્ય છે? મને અહીં શું સમજ નથી આવી રહ્યું?

બીજી તરફ રાજકીય વિશ્લેષક યોગેન્દ્ર યાદવે X પર લખ્યું કે, મેં ૩૫ વર્ષથી ભારતીય ચૂંટણીઓ જોઈ અને તેનું અધ્યયન કર્યું છે. પ્રારંભિક અને અંતિમ મતદાનના આંકડાઓ વચ્ચે ૩ થી ૫%નો તફાવત અસામાન્ય નથી હોતો, અંતિમ આંકડા અમને ૨૪ કલાકની અંદર મળી જતા હતા. આ વખતે અસામાન્ય અને ચિંતાજનક બાબત એ છે કે પ્રથમ અને અંતિમ આંકડા જાહેર કરવામાં ૧૧ દિવસનો વિલંબ થયો. બીજું એ કે, દરેક મતવિસ્તાર અને તેના ખંડો માટે મતદાતાઓ અને નાખવામાં આવેલા મતોની સંખ્યા વાસ્તવિક સંખ્યાનો ખુલાસો કરવામાં નથી આવ્યો. મતદાનની ટકાવારી ચૂંટણી ઓડિટમાં મદદ નથી કરતી. આ માહિતી દરેક બૂથ માટે ફોર્મ ૧૭ માં નોંધવામાં આવે છે અને તે ઉમેદવારના એજન્ટ પાસે ઉપલબ્ધ હોય છે પરંતુ નાખવામાં આવેલા મતો અને ગણતરી કરવામાં આવેલા મતો વચ્ચે હેરાફેરી અથવા વિસંગતિની કોઈ પણ સંભાવનાને ખતમ કરવા માટે ચૂંટણી પંચ જ સમગ્ર ડેટા આપી શકે છે અને આપવા જ જોઈએ. ચૂંટણી પંચે વધુ વિલંબ અને રિપોર્ટિંગ ફોર્મેટમાં અચાનક ફેરફારની પણ સ્પષ્ટતા આપવી જોઈએ.

શા માટે વેકસીનથી લોહીના ગઠ્ઠા જામે છેઃ એસ્ટ્રાજેનેકા પાસે તેનો જવાબ નથી

# કોવિડ વેકસીનની ગંભીર આડઅસર અંગે એસ્ટ્રાજેનેકા જાણતી હતી!!

### લંડનમાં તબીબે પ્રશ્ન ઉઠાવ્યોઃ કંપનીએ જે રીતે સાહજીકતાથી આડઅસર સ્વીકારી તે અત્યંત ગંભીરઃ માનવ પરિક્ષણ સમયે જ ખ્યાલ આવી ગયો હશે

નવી દિલ્હીઃ દેશ એક તરફ કોવિડકાળથી આગળ વધી ગયો છે તે સમયે જ બ્રિટનની એક અદાલતમાં કોવિડ વેકસીન નિર્માતા કંપની એસ્ટ્રાજેનેકાએ જે રીતે વેકસીનની આડઅસર બને તેમાં લોહીના ગઠ્ઠા જામી જવાની સમસ્યા તથા ખાસ કરીને હૃદયરોગ માટે પણ કારણ બની શકે છે તેવા તારણોથી એક ભયનો માહોલ સર્જાયો છે અને જેઓએ ખાસ કરીને કોવિશિલ્ડ વેકસીનના બે ડોઝ ઉપરાંત બુસ્ટર ડોઝ પણ લીધો છે તેમાં અનેકના કાર્ડિયાક એરેસ્ટ જેવા હૃદયના અચાનક જ થંભી જવાથી થતા મોતની ઘટનાઓ વધતા હવે વેકસીનની આડ અસરની પણ તેમાં ભૂમિકા હોય તેવી શંકા વધી છે. એસ્ટ્રાજેનેકાએ વેકસીન આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ શકે છે તેવું જણાવ્યું છે પણ શા માટે તે થાય છે તે સ્પષ્ટ કર્યુ નથી. કંપનીએ કહ્યું કે તેમની વેકસીન કે અન્ય કોઈ વેકસીનના કારણે આ પ્રકારની સ્થિતિ બને છે. બ્રિટનની અદાલતમાં આ અંગેના દસ્તાવેજી પુરાવા પણ રજુ થયા છે. કુલ ૫૧ લોકોએ વેકસીનના કુપ્રભાવ મુદ્દે કંપની સામે વળતર દાવા સમયે એસ્ટ્રાજેનેકાએ તેમની ઉપરાંત અન્ય કોઈપણ કોવિડ વેકસીનમાં આ સ્થિતિ બની શકે છે તે દર્શાવ્યું છે.



એસ્ટ્રાજેનેકાએ કહ્યું કે બહું જવલ્લેજ કેસમાં આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ શકે છે. જેમાં લોહીના ગઠ્ઠા જામી જવા અને લોહીમાં પ્લેટલેટ ઘટવાની સમસ્યા બની શકે છે. ભારતમાં આ વેકસીનનું ઉત્પાદન પુના સ્થિત સીરમ ઈન્સ્ટીટયુટ દ્વારા કરવામાં આવ્યું હતું.

હવે આ મુદ્દે કંપની સામે કેસ દાખલ કરનારના ધારાશાસ્ત્રી એ જણાવ્યું કે વેકસીન લીધા બાદ કંપનીએ સ્વીકારેલી આડઅસરથી જે ૫૧ લોકોએ અરજી કરી છે તેમાં ૧૨ તો મૃત્યુ પામ્યા છે અને તેમના મૃત્યુમાં આ કારણ જ દર્શાવાયુ છે જે કંપની સ્વીકારે છે. સૌથી મહત્વનું એ છે કે હજું ફકત એસ્ટ્રાજેનેકાને જ આ આડઅસર જે ઘાતક બની શકે છે તેણે અદાલતમાં મામલો પહોંચ્યા પછી તે સ્વીકાર કર્યા છે. બ્રિટન સ્થિત ભારતીય કાર્ડિયોલોજીસ્ટ ડો. અસીમ મલ્હોત્રા કહે છે કે કંપની વેકસીનની આ ગંભીર આડઅસર અંગે જાણતી જ હશે અને તેથી જ વેકસીન સહિતના આ પ્રકારના તબીબી સંશોધનમાં પ્રથમ તેનો પ્રયોગ પ્રાણીઓ પર કરાય છે તે પણ થયુ નથી. કંપનીએ જે સાહજીકતાથી સ્વીકાર્યુ તેથી આ પ્રકારની સાઈડ ઈફેકટ અંગે અગાઉથી જાણતી હશે તો પછી શા માટે સીધુ માનવ પરિક્ષણ કરાયું તે પ્રશ્ન છે અને ૧૮ વર્ષથી ઉપરના લોકોને માટે આ વેકસીન સુરક્ષિત છે તેવા વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ જે દાવો કર્યો હતો તેની સામે હવે પ્રશ્ન ઉઠે છે અનેક દર્દીઓને વેકસીન લીધા બાદ થોડાજ સપ્તાહમાં માથાનો તીવ્ર દુખાવો દ્રષ્ટિ ધુંધળી થવી, છાતીમાં દુખાવો પગમાં સોજા ચડવા, પેટમાં દર્દ તથા શ્વાસની તકલીફ જેવા લક્ષણ હતા તેમાં એ હજુ પણ મેડીકલ ચેકઅપ કરાવવું જોઈએ. કારણ કે લાંબાગાળે પણ અસર થઈ શકે છે. કોરોનામાં વિશ્વભરના લોકોના સ્વાસ્થ્ય પર અસર કરી જ છે અને કોવિડમાં તો બુસ્ટર ડોઝ સુધીના ટીકા લગાવાય છે.

## વેકસીનના પ્રથમ ડોઝ સમયે જોખમ વધુ હોય છેઃ પૂર્વ વૈજ્ઞાનિક

### બે કે ત્રણ ડોઝ લીધા બાદ જો સાઈડ ઈફેકટ થવાની હોય તો તે પ્રારંભના બે કે ત્રણ માસમાં જ થઈ જાય છે

દિલ્હી, તા.૧

કોરોના વેકસીનની સાઈડ ઈફેકટ અંગે વિવાદ છે ત્યારે ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચના પૂર્વ વૈજ્ઞાનિકે દાવો કર્યો છે કોવીશિલ્ડથી ગભરાવાની જરુર નથી. ૧૦ લાખમાંથી વધુને વધુ ૭ લોકોને આ વેકસીનની આડ અસર થઇ શકે છે. સાઇડ ઇફેકટમાં જો કે તેણે સ્વીકાર્યુ છે કે લોહીના ગઠ્ઠા જામી જવા સહિતની જે સ્થિતિ એસ્ટ્રાજેનેકાએ સ્વીકારી છે તે યોગ્ય છે પરંતુ તમે પ્રથમ ડોઝ લો ત્યારે સૌથી વધુ જોખમ હોય છે. આઇસીએમઆરના પૂર્વ વૈજ્ઞાનિક ડો. અમન ગંગાખેડકરએ કહ્યું કે બીજો ડોઝમાં જોખમ ઘટી જાય છે અને ત્રીજા ડોઝમાં તો જોખમ ભાગ્યે જ હોય છે અને પ્રથમ બે-ત્રણ માસમાં આ પ્રકારની સ્થિતિ સર્જાઇ છે. હવે જ્યારે આપણે વેક્સીન લીધા પછી ત્રણ થી ચાર વર્ષ થયા છે તેથી તેનાથી ડરવાની જરૂર નથી.

### વેકસીન લીધા બાદ માથાનો તિવ્ર દુખાવો, ધુંધળી દ્રષ્ટિ, છાતીમાં દર્દ, પગમાં સોજા વિ. લક્ષણો જ લોહીના ગઠ્ઠા જામવા ભણીના સંકેત છે

## વેકસીનની સાઈડ ઈફેકટથી મોત સામે એસ્ટ્રાજેનેકાએ ફકત સહાનુભૂતિ દર્શાવી

લંડન તા.૧

બ્રિટીશ કંપની એસ્ટ્રાજેનેકાની કોવિડ વેકસીનના ગંભીર સાઈડ ઈફેકટ અંગે ઈંગ્લેન્ડની એક અદાલતમાં ૧૦૦ બિલિયન પાઉન્ડનો દાવો દાખલ થયો છે તે વખતે જ એસ્ટ્રાજેનેકાએ એક નિવેદનમાં જે લોકોને આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ છે તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. એસ્ટ્રાજેનેકાએ ખુદે સ્વીકાર્યુ છે કે વેકસીનની સાઈડ ઈફેકટ થઈ શકે છે અને હવે એક નિવેદનમાં જણાવ્યું કે જે લોકોએ વેકસીન લીધા બાદ પોતાના પ્રિયજન ગુમાવ્યા છે કે જેમને કોઈ ગંભીર અસર થઈ છે તેના પ્રત્યે અમને સહાનુભૂતિ છે. કંપનીએ એવું કહ્યું કે રોગીઓની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમીકતા છે અને વેકસીન સહિતની અમારી દવાના સુરક્ષિત ઉપયોગને સુનિશ્ચિત કરવા અમારા આકરા ધોરણો છે.

કોંગ્રેસ પક્ષને ગાંધી કુટુંબની બેઠક પર પણ હવે નવો ચહેરો શોધવો પડશે

## અમેઠીમાંથી ચુંટણી લડવા રાહુલનો ઈન્કાર

### રાયબરેલી અંગે સસ્પેન્સ યથાવતઃ રાહલને ડર છે કે તે જો હવે અમેઠીથી લડે તો ભાજપ પરિવારવાદનો આરોપ મુકશે

નવી દિલ્હીઃ

લોકસભા ચુંટણીમાં ઉતરપ્રદેશની બે બેઠકો રાયબરેલી અને અમેઠી અંગે કોંગ્રેસે હજુ ઉમેદવાર જાહેર કર્યા નથી પણ પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ રાહુલ ગાંધીએ અમેઠી કે રાયબરેલી બે માંથી કોઈ પર પણ ચુંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે અને હવે ઉમેદવારી નોંધાવશે. છેલ્લા બે દિવસ જ બાકી હોવાથી કોંગ્રેસ પક્ષે અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે ચુંટણી લડવા નવો ચહેરો શોધવો પડશે તો રાયબરેલીમાં પ્રિયંકા ગાંધી ચુંટણી લડશે કે કેમ તેના પર હજુ



કોઈ નિર્ણય લેવાયો નથી. હવે આ બેઠક પર સમાજવાદી પક્ષ પોતાના ઉમેદવાર મુકીને સ્મૃતિ ઈરાનીને ટકકર આપે તેવો સંકેત છે. અગાઉ પણ જો રાહુલ ગાંધી લડવા માંગતા હોય તો સપાનો મહત્વપૂર્ણ ટેક્ષ આપવા ખાતરી આપી હતી. રાહુલે તેવું મંતવ્ય વ્યકત કર્યુ છે કે જો અમેઠી કે રાયબરેલીમાં ગાંધી કુટુંબનો કોઈ વ્યક્તિ ચુંટણી લડે તો ભાજપને પરિવારવાદનો આરોપ મુકવાની તક મળી જશે. બીજી તરફ પ્રિયંકાના પતિ રોબર્ટ વાડ્રા પણ અમેઠી બેઠક લડવા આતુર છે પણ તેઓને કોંગ્રેસ પક્ષ ટિકીટ આપે તેવી શકયતા નહીવત છે.

## કોવિશિલ્ડ રસી રાજકીય મુદ્દો બન્યો !

### શકિતસિંહ ગોહિલના સરકાર પર પ્રહાર

અમદાવાદ, તા. ૧

કોરોનાની વેકસીન કોવિશિલ્ડથી લોહીના ગંઠા જામી જવાનું અને પ્લેટેટસ ઘટી જવાનું જોખમ હોવાની કંપનીની કબુલાત પછી ચૂંટણી ટાણે જ કોરોના રસીનો મુદ્દો ચગવા લાગ્યો છે.



ગુજરાતના કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલે કોરોનાની કોવિશિલ્ડ રસી મુદ્દે સરકાર સામે સવાલ ઉઠાવ્યા હતા.

શકિતસિંહ ગોહિલે કહ્યુ કે રસીકરણ બાદ વિશ્વ આરોગ્ય સંગઠનની ગાઇડલાઇન મુજબ સર્વે કેમ કરાયો ન હતો તેવો સવાલ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે ભારતમાં એમસીઆરઆઇ જેવી સંસ્થા હોવાથી ખાનગી કંપનીને કેમ કામ અપાયું હતું. આ પ્રકારની બેદરકારીનો જવાબ માંગવાની સાથોસાથ તેમણે કહ્યું કે દુનિયાના અન્ય દેશો કરતા ભારતમાં કોરોના રસીની કિંમત વધુ હોવા વિશે પણ સરકારે જવાબ આપવો જોઇએ. સરકારે દેશમાં કોરોના રસીકરણ વિશે કોઇ ડેટા રાખ્યા નથી અને લોકોની કોઇ ચિંતા નહીં કર્યાનો પણ આક્ષેપ કર્યો હતો.

## સલમાનના ઘેર ફાયરીંગ કરનારાઓને હથિયાર પૂરા પાડનારનો પોલીસ કસ્ટડીમાં આપઘાત

### આરોપી અનુજ થાપરે હોસ્પિટલમાં દમ તોડ્યોઃ પોલીસની કામગીરી સામે પ્રશ્ન

મુંબઇ, તા.૧

થોડા દિવસ પહેલા બોલીવૂડ સ્ટાર સલમાન ખાનના ઘર પર ફાયરીંગના કેસમાં આરોપીઓને હથિયાર પુરા પાડનાર આરોપીએ પોલીસ કસ્ટડીમાં આપઘાત કરતાં સનસનાટી ફેલાઇ ગઇ છે.



આ અંગેની વિગત મુજબ વર્ષો પહેલા એક્ટર સલમાન ખાને ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'ના શૂટીંગ દરમિયાન કાળિયાર હરણનો શિકાર કર્યો હતો. કાળિયાર હરણને બિશ્નોઇ પૂજનીય માને છે. આ ઘટના બાદ બિશ્નોઇ ગેંગનો ફિલ્મ હિરો સલમાન ખાન દુશ્મન બની ગયો છે.

લોરેન્સ બિશ્નોઇએ સલમાન ખાનનો જીવ લેવાના સોગંદ ખાધા છે. સલમાન પર હુમલાની અગાઉ પણ કોશિશો થઇ છે જેને પગલે પોલીસે સલમાન ખાનને ખાસ સુરક્ષા બંદોબસ્ત આપ્યો છે.

તાજેતરમાં સલમાન ખાનના બાન્દ્રા સ્થિત ગેલેકસી એપાર્ટમેન્ટમાં ગોળીબારની ઘટના બની હતી. હવે આ બનાવમાં આરોપીઓને હથિયાર પૂરા પાડવાના આરોપમાં અનુજ થાપર નામના શખ્સને પોલીસે પંજાબથી પકડી પાડ્યો હતો. આ અનુજે આજે પોલીસ કસ્ટડીમાં આપઘાત કર્યો હતો.

આપઘાતનો પ્રયાસ કરનાર અનુજ થાપરની હાલત ગંભીર હાલતમાં ખસેડાયો હતો જ્યાં તેણે અંતિમ શ્વાસ લીધા હતા. પોલીસ કસ્ટડીમાં મોતથી આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે.

વહેલી સવારથી પાટનગરની પોશ શાળા વિસ્તારોમાં દહેશતનો માહોલ

# દિલ્હીની ૧૦૦થી વધુ શાળાને બોમ્બથી ઉડાવી દેવાની 'જેહાદી' ધમકી મળતા અફરાતફરી

### દિલ્હી પબ્લીક સ્કુલ સહિતની શાળાઓને સવારે ૪.૧૫ થી મળવા લાગેલા ઈ-મેલમાં 'જેહાદી-ભાષા'; દિલ્હી પોલીસની ટીમો દોડીઃ બાળકોને સલામત કરાયા- વાલીઓની પણ દોડધામ

નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં વધુ એક વખત પાડોશી નોઈડાની ૧૦૦થી વધુ શાળાઓમાં બોમ્બ મુકયા હોવાની ધમકી મળતા જ જબરી અફડાતફડી મચી ગઈ છે અને દિલ્હી પોલીસની બોમ્બશોધક ટીમ સહિતની ખાસ ટીમો આ શાળાઓમાં પહોંચીને પ્રથમ વિદ્યાર્થીઓ સહિત તમામને સલામત કરીને હવે દરેક શાળાના ખુણેખુણાની તપાસ કરી રહી છે. આજે સવારે દ્વારીકા સ્થિત દિલ્હી પબ્લીક સ્કુલ

**એક સાથે અનેક શાળાઓમાં ધમકીભર્યા ઈ-મેલથી પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ મેદાનમાંઃ નોઈડાની શાળાઓમાં પણ ધમકી**

અને બાદમાં અન્ય ૯થી વધુ શાળાઓને ઈ-મેલથી આ પ્રકારની ધમકી મળી હતી. દિલ્હી પોલીસ પહેલા આ દ્વારીકાની શાળાએ પહોંચીને તુર્તજ ઈમારત ખાલી કરાવી હતી અને ત્યાં જ એક બાદ એક શાળાઓ પણ આ પ્રકારની ધમકી મળી હોવાના અહેવાલ આવતા જ જબરી અફડાતફડી મચી ગઈ હતી. પુર્વી દિલ્હીની મયુર વિહાર સ્થિત મધર મેરી સ્કુલ ઉપરાંત સંસ્કૃતિ સ્કુલ, નોઈડાની દિલ્હી પબ્લીક સ્કુલ અને અન્ય બે શાળાઓના સંચાલકોને પણ આ પ્રકારના ઈ-મેલ મળ્યાની પોલીસને જાણ કરતા દિલ્હી પોલીસના પગલે તુર્તજ અલગ અલગ ટીમો બનાવીને ઉચ્ચ અધિકારીઓને દોડતા કરી દીધા હતા તથા શાળા સંચાલકોએ તુર્તજ વાલીઓને પણ તેમના સંતાનોને લઈ જવા ફોન શરૂ કરી દેતા જબરો દહેશતનો માહોલ સર્જાયો હતો.

પ્રથમ ઈ-મેલ દ્વારીકાની પબ્લીક સ્કુલને સવારે ૪.૧૫ કલાકે મળ્યો હતો અને તેમાં મોકલનારના આઈપી એડ્રેસ સહિતના મુદે તપાસ શરૂ થઈ ત્યાંજ બીજી શાળાઓમાંથી પણ ઈ-મેલ મળ્યાના ખબર મળ્યા હતા અને એક તરફ શાળાઓની આસપાસ પોલીસ ડોગ સ્કવોડ તથા બોમ્બ વિરોધી સ્કવોડ વિ. પહોંચવા લાગી હતી તો બીજી તરફ આ ખબર પ્રસરવા લાગતા ચિંતાતુર વાલીઓએ તેમના બાળકને લેવા દોટ મુકી હતી. પોલીસે પ્રથમ તમામને એક સલામત સ્થળો પર પહોંચાડીને બાદમાં શાળાની તપાસ શરૂ કરી હતી. તમામ શાળાઓને એક જ સમાજ લખાયેલા ઈ-મેલ મળ્યા હતા અને તમામને ધમકીની અતિ ગંભીર ભાષા લખાઈ હતી અને તેનાથી પોલીસની ચિંતા વધી ગઈ હતી. આ અંગે હજુ તપાસ ચાલુ છે પણ કોઈ શાળામાંથી બોમ્બ કે વાંધાજનક ચીજો મળી નથી પણ તકેદારી રૂપે તમામ શાળામાં રજા જાહેર કરવામાં આવી છે તથા પોલીસે ખાસ ડીટીસી બસો દોડાવીને બાળકને સલામત તેમના આવાસે પહોંચાડવા પણ વ્યવસ્થા કરી હતી.

## જેહાદની આગ અમારા દિલોમાં લાગી ગઈ છેઃ તમે સળગી ઉઠશો

નવી દિલ્હી, તા.૧

પાટનગરમાં સૌથી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના ઇ-મેઇલમાં ભારોભાર જેહાદી ભાષાનો ઉપયોગ થયો છે. આ ઇ-મેઇલ તમામ શાળાઓને એક સરખો મળ્યો હતો અને તેમાં લખાયું છે કે અમારા હાથમાં જે લોખંડ છે તે અમારા દિલને ગળે વળગાડે છે. ઇંશાઅલ્લાહ અમે તેને હવામાં ઉડાડીને તમારા શરીરના ટુકડે-ટુકડા કરી દેશું. તમારા શરીરને ચીરી નાખીશું, તમારી ગરદન અને ચહેરો ફાડી નાખશું, અલ્લાહની મરજી થઇ તો તમને આગમાં લપેટી દેશું જેના કારણે તમારો શ્વાસ ઘુંટાઇ જશે. કાફીરોને માટે જહન્નુમની આગ અલગ છે તમે એ જ આગમાં સળગી જશો. ઇ-મેઇલમાં એ પણ લખાયું છે કે તમારા જે બુરાઇ સર્જવામાં આવી છે. તેનો ધુમાડો આકાશમાંથી ઉતરશે. અમારા દિલમાં જેહાદની આગ લગાવી દેવાઇ છે અને અમે આગ બની ગયા છીએ. ઇંશાઅલ્લાહ ફકત બદલાની જ તરફેણ કરે છે.

**છત બાજુ જુઓ તમારા શરીરના ટુકડા થશેઃ પગ નીચે આગ લાગશેઃ તમામ શાળાઓને મળેલા ઈ-મેલ એક જ આઈપી એડ્રેસથી મોકલાયા હોવાના સંકેત**

## જો તમે આ ભૂલ કરી રહ્યા છો તો તમારું WhatsApp એકાઉન્ટ બ્લોક થઈ શકે છે

વિશ્વભરના લાખો યુઝર્સ દ્વારા WhatsAppનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્લેટફોર્મનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા ભારતમાં સૌથી વધુ છે. WhatsApp વારંવાર યુઝર્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફીચર્સ રજૂ કરે છે. જો કે, જો કોઈ યુઝર સિક્યોરિટી ફીચર્સનું પાલન નહીં કરે તો વોટ્સએપ એકાઉન્ટને પ્રતિબંધિત કરવામાં આવી શકે છે.



### મેસેજને ધ્યાનથી ફોરવર્ડ કરો

જો તમે વિચાર્યા વગર વોટ્સએપ પર મેસેજ ફોરવર્ડ કરો છો તો તમારે થોડા સાવધાન રહેવાની જરૂર છે. કારણ કે આમ કરવાથી તમારું એકાઉન્ટ પ્રતિબંધિત થઈ શકે છે. જો તમે નકલી અને ખોટા મેસેજ ફોરવર્ડ કરો છો, તો WhatsApp તેના પર નજીકથી નજર રાખે છે અને જો કંઈપણ શંકાસ્પદ જણાય તો તેને બ્લોક કરી દે છે.

### ગોપનીયતા નીતિ ભંગ પર

જો તમે વ્હોટ્સએપની પ્રાઈવસી પોલિસીનું ઉલ્લંઘન કરો છો, તો આ સ્થિતિમાં તમારું એકાઉન્ટ કાયમ માટે પ્રતિબંધિત થઈ શકે છે. નીતિના ભંગને કારણે, મેટા વારંવાર આવા એકાઉન્ટ્સ સામે પગલાં લે છે. તે જ સમયે, પ્લેટફોર્મ દ્વારા સ્વયંસંચાલિત સંદેશાઓનું પણ નજીકથી નિરીક્ષણ કરવામાં આવે છે.

### ગોપનીયતાને ધ્યાનમાં રાખીને WhatsAppનો ખોટો ઉપયોગ

WhatsApp વપરાશકર્તાઓને કોઈપણ થર્ડ પાર્ટી એપ દ્વારા વાતચીત કરવાની મંજૂરી આપતું નથી. આવી સ્થિતિમાં જો કોઈ યુઝર આવું કરે છે તો વોટ્સએપ એકાઉન્ટ પર પ્રતિબંધ લગાવી શકે છે. આ સિવાય જો તમે કોઈ અન્ય વ્યક્તિની વિગતો સાથે WhatsAppનો ઉપયોગ કરી રહ્યાં છો, તો આવી સ્થિતિમાં એકાઉન્ટને પણ પ્રતિબંધિત કરી શકાય છે.

## એપથી રોકાણ સ્કીમમાં છેતરપીંડી મામલે સીબીઆઈની મોટી કાર્યવાહી : ૩૦ સ્થળો દરોડા

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્રીય તપાસ બ્યુરોએ એચપીઝેડ ટોકન એપ (HPZ Token App) દ્વારા રોકાણની લાલચ આપી રાષ્ટ્રવ્યાપી છેતરપિંડીના કેસમાં ૧૦ રાજ્યોમાં અને કેન્દ્ર શાસિક પ્રદેશોમાં ૩૦ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા છે. આ રાજ્યોમાં દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો સમાવેશ થાય છે.



સીબીઆઈએ એચપીઝેડ ટોકન એપ સંબંધિત મામલામાં અત્યાર સુધીમાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, હાર્ડ ડ્રાઈવ, સિમકાર્ડ, એટીએમ, ડેબિટ કાર્ડ, ઈ-મેઈલ એકાઉન્ટ તેમજ વિવિધ ડોક્યુમેન્ટ સહિત મહત્વના ડિજિટલ પુરાવાઓ જપ્ત કર્યા છે.

સમાચાર એજન્સીના અહેવાલો મુજબ સીબીઆઈએ છેતરપિંડી યોજનામાં સામેલ બે ખાનગી કંપનીઓ અને તેના નિદેશકો વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. સીબીઆઈના જણાવ્યા મુજબ કથિત આરોપીઓમાં શિગૂ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને લિલિયન ટેક્નોકૈબ પ્રાઈવેટ લિમિટેડ (બંને ખાનગી કંપનીઓ) અને તેના નિદેશક સામે કેસ નોંધવામાં આવ્યો છે.

એચપીઝેડ ટોકન આધારિત એપનું કામકાજ કરે છે અને તે બિટકોઇન અને અન્ય ક્રિપ્ટો કરન્સી માટે ખાનકામ મશીનોમાં રોકાણ કરીને વપરાશકર્તાઓને મોટા નફાની લાલચ આપે છે. છેતરપિંડી કરનારાઓ લોકોને છેતરવા માટે એક મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરતા હતા. તેઓ બિટકોઈન ખાણકામમાં રોકાણ કરવા બદલ મોટું રિટર્ન મેળવવા માટે એચપીઝેટ ટોકન એપમાં રોકાણ કરવાનું કહી લોકોને લલચાવતા હતા.

સીબીઆઈના જણાવ્યા મુજબ અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે, રોકાણકારોની રકમ એકત્ર કરવા માટે કુલ ૧૫૦ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરાયો હતો.

સીબીઆઈએ કહ્યું કે, આ મામલે તપાસ હાથ ધર્યા બાદ છેતરપિંડી અટકાવવાની સાથે આરોપીઓ વિરૂદ્ધ પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. આ કેસમાં હજુ પણ તપાસ ચાલુ છે. શરૂઆતમાં એપ દ્વારા ફંડનો ઉપયોગ રોકાણકારોને ચુકવણી કરીને વિશ્વાસ વધારવા માટે કરાતો હતો. ભારતની બહાર ગેરકાયદેસર રીતે ફંડ ટ્રાન્સફર થતા પહેલા તે ફંડને ઘણીવાર ક્રિપ્ટોકરન્સીમાં બદલવામાં આવતું હતું અથવા હવાલા વ્યવહારો દ્વારા ટ્રાન્સફર કરાતું હતું.

## X ને નવા અવતારમાં રજૂ કરવામાં આવશે



જ્યારથી એલોન મસ્કએ Xની કમાન સંભાળી છે, ત્યારથી તેણે તેના માઇક્રો બ્લોગિંગ પ્લેટફોર્મમાં ઘણા ફેરફારો કર્યા છે. આ વખતે એક્સનું સ્વરૂપ બદલવાની તૈયારીઓ થઈ રહી છે. ખરેખર, X માટે એક નવું ઇન્ટરફેસ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આનો અર્થ એ છે કે થોડા દિવસો પછી તમને X નવા અવતારમાં જોવા મળશે, જેનો ઉપયોગ કરવાની શૈલી બદલાઈ જશે. માનવામાં આવી રહ્યું છે કે Xનું નવું વર્ઝન ટૂંક સમયમાં લોન્ચ થઈ શકે છે.

### વેરિફાઈડ ચેનલ્સ શોધવાનું સરળ બનશે



વોટ્સએપે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચેનલ શરૂ કરી હતી. હવે કંપનીએ વોટ્સએપ ચેનલ માટે એક સાથે અનેક ફીચર્સ રજૂ કર્યા છે. નવી સુવિધાઓમાં, ચેનલો શોધવાનું પહેલા કરતાં વધુ સરળ બનશે. આ સિવાય નેવિગેશનમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. ચેનલ સૂચિમાં ચકાસાયેલ ચેનલ્સ શોધવાનું સરળ બનશે. આ સિવાય ચેનલના ઈન્ટરફેસને પણ રિડિઝાઈન કરવામાં આવ્યું છે. નવા અપડેટ પછી, એકસાથે અનેક ચેનલોને ફોલો અને અનફોલો કરવાનું શક્ય બનશે.

### પ્લેસ્ટોર પર મલ્ટી ડાઉનલોડ ફીચર



ગૂગલે તેના યુઝર્સ માટે AI સંચાલિત મલ્ટી ડાઉનલોડ ફીચર લાવ્યું છે. હાલમાં, યુઝર્સ ગૂગલ પ્લે સ્ટોર પર એક પછી એક એપ્સ ડાઉનલોડ કરી શકે છે. નવા અપડેટમાં યુઝર્સને વધુ સારો ડાઉનલોડિંગ અનુભવ મળશે. યુઝર્સ એક સાથે બે એપ્સ ડાઉનલોડ કરી શકે છે. તમે ઘણી એપ્સ પણ અપડેટ કરી શકો છો. ગૂગલે પણ નવા અપડેટને રોલઆઉટ કરવાનું શરૂ કરી દીધું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુઝર્સ એક સાથે પાંચ એપ્સ ડાઉનલોડ કરી શકે છે.

## ટેન્કર દુર્ઘટનાથી માર્ગ પર ઓઈલ ઢોળાતા સીએમ શિંદે લોકોની મદદે આવ્યા

### મુખ્યમંત્રી શિંદે થાણેથી મુંબઈ જતા હતા ત્યારે માર્ગ પર ઓઈલ ઢોળાયેલું જોતા કાફલો રોકાવ્યો હતો

મુંબઈ તા.૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે થાણેથી પોતાના ઘેર મુંબઈ જઈ રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે રસ્તામાં એક ટેન્કર દુર્ઘટનાગ્રસ્ત થવાથી રસ્તા પર ઓઈલ ઢોળાયેલુ જોયું હતું અને તરત પોતાના કાફલાને રોકીને તે કારમાંથી બહાર આવ્યા હતા અને લોકોની મદદ કરવા માટે આગળ આવ્યા હતા.

તેમણે નિશ્ચિત કર્યુ હતું કે રસ્તા પર ઓઈલ ળાવાથી કોઈપણ લપસે નહી. ઘટના પુર્વી એકસપ્રેસ વે પર મુલુંડ અને ભાંડુપ વચ્ચે બની હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૨૦-૨૫૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૭૦-૨૫૨૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૯૦-૧૭૨૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૪૦-૧૬૭૦ |
| પામોલીયન તેલ | ૧૪૭૫-૧૪૮૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૩૬૦-૨૩૮૦ |
| દિવેલ | ૨૦૧૦-૨૦૩૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૩૨૫૦(-૧૦૫૦) |

| |
|---|
| ચાંદી |

### છેલ્લા ૧૦ વર્ષથી રજૂઆત છતાં કોઈ ઉકેલ નહી

# વોર્ડ નં.૧ની રવિ રેસીડેન્સી-ૠષિવાટીકા સોસાયટી પાછળ કચરાના ઢગથી રહીશો થયા હેરાન-પરેશાનઃ સફાઈ નહી થાય તો મતદાનનો બહિષ્કાર

**દિવસે કચરો સળગાવાતા ધુમાડો અને રાત્રે મચ્છરોના ત્રાસથી રહીશોની ઉંઘહરામઃ મેયર-કોર્પોરેટરોને અવારનવાર લેખીત-મૌખીક રજુઆતો છતાં કોઈ ઉકેલ નહી**






રાજકોટ,તા.૧

રાજકોટ શહેરના પશ્ચિમ ઝોનનાં વોર્ડ-૧માં સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ ધર્મનગર મેઈન રોડ ઉપર આવેલ રવિ રેસીડેન્સી અને ૠષિવાટીકા સોસાયટી પાછળ ધર્મેશ્વર મહાદેવ મંદિર પાછળ સંતોષ પાર્ક જતાં રસ્તાના છે ડે કોર્પોરેશનના પ્લોટ જાણે ડમ્પીંગ સ્ટેશન હોય તેમ તમામ પ્રકારનો ગંદો કચરો અહી ઠલવાતા દુર્ગંધ ધુમાડા અને મચ્છરોના ત્રાસથી રહીશો હેરાન પરેશાન થઈ રહ્યા છે. વખતો વખત રજૂઆત છતાં ઉકેલ નહી આવતા આખરે ફરી મ્યુકમિશનરને રજૂઆત કરી કચરાનાં ઢગલા દુર કરાવવા માંગણી કરી છે. માંગણી નહી સંતોષાય તો મતદાન બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.રવિ રેસીડેન્સી અને ૠષિવાટીકાના રહીશો મોહનભાઈ પટેલ, કાંતિભાઈ ગીલોયા, કેતન લખતરીયા સહિતના તમામ ૫૦૦ જેટલા પરિવારજનોએ કમિશનરને લેખીત રજૂઆત કરી છે. છેલ્લા બે વર્ષથી સફાઈ અભિયાન થઈ નથી આ પ્લોટમાં ૨૦૦ થી ૨૫૦ ટ્રક ભરાય તેટલા કચરાના ઢગલા છે.ચોમાસામા પાણી ભરાતા ગંદકી-મચ્છર દુર્ગંધ ફેલાય છે. તમામ રહીશો મનપામાં ટેક્ષ રેગ્યુલર ભરે છે. આ ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગલા સળગાવાવામાં આવે છે ત્યારે ધુમાડાથી રહીશોના ઘટોમાં રજકણો આવે છે. કચરાના ઢગલાથી સંતોષ પાર્ક સોસાયટી તરફ જવાનો રસ્તો તેમજ મફતિયામાંથી રૈયાધાર બાજુ જવાનો રસ્તો બંધ થઈ ગયો છે આ બાબતે કોર્પોરેટર હિરેન ખિમાણીયા, ડો.અલ્પેશ મોરઝરીયાને રજૂઆત કરી છે. છતાં કોઈ ઉકેલ નહી આવે તો ૧૦ વર્ષથી હેરાન-પરેશાન થતાં રહીશો મતદાન બહિષ્કાર કરશે.તમામ પક્ષોના આગેવાનોને પ્રચાર પ્રસાર માટે આવવુ નહી તેવો રહીશોએ નિર્ણય લીધો છે.

# એસ.બી.આઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાના સાઈબર અવેરનેસ પ્રોગ્રામમાં શી ટીમે મહિલાઓને માર્ગદર્શન આપ્યું



રેસકોર્સ ગ્રાઉન્ડ ના એક્ઝિબિશન મા પેટ્રોલિંગ માં હાજર પશ્ચિમ વિભાગ શી ટીમ ઇન્ચાર્જ WHC બંસીબેન ,WPC પાયલબેન અને WLR અસ્મિતાબેન દ્વારા શીતલ બેન અને સરોજબેન નામના મહિલા એ સ્ટોલમાંથી ચોરી કરેલ હોવાથી બને મહિલા ને સમજાવતા હવે પછી આવું ક્યારે પણ નહીં કરે અને માફી મંગાવી ભૂલનું ભાન કરાવ્યું હતું.

તેમજ બધાં ની હાજરી માં સ્થળ પર સમાધાન કરવા મા આવેલ. આ ઉપરાંત શી ટીમ પી. એસ આઈ બામભણીયા તથા એ. એસ આઈ. અસ્મિતાબેન, એ.એસ.આઈ ક્રિષ્નાબેન તથા મહિલા પોલીસ જાગૃતિબેન મહિલા પોલીસ મુક્તાબેન મહિલા પોલીસ હંસાબેન એ એસ.બી.આઈ ગ્રામીણ સ્વારોજગાર તાલીમ સંસ્થા ના સાઈબર અવેરનેસ પ્રોગ્રામ મા આશરે ૮૦ જેટલી મહિલા ને પોતાનો સ્વાબાચવ કેવી રીતે કરવો સાઇબર ફ્રોડ વિશે તથા મહિલા શી ટીમ એ ૧૮૧, ૧૯૩૦ ,૧૦૦ નંબર વિશે માહિતી આપી હતી.

## ૬ મે થી નિઃશુલ્ક યોગ, પ્રાણાયામ વિશેના માહિતી કેમ્પનું આયોજન

હેલ્થ હેલ્પ સેન્ટર દ્વારા વિનામૂલ્યે એક્યુપ્રેશર પદ્ધતિથી સારવાર તેમજ યોગ, પ્રાણાયામ વિશેની માહિતી આપવાના કેમ્પનું તા. ૬ થી ૧૮ મે સુધી JEJ સુપર માર્ટ, પામ સિટી સામે, પાટીદાર ચોક, રૈયા રોડ. રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. રજીટ્રેશન માટે તા.૫ મે સુધીમાં મો.નં.૯૪૦૮૨ ૭૩૯૨૬ પર સંપર્ક કરવાનો રહેશે.

### ૧૫૦ ફુટરીંગ રોડ, સોમનાથ-૩ના આગંણે

## શુક્રવારથી ભાગવત કથાનો પ્રારંભઃ વિવિધ પ્રસંગો ઉજવાશે

રાજકોટ,તા.૧

૧૫૦ ફુટરીંગ રોડ પર, સોમનાથ-૩ શેરી નં.૬ ખાતે આગામી તા.૩જીના શુક્રવારથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. તથા કથાનું સમાપન તા.૯મીના ગુરૂવારે થશે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ તથા બપોરના ૩ થી ૬નો રાખવામાં આવેલ છે. તા.૩જીના બપોરે ૩ વાગે પોથી યાત્રા, તા.૫ના બપોરે ૧૨ વાગે કપિલજન્મ, સાંજે ૬ વાગે નૃસિંહ જન્મોત્સવ, તા.૬ઠીના ૧૧ વાગે વામન જન્મ, બપોરે ૧૨ વાગે રામજન્મોત્સવ તથા સાંજે ૫.૩૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે.

### જિનશાસન પ્રભાવક આ.ભ.શ્રી જયશેખરસૂરિજી મ. પ્રેરિત

## વિમલનાથ જિનાલયમાં અખાત્રીજના આદિશ્વર દાદાને ઈક્ષુરસનો પક્ષાલ તથા ઈક્ષુરસ પાલનું આયોજન

રાજકોટ તા.૧

જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.શ્રી જયશેખરસૂરિશ્વરજી મહારાજા પ્રેરિત શ્રી આદેશ્વર ભગવાને સળંગ ૪૦૦ ઉપવાસના પારણા અખાત્રીજના દિવસે ઈક્ષુરસથી કરેલ. આ પ્રસંગેની અનુમોદના અર્થે તા.૧૦મીના શુક્રવારે ઈક્ષુરસ પાન ભકિતનું દિવ્ય આયોજન કરવામાં આવેલ છે.

કાર્યક્રમની વિગતો અનુસાર શ્રી લટવાળા આદિશ્વર ભગવાનનો વર્ષમાં એક જ વાર થતો પક્ષાલ સવારે ૬-૩૦થી ૬-૪૫ દરમ્યાન કરી શકશે. તેમજ ઈક્ષુરસ પાલનું આયોજન કરવામાં આવેલ છે. જે વિમલનાથ જિનાલયના બહારના ભાગે પાલ રાખવામાં આવશે. સવારે ૭-૩૦થી બપોરના ૧૨-૩૦ સુધી દર્શનાર્થીઓ ઈક્ષુરસનો લાભ લઈ શકશે. ઈક્ષુરસ પ્રસંગે સંઘ ભકિત તથા પાલના લાભાર્થી પ્રભાવતીબેન નવિનચંદ્ર શાહ (ચોટીલા વાળા)ના આત્મ શ્રેયાર્થે શાહ પરિવારે લાભ લીધો છે.

તા.૧૦ના ત્રણેય પરમાત્માની આંગી, આરતી તથા પ્રભાવના રાત્રે ૮-૩૦ કલાકે થશે. જેના લાભાર્થી ચોટીલાના શાહ પરિવાર છે. પાલનું નામ 'હસ્તિનાપુરી નગરી) આપવામાં આવશે.

વર્ષીતપના તપસ્વી હાજર હશે તો તેમને પ્રથમ પક્ષાલનો લાભ આપવામાં આવશે અન્યથા બોલી બોલીને આદેશ આપવામાં આવશે તેમ વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશીએ જણાવેલ છે.

## શહેર ભાજપનાં કારોબારી સભ્ય બાલુબેન મકવાણાનો જન્મદિવસ



શહેર ભાજપ કારોબારી સભ્ય અને પૂર્વ નગર સેવક અનિલભાઈ મકવાણા ધર્મપત્ની બાલુબેન મકવાણા આજરોજ ૧ મે ના રોજ જન્મદિવસ છે. મહિલાઓના ઉત્કર્ષ માટે કામ કરતી સંસ્થા મહિલા મંડળના પ્રમુખ બાલુબેન મકવાણા જેઓ વોર્ડ નંબર ૪ ના મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ શહેર ભાજપ મહિલા મોરચાના શહેર મંત્રી તેમજ શહેર ભાજપ મંત્રીની હાલમાં શહેર ભાજપ કારોબારી સભ્ય મહિલાઓના ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ અને સેવાના ભેખધારી અને ઘણા લાંબા સમયથી ભારતીય જનતા પાર્ટીના રંગે રંગાયેલા અને સક્રિય સભ્ય એવા બાલુબેન મકવાણાના જન્મદિવસની શુભેચ્છાઓ મળી રહી છે.

# આજે ગુજરાતના ૬૪ માં સ્થાપના દિને શહેરીજનોને શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી

**છેલ્લા ૨૯ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન થયું સાબિત**



રાજકોટ, તા.૧

શહેર ભાજુપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને આજે તા. ૧લી મેના રોજ ૬૪ માં ગુજરાત રાજય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ૧ લી મે, ૧૯૬૦ના દિવસે મહારાષ્ટ્ર અને ગુજરાતનું વિભાજન થયુ હતું અને ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪ માં વર્ષમાં પ્રવેશેલુ ગુજરાત આજે દેશના વિકાસનું ગ્રોથ એન્જીન સાબિત થઈ રહ્યું છે અને સમગ્ર વિશ્વમાં ગુજરાતનું વિકાસ મોડેલ પ્રખ્યાત છે. ગુજરાતી લોકો દેશ-વિદેશમાં વેપાર માટે પણ પ્રખ્યાત છે.

દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ પણ ગુજરાતના હતા અને ગુજરાતના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ વડાપ્રધાન બનતા પહેલા પણ તેઓ સતત ત્રણ કાર્યકાળ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહી ચૂકયા છે. પ્રત્યેક ગુજરાતીઓને ગર્વ થાય તેવું કામ કરી રહ્યા છે. દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહ પણ ગુજરાતના હોવાથી આજે ગુજરાતવાસીઓ ગૌરવ લઈ રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ મુખ્યમંત્રીપદ શોભાવ્યું છે. ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ તેમજ હાલના ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કે જેણે સતત બીજી વખત રાજયના મુખ્યમંત્રી તરીકે રાજયની ધુરા સંભાળી ડબલ એન્જીન સરકારના મુખ્યમંત્રી તરીકે ગુજરાતના વિકાસને આગળ ધપાવી રહ્યા છે અને ગુજરાત માટે આપેલા યોગદાન અને બલિદાનોને સાર્થક કરી રહ્યા છે અને ટુંકા ગાળાના દિવસના શાસનમાં અનેકવિધ વિકાસકાર્યોના નવા આયામો સિધ્ધ કરી રહ્યા છે.



## શ્રી વાસુપુજ્ય જીવદયા ગ્રુપનું તથા શ્રી પારસ પુનમ મંડળ દ્વારા જીવદયાનુ કાર્ય

આજરોજ શ્રી વાસુપુજ્ય જીવદયા ગ્રુપ તથા શ્રી પારસ પુનમ મંડળ દ્વારા અલગ અલગ જગ્યાએ કબુતરને ચણ તથા કીડીયારુ પુરવામાં આવેલ. જેમાં બંન્ને ગ્રુપનાં વિરેન્દ્રભાઈ મેહતા, પ્રદિપભાઈ શાહ, દર્શનભાઈ શાહ, નિલેશભાઈ સોમૈયા, હેતલભાઈ શાહ, મધુકરભાઈ, શરદભાઈ, નિતિનભાઈ, કિર્તિભાઈ, તપનભાઈ, હિમાંશુભાઈ, કિર્તિભાઈ, ભામશાભાઈ વિગેરે સૌ કાર્યકર્તા હાજર રહ્યા હતા.

# રાજકોટ સ્વામિનારાયણ મુખ્યમંદિરે કાલથી શાસ્ત્રી પૂ.રાધારમણ સ્વામીના વકતાપદે ભાગવત કથાનો પ્રારંભ



રાજકોટ,તા.૧

રાજકોટ શ્રી લક્ષ્મીનારાયણ દેવના પાવન સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદથી પ.ભ.શ્રી.રમણિકભાઈ હરિલાલભાઈ રાઠોડ તથા વિજયભાઈ રમણિકભાઈ રાઠોડ પરિવાર દ્વારા અ.નિ. શારદાબેન રમણિકભાઈ રાઠોડની પુણ્ય સ્મૃતિમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ભુપેન્દ્ર રોડ રાજકોટ ખાતે સપ્ત દીનાત્મક શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું તા.૨-૫-૨૦૨૪ થી ૮-૫-૨૦૨૪ સુધી ભવ્ય દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે ,કથાના વક્તાપદે સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત કોઠારી શાસ્ત્રી સ્વામી પૂ. રાધારમણદાસજી સ્વામી વ્યાસપીઠીકા પર બિરાજીત થઈ સંગીતનાં સુરો સાથે કથામૃતનું રસપાન કરાવશે ,આ પ્રસંગે વયોવૃદ્ધ કોઠારી પૂ.હરિચરણ દાસજી સ્વામી ,બાલાજી મંદિરના મહંત પૂ.વિવેકસાગર દાસજી સ્વામી , કોઠારી પૂ.મુનિવત્સલદાસજી સ્વામી, પૂ.ભક્તિપ્રકાશ દાસજી સ્વામી ખીરસરા, પૂ.ભકતવત્સલ દાસજી સ્વામી, પૂ.આત્મજીવન સ્વામી ,જામજોધપુર સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ.જગતપ્રકાશ સ્વામી, પૂ.ધર્મપ્રકાશદાસજી સ્વામી, જે.પી.સ્વામી , પૂ.વાસુદેવ સ્વામી સહિત ધામેધામથી સંતો મહંતો પધારશે અને રૂડા આશીર્વાદ પાઠવશે ,જેમાં આવતીકાલે ગુરુવારે ૪ કલાકે પોથીયાત્રા , દીપ પ્રાગટય , કથા પ્રારંભ સાંજે ૪.૩૦ કલાકે , રવિવારે સાંજે ૫ કલાકે રામ જન્મોત્સવ , સાંજે ૬.૩૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ , તા.૭-૫-૨૦૨૪ , મંગળવારે ૬.૩૦ કલાકે રૂક્ષ્મણી વિવાહ સહિતના વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે આ પાવન પ્રસંગે કથાનો અલભ્ય લાભ લેવા પધારવા જણાવાયું છે.

## પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી હારૂનભાઈ શાહમદારનો આજે જન્મદિવસ



પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી અને શહેર ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ પ્રમુખ હારૂનભાઈ શાહમદારનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. હારૂનભાઈ શાહમદાર ઘણા વર્ષોથી પાર્ટીમાં સક્રિય છે. હાલ અખિલ સૌરાષ્ટ્ર કચ્છ ફકીર સમાજના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળે છે. તેમના જન્મદિવસ નિમિતે ભાજપ અગ્રણીઓ, શુભેચ્છકો, પરીવારજનો, મીત્રો તરફથી મો.નં.૯૪૨૭૨ ૬૯૨૩૯ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

## આદર્શ મંડળ સંસ્થાના આગેવાનોનું સ્નેહમિલન યોજાયું

રાજકોટઃતા ૧

આદર્શ મંડળ ખાતે સંસ્થાના પ્રમુખ મનુભાઈ કોટકની અધ્યક્ષતામાં શહેરની વિવિધ પ્રવૃતિ સાથે જોડાયેલા આગેવાનો તથાં બુધ્ધી જીવીઓનું સ્નેહમિલન તા. ૨૮/૦૪/૨૦૨૪ નાં રોજ યોજાયું હતું.

આ સ્નેહમિલન બિલકુલ બીન રાજકીય રાખેલ હતી .જેમાં મયુર મંડળ ના પ્રમુખ ડો. મહેશભાઈ હીરાણી દ્વારા લોકશાહીના પરમ પર્વસમ આગામી લોકસભાની ચુંટણીમાં સર્વ ભાઈઓ બહેનો યુવાને મતદાન અચુક કરવાં તથા રાજકોટ શહેરની જનતા ને મહતમ લોકો મતદાન કરે તેવા સર્વ મહાનુભાવો એ પ્રયાસ કરવાં સંકલ્પ કરવા અનુરોધ કરેલ. આ સ્નેહમિલનમાં સંસ્થાના મંત્રી નૌતમભાઈ કેશરીયા, પ્રદિપભાઈ દવે, બળવંતભાઈ ચૌહાણ, પૂવેશભાઈ શીંગાળા, નાગજીભાઈ સંચાણીયા, એડવોકેટ લાબડીયા ભાઈ, સ્નેહલભાઈ મા વાણી,ડો. મહેશભાઈ હીરાણી, સુનીલભાઈ ચોહાણ, જાણીતા શિક્ષણવિદ પી.સી. ગોસ્વામી હાજર રહ્યા હતા.

## કાલે સ્વ.ધવલભાઈ મહેતાની પ્રાર્થના સભા અને રકતદાન કેમ્પનું આયોજન




તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ,તા.૧

સ્વ.ધવલભાઈ રજનીકાંત મહેતાનું નાની વયે હાર્ટ એટેકથી મૃત્યુ થતા આવતીકાલે પ્રાર્થના સભામાં સવારે ૯ થી ૧ સુધી વિશાશ્રીમાળી જૈન સમાજ વાડી ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પમાં વધુને વધુ લોકોને સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. આ કેમ્પમાં પ્રહલાદ પ્લોટ જૈન યુવક મંડળ તથા નવલચંદ્ર કસલચંદ્ર મહેતા પરીવાર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિજય જસાણી ડો.પ્રતિક અમલાણી સેવા આપશે.આ આયોજનને સફળ બનાવવા વિશાલ મહેતા રાકેશ શેઠ, કેયુર મહેતા સિદ્ધાર્થ મીઠાણી, કેયુર શેઠ, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

## આજે ધુન-ભજનનો કાર્યક્રમ

પુનિત સદગુરૂ ભજન મંડળના ધુન-ભજનનું આજે તા.૧ને બુધવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે પિયુષભાઈ બાબુભાઈ રાણા (ખંભાતવાળા)ના જન્મદિવસ નિમિતે રેલનગર, સી/૩૩, વિરસાવરકર ટાઉનશીપ, સાધુ વાસવાણી, કુંજ રોડ, ભારત પેટ્રોલ પંપ અથવા સંતોષનગર, પાણીના ટાંકા પાસે આયોજન કરવામાં આવ્યું છે.

## એ.જી. ઓફિસના કલ્યાણ અધિકારી યુ. વી. ગજ્જર નિવૃત થયાઃ શુભેચ્છાઓ

રાજકોટ,તા.૧

એ.જી.ઓફિસ રાજકોટના કલ્યાણ અધિકારી યુ.વી.ગજ્જર આજ રોજ નિવૃત થઈ રહ્યા છે. ત્યારે તેમની નિવૃતિના દિને ઈન્ડીયન એકાઉન્ટ એન્ડ ઓડિટ ડીપાર્ટમેન્ટ પેન્શનર્સ એસોસીએશનના હસમુખ પટેલ આગામી યશસ્વી જીવન માટે શુભકામનાઓ પાઠવી રહ્યા છે. આવતીકાલે પેન્શનર્સની મીટીંગ એ.જી.ઓફિસ કેન્ટીન ગ્રાઉન્ડ ખાતે ૫ કલાકે રાખેલ છે.

## ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ બી.એડ. કોલેજ ખાતે પ્લેસમેન્ટ કેમ્પ યોજાયોઃ ૪૨ તાલીમાર્થીઓ જોડાયા

**૨૦ તાલીમાર્થીઓને મળી શિક્ષક તરીકે નોકરી**



રાજકોટ, તા.૧

ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ બી.એડ. કોલેજ રાજકોટ દ્વારા બી.એડ.ના તાલીમાર્થીઓ આત્મનિર્ભર બને એ હેતુથી કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં મોદી, ધોળકિયા, ટી.એન.રાવ, વિઝડમ, વિઝન, પોદાર ઈન્ટરનેશનલ, કર્ણાવતી ઈન્ટરનેશનલ વગેરે જેવી કુલ ૨૨ પ્રખ્યાત શાળાઓના પ્રતિનિધિઓ ઈન્ટરવ્યૂ લેવા માટે ઉપસ્થિત રહ્યા હતા. ૨૦૨૨-૨૪ ની બેચના કુલ ૪૨ જેટલા બી.એડ.ના તાલીમાર્થીઓએ ઈન્ટરવ્યૂ આપ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૨૦ જેટલા તાલીમાર્થીઓને ગુડ એમાઉન્ટ સેલેરી ઓફર સાથે રાજકોટની નામાંકિત શાળાઓમાં પ્લેસમેન્ટ મળ્યું. જેથી સેમ-૨ના સુરોભિ સરકાર, સુજાના કડિવાર, તાજમિન ચારોલિયા, સોહમ વડાલિયા, મીરા ચૌહાણ, ધ્રુવિક ડાભી, દિશાંગી, જય બાવલિયા તેમજ સેમ-૪ના નેહા જોશી, ઝીલ ચાવડા, રિધ્ધિબા જાડેજા, જશ મહેતા, સાધના રાઠોડ, રવિરાજસિંહ જાડેજા, ખુશી શર્મા અને મનિશ કટુવા તમામ તાલીમાર્થીઓને આચાર્ય ડો. નિદત્ત બારોટ અને તમામ અધ્યાપકો અભિનંદન પાઠવ્યા હતા.

## કૈલાશાનંદગીરીજીને શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વરની પદવીથી વિભૂષિત કરતા કરાયું સન્માન



રાજકોટ, તા.૧

જૂના અખાડામાંથી તેમના પરમજ્ઞાની, આત્મનિષ્ઠ પરમ પૂજ્ય ગુરૂ શ્રી જગદગુરૂ મહેન્દ્રાનંદગીરીજી તથા દાદાગુરૂ જેઓ અખાડા પરિષદના મહામંત્રી તથા જુના અખાડાના સંરક્ષક છે તેવા પ્રાતઃસ્મરણીય અનંતજ્ઞાની પૂજ્ય શ્રી મહંત હરિગીરીજીના આશીર્વાદથી પ્રયાગરાજ ત્રિવેણી સંગમની પાવન અને સિધ્ધ ભૂમિ પર અનંત વિભૂષિત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર, કૈલાશાનંદગીરીજી બનાવી આ પદવી થી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

અનંત વિભૂષિત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર કૈલાશાનંદગીરીજીનું ગઈકાલ તા.૩૦ ના રોજ સન્માન સમારોહ ખંભાળા રાજકોટ ખાતે યોજાયો હતો. આ તકે કૈલાસાનંદગીરીને મહામંડલેશ્વર બનવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવા આવી હતી.

### રવિરત્ન પાર્ક નાગરિક મંડળ આયોજીત

## ગરીબ-મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ માટે નામ નોંધણી

રાજકોટ, તા. ૧

રવિરત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ફુલસ્કેપ નોટબુક વિતરણ કરવામાં આવશે.


નિઃશુલ્ક નોટબુક મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પરિણામની ઓરીજનલ માર્કશીટ સાથે તા.૪-૫થી તા. ૮-૫ સુધીમાં સમય સાંજના ૫.૩૦ થી ૭ દરમિયાન શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક મેઈન રોડ, યુનિવર્સિટી રોડ, ઈન્દીરા સર્કલ પાસે ધીરૂભાઈ ઝાલાવડીયા તથા નરોતમભાઈ ફળદુ પાસે નામ નોંધાવી જવા જણાવાયું છે. માત્ર ગરીબ અને મધ્યમ વર્ગના ધો.૫ કે તેથી ઉપરના ધોરણ માટે નામ નોંધણી કરવામાં આવશે.

## નિઃશુલ્ક સિન્ધી મેરેજ બ્યુરો

રાજકોટ,તા.૧

નાનકરામ મોટવાણી દ્વારા સિન્ધી સમાજના યુવક યુવતીઓને જીવનસાથી પસંદગી માટે ઉપયોગી થવા વિનામુલ્યે મેરેજ બ્યુરોની સેવા નિઃશુલ્ક આપી રહ્યા છીએ. ઈચ્છુકોએ બાયોડેટા જન્માક્ષર સાથે લાવવા અથવા ''આશીર્વાદ'' નાનકરામ મોટવાણી, પરસાણાનગર - ૧, સિન્ધી કોલોની પાછળ, સુંદર પાનની સામે, રાજકોટ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

## ગુજરાત સ્થાપના દિવસની નગરજનોને શુભેચ્છા આપતા ધારાસભ્ય ઉદયભાઈ



રાજકોટ, તા. ૧

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને આજે તા.૧ મેના રાજયના ૬૪માં સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪માં વર્ષમાં પ્રવેશેલુ ગુજરાત આજે દેશના વિકાસનું ગ્રોથ એન્જીન સાબિત થઈ રહ્યું છે અને સમગ્ર વિશ્વમાં ગુજરાતનું વિકાસ મોડેલ પ્રખ્યાત છે. ગુજરાતની પ્રજાની આગવી અસ્મિતા અને ગૌરવને સહજ સ્વાભાવિક રણકો છે, આપણુ ગુજરાત એ આગવું ગુજરાત છે. તેની તોલે કોઈ ન આવી શકે.

ગુજરાતની પ્રકૃતિદત કેળવાયેલી કોઠાસુઝ અને પડકારો સામે પ્રજાશકિતથી પ્રતિકાર કરીને પાર ઉતરવાની શકિત અને વિકાસ માટેની ઉત્કટ ક્ષમતા એ જ ગુજરાતને સૌથી નોખુ તારવે છે. અહિંસા અને સહિષ્ણુતા એની ગળથૂથીમાં છે, સંવેદના એની માનવવૃતિમાં છલકે છે, ગુજરાતીઓ જયાં જયાં વસે છે ત્યાં તેની સંસ્કારો અને ઉધમશીલતાથી એક ગુજરાત ઉભુ કર્યુ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, દેશની એકતા અને અખંડિતતા શીલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ તેમજ સાહિત્ય, સંગીત, કલા, નાટય, ઉદ્યોગ, ધંધાકીય, સામાજીક, શિક્ષણ, વિજ્ઞાન જેવા અનેકવિધ ક્ષેત્રમાં અનેક ગુજરાતીઓનું મોટુ યોગદાન રહેલું છે.

આજના ગુજરાત ગૌરવ દિવસે સૌ આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાતનો અને ગુજરાતના વિકાસ માટે સમર્પિત થવા સાથે મળીને સંકલ્પબધ્ધ થઈએ તેમ અંતમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ ગુણવંતી, ખમીરવંતી, ગુર્જરભૂમિને શત શત નમન કરતા શુભેચ્છા પાઠવેલ હતી.

# સૌરાષ્ટ્રમાં સૂર્યદેવ લાલઘુમ : ૪૨ ડિગ્રી સુધી તાપમાન : ગિરનાર ધગધગી ઉઠયો

**કચ્છ સહિત ગુજરાતમાં બપોરે જનજીવન પ્રભાવિત : રાજકોટ હોટેસ્ટ સીટી : છ શહેરોમાં ૪૦થી ઉપર પારો : ગિરનારમાં સતત ચોથા દિવસે રોપ-વે બંધ : અંગ દઝાડતી લુથી લોકો પરેશાન**

રાજકોટ, તા. ૧

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આકરી ગરમી ગઇકાલે પણ યથાવત રહેવા પામી હતી. સવાર-સાંજ ઝડપી પવન વચ્ચે પણ રાજયમાં અનેક સ્થળોએ ૪૦ થી ૪૨ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાતા લોકો અકળાયા હતા. ગઇકાલે રાજયનું સૌથી હોટ સીટી ફરી એકવાર રાજકોટ રહેવા પામ્યું હતું.

ગઇકાલે રાજકોટમાં ૪૨ ડિગ્રી મહતમ તાપમાન થઇ જતા નગરજનો પરસેવે નિતર્યા હતા. જયારે જુનાગઢમાં પણ ૪૧.૮ ડિગ્રી સાથે આકરો તાપ અનુભવાયો હતો. આ ઉપરાંત ગિરનાર ઉપર સતત ઝડપી ગરમ પવનના કારણે ત્રીજા દિવસે પણ રોપ-વે બંધ રાખવાની ફરજ પડી હતી.

ગત ૨૫ એપ્રિલથી જુનાગઢ જિલ્લા અને શહેરમાં ભારે હીટવેવના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તાપમાનનો પારો સતત ઉંચો ચડી રહ્યો છે. જેના કારણે સામાન્ય જનજીવન ઉપર અસર જોવા મળી રહી છે. દિવસના તાપનો આકરો સામનો કર્યા બાદ મોડી રાત સુધી તાપમાન વધુ રહેતા રાત્રીના પણ બફારાનો સામનો કરવો પડી રહ્યો છે.

રાત્રીના તાપમાનનો પારો ૨૮.૯ ડીગ્રીએ રહ્યા બાદ સવારના લઘુતમ તાપમાન ઉંચકાઇને ૨૭.૫ ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. ભેજનું પ્રમાણ ઘટીને ૪૭ ટકાએ થઇ જતા જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે. ગઇકાલે ભેજ ઘટીને ૧૫ ટા થઇ જતા હીટવેવ વધી જવા પામ્યું હતું.

પવનની ગતિ પ્રતિકલાક ૪ કિ.મી.ની. ઝડપે ગરમ લુ સામે ફુંકાઇ રહ્યો હતો ગત વર્ષે એપ્રિલમાં ૪૦ ડિગ્રીની સામે આ વર્ષે ૪૧.૮ ડિગ્રીએ પારો પહોંચતા સુર્યનારાયણ આકરા મુડમાં હોય તેવું વાતાવરણ જોવા મળી રહયું છે. એપ્રિલના ૧૫ દિવસ સૌથી વધુ ગરમ રહેવા પામ્યા છે. બપોરના સમયે રોડ રસ્તાઓ સ્વયંભુ ફકર્યુ હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

ભારે ગરમ પવનની ગતિના કારણે કાલે ત્રીજા દિવસે પણ ગિરનાર રોપ-વે બંધ રાખવાની ફરજ પડી હતી. અસંખ્ય પ્રવાસીઓને માતાજીનાં દર્શનમાં ધકકો થવા પામ્યો હતો. ગિરનાર ઉપર ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા ફરજીયાત




રોપવે બંધ રાખવાની ફરજ પડી હતી.

દરમ્યાન ગઇકાલે રાજયનાં છ સ્થળોએ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયુ હતું. જેમાં અમદાવાદમાં ૪૦.૬, અમરેલીમાં ૪૦.૪, વડોદરામાં ૪૦.૪, ભાવનગરમાં ૩૯.૪, ભુજમાં ૪૦.૩, ડિસામાં ૩૮.૯, દિવમાં ૩૯.૧, ગાંધીનગરમાં ૪૦.૭, સુરતમાં ૩૯.૪ તથા સુરેન્દ્રનગરમાં ૪૦.૫ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

**જામનગર**

જામનગરમાં ૧૦.૫ કિ.મી. પવનની સાથે મહતમ તાપમાનનો પારો ૩૮ ડિગ્રી પહોંચ્યો હતો. બપોરે અંગ દઝાડતી લૂ-વર્ષાનો અનુભવ લોકોએ કર્યો હતો. શહેરમાં સવારે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો ૩૮ ડિગ્રીએ રહ્યો હતો. જયારે ન્યુનત્તમ તાપમાન ૨૬ ડિગ્રી અને ભેજનું પ્રમાણ ૧૧ ટકા વધીને ૬૯ ટકા રહયું હતું. પવનની ઝડપ પ્રતિ કલાક ૧૦.૫ કિમીની રહી હતી. પવનની ઝડપ વધતા ગરમીમા આંશિક રાહતનો અનુભવ લોકોએ કર્યો હતો. બપોરે આકાશમાંથી અગનવર્ષાનો અનુભવ લોકોએ કર્યો હતો. આથી લોકોએ કારણ વગર ઘરની બહાર નીકળવાનું ટાળતા મુખ્યમાર્ગો સુમસામ જેવા મળ્યા હતાં. ગરમીનું વધતા પ્રમાણ વચ્ચે પવનની ગતિ ઘટતા લોકોની મુશ્કેલી બેવડાઈ હતી. છેલ્લાં બે-ત્રણ દિવસથી ઉનાળાએ આકરો મિજાજ દેખાડતા આકારા તાપથી બચવા લોકોએ આરોગ્યને લાભકારી ઠડા પીણાઓ ઉપયોગ વધાયો છે. તેમજ ટોપી, ચશ્માનો સહારો લઇ રહ્યા છે.

# રાજકોટના અનેક વિસ્તારોના મતદારો હજુ મતદાન સ્લીપથી વંચિત

## પગલા લેવા શહેર કોંગ્રેસના પ્રમુખ દ્વારા કલેકટરને રજૂઆત

રાજકોટ,તા.૧

રાજકોટના અનેક વિસ્તારોમાં હજૂ મતદાર સ્લીપનું વિતરણ નહીં થતા આ મામલે શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી દ્વારા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીને રજૂઆત કરી છે. આ અંગે શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું છે કે રાજકોટ શહેરના નહેરૂનગર, કાશી વિશ્વનાથ પ્લોટ, પ્રદ્યુમનનગર તક્ષશીલા સોસાયટી આમ્રપાલી સોસાયટી સહિતના અનેક વિસ્તારોમાં સ્લીપનું વિતરણ કરાયેલ નથી જેથી હજારો મતદારોને મતદાનથી વંચીત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉદ્ભવી રહી છે. આ સંજોગોમાં શહેરના તમામ વિસ્તારોમાં મતદાર સ્લીપ પહોચાડવા તેઓએ માંગણી ઉઠાવી છે.

# DNB પરીક્ષામાં ઓર્થોપેડિક ક્ષેત્રે પ્રથમ વખત ગુજરાતના ડો. પૂર્વિન ઠકકરને ગોલ્ડ મેડલ

## આગામી ૧૦ મેના રોજ રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ અપાશે

રાજકોટ તા.૧

અમદાવાદના જાણીતા ઓર્થોપેડીક સર્જન પુર્વિન નવિનભાઈ ઠકકરે ડીપ્લોમેટ ઓફ નેશનલ બોર્ડની પરીક્ષામાં પ્રથમ રેન્ક મેળવીને ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે. ગુજરાતમાં ગોલ્ડમેડલની આ સિદ્ધિ મેળવનારા તેઓ પ્રથમ ઓર્થોપેડિક સર્જન છે.

નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન ઈન મેડીકલ સાયન્સ દ્વારા લેવાયેલી ડીપ્લોમેટ ઓફ નેશનલ બોર્ડ (ડીએનબી)ની પરીક્ષામાં ડો. પૂર્વિને



પ્રથમ નંબર મેળવીને ગોલ્ડમેડલ મેળવ્યો છે. તેઓએ ઓર્થોપેડીકસમાં પ્રતિષ્ઠિત ડો. બાલુ શંકરન એવોર્ડ જીત્યો છે.

અમદાવાદની ડોલ્બી હોસ્પીટલમાંથી તાલીમ મેળવનારા ડો. પુર્વિન ઠકકરને આગામી ૧૦મી મે ના રોજ દિલ્હીના વિજ્ઞાનભવનમાં નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન ઈન મેડીકલ સાયન્સ દ્વારા યોજાનારા ૨૨માં પદ્વીદાન સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે મેડલ અને ડીગ્રી આપવામાં આવશે.

ડીએનબી પરીક્ષાના ઈતિહાસમાં ઓર્થોપેડીકસ ક્ષેત્રમાં ગુજરાતના તબીબે ગોલ્ડમેડલ મેળવ્યાની આ પ્રથમ સિદ્ધિ છે.

# ગરીબો માટે પુસ્તકો, કપડા, રમકડા માટેના ભેંટ કેન્દ્રો ખોલતી મનપા

## પ્રથમ દિવસે કર્મચારીઓએ સાડા પાંચ હજાર વસ્તુઓ દાનમાં આપી : ૩ લાયબ્રેરી, ૩ ઝોન કચેરીમાં વ્યવસ્થા કરતી મનપા : આશિર્વાદરૂપ સેવા કાર્ય




રાજકોટ, તા. ૧

સ્વાન્તઃ સુખાય એટલે કે, બીજાના સુખે સુખી થવાનો જે પરમ આનંદ વ્યક્તિને પ્રાપ્ત થાય છે તે અવર્ણનીય હોય છે. સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત મનપા દ્વારા આવા ઉમદા આશય સાથે શહેરમાં કુલ પાંચ સ્થળોએ આરઆરઆર (રીડયુઝ, રીયુઝ, રીસાયકલ) કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જેમાં આજે પ્રથમ દિવસે જ ચાર હજારથી વધુ પુસ્તકો કપડા સહિત સાડા પાંચ હજારથી વધુ વસ્તુઓની ભેંટ કર્મચારીઓએ આપી છે. આ જગ્યાએ નાગરિકો પણ યોગદાન આપી શકે છે.

આ અભિયાનમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સામેલ થઈ આ ઉમદા પ્રવૃત્તિમાં પોતાનું યથોચિત યોગદાન આપે તેવા હેતુ સાથે ત્રણેય ઝોનલ કચેરીઓ ખાતે આજે ગુજરાત સ્થાપના દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે આરઆરઆર કેન્દ્ર ખોલવામાં આવેલ છે. જેમાં કર્મચારીઓ પોતાની પાસે રહેલી પુસ્તકો, રમકડા, કપડા, બુટ જેવી ચીજવસ્તુઓનું આ સામાજિક સેવાકીય કાર્ય માટે દાન કરી પોતપોતાની નૈતિક સામાજિક ફરજ નિભાવી હતી. ના. કમિશનર સ્વપ્નિલ ખરે દ્વારા પુસ્તકોનું યોગદાન આપવામાં આવ્યું હતું.

આ કેન્દ્ર શરૂ કરવાનો ઉદ્દેશ ગરીબ વર્ગના જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી ચીજવસ્તુઓ ઉપલબ્ધ બનાવી તેઓના ચહેરા પર સ્મિત લાવવામાં મદદરૂપ થવાનો છે. સમાજમાં વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે, આંગણવાડીઓના બાળકોને રમકડાં મળી રહે અને જરૂરીયાતમંદ ગરીબ લોકોને કપડાં અને બૂટ જેવી ચીજવસ્તુઓ ઉપલબ્ધ બનાવવા માટેના આ અભિયાનને નાગરિકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. નાગરિકો પાસેથી ઉપરોક્ત ચીજ વસ્તુઓ ભેંટ સ્વરૂપે આરઆરઆર કેન્દ્ર ખાતે સ્વીકારવામાં આવી રહી છે.

શહેરીજનો દ્વારા ઉપયોગમાં લેવાઈ ચુકેલા અને હાલ વણવપરાયેલ પડી રહેલા પુસ્તકો, રમકડાં, કપડાં અને બૂટ વગેરે જેવી ચીજવસ્તુઓ ગરીબ સમૂદાયના લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. આ ચીજ વસ્તુઓ આપવા ઈચ્છતા નાગરિકો (૧) દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય, વોર્ડ નં.૨, (૨) બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી, વોર્ડ નં.૯, (૩) ચાણક્ય પુસ્તકાલય, વોર્ડ નં.૬, (૪) રૈયાધાર પાસે સોલીડ વેસ્ટનું એમઆરએફ સેન્ટર અને (૫) કે.એસ. ડીઝલ પાસે સોલીડ વેસ્ટનું એમઆરએફ સેન્ટર ખાતે પોતાનું યોગદાન આપી શકશે તેમ જણાવાયું છે.

**ભેંટમાં મળેલ વસ્તુની યાદી**

દત્તોપંત ઠેંગડી લાયબ્રેરીમાં ૨૫૦૪, બાબુભાઈ વૈદ્ય લાયબ્રેરીમાં ૧૨૭૫, ચાણકય પુસ્તકાલયમાં ૧૧૮, સેન્ટ્રલ ઝોન કચેરીમાં ૬૧, વેસ્ટ ઝોનમાં ૪૭, ઈસ્ટ ઝોનમાં ૭૪ મળી ૪૦૭૯ પુસ્તકોની ભેંટ મળી ચુકી છે. આ ઉપરાંત ૨૫૫ રમકડા, ૧૨૪ બુટ, ૧૦૪૬ કપડા સહિત ૫૫૦૪ વસ્તુની ભેંટ કર્મચારીઓએ આજે આપી હતી.

# રાજસ્થાન ઉદયપુરમાં યોજાયેલ નૃત્ય સ્પર્ધામાં રાજકોટની ૩ બહેનો પ્રથમ ક્રમાંકેઃ ૧૬૦ સ્પર્ધકોએ લીધો ભાગ




રાજકોટ,તા.૧

દર વર્ષે ૨૯ એપ્રિલના રોજ ઈન્ટરનેશનલ ડાન્સ ડે ઉજવવામાં આવે છે. તેની પૂર્વ સંધ્યાએ રાજસ્થાન ઉદયપુર ખાતે ''ઉદયપુર ડાન્સ ફેસ્ટિવલ''નું ભવ્ય આયોજન કથ્થક આશ્રમ ઉદયપુર અને એમ.સ્કવેર પ્રોડક્શન અને ઈવન્ટ્સ ઉદયપુર ના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ દેશોના ૧૬૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રાજકોટના ત્રણ બહેનોએ ભાગ લીધો હતો. તેમાં ટ્રાયો ડાન્સ સ્પર્ધામાં હીમાક્ષી હિતેષભાઈ કાનાબાર, આસ્થા હિતેષભાઈ કાનાબાર અને આદિતી રાજેશભાઈ દક્ષિણીએ ગૌરવવંતુ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શહેરને ગૌરવ અપાવેલ. વધુમાં સિનિયર સોલો ડાન્સ સ્પર્ધામાં આસ્થા હિતેષભાઈ કાનાબારએ અને જુનિયર સોલો ડાન્સ સ્પર્ધામાં આદીતી રાજેશભાઈ દક્ષિણીએ પણ બીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

# મહિલા ગાર્ડનમાં 'વેસ્ટ ટુ વન્ડર પાર્ક'નું નિર્માણ

## બિનઉપયોગી વાહનોના ટાયરને કુંડામાં ફેરવાયા : રેસકોર્સમાં વિવિધ પ્લાન્ટસનું આકર્ષણ ઉભુ કરતી બગીચા શાખા

રાજકોટ, તા. ૧

મહાપાલિકાના વેસ્ટ અને બિનઉપયોગી વાહનોના ટાયરમાં વૃક્ષ ઉગાડીને કુંડા રૂપે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનો પ્રયોગ કરવામાં આવ્યો છે.



મહાનગરપાલિકા બગીચા શાખા દ્વારા શહેરમાં હરીયાળીનો વિકાસ અને વૃદ્ધિ થાય તથા શહેરનું પર્યાવરણ સુધરે તે માટે વૃક્ષોનું વહેતર અને જતન કરવામાં આવે છે. તંત્ર દ્વારા એક નવી પહેલ અપનાવવામાં આવી છે જેમાં મહિલા ગાર્ડન રેસકોર્ષ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરી 'વેસ્ટ ટુ વન્ડર પાર્ક' બનાવવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના વાહનોના ટાયર જેવા કે, ટ્રેકટર, મોટરસાયકલ, રીક્ષા, સ્કુટર વગેરે વાહનોના નકામા અને બિનઉપયોગી ટાયરનો વૃક્ષ ઉગાડવાના કુંડા રૂપે ઉપયોગ કરી તેમાં વિવિધ ફૂલ છોડના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને આ વૃક્ષારોપણ કુંડાઓ મહિલા ગાર્ડન રેસકોર્ષ ખાતે રાખવામાં આવેલ છે.આ 'વેસ્ટ ટુ વન્ડર પાર્ક'માં ગુલાબ, બેગમ બહાર, બારમાસી, યુંફોરબીયા, ડ્રેસીના, ઓફિસ ટાઈમ, પોટેટો ક્રીપર, ગોગન વેલીયા, ફાયકસ, પામ, એન્થેરીયમ, શ્યામ તુલસી, રીકોમાં અને રવિના પ્રકારના ફૂલ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે તેમ ગાર્ડન શાખાએ જણાવ્યું છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. આયોજિત '૨૬'મા નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પ માટેના ફોર્મ ભરવાની મુદત લંબાવાઇ

## શુક્રવારથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે શુભારંભ થશે

રાજકોટ તા ૧

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજન કરાયેલું છે અને તેના પ્રવેશ ફોર્મ તા. ૩૦ એપ્રિલ સુધીમાં પરત આપવાના હતા પરંતુ બાળકોની લાગણી અને માંગણીને સ્વીકાર કરતાં બેંક દ્વારા પ્રવેશ ફોર્મ માટેની મુદત વધારવામાં આવી છે.

તા. ૩ને શુક્રવારે સવારે ૬.૩૦ વાગ્યાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પ્રારંભ થતાં આ કેમ્પમાં બાળકો પ્રવેશ ફોર્મ સાથે સીધા પણ આવી શકશે. કોઈપણ બાળક તાલીમથી વંચિત રહેશે નહિ.

આ કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકો (બોયઝ એન્ડ ગર્લ્સ)ને ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે.


કેમ્પને સફળ બનાવવા માટે જીમ્મીભાઈ દક્ષીણી (કાર્યકારી ચેરમેન), દીપકભાઈ મકવાણા (ડિરેકટર અને પ્રોજેક્ટ,ચેરમેન), હંસરાજભાઈ ગજેરા-અશોકભાઈ ગાંધી (પ્રોજેક્ટ ડિરેકટર), ડિરેકટરગણમાંથી શૈલેષભાઈ ઠાકર, નલિનભાઈ વસા, જ્યોતીન્દ્રભાઈ મહેતા, કલ્પકભાઈ મણીઆર, ટપુભાઈ લીંબાસીયા, ડાયાભાઈ ડેલાવાળા, અર્જુનભાઈ શિંગાળા જહેમત ઉઠાવી રહ્યા છે.

# કાલાવડ રોડ અને યુનિવર્સિટી રોડ ડોક્ટર એસોસિએશનના હોદ્દેદારોની વરણી

## પ્રમુખ પદે ડોક્ટર વિશાલ ભીમજીયાણી,મંત્રી પદે ડોક્ટર પ્રશાંત ગણાત્રા,ચેરમેન પદે ડોક્ટર મનીષ ગોસાઈની નિયુકિત

રાજકોટ:તા ૧

તાજેતરમાં ગ્લોબલ આયુર્વેદ હોસ્પિટલ અને ગ્લોબલ ઇન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદના સંયુક્ત ઉપક્રમે એક ઈએઊ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાલાવડ રોડ અને યુનિવર્સિટી રોડ ડોક્ટર એસોસિએશનના ૨૦૨૪-૨૫ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે ડોક્ટર વિશાલ ભીમજીયાણી, મંત્રી પદે ડોક્ટર પ્રશાંત ગણાત્રા અને ચેરમેન પદે ડોક્ટર મનીષ ગોસાઈની સર્વાનુમતે વરણી થયેલ.



અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે ડોક્ટર રિધ્ધીશ તન્ના અને ડોક્ટર કેતન ત્રાંબડીયા, સહમંત્રી તરીકે ડોક્ટર કેયુર ઉકાણી અને ડોક્ટર આનંદ કોટેચા, ખજાનચી તરીકે ડોક્ટર નિલેશ રૂઘાણી અને ડોક્ટર દીપક પારેખ,એક્ઝિક્યુટિવ કમિટીમાં ડોક્ટર હિમાંશુ પરમાર, ડોક્ટર ચેતન ભાલોડી, ડોક્ટર નિખિલ સરવૈયા, ડોક્ટર જયંત રૂઘાણી, ડોક્ટર તેજસ ત્રિવેદી અને ડોક્ટર વિક્રમ દોશી ,કલ્ચરલ કમિટીમાં ડોક્ટર જય માકડીયા, ડોક્ટર પ્રણવ ઉનડકટ, ડોક્ટર મૃણાલ આશર, ડોક્ટર હાર્દિક પટેલ, ડોક્ટર દેવેન પંચોલી, ડોક્ટર રવિ કનેરીયા, ડોક્ટર પ્રિતેશ દવે અને ડોક્ટર કુલદીપ રાડીયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.


એડવાઈઝરી કમિટીમાં ડોક્ટર મનસુખ વેકરીયા, ડોક્ટર સંજય દેસાઈ, ડોક્ટર અમિત હપાણી, ડોક્ટર જયંત મહેતા અને ડોક્ટર પિયુષ ઉનડકટની નિયુક્તિ કરવામાં આવેલ.આ તકે ગ્લોબલ ઈન્સ્ટિટયૂટ ના ટ્રસ્ટી સિદ્ધાર્થભાઈ મહેતા, પ્રિન્સિપાલ વૈદ્ય શ્રેયસ ભાલોડીયા અને કેમ્પસ ડાયરેકટર વૈદ્ય મેહુલ જોશી ઉપસ્થિત રહ્યા હતા. જેમણે એસોસિએશનના પ્રમુખ, મંત્રી અને ચેરમેન ઉપરાંત ગુજરાત આયુર્વેદ બોર્ડ ના પ્રમુખ ડોકટર સંજય જીવરાજાનીનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માન કરેલ હતું.

# બીસીએ સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પેપર ફોડનારની માહિતી આપનારને રૂા.૫૧ હજારનું ઈનામ

## કોંગ્રેસ સમિતિ દ્વારા ઇનામ જાહેરઃ ડો. નિદત બારોટ

રાજકોટ, તા.૧

સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા હાલમાં લેવાયેલી બીસીએ-૪ની પરીક્ષામાં ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે આ પરીક્ષામાં ચાર-ચાર પેપરો ફોડવામાં આવ્યા હોવાની વાત બહાર આવી હતી. વિદ્યાર્થીઓને પરીક્ષાના સમય પહેલા ૨૫ માર્કના પ્રશ્નો આપી દેવામાં આવ્યા હતા.



આ પ્રશ્નો વિદ્યાર્થીઓના સોશ્યલ મીડિયામાં ફરતા હતા. આ ફરિયાદ હોવા છતાં સૌરાષ્ટ્ર યુનિ.નું નીંભર તંત્ર અને બેદરકાર કુલપતિ, પોલીસ ફરિયાદ કરવાનું ટાળી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ પક્ષે પેપર ફોડનારને પકડવા માટે કમર કસી છે.

આના ભાગરૂપે કોંગ્રેસ પક્ષે જાહેરાત કરી છે કે જે વ્યકિત પેપર ફોડનારના નામ અથવા તેની કોઇપણ વિગત ખાનગી રીતે કોંગ્રેસ પક્ષના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. નિદત બારોટને Email:nidattbarot@gmail.com પર આપશે તો તે માહિતી અત્યંત ગુપ્ત રાખવામાં આવશે અને તે માહિતીના આધારે મારા દ્વારા પોલીસ કમિશનરને રૂબરૂ આપીને પેપર ફોડનારાઓને પકડાવવામાં આવશે.

માહિતીના આપનાર વિદ્યાર્થીને અથવા અન્ય કોઇપણ વ્યકિતને કોંગ્રેસ પક્ષ ૫૧ હજાર રૂપિયાનું ઇનામ આપશે.

પેપર ફોડનારાઓને પકડવાની જવાબદારી રાજય સરકારની છે, સૌરાષ્ટ્ર યુનિ.ની છે, રાજકોટના પોલીસ તંત્રની છે, આમ છતાં આ તમામ લોકોએ પોતાની ફરજમાં ચૂક કરી, પેપર ફોડનારાઓ લીલા લહેરથી ફરે તેવું આયોજન કરી આપ્યું છે,

ત્યારે વિદ્યાર્થીઓને ન્યાય આપવાના ભાગરૂપે કોંગ્રેસ પક્ષ દ્વારા આ જાહેરાત કરવામાં આવી રહી છે તેમ કોંગ્રેસ સમિતિ પ્રવકતા ડો. નિદત બારોટની યાદીમાં જણાવાયું છે.

# બિનઉપયોગી વસ્તુમાંથી ડેકોરેશન : ઝીરો વેસ્ટ ઈવેન્ટ



સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત સ્વચ્છતામાં મહિલાઓની સહભાગીતા અને નેતૃત્વને મજબુત કરવા માટે પ્રોજેક્ટ શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન મીટીંગ હોલ ખાતે સ્લમ વિસ્તારમાં કાર્યરત સ્વ-સહાય જુથની બહેનો દ્વારા ૩આર(રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) અંતર્ગત બિનઉપયોગી વસ્તુઓમાંથી નવીનતમ વસ્તુઓ બનાવવામાં આવી હતી. જેમાં ઘરમાં રહેલ બિનજરૂરી પ્લાસ્ટિક બોટલ્સ,જૂના બિનઉપયોગી કપડા,પેપર કપ્સ,નાળીયેરના રેસા,બિનઉપયોગી જ્વેલરી આઈટમ,જૂના પૂઠા-પસ્તી, સીડી-ડીવીડી વગેરેમાંથી અન્ય ઉપયોગી અને સુશોભનની વસ્તુઓ બનાવવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં સ્વ-સહાય જુથની બહેનો દ્વારા બનાવેલ વેસ્ટમાથી બેસ્ટ પ્રોડક્ટનું નિદર્શન યોજવામાં આવેલ હતું.

# છોટુનગર સોસાયટીમાં ઘટાદાર વૃક્ષનું ગેરકાયદે છેદન



રાજકોટ,તા.૧

રાજકોટ રૈયા રોડ હનુમાન મઢી પાસેના છોટુનગરમાં ઘેઘુર લીમડાનું ઝાડનું ગેરકાયદે કટીંગ થતા ઝાડ કાપનાર સામે કાર્યવાહી કરવા જાગૃત નાગરીક નલુભાઈ પંડયાએ માંગણી ઉઠાવી છે. છોટુનગર સોસાયટી વિભાગ-૧ શેરી નં.૨માં મધુવન નામનું મકાન આવેલ છે ત્યાં ૨૫ વર્ષ જુના ત્રણ ઘેઘુર આંબો, સવન, લીમડાના ત્રણ ઝાડ કાપી નાખવામાં આવતા છાંયડો અને પશુ-પંખીઓએ આશ્રય ગુમાવ્યો છે.ઝાડ કાપવાની મંજુરી મેળવેલ છે કે કેમ? તેની તપાસ કરવા માંગણી કલેકટર અને વન વિભાગમાં રજૂઆત કરી છે.

મુંબઈમાં રચાયો સ્વર્ણિમ ઈતિહાસઃ સહસ્ત્રાવધાનના પ્રયોગમાં બુદ્ધિજીવી વર્ગ બન્યો અભિભૂત

# સહસ્ત્રાવધાનઃ જૈન પરંપરાની ૬૩૦ વર્ષ પૂર્વેની ઘટનાને પુનઃ જીવિત કરતાં પૂ.અજીતચંદ્રસાગરજી મહારાજ

**આજના કાર્યક્રમમાં વૈજ્ઞાનિકો,ન્યાયાધીશો, વિદ્વાનો, ન્યુરોલોજીસ્ટ ડોકટરોની તથા જૈન સમાજના વિવિધ ફીરકાના ગુરૂભગવંતો-સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિ**

**પૂ.ગણિવર્ય ડો.અજીતચંદ્રસાગરજી મહારાજનું અસાધારણ ધ્યાન અને જ્ઞાનાત્મક કૌશલ્ય જોઈને સૌ કોઈ બન્યા આશ્ચર્ય વિભોર**







રાજકોટ,તા.૧

મુંબઈમાં આજે વરલી ખાતે આવેલા એન એસસીઆઈ હોલમાં ગણિવર્ય ડો.અજીતચંદ્ર સાગરજી મહારાજે સહસ્ત્ર અવધાન (૧ હજાર વસ્તુઓને યાદ રાખીને તેના ઉત્તરો આપવા) પ્રસ્તૃતિ કરીને ઈતિહાસ રચ્યો છે.માનવ મનની ગહન સંભાવનાનો ઉપયોગ કરીને વર્તમાન તપોનિધિ જૈનાચાર્ય પૂ.શ્રી નયચંદ્રસાગર સુરિજી મહારાજાના શિષ્ય રત્ન ગણિવર્ય ડો.અજિતચંદ્ર સાગરજી મહારાજે ૧૦૦૦ વસ્તુઓ (અવધાન)યાદ રાખીને ક્રમશઃ ઉત્તરો આખીને ઉપસ્થિત જીજ્ઞાસુઓને આશ્ચર્યચકિત કરી મૂકયા હતા. તેમણે ઈતિહાસ રચીને વર્લ્ડ રેકોર્ડ સજયો છે ઉપરોકત કાર્યક્રમ આજે સવારે જૈનોના વિવિધ ગચ્છોના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વીજી ભગવંતોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ન્યુરોલીસ્ટ ડોકટરો, વૈજ્ઞાનિકો તેમજ જૈન-જૈનેતરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને અલૌકિક અને દિવ્ય અવસરના સાક્ષી બન્યા હતાં. આ અગાઉ મહાશતાવધાની પૂજય ગણિવર્ય ડો.અજીતચંદ્રસાગરજી મહારાજે ૭૯ વર્ષની વયે શતાવધાન (૫૦૦ પ્રશ્નોક યાદ રાખવા)માં રેકોર્ડ નોંધાવ્યો હતો. આજની ઘટના ૬૩૦ વર્ષ બાદ બની રહી છે. આ ઐતિહાસિક કાર્યક્રમમાં પડકારજનક ગણિતના પ્રશ્નો અવતરણો, કહયતો સહિતના વિવિધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરાયો હતો.જેના તમામ ઉત્તરો




ડો.અજિતચંદ્ર સાગરજી મહારાજે આપ્યા હતાં.

આ ઈવેન્ટનું એક રસપ્રદ પાસુ એપણ રહ્યું હતું કે આ ધ્યાન દરમ્યાન તેમની આસપાસ ૧૫ પ્રકિયાઓ એક સાથે થઈ હતી. આ પ્રકિયાઓનાં ઘંટ વગાડવા, કોયડા રજૂ કરવા, ચિત્રો પ્રદર્શિત કરવા વગેરે સામેલ હતાં.

પૂ.ગણિવર્ય ડો.અજિતચંદ્રસાગરજી મહારાજે અસાધારણ ધ્યાન અને જ્ઞાનાત્મક કૌશલ્યનું પ્રદર્શન કરીને ઉપસ્થિત લોકોને અવાચક બનાવી દીધા હતાં.

આજના કાર્યક્રમમાં વૈજ્ઞાનિકો, વિદ્વાનો ન્યાયધીશો પણ ઉપસ્થિત રહ્યા હતાં. એક કેટેગરીના ૧૦ એવા જુદી-જુદી ૧૦૦ કેટેગરીના કુલ ૧૦૦૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં.અત્રે ઉલ્લેખનીય ગણાશે કે શ્રીમદ્ રાજચંદ્ર શતાવધાની હતા. શતાવધાની એટલે એક સાથે સો વસ્તુઓ ભૂલ વિના ક્રમમાં યાદ રાખવાની શકિત છે જયારે સહસ્ત્રાવધાની એ ભૂલ્યા વિના ક્રમ મુજબ ૧૦૦૦ વસ્તુઓ યાદ રાખવાની હોય છે.

જૈન પંરપરાનો ઈતિહાસ ભાગ-૨માં જણાવ્યા અનુસાર ૧૬મી સદી પહેલા સંતિકર સ્ત્રોતના રચયિતા ગણિમુનિસુંદરજી મહારાજ દ્વારા મહારાજાના દરબારમાં એક સાથે એક હજાર સવાલોના જણાવો આપવાની ઘટના બની હતી. ત્યાર પછી આજ સુધી આટલા વર્ષોમાં કોઈએ આવો કાર્યક્રમ કર્યો હોવાનો ઉલ્લેખ જોવા મળતો નથી

ઉપરોક્ત તસ્વીરોમાં પ્રથમ પૂ.ગણિવર્ય ડો.અજિતચંદ્રસાગરજી મહારાજ બીજી તસ્વીરમાં પોતાના ગુરૂદેવ આ.ભ.શ્રી નયચંદ્રસાગરસુરિજી મહારાજ સામે પૂ.અજીતચંદ્ર સાગરજીમહારાજ જોવા મળે છે. ત્રીજી તસ્વીરમાં આ પ્રસંગે આવેલા વિવિધ ગચ્છના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો, સ્થાનકવાસી જૈન મુનિ ભગવંતો, ગચ્છાધિપતિ, આ.ભ.શ્રીકુલચંદ્ર સુરિજી મહારાજ સહિતના સાધુ ભગવંતો જોવા મળે છે.આ પ્રસંગે પૂ.સાધ્વીજી ભગવંતોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી ચોથી પાંચમી તસ્વીરમાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકો દ્રષ્ટિ ગોચર થાય છે છેલ્લી તસ્વીરમાં કાર્યક્રમનું સંચાલન તથા પ્રશ્નોની નોંધ થતી જોવા મળે છે.

## ભારતીય નૃત્ય સંગીત મહાવિદ્યાલયના હેતાર્થ ગોસાઈ તબક્કામાં વિશારદ કરતા પદવીદાન સમારોહ યોજાયો

### મહાવિદ્યાલય દ્વારા તબલા રંગમંચ પ્રવેશ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, તા.૧

ભારતીય નૃત્ય સંગીત મહાવિદ્યાલય દ્વારા તબલા રંગમંચ પ્રવેશ કાર્યક્રમ યોજાયો. જેમાં વિદ્યાલયના વિદ્યાર્થી હેતાર્થ જીતેન્દ્રભાઈ ગોસાઈએ છેલ્લા ૧૦ વર્ષથી તેમના ગુરૂ રમણીકભાઇ માલકિયા પાસેથી તબલાની તાલીમ મેળવી. હેતાર્થ ગોસાઈ વિશારદ થતાં ગુરૂની મંજૂરી મળતા તબલા રંગ મંચ પ્રવેશ કાર્યક્રમનું ગત તા.૨૮ ને રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં હેતાર્થ ગોસાઈ એ પોતાનું પ્રથમ તબલા રંગમંચ પ્રવેશ કરીને તબલા સોલો તેમજ ગુરૂ સાથે તબલા જુગલબંધી, સમૂહ તબલા વાદન રજૂ કર્યું હતું. અંતમાં પદવીદાન સમારોહમાં ગુરૂ દ્વારા હેતાર્થ ગોસાઈને પદવી પ્રમાણપત્ર આપવામાં આવી હતી. તેમજ રમણીકભાઇ માલકીયા અને પરીકભાઈ ધકાણનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, હાસ્ય કલાકાર પદ્મશ્રી સાહબુદીન રાઠોડ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જીતેન્દ્રભાઈ ગોસાઈએ જહેમત ઉઠાવી હતી.

## ગુજરાત સ્થાપના દિવસની મોદી સ્કુલમાં ‘માટીની મહેંક’ કાર્યક્રમ સાથે ઉજવણી



રાજકોટ, તા. ૧

શિક્ષણની સાથોસાથ સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અગ્રેસર રહેતી એવી મોદી સ્કુલ, ગુજરાત એટલે સ્નેહનો સરવાળો, બડાઈની બાદબાકી, ગુણોનો ગુણાકાર અને ભાટાઈનો ભાગાકાર, દૂધમાં સાકર ભળે એમ અનેક ભાષાના શબ્દો ગુજરાતીમાં ભળી ગયા છે. પ્રાચીન સંસ્કૃતિમાં માટીનું ખુબ જ મહત્વ રહેલ છે. પહેલાના સમયમાં ઘરો, વાસણો બનાવવામાં માટીનો ઉપયોગ થતો. બાળકો નાનપણમાં માટીના રમકડાં બનાવી અલગ-અલગ રમતો રમતા, પરંતુ આજના આધુનિક સમયમાં ા બધુ વિસરાઈ જવા પામેલ છે. મોદી સ્કુલ દ્વારા આ વિસરાયેલ બાબતોને અનુલક્ષી બાળપણની સુંદર પળોને ઉજાગર કરવા માટીમાંથી વિવિધ રમકડાં, લિપણ કાર્ય, માટી ખુંદતા, રંગોળી બનાવવી, પામ પ્રિન્ટ બનાવવી જેવી પ્રવૃતિઓ વિદ્યાર્થીઓને કરાવવામાં આવી હતી. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડો.આર.પી.મોદી તથા મેનેજિંગ ડિરેકટર ધવલભાઈ મોદી દ્વારા ગુજરાત રાજય સ્થાપના દિવસની તેમજ માટીની મહેક કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને શુભેચ્છા પાઠવેલ હતી.

## મનપાના વધુ ૭ કર્મચારીને નિવૃત્તિ વિદાયમાન અપાયું

### છેલ્લા દિવસે તમામને પી.એફ. સહિતના લાભો ચૂકવી દેવાયા



રાજકોટ, તા. ૧

મહાનગરપાલિકામાં એપ્રિલ-૨૦૨૪માં નિવૃત થયેલ સાત અધિકારી, કર્મચારીઓને આસી. કમિશનર હર્ષદ પટેલ દ્વારા મોમેન્ટો અને શુભેચ્છા પત્ર આપી વિદાયમાન આપવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીઓ અને કર્મચારીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તેવી વ્યવસ્થા કમિશનરે લાગુ કરી છે.

નિવૃત્ત થયેલા અધિકારીઓ અને કર્મચારીઓમાં (૧) આરોગ્ય શાખાના સિનીયર કલાર્ક ખખર કુંદનકુમારી, (૨) રોશની શાખાના વાયરમેન તીલારા રમેશભાઈ, (૩) રોશની શાખાના લેબર વાળા બાબુભાઈ, (૪) લાઈનમેન દેવાણી નાદિરભાઈ, (૫) સ્પે. કન્સર્વેન્સી શાખાના લેબર નૈયા મોહનભાઈ, (૬) વર્કશોપ શાખાના લેબર સુવા રાજાભાઈ અને (૭) સફાઈ કામદાર બારૈયા જેન્તીભાઈનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં કર્મચારીઓના પી.એફ. અને હક્ક રજાના રોકડમાં રૂપાંતર અંગેના ચુકવણીના હુકમો તથા પી.પી.ઓ. બુકની નકલ પણ આપવામાં આવેલ હતી.

## ઈન્ડિજિન લિમિટેડનો આઈપીઓ સોમવારે, ૬ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે



અમદાવાદઃ ઈન્ડિજિન લિમિટેડ સોમવાર, ૦૬ મે, ૨૦૨૪ના રોજ તેનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૦૮ મે, ૨૦૨૪ છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે શુક્રવાર, ૦૩ મે, ૨૦૨૪ છે.

ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૩૦થી ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૫૨ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૩૩ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૩ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

ઓફરમાં રૂ. ૭,૬૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ તથા ૨૩,૯૩૨,૭૩૨ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફર જેમાં મનિષ ગુપ્તા દ્વારા ૧,૧૧૮,૫૯૬ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, ડો. રાજેશ ભાસ્કરન નાયર દ્વારા ૩,૨૩૩,૮૧૮ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, અનિતા નાયર દ્વારા ૧,૧૫૧,૪૫૪ સુધીના એટલા મૂલ્યના મિલિયનના ઈક્વિટી શેર્સ ગ્રુપ લાઇફ સ્પ્રિંગના પાર્ટનર તરીકે તેની ક્ષમતામાં વિદા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૩,૬૦૦,૦૦૦ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, બીપીસી જેનેસિસ ફંડ ૧ એસપીવી લિમિટેડ દ્વારા ૨,૬૫૭,૬૮૭ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, બીપીસી જેનેસિસ ફંડ ૧-એ એસપીવી લિમિટેડ દ્વારા ૧,૩૭૮,૫૨૭ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ અને સીએ ડોન દ્વારા ૧૦,૭૯૨,૬૫૦ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ નો સમાવેશ થાય છે.

## હરિવંદના કોલેજના પ્રોફેસર કલ્પેશ સરધારા પીએચડી થયા



રાજકોટ, તા.૧

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાનાં કોલીથડ ગામના દિનેશભાઇ ચનાભાઇના પુત્ર કલ્પેશભાઇ સરધારાએ પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. તેઓ હરિવંદના કોલેજમાં છેલ્લા ૮ વર્ષથી કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના અલગ-અલગ કોર્ષ, બીકોમ, બીબીએ, એમકોમ આસિ.માં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.

તેઓએ રાજકોટની એસ.ડી.આર. હોમ સાયન્સ એન્ડ એમ.જે. કુંડલીયા કોમર્સ કોલેજના પ્રોફેસર ડો. આશિષ મકવાણાના માર્ગદર્શન હેઠળ કોમર્સ વિભાગમાં "An Impact of ROa and ROE on share holder value creation of selected paper companies in india with reference to Du Pont Model" વિષય પર સંશોધન કાર્ય કરેલ જેને માન્ય રાખીને સૌરાષ્ટ્ર યુનિ.એ પીએચડી ડિગ્રી એનાયત કરી છે.

## વેકસીન

(પહેલા પાનાનું ચાલુ)

કબુલ કર્યુ કે તેના દ્વારા ઉત્પાદીત કોવિડ વેકસીનના કારણે ગંભીર સાઈડ ઈફેકટ થઈ શકે છે. જો કે એક લાખમાં એક વ્યક્તિને પણ ભાગ્યે જ આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ શકે છે. ભારતમાં એસ્ટ્રાજેનેકાની આ વેકસીનનું નિર્માણ પુના સ્થિત સીરમ ઈન્સ્ટીટયુટ દ્વારા કરાયું છે અને તેની કોવિશિલ્ડ વેકસીન ભારતમાં ૭૦ ટકાથી વધુ લોકોએ ડબલ ડોઝમાં લીધી છે. બ્રિટનમાં એસ્ટ્રાજેનેકા સામે દાવો દાખલ થયો છે તે સમયે કરૂણ્યા નામના એક મહિલાના પિતા વેણુગોપાલન ગોવિંદને સીરમને અદાલતમાં ઘસેડતા કહ્યું હતું કે એસ્ટ્રાજેનેકાએ બહુ વિલંબથી કબુલ કર્યુ છે પરંતુ તે સમય દરમ્યાન સેંકડોના જીવન ગયા છે. એસ્ટ્રાજેનેકા અને સીરમે યુરોપના ૧૫ દેશોમાં આ વેકસીન મોકલવાનું બંધ કર્યુ હતું. કારણ કે તેમાં આડઅસરથી મૃત્યુની માહિતી બહાર આવી હતી. જેમાં હવે એક રીટ પીટીશન દાખલ કરીને તેમની પુત્રીના મૃત્યુ બદલ વળતરનો દાવો દાખલ કરવા ઉપરાંત નિષ્ણાંતોનું એક મેડીકલ બોર્ડ રચીને તેમના પુત્રી અને અન્યના મૃત્યુ અંગે તપાસની માંગણી કરી છે. જો કે સીરમે તેના પર કોઈ પ્રતિભાવ આપવાનો ઈન્કાર કર્યો છે. ગોવિંદને જણાવ્યું હતું કે સરકારે કોવિડની આ વેકસીન સલામત અને અસરકારક છે અને તેની કોઈ સાઈડઈફેકટ નથી તેવો દાવો કર્યો હતો પરંતુ હવે જે વાસ્તવિકતા બહાર આવી છે તે અલગ જ છે અને તેથી સરકારે તેને ગંભીરતાથી લેવી જોઈએ.

## વેકસીનની સાઈડ ઈફેકટથી મોત સામે એસ્ટ્રાજેનેકાએ ફકત સહાનુભૂતિ દર્શાવી

લંડન તા.૧

બ્રિટીશ કંપની એસ્ટ્રાજેનેકાની કોવિડ વેકસીનના ગંભીર સાઈડ ઈફેકટ અંગે ઈંગ્લેન્ડની એક અદાલતમાં ૧૦૦ બિલિયન પાઉન્ડનો દાવો દાખલ થયો છે તે વખતે જ એસ્ટ્રાજેનેકાએ એક નિવેદનમાં જે લોકોને આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ છે તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. એસ્ટ્રાજેનેકાએ ખુદે સ્વીકાર્યુ છે કે વેકસીનની સાઈડ ઈફેકટ થઈ શકે છે અને હવે એક નિવેદનમાં જણાવ્યું કે જે લોકોએ વેકસીન લીધા બાદ પોતાના પ્રિયજન ગુમાવ્યા છે કે જેમને કોઈ ગંભીર અસર થઈ છે તેના પ્રત્યે અમને સહાનુભૂતિ છે. કંપનીએ એવું કહ્યું કે રોગીઓની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમીકતા છે અને વેકસીન સહિતની અમારી દવાના સુરક્ષિત ઉપયોગને સુનિશ્ચિત કરવા અમારા આકરા ધોરણો છે.

## સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવના વધારાના હવાલામાંથી મુકિત માંગતા ડો. રમેશ પરમાર : કુલપતિને પત્ર

### કામગીરીના ભારણથી તબીયત નાદુરસ્ત રહેવા લાગી હોવાનો પત્રમાં ઉલ્લેખ : ગંદા રાજકારણથી કંટાળી જઇ મુકિત માંગ્યાની ચર્ચા

રાજકોટ, તા. ૧

સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવના વધારાના હવાલામાંથી મુકત કરવા નાયબ કુલસચિવ ડો. રમેશ પરમારે યુનિ.ના કાર્યકારી કુલપતિ ડો. નિલામ્બરીબેન દવેને પત્ર પાઠવેલ છે.

આ અંગે યુનિ.ના નાયબ કુલસચિવ ડો. રમેશ પરમારે જણાવ્યું છે કે તેઓએ ગત તા. ૧-૧૨-૧૩થી યુનિ.ના કુલસચિવનો વધારો ચાર્જ સંભાળેલ હતો.

તેઓએ જણાવ્યું છે કે કુલસચિવ તરીકેની કામગીરીના ભારણને લીધે તેઓની તબીયત નાદુરસ્ત રહેવા લાગી છે.

પરિવારને પણ પુરતો સમય ફાળવી શકાતો ન હોય તેઓને સોંપવામાં આવેલ કુલસચિવ તરીકેની વધારાની જવાબદારીને તેઓ પુરતો ન્યાય આપી શકતા ન હોય કુલસચિવ તરીકેની વધારાની જવાબદારીમાંથી મુકત કરવા તેઓએ જણાવ્યું છે.દરમિયાન યુનિ. વર્તુળોમાં ચર્ચાતી ચર્ચા મુજબ યુનિ.ના ગંદા રાજકારણ અને વધારાના બોજથી કંટાળી કુલસચિવના વધારાના હવાલામાંથી નાયબ કુલસચિવ રમેશ પરમારે મુકિત માંગેલ છે.

## જીએસટી

(પહેલા પાનાનું ચાલુ)

વધુ છે. નાણા મંત્રાલય દ્વારા જણાવાયુ છે કે રૂા.૨ લાખ કરોડની આવકનો મને અંદાજ હતો. નાણાકીય વર્ષના પ્રથમ માસમાં જ થયેલી આ આવકથી ૨૦૨૪-૨૫ના વર્ષમાં જીએસટી આવક સૌથી મોટો રેકોર્ડ સર્જે તેવી ધારણા છે અને ૨૦૨૪-૨૫માં સરેરાશ જીએસટી માસીક આવક રૂા.૧.૮૦ લાખ કરોડ નોંધાઈ શકે છે જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ૧.૬૮ લાખ કરોડ હતું અને ૨૦૨૨-૨૩માં તે સરેરાશ રૂા.૧.૫૧ લાખ કરોડ નોંધાયું હતું.

## રાંધણગેસ

(પહેલા પાનાનું ચાલુ)

રાખવામાં આવ્યા છે. નવા ભાવ આજથી જ લાગુ થઈ ગયા છે.કોમર્શીયલ એલપીજી સીલીન્ડરની કિંમત પાટનગર દિલ્હીમાં ૧૭૬૪.૫૦થી ઘટીને ૧૭૪૫.૫૦ થઈ છે. કોલકતામાં ભાવ ૧૮૭૯થી ઘટીને ૧૮૫૯ થયો છે. મુંબઈમાં ૧૭૧૭.૫૦નો ભાવ ઘટીને ૧૬૯૮ તથા ચેન્નઈમાં ૧૯૧૧ થયો છે.ઘરેલુ એલપીજી સીલીન્ડરની કિંમત ૮૦૩ પર યથાવત રાખવામાં આવી છે. આ પુર્વે ફેબ્રુઆરીમાં મહિલા દિવસ નિમિતે તેમાં રૂા.૧૪નો ઘટાડો કરાયો હતો. ઉજજવલા યોજના હેઠળ તે રૂા.૬૦૩માં અપાય છે.

## પાટીદાર

(છેલ્લા પાનાનું ચાલુ)

‘સરદાર પટેલ અને ભોજલરામબાપાના સીધા વારસદારો’નો નિમંત્રણપત્રક ખાસ ઉલ્લેખ છે. સ્વાભિમાન સમિતિનું નામ પણ સૂચક છે. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી પ્રચારમાં સ્વાભિમાનની લડાઇ લડતા હોવાનો જ પ્રચાર કરતાં હોવાનું ઉલ્લેખનીય છે.બીજી તરફ તા.૪ને શનિવારે સાંજે ૭ વાગ્યે નવા ૧૫૦ ફૂટ રોડ પર આવેલા ગોવાણી ફાર્મમાં સમસ્ત પાટીદાર સમાજના બેનર હેઠળ સ્નેહમિલન રાખવામાં આવ્યું છે. તેની આમંત્રણ પત્રિકામાં પણ સમિતિ સિવાય કોઇ નામોલ્લેખ નથી. લોકશાહીના મહાપર્વની ભવ્ય ઉજવણીના ભાગરૂપે સમસ્ત પાટીદાર સમાજનું આ સ્નેહમિલન હોવાનું જણાવવામાં આવ્યું છે. પાટીદાર સમાજના સંગઠન ‘સરદારધામ’ના આગેવાનોનું આયોજન હોવાની ચર્ચા છે. સરદારધામમાં લેઉવા તથા કડવા એમ બન્ને સમાજના આગેવાનો સક્રિય હોવાનું કહેવાય છે. જો કે, એક મોટાવર્ગે જે તે વખતે અંતર રાખ્યું હતું તે સૂચક છે.

## હાર્ટએટેક

(છેલ્લા પાનાનું ચાલુ)

આવાસમાં રહેતા પરેશભાઈ ત્રિવેદી અને આડા પેડક રોડ પર એકલવાયું જીવન જીવતા રાજુભાઇએ સારવારમાં દમ તોડયો હતો.પ્રથમ બનાવની વિગત અનુસાર પરેશભાઈ ગીરજાશંકર ત્રીવેદી (ઉ.વ.૪૪ રહે- ગોકુલધામ આવાસ ક્વાર્ટર, રાજકોટ) નામનો યુવક સાંજે સૂતા બાદ ઉઠ્યો જ નહીં. બેભાન હાલતમાં યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ અંગે તેઓનાં પરિવારજનોએ જણાવ્યું કે પરેશભાઈને છેલ્લાં ત્રણેક મહીનાથી પગમાં સોજા ચડતાં હતાં. તેઓ ઘડિયાળના કારખાનાં નોકરી કરતો હતો. ગઈ કાલે પોતાનાં ઘરે સાંજે સુઈ ગઈ બાદ સવારે ઉઠયા જ નહિ.જેથી યુવકને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.આ ઉપરાંત બીજા બનાવમાં આડો પેડક રોડ સંત કબીર રોડના નાલા પાસે શ્યામજી કૃષ્ણવર્મા વર્મા બગીચા પાસે શકિત પરોઠાના સામે બેભાન હાલતમાં પડેલ યુવકને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ યુવકે દમ તોડી દિધો હતો. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે રાજુભાઈ ભરતભાઈ (ઉ.વ.૩૫) રખડતું ભટકતું જીવન જીવતો હતો. સંત કબીર રોડના નાલા પાસે શ્યામજી કૃષ્ણવર્મા વર્મા બગીચા પાસે રહેતો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

## કોંગ્રેસનાં રાહુલ ગાંધીના રાજા-રજવાડા વિશેનાં નિવેદનને કરણીસેનાએ વખોડયુઃ આવેદન

### કરણીસેનાનાં હોદેદારાની જિલ્લા કલેકટરને રજૂઆત



રાજકોટ,તા.૧

તાજેતરમાં કર્ણાટકની એક સભામાં કોંગ્રેસના રાહુલ ગાંધીએ રાજા-મહારાજાનીઓ વિશે કરેલી ટીપ્પણીને કરણી સેના રાજકોટ શાખાએ વખોડી કાઢી જિલ્લા વહીવટી તંત્રને આવેદનપત્ર આપ્યું છે.કરણી સેના રાજકોટ શાખાએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ તાજેતરમાં કર્ણાટકની એક સભામાં કોંગ્રેસના રાહુલ ગાંધીએ જાહેર સભામાં રાજાઓ લોકોની જમીન આંચકી લેતા હતા.તેવું ભાષણ તદ્દન જુઠુ છે રાજાઓની ગરીમા અને ઉધરતા ઉપર ખોટા આક્ષેપ છે આ જુઠાણા તે અમે વખોડી કાઢીએ છીએ સાથે રાહુલ ગાંધી ઉપર કાનૂની રાહે કાર્યવાહી કરવા માંગણી છે.

## ગિરનાર પર્વત પર ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા રોપ-વે ચોથા દિવસે બંધ

### પવનની ગતિ સામાન્ય થતા ફરી રોપ-વે શરૂ કરાશે



જૂનાગઢ,તા.૧

ગિરનાર પર્વત ઉપર હાલ ઉનાળાની ઋતુમાં પવનની ગતિમાં સતત વધારો થતાં છેલ્લા ૪ દિવસથી ગિરનાર રોપ-વે સેવા ઠપ્પ થતાં દુર-દુરથી આવતા યાત્રીકોએ પરેશાની અનુભવી હતી.ભવનાથ ક્ષેત્રમાં રાજયભરના અને અન્ય રાજયોનાં પ્રવાસીઓ બારેમાસ મોટી સંખ્યામાં આવતા હોય ગિરનાર પર્વત પર બિરાજતામાં અંબાનાં દર્શન માટે રોપ-વે સેવા યાત્રાળુઓને અનુકુળ હોય હાલમાં છેલ્લા ચાર દિવસથી અંદાજે ૬૦ કિ.મી.પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાતા રોપ-વે બંધ કરવાની ફરજ પડી છે. છેલ્લા ચાર દિવસ રોપ-વે બંધ રહ્યો છે. આવતીકાલથી પ્રતિકુળ હવામાનની આગાહી છે. હવામાન અને પવનની ગતિ સામાન્ય થતાં રોપ-વે સેવા ફરીથી કાર્યરત થશે વધુ માહિતી માટે કસ્ટમ કેર ૧૮૦૦૨૦૨૪૦૫૦ પર સંપર્ક સાધવો.

# KYC અપડેટ નથી થયા; ૧.૩ કરોડ ઈન્વેસ્ટરોના ખાતા સ્થગિત

## ૧લી એપ્રિલથી લાગુ પડેલા નવા નિયમો હેઠળ વિજ-ફોનબિલ કે બેંક પાસબુક- સ્ટેટમેન્ટના આધારે ખુલેલા ખાતા માન્ય નથીઃ તમામ ૧૧ કરોડ ખાતાઓનુ ત્રણ શ્રેણીમાં વિભાજન કરાયુ

મુંબઈ તા.૧

શેરબજાર-કોમોડીટી માર્કેટોમાં રીટેઈલ ઈન્વેસ્ટરોનો રસ વધ્યો છે અને રોજેરોજ રોકાણકારોની સંખ્યા વધી રહી છે ત્યારે હાલ ૧.૩ કરોડ ઈન્વેસ્ટરોના ખાતા વિવિધ નિયમપાલન ન થવાના કારણોસર સ્થગીત હોવાનો રિપોર્ટ જાહેર થયો છે.

કેવાયસી રજીસ્ટ્રેશન કામગીરીનું સંચાલન કરતી કેઆરએના રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે સેબીમાં ૧૧ કરોડ ઈન્વેસ્ટરો નોંધાયા છે તેમાંથી ૧.૩ કરોડ ખાતા સ્થગીત થયેલા છે. આ ખાતાના ઈન્વેસ્ટરો શેરબજાર, કોમોડીટી માર્કેટ કે મ્યુચ્યુઅલ ફંડમાં કોઈ કામગીરી કરી શકતા નથી. સેબીના અનેકવિધ નિયમોનું પાલન ન કરવા બદલ ખાતા સ્થગીત થયા છે. ઈન્વેસ્ટરો કેવાયસી અપડેટ કરાવીને ફરી એકટીવ કરી શકે છે.

હજારો ઈન્વેસ્ટરોએ આધાર સાથે પાનકાર્ડ લીંક કરાવ્યા નથી પરિણામે તેઓના કેવાયસી અપડેટ નથી. વિવિધ શ્રેણીના ઈન્વેસ્ટરો માટે અલગ-અલગ કેવાયસી અપડેટ કરાવવાના હોય છે. અનેક ઈન્વેસ્ટરોએ વિજળી-ટેલીફોન બીલ-બેંક ખાતાના સ્ટેટમેન્ટ મારફત કેવાયસી કરેલા છે પરંતુ સેબીના નિયમો મુજબ તે માન્ય દસ્તાવેજ નથી.

૧લી એપ્રિલથી કેવાયસી કોમ્પ્લાયન્સની નવી પ્રક્રિયા લાગુ પડી છે. ત્રણ કેટેગરીમાં વિભાજન થયુ છે. માન્ય ખાતા, રજીસ્ટર્ડ ખાતા તથા સ્થગીત ખાતાઓની કેટેગરી સર્જવામાં આવી છે. પાનકાર્ડ, આધારકાર્ડ, ઈમેઈલ તથા મોબાઈલ ફોનની વિગતો ધરાવતા ખાતાધારકોને શેરબજારના વ્યવહારો કરવામાં કોઈ આરોપ નથી.




રજીસ્ટર્ડ ખાતા ધરાવતા ઈન્વેસ્ટરો રોકાણ વ્યવહાર કરી શકે છે પરંતુ નવુ ડીમેટ ખાતુ ખોલાવવા કે નવા ફંડમાં રોકાણ કરવા માટે ફરી કેવાયસી પ્રક્રિયા કરવાની રહે છે.

બેંક સ્ટેટમેન્ટ, વિજ-ફોનબીલ કે આવા અન્ય દસ્તાવેજોના આધારે કેવાયસી પ્રક્રિયા માન્ય નથી એટલે ઈન્વેસ્ટરો રોકાણ વ્યવહારો-ટ્રેડીંગ કરી શકતા નથી. ખાતામાં પડેલુ ફંડ પણ ઉપાડી શકતા નથી આ માટે કેવાયસી અપડેટ કરવાનુ ફરજીયાત છે.

ભારતમાં અંદાજીત ૧૧ કરોડ ઈન્વેસ્ટરો છે. તેમાંથી ૭.૯ કરોડ અર્થાત ૭૩ ટકા માન્ય ખાતા છે અને કોઈપણ રોકાણ વ્યવહારો કરી શકે છે. ૧૨ ટકા ખાતામાં નવા ડિમેટ ખાતા કે નવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ શકય નથી.

કેવાયસી રજીસ્ટ્રેશન પ્રક્રિયા કરતી પાંચ એજન્સીઓએ સંયુકત નિવેદન જારી કરીને ઈન્વેસ્ટરોને પોતપોતાના ખાતાનુ કેવાયસી સ્ટેટસ ચકાસવાની સલાહ આપવામાં આવી છે. પોતાના બ્રોકર કે મ્યુચ્યુઅલ ફંડ મારફત કેવાયસીમાં સુધારા પણ કરાવી શકે છે. કેવાયસી અપડેટ થઈ જવાના સંજોગોમાં તુર્તજ તેમના ખાતામાં માહિતી જોવા મળશે. એકથી વધુ બ્રોકર કે મ્યુચ્યુઅલ ફંડમાં ખાતા હોય તો દરેક સ્થળોકે ખાતામાં કેવાયસી અપડેટ કરાવવાની જરૂરિયાત નથી. માત્ર એક સ્થળે કેવાયસી અપડેટ કરવામાં આવે એટલે ઓટોમેટીક રીતે તમામ ખાતામાં થઈ જશે.

### હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવી બિમારીઓથી રાહત મળશે

# ચાર કલાકની શારીરિક પ્રવૃત્તિ તમને જીવનભર સ્વસ્થ રાખી શકે



નવી દિલ્હી : દરરોજ ચાર કલાકની શારીરિક પ્રવૃત્તિ અને આઠ કલાકની ઊંઘ લેવાથી વ્યક્તિ જીવનભર સ્વસ્થ રહી શકે છે. તેનાથી તમે હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી અનેક બીમારીઓથી પણ રાહત મેળવી શકાય છે. આ દાવો સાયન્સ જર્નલ ડાયાબિટોલોજિયામાં પ્રકાશિત એક અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

સંશોધકોએ જણાવ્યું કે, ચાર કલાકની શારીરિક પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ્ય વજનને નિયંત્રિત કરવાનો હોવો જોઈએ. આનો અર્થ એ નથી કે માત્ર હળવી પ્રવૃત્તિઓની મદદથી વજન ઘટાડી શકાય છે. આ માટે મહેનત અને લગનથી કસરતનો આશરો લેવા નો હોય છે. આ સિવાય આઠ કલાકની ઊંઘ પણ જરૂરી છે, જે કસરત અને ખોરાકને પચાવવામાં આવતા થાકને દૂર કરવામાં મદદ કરી શકે છે. વધુ પડતો સમય બેસી રહેવાથી હાઈ બ્લડ પ્રેશર થઈ શકે છે, સંશોધકોએ જણાવ્યું હતું.

**જ્યારે કસરત કરવાનો સમય હોય ત્યારે સૂવું જોખમી**

અગ્રણી સંશોધક બ્રેકનરિજે જણાવ્યું હતું કે, જો રોજિંદી દિનચર્યા પ્રમાણે કસરતને બદલે ઊંઘ લેવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. તેથી, ચોક્કસ સમય ફાળવવો મહત્વપૂર્ણ છે. તે જ સમયે, પ્રકાશ પ્રવૃત્તિઓ વચ્ચે નિદ્રા લઈ શકાય છે. કસરત અને ઘરના કામકાજ વચ્ચે અંતર રાખવું પણ જરૂરી છે. ચાર કલાકની શારીરિક પ્રવૃત્તિનો અર્થ એ નથી કે વ્યક્તિ સતત તેમાં વ્યસ્ત રહેવું જોઈએ, પરંતુ દિવસભર તેને સમય આપવો જોઈએ.

**ઘરના નાના-મોટા કામ અને કસરત પણ મહત્વપૂર્ણ છે.**

અભ્યાસ મુજબ, 'સારા સ્વાસ્થ્ય' માટે દિનચર્યામાં હળવી, મધ્યમ અને કેટલીક ઉત્સાહી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો જોઈએ. હળવી પ્રવૃત્તિમાં ઘરના કામો કરવાથી માંડીને રાત્રિભોજન રાંધવા સુધીનો સમાવેશ થઈ શકે છે, જ્યારે મધ્યમ અને જોરદાર કસરતમાં ઝડપી ચાલ અથવા જિમ વર્કઆઉટ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આના દ્વારા વ્યક્તિ ફિટ રહી શકે છે. કસરતના ફાયદા ઝડપથી દેખાય છે.

**આ રીતે અભ્યાસ થયો**

સ્વિનબર્ન યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા ટેક્નોલોજીના સંશોધકોએ અભ્યાસમાં બે હજારથી વધુ લોકોને સામેલ કર્યા હતા. તેઓએ શારીરિક રીતે સક્રિય રહેવામાં વિતાવેલ સમય વિશેનો ડેટા એકત્રિત કર્યો. જાણવા મળ્યું છે કે જે લોકો ઘરના કામ અને કસરતમાં વ્યસ્ત છે તેઓ સ્વસ્થ છે. ૩૦ ટકા લોકો ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશરથી પીડિત હોવાનું જાણવા મળ્યું હતું, જેઓ દૈનિક શારીરિક પ્રવૃત્તિઓમાં સામેલ ન હતા.

સાંજ સમાચાર
વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ
આજે જ જોડાવ
એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ
તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ
Join "સાંજ સમાચાર" WhatsApp Channel
Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel
સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :
- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેકટ પર ફોરવર્ડ કરી શકશો

# વંદે ભારત, વંદે અમૃત બાદ હવે જુલાઈથી વંદે મેટ્રો ટ્રેન દોડશે

## સંપૂર્ણપણે મેડ ઈન ઈન્ડિયા વંદેમેટ્રો ટ્રેનની પહેલી ઝલક/ બહાર આવીઃ યાત્રિકોને રેપિડ શટલ જેવો અનુભવ થશે

નવી દિલ્હી,તા.૧

વંદે ભારત અને અમૃત ભારત બાદ હવે દેશવાસીઓને વંદે મેટ્રો ટ્રેનમાં પ્રવાસ કરવાનો મોકો મળશે.દેશની પહેલી મેટ્રો ટ્રેન બનીને તૈયાર થઈ ગઈ છે અને તેને જુલાઈથી પાટા પર ઉતારવાની તૈયારી થઈ રહી છે. આ ટ્રેન સંપૂર્ણપણે મેડઈન ઈન્ડિયા છે જેની પહેલી ઝલક બહાર આવી છે.



દેશની પહેલી અને સંપૂર્ણપણે સ્વદેશી વંદે મેટ્રોને ચેન્નાઈ સ્થિત ઈન્ટીગ્રલ કોચ ફેકટરીમાં તૈયાર કરવામાં આવી છે. મંગળવારે તેનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં ફેક્ટરીની અંદર વંદે મેટ્રો ટ્રેનને જોઈ શકાય છે. વંદે મેટ્રો ટ્રેનમાં પેસેન્જર્સને અનેક સારી એડવાન્સ સર્વિસ મળશે, જે તેમની સફર ઘણી જ આરામદાયક બનાવશે. આ ટ્રેનમાં અઈ કોચ ઉપરાંત ઓટોમેટિક દરવાજા અને ઈમરજન્સી એલાર્મ સિસ્ટમ પણ હશે.

ભારતમાં આ વંદે મેટ્રોને તે રુટ્સ પર ચલાવવામાં આવશે જ્યાં બે શહેરો વચ્ચે ટ્રાંસપોર્ટેશનની જરુરિયાત છે. ૨૦૦ કિલોમીટરનું અંતર કાપનારી આ મેટ્રો ટ્રેનને સામાન્ય રીતે ૧૬૦ કિલોમીટરની સ્પીડે ચલાવવામાં આવશે. એક વખત ટ્રાયલનું કામ પુરું થઈ જશે તો તેને જૂન-જુલાઈમાં પેસેન્જર્સ માટે શરુ કરવામાં આવી શકે છે.

મેટ્રોની જેમજ આ ટ્રેનમાં ટિકિટ લઈને યાત્રા કરી શકાશે. ટિકિટ રિઝર્વ કરાવવાની કોઈ જરુર નહીં રહે. કેમકે આ ટ્રેન નાના અંતરને કાપશે. હાલ ટ્રેનનું ભાડું કંઈ નિશ્ચિત નથી કરાયું પરંતુ રેલવે અધિકારીઓએ સંકેત આપ્યા કે આ ટ્રેનનું ભાડું ઓછું જ હશે.

વંદે ભારત મેટ્રો ઓછા સમયમાં વધુ સ્ટોપેજ કવર કરવામાં મદદ કરશે. જેમાં શહેરવાસીઓની જરુરિયાતોને ધ્યાનમાં રાખતા નવી સુવિધાઓ અપાઈ છે.

વંદે મેટ્રો ઓછા અંતરવાળા શહેર વચ્ચે ચલાવવાની યોજના છે. જેમાં લખનઉ-કાનપુર, આગરા-મથુરા, દિલ્હી-રેવાડી, ભુવનેશ્વર-બાલાસોર અને તિરુપતિ-ચેન્નાઈ સહિતના શહેરો સામેલ છે. આ ઉપરાંત ભાગલપુર અને હાવડા વચ્ચે પણ મેટ્રો ચલાવવાની યોજના છે. આ ટ્રેન એક રુટ પર દિવસમાં ઓછામાં ઓછા ૨ થી ૪ વખત ચાલશે. આ ટ્રેનથી યાત્રિકોને રેપિડ શટલ જેવો અનુભવ થશે.

### બૃહસ્પતિ : રાશ્યાંતર અભ્યાસ

# મનુષ્ય જીવન પર અત્યંત ગાઢ અસરો ધરાવતા બૃહસ્પતિ દેવ હવે વિક્રમ સંવત ૨૦૮૦માં પ્રથમ મે ૨૦૨૪માં મેષ છોડી વૃષભ રાશિમાં પ્રવેશશે



'ગુરૂ' નામ સાંભળતા જ આપણને કંઈક 'મોટું' હોવાનો અહેસાસ થાય છે. સૂર્યમંડળમાં વિશાળ ગ્રહમાં ગુરૂની ગણના થાય છે. વૈજ્ઞાનિક રીતે જોઈએ તો ગુરુ લગભગ ૯૫ ઉપગ્રહો ધરાવે છે. ગુરૂનું ચુંબકીય ક્ષેત્ર પણ ખૂબ જ પ્રબળ છે. ધાર્મિક દ્રષ્ટિએ બૃહસ્પતિ 'દેવોના ગુરુ' છે. પૌરાણિક શાસ્ત્રો અનુસાર બૃહસ્પતિ એ બ્રહ્માજીનું પ્રતિનિધિત્વ કરે છે. મહાભારત અનુસાર બૃહસ્પતિ મહર્ષિ અંગિરાના પુત્ર ગણાય છે. હિન્દુ ધર્મમાં કેળના વૃક્ષના સ્વરૂપમાં બૃહસ્પતિની પૂજા કરવામાં આવે છે. **મનુષ્ય જીવન પર અત્યંત ગાઢ અસરો ધરાવતા બૃહસ્પતિદેવ વિક્રમ સવંત ૨૦૮૦માં તારીખ ૧ મે ૨૦૨૪ ના રોજ મેષ રાશિ છોડીને વૃષભ રાશિમાં પ્રવેશશે. ગુરૂના આ રાશ્યાંતરની અસર વિભિન્ન રાશિઓ પર વિભિન્ન રીતે પડે છે.** જેના વિશેનું સામાન્ય ફળકથન નીચે દર્શાવેલ છે. જાતકની જન્મ કુંડળીનું તલસ્પર્શી નિરીક્ષણ કરી, તેમાં તમામ ગ્રહોના ગોચરનો અભ્યાસ કરી તેમજ મહાદશા-અંતર્દશા તેમ જ એક જ જાતકની બનતી અનેક કુંડળીઓનો અભ્યાસ કરીને આપણે મનુષ્યની આગામી જીવનચર્યા માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકીએ છીએ.

ગુરૂ નભોમંડળમાં ધન તથા મીન રાશિનો સ્વામી ગણાય છે. જ્યારે કર્ક રાશિ તેની ઉચ્ચ રાશિ ગણાય છે. તેમજ મકર રાશિમાં બૃહસ્પતિ નીચસ્થ માનવામાં આવે છે. ગુરુ જ્ઞાન, શિક્ષક, સંતાન, મોટાભાઈ, શિક્ષા, ધાર્મિક કાર્ય, પવિત્ર સ્થળ, દાન-પુણ્ય, ભકિત ઉપાસના, જ્યોતિષ, સંપાદનકાર્ય, કંદોઈ, પીળી વસ્તુઓનો વ્યાપાર, અનાજ ઉત્પાદન, માખણ, ઘી, મિષ્ટાન્ન, સંતરા, હળદર, પીળા પુષ્પ, ચણાની દાળ વગેરે જેવી બાબતોનો કારક છે. ધાન્યની દ્રષ્ટિએ ચણા ઉપર તેનું પ્રભુત્વ છે. ગુરુ ગ્રહ અમુક જનાવરોનો પણ નિર્દેશ કરે છે. જેમ કે ઘોડા, બળદ, હાથી, બાજ, મોર, વહેલ, ડોલ્ફિન જેવા પશુઓ ગુરુની અસર હેઠળ આવે છે. રૂદ્રાક્ષમાં પંચમુખી રુદ્રાક્ષ એ ગુરૂનું

### આજથી ગુરૂના રાશ્યાંતરની અસર વિભિન્ન રાશિઓ પર વિભિન્ન રીતે પડે છે : મનુષ્યની આગામી જીવનચર્યા માટે યોગ્ય માર્ગદર્શન

પ્રતિનિધિત્વ કરે છે. ૨૭ નક્ષત્રો પૈકી પુનર્વસુ, વિશાખા તથા પૂર્વભાદ્રપદ નક્ષત્રના સ્વામી ગુરુ ગણાય છે. સામાન્ય રીતે ગોચરમાં જન્મ રાશિથી ગુરુ બે, પાંચ, સાત, નવ તથા અગિયારમા ભાવમાં પરિભ્રમણ કરતો હોય છે, ત્યારે જાતકને શુભ ફળ પ્રદાન કરે છે. બળવાન ગુરૂની અસરો ધરાવતો જાતક જીવનમાં પ્રગતિ કરે છે. ધર્મ તથા ન્યાયના રસ્તે ચાલી પ્રમાણિકતા પૂર્વક જીવન જીવે છે. જો કે ગુરુપ્રધાન વ્યક્તિ મેદસ્વી હોવાની શક્યતા રહે છે. નિર્બળ તથા અશુભ અસરો ધરાવતો ગુરૂ જાતકને અહંકારી બનાવે છે. તેમજ પેટ સંબંધિત દર્દો અપચો, એસીડીટી જેવી સમસ્યાઓથી જાતકને ગ્રસિત રાખે છે. આંગિરસ, વાકપતિ, જીવ, પ્રશાંત, દેવપૂજ્ય, ગુરુ, સુરાધિપ, વચસાંપતિ, ચિત્રશિખંડિજ, વાચસ્પતિ, સુરાચાર્ય, ઈજ્યદ્યુતિ વગેરે જેવા નામોથી પણ બૃહસ્પતિની ઓળખ કરવામાં આવે છે. શાસ્ત્રમાં ગુરૂના અન્ય ગ્રહોના સંયોજન દ્વારા ઘણા યોગ રચાતા હોવાના પ્રમાણ છે. જેમ કે ગુરુનું રાહુ સાથે જોડાણ ચંડાલયોગ, ગુરૂનું ચંદ્ર ગ્રહ સાથેનું જોડાણ ગજકેશરી યોગ રચે છે. જ્યારે ગુરુ સાથેની મંગળની યુતિ ગુરૂમાંગલ્ય યોગની રચના કરે છે. ગુરૂની દ્રષ્ટિ પોતાના ભાવથી પાંચમે,સાતમે તથા નવમે ગણવામાં આવે છે.

જન્મકુંડળીમાં કે ગોચરમાં ગુરુના પ્રતિકૂળ ગોચર ભ્રમણની અશુભ અસરોને હળવી બનાવવા માટે અલગ-અલગ ઉપાયો શાસ્ત્રમાં પ્રયોજવામાં આવેલા છે. જે પૈકી મંત્ર જાપ ઉત્તમ ગણવામાં આવેલ છે. ગુરુના મંત્ર જાપની સંખ્યા ૧૯૦૦૦ (કળિયુગમાં ચાર ગણા અર્થાત ૭૬૦૦૦) ગણવામાં આવે છે. ગુરુની દૂષિત અસરોથી મુક્તિ અથવા રાહત પામવા માટે નીચેના મંત્રનો જાપ કરી શકાય. રત્ન ઉપચાર જેવા ઉપાયો તરફ દ્રષ્ટિપાત કરતાં ગુરુ માટે 'પોખરાજ' નામના નંગને ધારણ કરવાનું પણ શાસ્ત્રોમાં વિધાન છે.

देवानांच ऋषिणां च
गुरूकांचनसन्निभम् ।
बुध्धिभूतंत्रिलोकेशंतंनमामिबृहस्पतिम् ।।

ઉપરોક્ત મંત્રથી સરળ સ્વરૂપમાં મંત્ર જાપ કરવાની ઈચ્છા હોય તો નીચે આપેલા મંત્રો પૈકી કોઈ પણ એક મંત્રનો જાપ પણ કરી શકાય.

।। ॐ ग्रांग्रींग्रौंसः गुरूवेनमः ।।
।। ॐ झांझींझौंगुरूवेनमः ।।
।। ॐ बृंबृहस्पतयेनमः ।।
।। ॐ ऐंकलींबृहस्पतयेनमः ।।

बृहस्पति गायत्री मंत्र
।। ॐ
आंगिरसायविद्महेदिव्यदेहाय ।
धीमहितन्नोजीवःप्रचोदयात् ।।

એ સિવાય બૃહસ્પતિ સ્તોત્રમ અને બૃહસ્પતિ કવચના પાઠ પણ કરી શકાય છે.

**ગુરૂની પીડિત અસરમાંથી મુક્તિ અથવા રાહત પામવા માટે અન્ય ઉપાયો પણ શાસ્ત્રોમાં પ્રોજવામાં આવેલા છે. અમુક ઉપાયો નીચે દર્શાવેલા છે.**

દર ગુરૂવારે ચણાના લોટના લાડવા બનાવી બૃહસ્પતિ દેવને ધરાવીને પ્રસાદ વહેંચવો.

દર ગુરૂવારે જરૂરિયાતમંદ વ્યક્તિને મીઠા ભાત જમાડવા.

ઘરની બહાર જતી વખતે મસ્તિષ્ક પર ચંદન (હળદર અથવા કેસર મિશ્રિત) તિલક કરવું.

દર ગુરૂવારે સ્નાન કરવાના પાણીમાં થોડી હળદર ઉમેરીને સ્નાન કરવું.

બૃહસ્પતિ દેવની કૃપા પામવા માટે ગુરુવારના દિવસે પીપળાના વૃક્ષ પાસે ઘીનો દીવો કરીને વૃક્ષને પાણી અર્પણ કરવું.

આર્થિક બાબતે બૃહસ્પતિની કૃપા પામવા માટે ગુરવાર અથવા તો ગુરૂ પુષ્યામૃત યોગના દિવસે ત્રણ ગોમતી ચક્ર, ત્રણ પીળી કોડી તથા ત્રણ હળદરની ગાંગડી પીળા કપડામાં વીંટીને પૂજા કરીને તિજોરીમાં રાખવી.

દર ગુરૂવારે તુલસીજીને દૂધ અર્પણ કરવું.

કેળના વૃક્ષની પૂજા કરવી.

ગુરૂવારે ગોળ તથા ચણાની દાળ મિશ્ર કરી ગાયને ખવડાવવી.



**સનતકુમાર વી. પોપટ**
**(પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ, સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર)**
**(મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦/૯**
- વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- પોલિટિકલ કોર્પોરેટ એસ્ટ્રોલોજિકલ કન્સલ્ટન્ટ.
- વાસ્તુ : પાવર ઓફ ડાઈરેકશન એક્સપર્ટ.
- ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- માઈન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- સૌથી નાની વયે સૌ.યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

### ગુરૂના અન્ય ગુણધર્મો વિશેનું કોષ્ટક

| | | | |
|---|---|---|---|
| તત્વ | આકાશ | વર્ણ | બ્રાહ્મણ |
| રત્ન | પોખરાજ | રંગ | પીળો |
| પ્રકૃતિ | કફ | ગુણ | સત્વ |
| ધાતુ | પિત્તળ , સોનું | ઉપધાતુ | કાંસું |
| લિંગ | પુરૂષ | પદ | દેવગુરૂ |
| અધિષ્ઠાતા | જ્ઞાન | દિશા | ઈશાન |
| ભાવ કારક | ૫ , ૧૦ ,૧૧ | દ્રષ્ટિ | ૫ , ૭ , ૯ |
| સ્વરાશિ | ધન , મીન | ઋતુ | હેમંત |
| ઉચ્ચસ્થ રાશિ | કર્ક | નીચસ્થ રાશિ | મકર |
| મિષ્ટ | સાકર | રસ | મધુર |
| પશુ | ઘોડો | ધાન્ય | ચણા |
| નક્ષત્ર | પુનર્વસુ , વિશાખા પૂર્વાભાદ્રપદ | | |

# વિક્રમ સંવત ૨૦૮૦માં ગુરૂના ગોચર ભ્રમણની આપની રાશિ પર અસર

**મેષ:- (અ,લ,ઈ)** મેષ રાશિ જાતકો માટે બીજા સ્થાનમાં ગુરૂનું પરિભ્રમણ આર્થિક આયોજન ખૂબ જ સમજપૂર્વક કરવાનું સૂચવે છે. જ્યારે છઠ્ઠા સ્થાન પર ગુરૂની દ્રષ્ટિ મોસાળ પક્ષ સાથેના સંબંધો મજબૂત બનાવશે. કોમ્પિટિશન-સ્પર્ધામાં આપનો વિજય પ્રાપ્ત કરી શકો. આકસ્મિક બનાવથી રક્ષણ પ્રાપ્ત થતું જણાય. સર્વિસમાં ઈમેજને મજબૂત બનાવતા કોઈ પ્રોજેક્ટને સફળતાપૂર્વક પૂર્ણ બનાવી શકાય. વિલ-વારસાના પ્રશ્નોમાં આપને ફેવર પ્રાપ્ત થતી જણાય. વ્યવસાય ઉન્નતિ હેતુ નવી યોજનાઓ અમલમાં મૂકી શકો.

**વૃષભ:- (બ,વ,ઉ)** વૃષભ રાશિ જાતકોને પ્રથમ સ્થાનનો ગુરૂ સ્વાસ્થ્ય વિષયક જાગૃતિ સાથે ખાન-પાનમાં નિયમિતતા અપનાવવાનું સૂચવે છે. પાંચમા સ્થાનમાં પડનારી ગુરૂની દ્રષ્ટિ શેરબજાર દ્વારા ઉત્તમ લાભ અપાવી શકે. સાતમા સ્થાન પરની ગુરૂની દ્રષ્ટિ અવિવાહિત જાતકો માટે યોગ્ય પસંદગીનો અવસર અપાવી શકે. જાહેર જીવનમાં સન્માન પ્રાપ્તિ શકય બને. નવી ભાગીદારી વિકાસનો દ્વાર ખોલી શકે. ભાગ્યસ્થાનને પ્રબળ બનાવતી ગુરૂની દ્રષ્ટિ કર્મક્ષેત્રે ઝળહળતી સફળતા અપાવવામાં નિમિત બની શકે.

**મિથુન:- (ક,છ,ઘ)** મિથુન રાશિ જાતકોને બારમા સ્થાનમાં ગુરૂનું પરિભ્રમણ વિવાદો અને વ્યર્થ ખર્ચ પર સંયમ રાખવાનું સૂચવે છે. ચતુર્થ સ્થાન પરની ગુરુની દ્રષ્ટિ માતૃપક્ષ દ્વારા ઉત્તમ લાભ અપાવી શકે. ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરવા માટે મહેનતમાં લાગી પડેલા વિદ્યાર્થીઓનું સપનું સાકાર થઈ શકે. છઠ્ઠા સ્થાનમાં ગુરુની અસર મેદસ્વીપણાથી બચવા માટેના ઉપાયો અપનાવાનું સૂચવે છે. આઠમા સ્થાન પર ગુરૂની દ્રષ્ટિ દુર્ઘટનાથી રક્ષણ અપાવશે. તેમ છતાં અહી શરત, સટ્ટા, ઝડપી વાહનો, એડવેન્ચર રાઈડ્સથી સ્વયંને દૂર રાખવા.

**કર્ક :- (ડ,હ)** કર્ક રાશિ જાતકોને રાશિ પરિવર્તન પામતો ગુરુ અગિયારમા સ્થાનમાં પ્રવેશ કરશે. મિત્રો પર વધુ પડતો વિશ્વાસ રાખીને વ્યવહારો કરવા નહીં. ગુરૂની દ્રષ્ટિ ભાવ ત્રણને બળવાન બનાવતી હોવાથી કાર્યક્ષમતામાં વધારો થઇ શકે. વિદ્યાર્થીઓને તેમની મહેનતનું ફળ પ્રાપ્ત થતું જણાય. રોકેલા નાણા ઊચિત વળતર સાથે પરત પ્રાપ્ત કરી શકો. સંતાનોની પ્રગતિ માટે અનુભવી - નિષ્ણાંતનું માર્ગદર્શન ઉપયોગી નિવડે. જીવનસાથી દ્વારા ઉત્તમ સહકાર પ્રાપ્ત થઈ શકે. જાહેરજીવનમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે.

**સિંહ :- (મ,ટ)** સિંહ રાશિ જાતકો માટે દશમા સ્થાનમાં પ્રવેશતો ગુરુ વ્યવસાયિક ક્ષેત્રે પરિશ્રમમાં વધારો અપાવી શકે. પરંતુ ધનસ્થાન, મિલકત સ્થાન તથા રોગ-શત્રુ સ્થાન પર ગુરુની દ્રષ્ટિ આર્થિક ગ્રાફ ઊંચો લઈ જવામાં પણ મદદ કરે. વક્તૃત્વ ક્ષમતાના અદ્ભૂત ઉપયોગ દ્વારા કાર્યસિદ્ધિ મેળવી શકો. મિલકત ખરીદ-વેચાણના લાભકારક સૌદાઓ પાર પાડી શકાય. કોમ્પિટિશન-પ્રતિસ્પર્ધામાં આગળ વધવા માટેના સચોટ આયોજનો ઘડી શકો. સર્વિસમાં પ્રમોશન માટેની આશા પૂર્ણ થતી જણાય.

**કન્યા :- (પ,ઠ,ણ)** કન્યા રાશિ જાતકો માટે નવમા સ્થાનમાં ગુરૂનું ભ્રમણ ભાગ્ય ઉન્નતિની તકોમાં ક્યાંક વિઘ્નનું સર્જન કરી શકે તેમ છે. છતાં કપરી પરિસ્થિતિમાં પણ સ્વ વ્યક્તિત્વનો વિકાસ કરી શકો. એગ્રીમેન્ટ-કરારોને લગતા કોઈ પ્રશ્નો હોય તો ઉકેલ આવતો જણાય. પ્રણય પ્રસંગોમાં સર્જાયેલી વિસંગતતાઓ દૂર થઈ શકે. સંતાનોની સેવાનો અવસર પ્રાપ્ત થઈ શકે. શેર રોકાણ તેમજ અન્ય નાણાકીય રોકાણો ઉત્તમ વળતર આપી શકે. નવી સ્કીલ કેળવવા તેમજ સ્વયંને અપડેટ કરવાનો પ્રયાસ સફળ નિવડે.

**તુલા :- (ર,ત)** તુલા રાશિ જાતકોને આઠમા સ્થાનમાં પ્રવેશતો ગુરૂ જૂની સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓથી હળવાશ આપી શકે. બારમા સ્થાન તથા ધન સ્થાન પરની ગુરૂની દ્રષ્ટિ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ આપે. પરોપકારના કાર્યમાં જોડાઈને ઉત્તમ યોગદાન આપી શકો. આર્થિક હિસાબ-કિતાબ, દૂરંદેશી દ્રષ્ટિ યુક્ત નાણાકીય આયોજનો તેમજ વ્યવહારો ફળદાયી નિવડી શકે. વતનને લગતા પ્રશ્નો અથવા સ્થાવર, જંગમ મિલકત પરત્વે શુભ ફળદાયક વ્યવહારો સંપન્ન બનાવી શકો.

**વૃશ્ચિક :- (ન,ય)** વૃશ્ચિક રાશિ જાતકોને સાતમા સ્થાનમાં પ્રવેશ કરતો ગુરુ દાંપત્યજીવનમાં લેટ-ગો કરવાની ભાવના વિકસાવવાનું સૂચન કરે છે. લાભસ્થાનને બળવાન બનાવતી ગુરુની દ્રષ્ટિ મિત્રો થકી તેમજ કાર્યક્ષેત્ર દ્વારા ઉત્તમ આર્થિક તેમજ સામાજિક લાભ અપાવી શકે. પોતાની જાતને અપડેટ કરવા, નવા જમાના સાથે તાલ મિલાવવા માટે જરૂરી પ્રયત્નો સફળ બનાવી શકાય. સાહસ તથા પરાક્રમ શક્તિ દ્વારા લાભ પામવાના પ્રયત્નો સફળ નિવડી શકે.

**ધન :- (ધ,ફ,ભ,ઢ)** ધન રાશિ જાતકોને છઠ્ઠા સ્થાનમાં પ્રવેશતો ગુરુ પ્રતિસ્પર્ધીઓ સામે ઠંડા દિમાગે કામ લઈને વિજય પ્રાપ્ત કરવાનું સૂચવે છે. સ્વાસ્થ્ય વિષયક સમસ્યા તરફ ગંભીરતા પૂર્વક ધ્યાન આપવું ઇચ્છનીય ગણાય. કર્મસ્થાન, વ્યયસ્થાન, ધનસ્થાન પરની ગુરૂની દ્રષ્ટિ કર્મક્ષેત્રે સારી એવી પ્રગતિ આપી શકે. પરોપકારના ક્ષેત્રે સારું યોગદાન આપીને પુણ્ય ભાથામાં વધારો કરી શકો. પરિવારિક આનંદ-ઉલ્લાસમાં વધારો રહે. ગુંચવણમાં પડેલી આર્થિક સમસ્યાઓમાંથી માર્ગ અપાવવામાં ગુરૂની ધન સ્થાન પરની દ્રષ્ટિ ઉપયોગી નીવડી શકે.

**મકર :- (ખ,જ)** મકર રાશિ જાતકોને પાંચમા સ્થાનમાં પ્રવેશતો ગુરુ પ્રણય પ્રસંગોમાં સાવચેતી રાખવાનું સૂચવે છે. ભાગ્યસ્થાન પર ગુરુની દ્રષ્ટિ ઉત્તમ ફળદાયી નિવડશે. સર્વિસ તેમજ વ્યવસાયમાં પ્રગતિ માટે અનુકૂળ ઢાળ પ્રાપ્ત કરી શકો. સાથોસાથ લાભસ્થાનને બળવાન બનાવતા ગુરૂનું પરિભ્રમણ અટકેલી ઉઘરાણીઓ તથા નાણાકીય લીક્વીડીટીની સમસ્યાથી મુક્તિ આપી શકશે. દેહભુવન પરની ગુરુની દ્રષ્ટિ શારીરિક સુખાકારીમાં વધારો કરનારી નિવડી શકે. વ્યક્તિત્વ તેમજ જીવન દ્રષ્ટિ કોણમાં આમૂલ પરિવર્તન લાવી સુખદ ભાવિનું નિર્માણ કરી શકાય.

**કુંભ :- (ગ,શ,સ,ષ)** કુંભ રાશિ જાતકને ચોથા સ્થાનમાં પ્રવેશતા ગુરુનું પરિભ્રમણ મિલકત વિષયક કાર્યો સમજપૂર્વક કરવાનું સૂચવે છે. અહીથી આઠમા સ્થાન પર ગુરૂની દ્રષ્ટિ આકસ્મિક નાણાકીય લાભ અપાવી શકે. દેશ-વિદેશમાં કર્મક્ષેત્ર વિકસાવવા માટે જરૂરી સહાય તથા માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશો. જાહેરાતના યોગ્ય આયોજન દ્વારા વ્યવસાય વિકાસની નવી સીમા અંકિત કરી શકો. બારમા સ્થાન પર ગુરૂની દ્રષ્ટિ ધર્મ-અધ્યાત્મ તરફ પ્રગતિ અપાવવામાં સહાયક સિદ્ધ થશે.

**મીન :- (દ,ચ,ઝ,થ)** મીન રાશિના જાતકોને ત્રીજા સ્થાન પર ગુરૂનું પરિભ્રમણ આંધળા ઉત્સાહ તેમજ અવિચારી સાહસોથી દૂર રહેવાનું સૂચવે છે. ગુરૂની દ્રષ્ટિ અહી ભાવ સાત, નવ અને અગિયારને શુભ ફળ પ્રદાન કરશે. નવી ભાગીદારી તથા મિત્રોનો સહકાર દ્વારા જીવનમાં ઉત્તમ પ્રગતિ કરી શકશો. દામ્પત્યજીવનના ગંભીર પ્રશ્નોના ઉકેલ પણ અહી સરળતાથી પ્રાપ્ત થઈ શકશે. આપના નિમિતપણાથી મંદિર કે ધર્મસ્થાનનું કોઈ પવિત્ર કાર્ય સંપન્ન બની શકે. જૂના રોકાણોમાં અણધાર્યા લાભની પ્રાપ્તિ થાય.

# લા-નીના ઈફેક્ટઃ ભારત જ નહીંઃ સમગ્ર દક્ષિણ એશિયામાં 'નોર્મલ'થી વધુ વરસાદ થશે

## સાઉથ એશિયન કલાયમેટ આઉટલુકનો રિપોર્ટઃ ઉત્તર-પુર્વ તથા ઉતરપુર્વીય એશિયામાં વરસાદ ઓછો થશેઃ દક્ષિણમાં ભરપુર વરસશે



નવી દિલ્હી તા.૧

દક્ષિણ પશ્ચિમ મોન્સૂનને લઈને ભારતમાં સારી ખબર છે. આ વર્ષે ભારત સહિત દક્ષિણ એશિયામાં ચોમાસાની સીઝન જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સામાન્યથી વધુ વરસાદ થવાનું અનુમાન છે.

સાઉથ કલાયમેટ આઉટલુક ફોરમ (એસએએસસીઓએફ) એ ૨૦૨૪ના મોનસૂન સીઝન માટે જાહેર કરેલ આગાહીમાં આ વાત કહી છે.

એસએએસસીઓએફ પુર્વાનુમાનમાં કહ્યું છે કે દક્ષિણ એશિયાના ઉતરી, પુર્વી અને ઉતર-પુર્વી ભાગોમાં કેટલાક ક્ષેત્રોમાં સામાન્યથી ઓછો વરસાદ થઈ શકે છે. આ દરમિયાન મોટાભાગના ક્ષેત્રોમાં સામાન્યથી ઉપર તાપમાન રહી શકે છે. આ ક્ષેત્રીય જલવાયુ પુર્વાનુમાન દક્ષિણ એશિયાના બધા નવરાષ્ટ્રીય હવામાન વિજ્ઞાન અને જલ વિજ્ઞાન સેવાઓ (એનએમએચએસ)એ તૈયાર કર્યું છે.

## હિન્દ મહાસાગર ગરમ થવાથી ઋતુચક્ર બદલી ગયુંઃ કુદરતી આફતો વધી શકે છે

### મહાસાગરના ૨૦ હજાર મીટર ઉંડે વધતી ગરમીઃ આઈઆઈટીએમના સ્ટડીમાં ખુલાસો

નવીદિલ્હી તા.૧

હિન્દ મહાસાગર ગરમ થવાના કારણે ઋતુઓ પર અસર પડી રહી છે. ૨૧૦૦ સુધીમાં તે વધુ ઝડપથી ગરમ થશે જેના કારણે હવામાન પર વધુ અસર થશે. આ દાવો ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટ્રોપિકલ મેટ્રોલોજી (આઈઆઈટીએમ)ના વૈજ્ઞાનિક ડો. રોકસી મેથ્યુના સ્ટડીમાં કરવામાં આવ્યો છે આ સ્ટડીમાં તેમણે ઈન્ડિયન ઓશન અને તેના ભવિષ્યને લઈને અને ડરામણા ખુલાસા કર્યા છે.

ઈન્ડિયન ઓશન (હિન્દ મહાસાગર)ના કિનારે ૪૦ દેશો છે. આ દેશોમાં દુનિયાની એક તૃતિયાંશ લોકો રહે છે આ કારણે તેના કિનારે



વસતા દેશો પર પ્રાકૃતિક આપત્તિઓનો ખતરો ઝડપથી વધી રહી છે. સ્ટડીમાં જણાવવામાં આવ્યું છે કે ૧૯૫૦થી ૨૦૨૦ દરમિયાન હિન્દ મહાસાગર દરેક સેન્ચુરીમાં ૧.૨ ડિગ્રીના દરથી ગરમ થયો છે. હવે ૨૦૨૦થી ૨૧૦૦ દરમિયાન તે ૧.૭થી ૩.૮ ડિગ્રીના દરથી ગરમ થશે. સૌથી વધુ ગરમ નોર્થ વેસ્ટ ઈન્ડિયન ઓશન થશે. જેમાં અરબ સાગર સામેલ છે. તેના કારણે ઋતુઓ દરમિયાન જમીની તાપમાન શિફ્ટ થશે. ખાસ કરીને ઈન્ડો પેસિફિક રિજિયનમાં હવામાન આપત્તિઓ ઘણી વધી જશે.

હિન્દ મહાસાગર માત્ર સપાટી પર જ ગરમ નથી થઈ રહ્યો, બલકે ૨૦૦૦ મીટરના ઉંડાણમાં પણ તેમાં ગરમી વધી રહી છે. રોકસી મેથ્યુ કોલ અનુસાર ગરમીમાં આ વૃધ્ધિ એક દાયકા સુધી દર સેકન્ડ, હરરોજ એક હીરોસીમા પરમાણુ બોમ્બ વિસ્ફોટના બરાબર છે. આ કારણે સમુદ્રની સપાટી વધી રહી છે.

મોનસૂન અને સાઈકલોન બન નવા સાથે જોડાયેલા ઈન્ડિયન ઓશન ડાઈપોલ પર તેનો પ્રભાવ પડી રહ્યો છે. તીવ્ર ડાઈપોલ ઈવેન્ટ ૬૬ ટકા સુધી વધી શકે છે. જયારે મરીન હિટવેવ આ સમયે દર વર્ષ સુધી રહે છે. આ પણ ૨૧મી સદીમાં વધીને ૨૨૦-૨૨૦-૨૫૦ દિવસ એક્ટિવ રહી શકે છે. જેના કારણે સમુદ્રમાં રહેતા જીવો પર ખતરો વધી શકે છે.

તેમાં એસએએસસીઓએફના આંતરરાષ્ટ્રીય વિશેષજ્ઞોની મદદ લેવામાં આવી છે.

હાલ મધ્યમ અલનીનોની સ્થિતિઃ ફોરમે જણાવ્યું છે કે હાલમાં મધ્યમ અલનીનોની સ્થિતિઓ બનેલી છે. ચાર મહિનાની ચોમાસાની સીઝનના પહેલા બે મહિના એટલે જૂન જુલાઈ દરમિયાન અલનીનોની સ્થિતિ તટસ્થ બની રહેવાની આશા છે.

ત્યારબાદ બે મહિના એટલે કે ઓગસ્ટ સપ્ટેમ્બર દરમિયાન લા નીનાની અનુકુળ સ્થિતિ બનવાની પુરેપુરી સંભાવના છે.

સરેરાશથી વધુ વરસાદની આગાહીઃ એસએએસસીઓએફનો રિપોર્ટ આવતા પહેલા જ ભારત હવામાન વિભાગ-આઈએમડીએ ભારતમાં પહેલાથી જ સામાન્યથી વધુ વરસાદ થવાની આગાહી કરી દીધી છે.

ગત મહિને આઈએમડીએ દક્ષિણ પશ્ચિમ સીઝન માટે જાહેર કરેલ પોતાની આગાહીમાં કહ્યું હતું કે ભારતમાં દીર્ઘકાલીક સરેરાશ (એલપીએ)ના ૧૦૬ ટકા વરસાદ થશે.

આઈએમડીએ એમ પણ જણાવ્યું હતું કે ચાર મહિનાની સીઝન બાદના બે મહિના (ઓગષ્ટ-સપ્ટેમ્બર)માં વધુ વરસાદ થશે, કારણ કે ત્યારે લા નીનાની અનુકુળ પરીસ્થિતિઓ બનશે.

શું છે અલ નીનો, લા નીનાઃ આઈએમડીના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડીએસ પાઈએ જણાવ્યું હતું કે અલ નીનાની સ્થિતિમાં મધ્ય પ્રશાંત મહાસાગરમાં સપાટીનું પાણી ગરમ થઈ જાય છે અને તેના પરિણામે ભારતમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસુ નબળું પડી જાય છે અને દુકાળની સ્થિતિ બની જાય છે.

જયારે લા નીનાની સ્થિતિમાં ઠીક આથી ઉલટું થાય છે અને તેની અસરથી મોનસૂન સીઝનમાં સામાન્યથી વધુ વરસાદ થાય છે.

---

### વિકાસના આ 'મહાયજ્ઞ'માં હું સહભાગી બનવા ઈચ્છું છુંઃ રૂપાલી

## ટીવી શો 'અનુપમા' ફેમ રૂપાલી ગાંગુલીની રાજનીતિમાં એન્ટ્રીઃ ભાજપમાં જોડાઈ




### ફિલ્મ ડાયરેકટર અમય જોષી પણ ભાજપમાં જોડાયા

નવી દિલ્હી તા.૧

લોકસભા ૨૦૨૪ની ચુંટણી વચ્ચે ટીવી સિરિયલ 'અનુપમા' ફેમ એક્ટ્રેસ રૂપાલી ગાંગુલીએ રાજનીતિમાં એન્ટ્રી કરી ભાજપના ખેસ ધારણ કર્યો છે. તેની સાથે ફિલ્મ ડાયરેકટર અમય જોષીએ પણ ભાજપમાં એન્ટ્રી કરી છે. બન્નેએ દિલ્હીના ભાજપ મુખ્યાલય ખાતે પાર્ટીની સદસ્યતા લીધી હતી.

આ તકે રૂપાલી ગાંગુલીએ જણાવ્યું હતું કે જયારે હું આ વિકાસના મહાયજ્ઞને જોઉં છું તો મને લાગે છે કે શા માટે હું તેની સહભાગી ન બનું! રૂપાલીએ વધુમાં જણાવ્યું હતું કે મારી કોશિશ રહેશે કે હું મોદીજીના બતાવેલા રસ્તે ચાલુ અને કોઈ પ્રકારે દેશ સેવામાં લાગુ અને એવુ કરું જેથી પાર્ટીને મારા પર ગર્વ પેદા થાય.

## ઈન્ડોનેશિયામાં ફરી જ્વાળામુખી ભભૂકયો



ઈન્ડોનેશિયાનો માઉંટ રૂઆંગ જવાળામુખી બે સપ્તાહના સમયગાળામાં જ ફરી ફાટયો છે. બે કિલોમીટર દુર સુધી આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. એરપોર્ટ બંધ કરવુ પડયુ હતું. રાખ સહિતનો કાટમાળ આસપાસના શહેરો-ગામડાઓમાં પડયો હતો. વાહન વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો.

## રણબીરના રામના લુકની ટીકા કરવી મોંઘી પડીઃ ફેન્સે મહિલાની મોર્ફ- અશ્લીલ તસ્વીર શેર કરી

### મહિલાએ એકટરના ફેન્સ સામે સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ નોંધાવી

મુંબઈ તા.૧

નિતેશ તિવારીની આગામી ફિલ્મ 'રામાયણ'માં રણબીરકપુર રામનો રોલ કરી રહ્યો છે. આ ફિલ્મના શુટીંગ દરમિયાન રણબીરકપુરના ફિલ્મમાં લુકને લઈને સોશ્યલ મીડીયાપર એક મહિલાએ ટિકા કરતા આ મહિલાના પર રણબીરકપુરના ફેન્સ તૂટી પડયા હતા એટલું જ નહીં આ મહિલાએ એવો સનસનીખેજ આરોપ લગાવતા સોશ્યલ મીડીયા પર રણબીર કપુરના ફેન્સ આ મહિલા પર તૂટી પડયા હતા, એટલું જ નહીં આ મહિલાનો મોર્ફ કરીને અશ્લીલ તસ્વીરો શેર કરી હતી, આ મામલે મહિલાએ સાઈબર ક્રાઈમને ફરિયાદ કરી હતી.





આ અંગેની વિગત મુજબ તાજેતરમાં 'રામાયણ'ના સેટ પરથી રણબીરકપુરનો રામના પાત્રનો લુક સોશ્યલ મીડીયામાં લીક થયો હતો.

રણબીરકપુરના આ લુકની ટિકા કરવી આ મહિલાને ભારે પડી હતી. મહિલાની ટિકાથી નારાજ થયેલ રણબીરકપુરના ફેન્સે આ મહિલાની મોર્ફ કરેલી અશ્લીલ તસ્વીરો સોશ્યલ મીડીયામાં વાયરલ કરી દેતા આ મહિલાએ માનસિક ત્રાસ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. આ મહિલાએ જણાવ્યું હતુ કે હજુ સુધી મને ફરિયાદોનો રિસ્પોન્સ નથી મળ્યો.

---

### ૧૨૭ વર્ષ જુના અને ૫૯,૦૦૦ કરોડનું સામ્રાજય ધરાવતા ગોદરેજ ગ્રુપની સંપત્તિની બે પક્ષો વચ્ચે વહેંચણી

# દેશના ટોચના કોર્પોરેટ ગ્રુપ ગોદરેજનું વિભાજન : પારિવારિક સમજુતી ફાઈનલ

### ગોદરેજની પાંચ લિસ્ટેડ કંપનીઓ આદિ અને નાદીરને સોંપાશે : અનલીસ્ટેડ કંપનીઓ તથા જમીન સહિતની પ્રોપર્ટી પર જમશેદ તથા તેની બહેન સ્મિતાનું નિયંત્રણ રહેશે



આદી ગોદરેજ | નાદીર ગોદરેજ | જમશેદ ગોદરેજ | સ્મિતા ક્રિષ્ના ગોદરેજ

નવી દિલ્હી, તા. ૧

દેશના સૌથી જુના અને મોટા કોર્પોરેટ ગૃહમાં સ્થાન ધરાવતા ગોદરેજ પરિવારમાં વિભાજન થવા જઇ રહ્યું છે. ૫૯,૦૦૦ કરોડ રૂપિયાનું સામ્રાજય ધરાવતા ગોદરેજ ગ્રુપના વિભાજન માટે પરિવાર દ્વારા સમજુતી કરી લેવામાં આવી છે. સાબુથી માંડીને હોમ એપ્લાયન્સીઝ અને એગ્રીકલ્ચરથી માંડીને રીયલ એસ્ટેટ ક્ષેત્ર સુધી પથરાયેલા ૧૨૭ વર્ષ જુના ગોદરેજ ગ્રુપમાં ભાગલા કરવા સમજુતી સાધી લેવામાં આવી છે. જે અંતર્ગત આદિ ગોદરેજ અને તેના ભાઇ નાદીર ગોદરેજને કોર્પોરેટ ગ્રુપની પાંચ લીસ્ટેટ કંપનીઓ સોંપવામાં આવશે. જયારે જમસેદ અને તેમની બહેન સ્મિતાને અનલીસ્ટેડ કંપનીઓ અને રીયલ એસ્ટેટ-પ્રોપર્ટીનો કબ્જો મળશે. બીજા પિતરાઇ ભાઇ પાસે પણ ગોદરેજ ગ્રુપની કંપનીઓની ભાગીદારી છે પરંતુ તેની કંપનીમાં કોઇ સીધી ભૂમિકા નથી.

૧૨૭ વર્ષ જુના અને ૭ અબજ ડોલરનું આર્થિક સામ્રાજય ધરાવતા દેશના પ્રતિષ્તિ ગોદરેજ ગ્રુપના વિભાજનની ચર્ચા કેટલાક વખતથી ચાલી જ રહી હતી અને હવે પરિવાર દ્વારા ઘરમેળે સમજુતી કરીને વિભાજીત નકકી કરી લેવામાં આવી છે. ગોદરેજ ગ્રુપની કંપનીઓમાં અત્યાર સુધી તમામની હિસ્સેદારી છે અને એક બીજી કંપનીઓના બોર્ડમાં પણ ડાયરેકટર તરીકે તમામ લોકો સામેલ છે. પરંતુ હવે સમજુતી અંતર્ગત ગોદરેજ પરિવારના સભ્યો એક બીજાની કંપનીના બોર્ડમાંથી હટી જશે અને શેરોની હિસ્સેદારી પણ એકબીજાને સોંપશે.

ગોદરેજ ગ્રુપની ગોદરેજ કન્ઝયુમર પ્રોડકટ, ગોદરેજ પ્રોપર્ટીસ, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ, ગોદરેજ એગ્રોવેટ અને એસ્ટેટ લાઇફ સાયન્સ જેવી પાંચ લીસ્ટેટ કંપનીઓ આદિ ગોદરેજ અને તેના ભાઇ નાદીર ગોદરેજને આપવામાં આવનાર છે. આદિ અને નાદીર ગોદરેજ એન્ડ બોયઝમાં પોતાના શેરો જમસેદ અને સ્મિતાને સોંપી દેશે અને સ્મિતા તથા જમસેદ ગોદરેજ કન્ઝયુમર પ્રોડકટ અને ગોદરેજ પ્રોપર્ટીઝના શેર આદિ તથા નાદીરને આપી દેશે. અપરણીત રિશાદ પોતાના મૃત્યુ બાદ તેમના ભાગની પ્રોપર્ટી બંને જુથને ૫૦-૫૦ના સમાન હિસ્સામાં આપી દે તેવો પણ સમજુતીમાં ઉલ્લેખ હોવાનું બહાર આવ્યું છે.

સમજુતી બાદ ગોદરેજ પરિવારે સતાવાર રીતે એવું જાહેર કર્યુ હતું કે બંને પક્ષ કોર્પોરેટ કારોબારમાં ગોદરેજ બ્રાન્ડનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે.

ગોદરેજ એન્ડ બોયઝમાં આદિ, નાદીર, જમસેદ, સ્મિતા અને રિશાદની ૧૦-૧૦ ટકાની ભાગીદારી છે અને ૨૪ ટકાની ભાગીદારી પિરોજશા ગોદરેજ ફાઉન્ડેશનની છે. જયારે ૨૭ ટકા ભાગીદારી ગોદરેજ ઇન્વેસ્ટમેન્ટ પાસે છે. આદિ અને નાદીર ગોદરેજને મળનારી પાંચ લીસ્ટેટ કંપનીઓનું માર્કેટ કેપીટલાઇઝેશન ૨.૪ લાખ કરોડ રૂપિયા છે અને તેની રેવન્યુ ૪૧૭૫૦ કરોડથી વધુ છે. તેનો નફો ૪૧૭૫ કરોડ રૂપિયા છે. ગોદરેજ એન્ડ બોયઝની આવક બે અબજ ડોલર અને કરવેરા પૂર્વેનો નફો ૭૨ મીલીયન ડોલરનો છે.

ગોદરેજ એન્ડ બોયઝ અને તેની પેટા કંપનીઓ પર હવે જમસેદ, સ્મિતાની પુત્ર નાઇરીકા હોલકર અને તેના પરિવારનું નિયંત્રણ રહેશે. ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ તથા અન્ય ચાર લીસ્ટેડ કંપનીઓ પર આદિ, નાદીર અને તેમના પરિવારનું નિયંત્રણ રહેશે. નિવેદનમાં એમ કહેવામાં આવ્યું છે કે આદિના પુત્ર પિરોસસા જીઆઇજી કાર્યકારી ઉપાધ્યક્ષ બનશે અને ૨૦૨૬માં આદિ ગોદરેજના સ્થાને ચેરમેન પદ મેળવશે.

ગોદરેજ એન્ડ બોયઝ હેઠળ ગ્રુપની ૩૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રીયલ એસ્ટેટ સંપતિ છે તેનું વિભાજન કેવી રીતે થશે તેની કોઇ વિગતો હજુ જાહેર થઇ નથી.

### ગોદરેજ પરિવારમાં કોને શું મળશે ?

(૧) આદિ અને નાદીર ગોદરેજને ગ્રુપની પાંચેય લીસ્ટેડ કંપનીઓનું નિયંત્રણ મળશે આ કંપનીઓનું માર્કેટ કેપ ૨.૪ લાખ કરોડ રૂપિયા છે.

(૨) તેમના પિતરાઇ જમશેદ અને બહેન સ્મિતાને ગોદરેજ એન્ડ બોયસનું નિયંત્રણ મળશે. અનલિસ્ટેડ કંપનીનું ૧૬,૦૦૦ કરોડનું ટર્ન ઓવર છે.

(૩) અન્ય પિતરાઇ રિશાદ પણ ગોદરેજ કંપનીઓમાં હિસ્સેદારી ધરાવે છે પરંતુ કોઇ સીધી ભૂમિકા નથી.

(૪) ગ્રુપની ૩,૦૦૦ કરોડની જમીન તથા પ્રોપર્ટી ગોદરેજ એન્ડ બોયસ હેઠળ છે તેની વહેંચણી કેવી રીતે થાય છે તેના પર નજર રહેશે.

---

### એક જમાનામાં લગ્ન બાદ હિરોઈનની કેરિયર ખતમ થઈ જતી

## મમ્મી બન્યા પછી પણ બોલિવૂડની હિરોઈનોનો રૂપેરી પડદે દબદબો!




મુંબઈઃ ૯૦ના દાયકાની હીરોઈનો લગ્ન અને બાળક થયા બાદ અભિનયમાંથી બ્રેક લઈ લેતી હતી. આનું કારણ લગ્ન થતા જ એક્ટ્રેસની કેરિયર ખતમ થયાનું વણજાહેર કરેલું ચલણ હતું પણ આજકાલની હીરોઈન ન માત્ર બાળકોના જન્મ બાદ એકટીંગ ચાલુ રાખે છે, બલકે પ્રેગ્નન્સી દરમિયાન શુટીંગ અને પ્રમોશન પણ કરે છે.

કરીનાકપુરે સૈફઅલીખાન સાથે લગ્ન કર્યા પછી પણ શુટીંગ ચાલુ રાખ્યુ હતું, આટલું જ નહી તેણે બન્ને બાળકો તૈમુર અને જેહના જન્મ બાદ પણ એકટીંગ ચાલુ રાખી હતી અને સારું પર્ફોર્મન્સ આપી રહી છે. તૈમુરના જન્મ બાદ કરીનાએ 'વીરે દી વેડીંગ' 'અંગ્રેજી મીડીયમ', જયારે જેહના જન્મ બાદ 'લાલસિંહ ચઢ્ઢા' જેવી ફિલ્મો કરી હતી તો વર્ષ ૨૦૨૨માં આલિયા અને રણબીર કપુરની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'ના પ્રમોશનમાં આલિયા પહોંચી તો તેના આઉટ ફિટ પર 'બેબી ઓન બોર્ડ' લખેલું હતું. ખરેખર તો ત્યારે આલિયા પ્રેગ્નન્ટ હતી. દીકરી રાહાના જન્મના કેટલાક મહિના બાદ આલિયા 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' ફિલ્મના શુટીંગ માટે કાશ્મીર પહોંચી હતી.

માત્ર આલિયા જ નહીં, પ્રિયંકા ચોપરાએ પણ દીકરીના જન્મ બાદ એકિટંગમાં જોરદાર વાપસી કરી હતી.



દીપિકા पादुकोण

સોનાલી બેન્દ્રે કહે છે કે મેં મારા બાળકના જન્મ બાદ એકટીંગથી બ્રેક લીધો હતો. કારણ કે હું બાળકની સાથે સમય વીતાવવા ઈચ્છતી હતી. આજની હીરોઈનોને જે રીતે લગ્ન અને બાળક થયા પછી તરત રોલ મળી રહ્યા છે ત્યારે તે નહોતા મળતા. આ પરિવર્તનથી હું ખુશ છું.

## શબાના આઝમીના સિનેમામાં ૫૦ વર્ષ પૂરાઃ અમેરિકામાં કરાશે સન્માનિત

### ન્યુયોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં શબાનાની ફિલ્મ સહિત અન્ય દેશ-વિદેશની ફિલ્મો દર્શાવાશે

મુંબઈ: મશહુર અભિનેત્રી શબાના આઝમીના સિનેમા જગતમાં ૫૦ વર્ષ પૂરા થવા પર ૩૧ મેએ ન્યૂયોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં એક વિશેષ સમારોહનું આયોજન



કરવામાં આવ્યું છે. આ ફિલ્મ મહોત્સવમાં ભારતીય ઉપ મહાદ્વીપની કેટલીક પ્રસિધ્ધ ફિલ્મો અને વૃત્તચિત્ર દર્શાવવામાં આવશે.

ન્યુયોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલનું ૨૪મું સંસ્કરણ ૩૧ મેથી ૨ જૂન સુધી આયોજિત કરવામાં આવ્યું છે. જેને ઉત્તર અમેરિકાનો સૌથી લાંબો ચાલનારો અને સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ મહોત્સવ માનવામાં આવે છે.

આ મહોત્સવમાં અમિતાભ બચ્ચન સહિત અનેક મોટી ફિલ્મી હસ્તીઓની કુલ ૪૯ ફિલ્મો, ડોકયુમેન્ટરી અને શોર્ટ ફિલ્મો દર્શાવવામાં આવશે.

શબાના આઝમીને સન્માન આપવા માટે ફિલ્મ મહોત્સવમાં ૧૯૯૬માં આવેલી દીપા મહેતા નિર્દેશિત ફિલ્મ 'ફાયર' દર્શાવવામાં આવશે. શબાના આઝમીએ જણાવ્યું હતું કે તે આ નિર્ણયથી ખુશ છે.

## અક્ષય અને અરશદની 'જોલી એલએલબી-૩' ફ્લોર પર આવી

### ફિલ્મની સફળતા માટે અરશદ વારસીએ અજમેરમાં દરગાહે પહોંચીને દુઆ માંગી





મુંબઈ:

અક્ષયકુમારની છેલ્લી કેટલીક ફિલ્મો બોકસ ઓફિસ પર કમાલ નથી દેખાડી શકી. બોકસ ઓફિસ પર એક પછી એક ફિલ્મો ફલોપ થઈ રહી છે ત્યારે દર્શકોને અક્ષયકુમાર પાસે એક હિટ ફિલ્મની આશા છે. દરમિયાન એક ખબર આવી છે, જે અનુસાર ફિલ્મ 'જોલી એલએલબી' ફ્રેન્ચાઈઝીની આગામી સિકવલની ફિલ્મ ટુંક સમયમાં આવશે.

ખબર છે કે ફિલ્મ ફલોર પર આવી ગઈ છે. જેને લઈને ફિલ્મના એકટર અરશદ વારસી અજમેરમાં નજરે પડયા હતા. તેણે ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પહોંચીને ફિલ્મના માટે દુઆ માંગી હતી.

સોશિયલ મીડીયા પર અજમેરની દરગાહમાં તેની કેટલીક તસ્વીરો વાયરલ થઈ રહી છે. જયારે અરશદે પોતાના સોશિયલ એકાઉન્ટ પરથી એક ફોટો શેર કર્યો છે. જેમાં તે ફલાઈટમાં સફર કરતો નજરે પડે છે. તસ્વીરના કેપ્શનમાં તેણે લખ્યું છે- આપના એન્ટરટેઈનમેન્ટ માટે મારું હોમવર્ક જાણવા મળેલી વિગત મુજબ ટુંક સમયમાં અક્ષયકુમાર પણ આ ફિલ્મમાં જોડાશે.

## આઈપીએલમાં સ્ટ્રાઈક રેટના રેકોર્ડ તૂટે છે અને હાલ રમાઈ રહેલી ઈન્ડિયન પોલીટીકલ લીગ-લોકસભા ચૂંટણીમાં એક બીજા પર પ્રહારના નીચા ધોરણો બની રહ્યા છે

# મતદારો વધુ બહેતર ચૂંટણી વાતાવરણના હકકદાર




**૨૦૨૪ની લોકસભાની ચૂંટણીની સાથે જે આઈપીએલ રમાઈ રહી છે તેમાં દરેક મેચના રોમાંચ પછી બીજા મેચ માટે વધુ ઉત્તેજના જાગે છે પરંતુ લોકસભા ચૂંટણીમાં જેમ જેમ તબકકાઓ પૂરા થઈ રહ્યા છે તેમ તેમ વધુને વધુ નિરાશાઓ જોવા મળે છે, ભારત ભાગ્ય વિધાતા જેવી આ ચૂંટણી વધુ સારા મુદાઓ પર અને વધુ બહેતર ભાષણો સાથે લડાવી જોઈતી હતી પરંતુ તે દ્રશ્ય કયાંય જોવા મળતા નથી**

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

ઇન્ડિયન પ્રીમીયર લીગમાં હવે બેટસમેનો નવા ને નવા રેકોર્ડ બનાવી રહ્યા છે અને સ્ટ્રાઇકનું ગણિત તો કદાચ અત્યારે સુધીમાં ન જોવાયુ હોય તેવું જોવા મળશે હજું તો અહીં મુકામ અધવચ્ચે પહોંચ્યો છે અને આગામી દિવસોમાં સુપર-૮ માટે નવો જંગ જામશે તો તેની સાથે ઇન્ડીયન પોલીટીકલ લીગ એટલે કે ભારતમાં જે લોકસભા ચૂંટણી યોજાઇ રહી છે તેમાં પણ ચૂંટણીના મેદાનમાં જે રીતે ગણો તો ત્રીજા તબકકાથી પાવર પ્લે જેવી ગેમ શરૂ થઇ છે અને તેમાં જે રીતે રાજકીય બયાનબાજી થઇ રહી છે અને અત્યાર સુધીના ચૂંટણીના તમામ માપદંડો કહો તો માપદંડો અને નૈતિકતા કહો તો નૈતિકતા ધજજીયા ઉડવા લાગી છે અને તમામ મર્યાદાઓ પણ મુકાઇ ગઇ છે. આઇપીએલમાં અને ક્રિકેટ લીગમાં ફેર એટલો છે કે આઇપીએલના દરેક મેચ જોઇને રોમાંચ અનુભવાય છે અને બીજા મેચના તેના કરતા વધુ રોમાંચ માટે દર્શકો ઉત્સુકતાથી રાહ જોતા હોય છે જયારે ઇન્ડીયન પોલીટીકલ લીગમાં લોકોને કદાચ અત્યારે નિરાશા સિવાય ભાગ્યે જ કઇ હાથ લાગ્યું છે ફકત મતદાર જ નહીં પણ રાજકીય પક્ષોના કાર્યકર્તાઓ બેચેન છે જેમ આઇપીએલમાં ઉંચા શોટ લાગે છે અને કેચ થઇ જવાનો થોડી પળો માટે બેટસમેનના દિલમાં ધડકન વધી જાય છે પણ અહીં તો દરેક શોટ વધુ ઉંચા મારવામાં સ્પર્ધા છે ગુગલી અને યોરકરની કમી નથી અને કદાચ ૨૦૨૪ની ચૂંટણીમાં મતદારો અને આનાથી વધુ સારા પ્રચારની અપેક્ષા રાખતા હશે તે વાસ્તવિકતા છે.

જેમ ભારત અને ઓસ્ટ્રેલિયા અથવા ઇંગ્લેન્ડના મેચમાં શ્રેણી શરૂ થાય તે પૂર્વે જ સ્લેજીંગ શરૂ થઇ જાય છે એટલે કે મેદાનમાં સર્વોપરિતા મેળવતા પૂર્વે માનસિક રીતે હરીફને કેમ હતોત્સાહ કરી દેવો તે યુકિત અજમાઇ છે તેના રસપ્રદ પડઘા પણ પડે છે. ભારતની ચૂંટણીમાં પણ સ્લેજીંગ તો છેલ્લા છ માસથી શરૂ થઇ ગયું હતું પરંતુ હવે જયારે ખરેખર મેદાન પર રાજકીય દાવ શરૂ થઇ ગયો છે ત્યારે પણ હજુ આપણા નેતાઓ સ્લેજીંગના યુગમાં હોય તેવો આભાસ થાય છે. સૌથી મોટી કરૂણતા એ છે કે દેશની ચૂંટણીમાં પ્રથમ વખત આટલા જુઠાણા ચાલે છે અને તેને રોકનાર કોઇ નથી. એટલું જ નહીં રાજકીય પ્રતિસ્પર્ધીઓ માટે પણ જે કટુતાઓ બની રહી છે તે કદાચ ભુતકાળમાં કદી જોવા મળી નથી.

સામાન્ય રીતે ચૂંટણીમાં રાજકીય પક્ષોના એજન્ડા નિશ્ચિત હોય છે અને તેના આધારે ચૂંટણી ઢંઢેરા બનતા હોય છે પરંતુ કદાચ હવે ચૂંટણી ઢંઢેરા બોલીવુડની ફિલ્મની જેમ અંતમાં ગીત આવે છે જેનો ફિલ્મ સાથે ભાગ્યે જ સંબંધ હોય છે તેવા આઇટમ સોંગ જેવો પ્રચાર થઇ રહ્યો છે અને સૌથી મહત્વની બાબત એ છે કે રાજકીય મેદાનની સાથે ન્યાયિક મેદાનમાં પણ આ ચૂંટણીના પડઘા પડી રહ્યા છે જોકે ખુબ જ સંતોષ સાથે કહેવું પડે કે સુપ્રિમ કોર્ટ સહિતની અદાલતો લોકશાહીની મહાન કવાયતમાં પોતાની ભૂમિકા એકદમ મર્યાદિત રાખી રહ્યા છે અથવા તો નહીંવત બની છે. દેશની બે બંધારણીય સંસ્થાઓ ન્યાયતંત્ર અને ચૂંટણી પંચ બંને એકબીજા પ્રત્યે કેટલું સન્માન ધરાવે છે તે જોઇને કદાચ આપણા રાજકીય પક્ષો અને નેતાઓએ તે શીખવાની જરૂર હોય છે.

ચોકકસપણે અબ કી બાર ૪૦૦ કે પાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને દેશને એક નવી આશા આપી છે અને તે માટે તેઓ મતના હકકદાર પણ છે તે કહી શકાય કારણ કે તેની પાસે તમારી પાસે હોય તો તે પ્રચારમાં છલકવો જોઇએ નહીં કે જે રીતે રોજબરોજના મુદાઓનું સર્જન કરીને તેના આધારે પ્રવચનો થાય છે અને તે મત અપાવી દેશે તેવો વિશ્વાસ પેદા થાય છે. જે કંઇ રાજકીય ભાષણો થાય છે તેમાં સત્યનો ટંકાર ઓછો હોય છે પછી તે શાસક પક્ષ તરફથી થતા હોય કે વિપક્ષ તરફથી થતા હોય બંને સમાન ભુમિ પર હોય તેવું જણાય છે.

દુર ઉભો હોય અને દેશની પ્રગતિ નિહાળી રહ્યો હોય તેવા દ્રશ્યો છે દેશના યુવા વર્ગ માટે તર્ક સર્જવાની જે આવશયકતા છે તેનો ચૂંટણીમાં ભાગ્યે જ કોઇ પડઘો પડે છે. ચૂંટણી પૂર્વેના સમયમાં દેશના રાજકારણમાં અને ખાસ કરીને ચૂંટણીઓમાં નાણા અને મસલ્સ પાવર બંને કેમ ઘટે તેની ચર્ચા થાય છે. પરંતુ ચૂંટણી આવતા જ તે બધુ ભુલાઇ જાય છે અને ફરી એક વખત



**ચોકકસપણે અબ કી બાર ૪૦૦ કે પાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને દેશને એક નવી આશા આપી છે અને તે માટે તેઓ મતના હકકદાર પણ છે તે કહી શકાય કારણ કે તેની પાસે ભારતનું વિઝન છે અને તેના માટેનું અમલીકરણની પણ બ્લુ પ્રિન્ટ તૈયાર છે પરંતુ કદાચ તેનાથી ચૂંટણી જીતી શકાતી નથી તે કડવી વાસ્તવિકતા સામે આવી રહી છે અને તેથી જ મંગલસુત્ર ઘુસપેઠીયા અનામત અને વધુ બાળકો પેદા કરવાવાળાથી લઈને ડિપફેક વિડીયો સહિતના જે પ્રચારો જોવા મળી રહ્યા છે**

**વિપક્ષો લાંબા સમયથી ચૂંટણીની રાહ જોતા હતા અને લોકતંત્ર જોખમમાં છે, બંધારણ બદલાશે તેવા તુકકા જેવા પ્રચારના આધારે લોકોને એક ડર બતાવીને પોતાની જીત નિશ્ચિત કરવા માંગે છે, આમ મતદારોને ડરાવી ડરાવીને મતદાન કરવા માટે જણાવાય છે જે કદાચ ભુતકાળની એક પણ ચૂંટણીમાં જોવા મળ્યું નથી એ વાસ્તવિકતા છે કે વિપક્ષોએ દેશની જનતાને સૌથી મોટા નિરાશ કર્યા છે છેલ્લા ૧૦ વર્ષના અનુભવમાંથી કંઇ શીખ્યું નથી તેથી આજે પ્રસ્થાપિત થઇ રહ્યું છે કદાચ વિપક્ષો તેમના શાસનના રાજયોમાંથી એક મોડેલ લોકો સમક્ષ રજૂ કરી શકયા હોત પણ તેનો અંતિમ ઉદેશ્ય ફકત સતા છે અને ખુદના અસ્તિત્વને બચાવવાનો છે**

ભારતનું વિઝન છે અને તેના માટેનું અમલીકરણની પણ બ્લુ પ્રિન્ટ તૈયાર છે પરંતુ કદાચ તેનાથી ચૂંટણી જીતી શકાતી નથી તે કડવી વાસ્તવિકતા સામે આવી રહી છે અને તેથી જ મંગલસુત્ર ઘુસપેઠીયા અનામત અને વધુ બાળકો પેદા કરવાવાળાથી લઇને ડિપફેક વિડીયો સહિતના જે પ્રચારો જોવા મળી રહ્યા છે તે મતદારોને સૌથી વધુ નિરાશ કરનારા છે ચોકકસપણે ચૂંટણીમાં થોડી આ પ્રકારની બયાનબાજી હોય નેરેટીવ બનાવવામાં તે મદદરૂપ બને છે અને એ નેરેટીવ બનાવવામાં ભાજપને સફળતા મળી છે કે ૨૦૨૪ના પરિણામો નિશ્ચિત છે અને તે પણ ૪૦૦ કે પાર એ લોકોએ ગાંઠ બાંધી લીધી છે જયારે આટલો આત્મવિશ્વાસ

મહત્વની બાબત એ છે કે કોંગ્રેસ અને વિપક્ષો લાંબા સમયથી જે ચૂંટણીની રાહ જોઇ રહ્યા હતા તે આવી ગયા પછી પણ પોતાની તૈયારીઓ કરી શકયા નહીં અને એક પછી એક જે રીતે નો-બોલ વિપક્ષ તરફથી ફેકાઇ રહ્યા છે તેના કારણે ભાજપને ફ્રી હીટ મળી રહી છે અને તેમાં સ્કોર કરવાનું ચુકાય જ નહીં તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

આજે ચૂંટણીઓએ મુદાઓ પર લડાવી જોઇએ એ સંતોષ છે કે ભારત યોગ્ય માર્ગે છે અને તેનાથી વૈશ્વિક છબી પણ બની છે પરંતુ આપણે હજુ આપણે ઘણુ કરવાનું બાકી છે તમે કોઇપણ ક્ષેત્ર લો તેમાં સમસ્યાનો ઢગલો છે. જે છેવાડાનો માનવી કેન્દ્રમાં હોવો જોઇએ. તે હજુ પણ

એ જ તાકાત ઉપર ચૂંટણી લડવાની શરૂ થાય છે. કદાચ આ ચૂંટણી પૂર્વે જે રીતે ચૂંટણી બોન્ડનો મુદો ચમકયો તે આપણી સિસ્ટમમાં કેટલી ક્ષતિ છે તે પણ બહાર આવી ગયું છે. ગરીબી માટે આંકડા રજુ થાય છે પરંતુ જમીન પરની વાસ્તવિકતાથી દુર છે તે પણ વાસ્તવિકતા છે જો મુદાઓ ગણાવવા બેસીએ તો તેનો અંત ન આવે પરંતુ ૯૬ કરોડ મતદારો મતદાન માટે જઇ રહ્યા હોય ત્યારે તેઓ વધુ બહેતર ભવિષ્યની આશા સાથે જાય છે અને તે કદાચ વધુ સારા ચૂંટણી વાતાવરણના પણ હકકદાર છે તેઓ યોગ્ય નિર્ણય લઇ શકે.



## રોહિત શર્માને હવે કારકિર્દીના અંતિમ તબકકામાં આઈસીસીની ટ્રોફીનો ઈંતજાર પુરો થશે!

# ટી-૨૦ વર્લ્ડકપઃ અનુભવને અગ્રતાઃ IPLનું પ્રદર્શન પણ ટીમ ઈન્ડિયાની પસંદગીમાં મહત્વનું પુરવાર થયુ

### ચાર ઓલરાઉન્ડર, બે વિકેટકીપર અને બે સ્પીનર ઉપરાંત ત્રણ પેસ એટેકના અનુભવીઓના સમાવેશથી ટીમ સમતોલ બની



### સંજુ સેમસનને પ્રથમ વખત આઈસીસી ઈવેન્ટમાં સ્થાનઃ હાલનો દેખાવ પસંદગી સમીતી માટે કારણ બની ગયો

### હાર્દિક પંડયા પર ફરી વિશ્વાસઃ ઓલરાઉન્ડરની કેટેગરી પણ બોલીંગની ક્ષમતા પર પ્રશ્ન યથાવત

મુંબઈ તા.૧

૯ જૂન ૨૦૨૪ આપણે જયારે લોકસભા ચૂંટણીના પરિણામોની ઉતેજના હજુ અનુભવી રહ્યા હશુ તે સમયે જ હજારો કિલોમીટર દુર ક્રિકેટની એક નવી ધરતી પર ભારત અને પાકિસ્તાનની ક્રિકેટ ટીમો વચ્ચેનો રોમાંચક મેચ પણ રમાશે. ટી૨૦ વર્લ્ડકપ માટેની ટીમ જાહેર થતા જ હવે આઈપીએલની સાથે તેની પણ ઉતેજના શરૂ થઈ ગઈ છે અને ગઈકાલે જયારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટી૨૦ વર્લ્ડકપ માટે મેન ઈન બ્લુ એટલે કે ટીમ ઈન્ડીયાની જાહેરાત કરી તો એકાદ-બે ચર્ચા સિવાય આટલી સમતોલ ટીમ ભાગ્યે જ ભૂતકાળમાં જોવા મળી છે. હાલ આઈપીએલ ચાલુ છે તેથી ક્રિકેટ ટીમની પસંદગીને આઈપીએલ સાથે જોડવામાં આવે છે અને એ એમ પણ કહેવાય છે કે રાજસ્થાન રોયલના કેપ્ટન સંજુ સેમસન અને યજુવેન્દ્ર ચહલ ને ટીમમાં સ્થાન મળ્યું તેમાં તેના આઈપીએલના વર્તમાન પ્રદર્શનના આધારે મળ્યું છે અને એ વાસ્તવિકતા છે કે સંજુ સેમસનને લાંબા સમયથી ટીમના દરવાજા ખુલે તેની રાહ હતી અને તેણે પોતાની જે બેટીંગ સ્કીલ પુરવાર કરી છે તે મીડલ ઓર્ડરમાં અને જરૂર પડે તો ઓપનીંગ કે લોઅર ઓર્ડરમાં પણ ભારતને માટે તે મદદરૂપ બની શકે તો બીજી તરફ શિવમ દુબે એ આઈપીએલમાં વિસ્ફોટક બેટીંગનો પરિચય આપી દીધો છે અને તેથી તેની પસંદગીમાં કોઈ ચર્ચા જ થઈ ન હતી.

બીજી તરફ હાર્દિક પંડયા કે જે હાલ મુંબઈ ઈન્ડીયનના કેપ્ટન બન્યા બાદ ડિફેન્સીવ સ્થિતિમાં આવી ગયો છે તેને એમ ઝડપથી રબ આઉટ કરી શકાય નહી તે પસંદગી સમીતીએ સ્વીકાર્યુ અને તે ખૂબજ એક હકારાત્મક વિચાર છે. આઈપીએલમાં સફળતા નિષ્ફળતા અને ટીમ ઈન્ડીયામાં પ્રદર્શન એ બંને એકબીજા સાથે જોડવા સાથે પણ અલગ છે તે પણ પસંદગી સમીતીએ નિશ્ચિત કર્યુ છે અને હાલ તેના કદાચ ખરાબ ફોર્મ છતાં પણ તેનો જે અનુભવ છે તે મહત્વની ભૂમિકા ભજવી ગયો છે. ૨૦૨૨ના વિશ્વકપ બાદ ભારતીય ટી૨૦ ટીમનું નેતૃત્વ મોટાભાગે હાર્દિક પંડયાએ કર્યુ છે અને ગત વર્ષે વનડે વિશ્વકપમાં ઈન્જર્ડ થયા બાદ તે પ્રથમ વખત હવે સીધો આંતરરાષ્ટ્રીય ટી૨૦માં ૫ જૂને પ્રથમ મેચ રમશે.

છેલ્લે ઓગષ્ટ ૨૦૨૩માં ભારત માટે રમનાર યજુવેન્દ્ર ચહલ અને કુલદીપ યાદવ બંનેને સ્પીનરના સ્વરૂપમાં ટીમમાં સમાવાયા છે. કુલદીપ યાદવને તો અગાઉ જ ચાઈનામેનનું બિરૂદ મળી ગયું હતું અને ચહલે આઈપીએલમાં ૯ મેચમાં ૧૩ વિકેટ લીધી છે. ખાસ કરીને આખરી ઓવરોમાં તે કરકસરભર્યા બોલ નાંખી શકે છે અને તે તેના માટે પ્લસ પુરવાર થયુ છે જયારે વિકેટકીપર અને બેટસમેનના સ્વરૂપમાં ટીમ ઈન્ડીયા પાસે વિકલ્પો ઘણા હતા જેમાં ઋષભ પંત અને સંજુ સેમસનને પસંદ કરાયા છે. ૨૦૨૨ના ઘાતક કાર એકસીડેન્ટમાંથી ઋષભ પંત પુરી રીતે રીકવર થઈ ગયો છે તે તેના આઈપીએલ પ્રદર્શનથી નિશ્ચિત થયું છે અને ૧૧ મેચમાં તેણે ૧૫૮.૫૬ના સ્ટ્રાઈક રેટથી ૩૯૮ રન બનાવ્યા છે અને વિકેટકીપીંગ પણ બહેતર રહ્યું છે અને તેથી જ તેના અને સંજુ સેમસન વચ્ચે દેખાવની સ્પર્ધા થાય તો તે ભારતીય ટીમ માટે વધુ સારી સ્થિતિ હશે. સેમસન પ્રથમ વખત વર્લ્ડકપની ટીમમાં પસંદગી પામ્યો છે. છેલ્લે ૨૦૨૨માં તેની સામે અનુભવી દિનેશ કાર્તિકને સ્થાન આપવામાં આવ્યું હતું અને સંજુએ રાજસ્થાન રોયલના કેપ્ટન તરીકે પણ ૧૬૧.૦૮ની સ્ટ્રાઈકરેટ સાથે ૩૮૫ રન બનાવ્યા છે અને સૌથી મહત્વનું એ છે કે તેની ટીમ ૯ માંથી ૮ મેચ જીતીને હાલ પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે.

પેશ એટેકમાં ત્રણ બોલરો જસપ્રીત બુમરાહ, મહમદ સીરાજ અને અર્ષદીપસિંહ પર ભરોસો રખાયો છે અહી આઈપીએલ નહી પણ આ ત્રણેયનો અનુભવ જોવામાં આવ્યો છે. ખાસ કરીને સીરાજ અને અર્ષદીપ આઈપીએલમાં સારુ પ્રદર્શન કરી શકયા નથી છતાં પણ આંતરરાષ્ટ્રીય મેચની પરીસ્થિતિ જુદી હોય છે અને તેથી પસંદગી સમીતીએ તે પાસા પર વધુ ભાર આપ્યો છે. શિવમ દુબે પણ બોલીંગ કરી શકે છે. હાર્દિક પંડયા એક સમયે ઓલરાઉન્ડર તરીકે પોતાનું સ્થાન બનાવતો હતો પરંતુ ઈન્જર્ડ થયા બાદ તેણે બોલીંગ પરનો કાબુ ગુમાવી દીધો હોય તેવું જણાય છે છતાં પણ ટી૨૦માં ટીમ ઈન્ડીયા માટે આ જોખમ લેવાયુ છે. મહત્વનું એ છે કે ટીમના બેટીંગ પાસામાં અનુભવી રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથે આઈપીએલમાં ૯૫ દડામાં સદી ફટકારનાર યશસ્વી અને હાલ કદાચ થોડુ ફોર્મ નહી દેખાડી શકનાર સુર્યકુમારને મહત્વ અપાયુ છે. ચાર ઓલરાઉન્ડર એ ટીમ માટે ખૂબ જ સારી એસેટસ બની રહેશે જેમાં હાર્દિક પંડયા, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ અને શિવમ દુબે મિડલ ઓર્ડરમાં ફીનીશર બનવાની પણ ક્ષમતા ધરાવે છે. હાલની ટીમમા નવ ખેલાડી એવા છે કે છેલ્લા વિશ્વકપમાં રમ્યા હતા પરંતુ રોહિત શર્માને તેની પ્રથમ આઈસીસી ટ્રોફીનો જે દુષ્કાળ છે તે પુરો કરવાનો છે.

# મુંબઈ સતત ત્રીજી મેચ હાર્યું, લખનૌ ૪ વિકેટે જીત સાથે પોઈન્ટ ટેબલ પર ટોપ થ્રીમાં પહોચ્યું



**સ્ટોઈનિસની ફિફ્ટી, મોહસીન ખાને ૨ વિકેટ લીધી**

લખનૌ :

IPL-૨૦૨૪ની ૪૮મી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૪ વિકેટે હરાવ્યું. વર્તમાન સિઝનમાં બંને વચ્ચે પ્રથમ વખત મેચ રમાઈ હતી. LSGની આ સિઝનની છઠ્ઠી જીત છે. ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૨ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. બીજી તરફ એમઆઈ સતત ત્રીજી મેચ હારી ગઈ હતી.

લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમમાં LSGએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું. મુંબઈએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૪૪ રન બનાવ્યા હતા. જવાબમાં લખનૌએ ૧૯.૨ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. માર્કસ સ્ટોઇનિસે ૪૫ બોલમાં ૬૨ રનની ઇનિંગ રમી હતી જ્યારે કેપ્ટન કેએલ રાહુલે ૨૮ રનનું યોગદાન આપ્યું હતું. મુંબઈ તરફથી કેપ્ટન હાર્દિક પંડ્યાએ ૨ વિકેટ લીધી હતી. સ્ટોઇનિસ પણ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો.

MI તરફથી નેહલ વાઢેરાએ ૪૬, ટિમ ડેવિડે ૩૫ અને ઈશાન કિશને ૩૨ રન બનાવ્યા હતા. મોહસીન ખાને ૨ વિકેટ લીધી હતી. મયંક યાદવ, નવીન-ઉલ-હક, રવિ બિશ્નોઈ અને માર્કસ સ્ટોઈનિસે એક-એક વિકેટ લીધી હતી.

# ...તો સમીકરણ બદલાઈ શકે છેઃ પાકિસ્તાન સામે ટી૨૦ સિરીઝને કારણે ઈંગ્લેન્ડના ખેલાડીઓ પ્લે ઓફ નહિ રમી શકે

મુંબઈ :

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪માં ભાગ લઈ રહેલા ઈંગ્લેન્ડના ઘણા સ્ટાર પ્લેઓફ માટે ઉપલબ્ધ રહેશે નહીં. IPL પ્લેઓફ મેચો ૨૧ મેથી રમવાની છે, જ્યારે ઈંગ્લેન્ડે ૨૨ મેથી પાકિસ્તાન સામે ૪ T-20 મેચોની શ્રેણી રમવાની છે. આ કારણોસર ઘણા ખેલાડીઓ સિરીઝ રમવા માટે ઈંગ્લેન્ડ પરત ફરશે.

ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ કહ્યું કે, આગામી ICC મેન્સ T-20 વર્લ્ડ કપ ૨૦૨૪ માટે પસંદ કરાયેલા તમામ ખેલાડીઓ પાકિસ્તાન સામેની T-20 શ્રેણી માટે ઉપલબ્ધ હોવા જોઈએ. ટીમમાં પસંદગી પામેલા ખેલાડીઓ ઈંગ્લેન્ડ પરત ફરશે.

૨૧ તથા ૨૨ મે ના અમદાવાદમાં કવોલીફાયર અને એલીમીનેટર રમાશે જયારે ૨૪ અને ૨૬ મે ના ચેન્નાઈમાં રમાશે કવોલીફાયર ૨ અને ફાઇનલ.

**આઠ અંગ્રેજ ખેલાડીઓ**

**IPL પ્લેઓફમાં ચૂકી જશે**

આઠ અંગ્રેજ ખેલાડીઓ છે જેઓ ઈંગ્લેન્ડની ટીમમાં હોવા ઉપરાંત, IPL પણ રમી રહ્યા છે. તેમાં જોસ બટલર (રાજસ્થાન રોયલ્સ), મોઈન અલી (ચેન્નઈ સુપર કિંગ્સ), જોની બેરસ્ટો, સેમ કુરાન, લિયામ લિવિંગ્સ્ટન (ત્રણ પંજાબ કિંગ્સ), વિલ જેક્સ, રીસ ટોપલી (બંને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર) અને ફિલ સોલ્ટ (કોલકાતા નાઈટ રાઈડર્સ) સામેલ છે. છે. આ તમામ ખેલાડીઓ આઈપીએલના પ્લેઓફમાં ચૂકી જશે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડ સામે ૪ T-20 મેચોની સિરીઝ પણ રમશે. શ્રેણીની મેચો ૨૨ મેથી ૨૮ મે સુધી રમાશે. શ્રેણીની તમામ મેચો માત્ર ઈંગ્લેન્ડમાં જ યોજાશે.

### મતદાન પૂર્વેના અંતિમ દિવસોમાં 'સમાજને પડખે' લેવાના ખેલ

# સમાજ પર ફોક્સઃ રાજકોટમાં બે દિવસમાં બે પાટીદાર સંમેલન

**શુક્રવારે શ્રી સરદાર સ્વાભિમાન સમિતિના બેનર હેઠળ સંમેલનઃ સરદાર પટેલ–ભોજલરામબાપાના સીધા વારસદારોનો 'સૂચક' ઉલ્લેખ**

**શનિવારે સમસ્ત પાટીદાર સમાજના બેનર હેઠળ સ્નેહમિલનઃ સરદારધામના આગેવાનોની ભૂમિકા હોવાની ચર્ચાઃ અગાઉ મોટા સંગઠને 'અંતર' રાખ્યું હોવાનું સૂચક**

રાજકોટ, તા.૧

રાજકોટ–ગુજરાતમાં લોકસભા ચૂંટણી મતદાનને આડે પુરું એક સપ્તાહ પણ બાકી રહ્યું નથી ત્યારે મુખ્ય હરિફ પક્ષો બાજપ અને કોંગ્રેસે પ્રચાર પરાકાષ્ટાએ પહોંચાડવા કમ્મર કસી છે. હવે છેલ્લા દિવસોમાં સમાજ પર 'ફોક્સ' શરુ કર્યું હોવાનું ચિત્ર છે. રાજકોટમાં આગામી શુક્ર અને શનિવારે બે દિવસમાં બે પાટીદાર સ્નેહમિલન–સંમેલન રાખવામાં આવ્યા છે. હરિફો પક્ષોએ જ તે રાખ્યા હોવાનું સ્પષ્ટ છે.

ચૂંટણી આચાર સંહિતાની છટકબારી શોધીને રાજકીય પક્ષો દ્વારા અવનવા પ્રચાર કાર્યક્રમો કરવામાં આવતા જ હોય છે. રાજકોટમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા છે જ્યારે કોંગ્રેસમાંથી પરેશ ધાનાણી છે. રૂપાલા કડવા પાટીદાર છે જ્યારે ધાનાણી લેઉવા પાટીદાર છે. પોતપોતાના સમાજના મતો મેળવવા માટે ઉમેદવારો મથતા હોવાનું કહેવાય જ છે તેવા સમયે રાજકોટમાં તા.૩ અને તા.૪ના રોજ પાટીદાર સમાજમાં જ બે અલગ–અલગ સંમેલન બોલાવવામાં આવ્યા છે.

તા.૩ મેને શુક્રવારે રાત્રે ૮.૪૫ વાગ્યે મવડી પાળ રોડ પર ક્રિષ્ના પાર્ટી પ્લોટનું સંમેલન સરદાર સ્વાભિમાન સમિતિના બેનર હેઠળ રાખવામાં આવ્યું છે. નિમંત્રણ પત્રિકામાં માત્ર સમિતિનું જ નામ છે અન્ય કોઇ નામ નથી.

પત્રિકામાં એમ કહેવાયું છે કે સરદાર પટેલ તથા ભોજલરામબાપાના સીધા વારસદારો એવા પાટીદાર સમાજની સંસ્થા–સંગઠનોની વિચાર ગોષ્ટિ રાખવામાં આવી છે. 'કાળજુ સિંહનું રાખો, સાચુ કહેવાની હિંમત રાખો, અન્યાય સામે લડયા રાખો' જેવી સરદાર પટેલની વાતને સાચા અર્થમાં ઉજાગર કરવા આ ચિંતન ગોષ્ટિ રાખવામાં આવી છે.

(અનુસંધાન ૧૨ મા પાને)

### સાત વર્ષમાં પ્રથમ વખત ગુજરાતમાં સૌથી વધુ જીએસટી આવક

## ગુજરાતનું GST કલેકશન પણ રૂા.૧૩૦૦૦ કરોડને પાર

**સ્ટેટ જીએસટી રૂા.૭૦૭૭ કરોડઃ રાજયોમાં મહારાષ્ટ્ર પ્રથમ કર્ણાટક બીજા અને ગુજરાત ત્રીજા ક્રમે**

રાજકોટઃ દેશમાં આ વર્ષે જીએસટી કલેકશને નવો રેકોર્ડ બનાવ્યો છે તેમાં ગુજરાત એ દેશમાં જીએસટી કલેકશનમાં ત્રીજા નંબરે આવ્યુ છે. સ્ટેટ જીએસટી રૂા.૭૦૦૦ને પાર થઈને રૂા.૭૦૭૭ કરોડ નોંધાયુ છે. જયારે સેન્ટ્રલ જીએસટી સાથે મળીને કુલ ૧૩૩૦૧ કરોડનું રાજયમાં જીએસટી તથા સેસ સહિતનું કલેકશન નોંધાયુ છે જયારે પ્રથમ ક્રમે મહારાષ્ટ્રમાં કુલ ૩૭૬૭૧ કરોડ, બીજા ક્રમે કર્ણાટકમાં રૂા.૧૫૯૭૮ કરોડ અને ગુજરાતમાં રૂા.૧૩૩૦૧ કરોડનું કલેકશન નોંધાયુ છે. આમ ગુજરાતમાં પણ જીએસટીના આગમન બાદ સ્ટેટ જીએસટી કલેકશન પ્રથમ વખત રૂા.૭૦૦૦ કરોડને પાર ગયુ છે અને કુલ રૂા.૧૩૩૦૧ કરોડ નોંધાયુ છે. જીએસટીનું આ કલેકશનમાં દેશમાં અર્થતંત્ર માટે અત્યંત ઉત્સાહની નિશાની છે અને ગુજરાતમાં યોગદાન પણ મહત્વનું રહ્યું છે.

### ભારતીય છાત્રોના ખિસ્સા પર કાતર ચાલશે

# કેનેડામાં છાત્રો હવે સપ્તાહમાં ૨૪ કલાક જ કામ કરી શકશે

**ભણતરની સાથે સાથે જોબ કરતા છાત્રોના કલાકો ઘટાડી નાખતા કમાણી પણ ઘટશે**

ટોરંટો (કેનેડા) તા.૧

કેનેડામાં ભારતીય સહિત અન્ય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આર્થિક નુકસાનીનો સામનો કરવો પડી શકે છે. કેનેડા સરકારે તેમના ભણતરની સાથે સાથે થતી કમાણી પર કાતર ફેરવી દીધી છે. મતલબ કે કેમ્પસમાં અભ્યાસ બાદ કામ કરવાના કલાકોમાં ઘટાડો કરી નાખ્યો છે. કેનેડાના નવા નિયમો મુજબ હવે સપ્ટેમ્બર મહિનાથી દર સપ્તાહ ૨૪ કલાક જ પરિસરની બહાર કામ કરવા માટે મળશે.



વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોની લિબરલ પાર્ટીની સરકારે દેશમાં કામદારોની કમીને પુરી કરવા માટે કોવિડ–૧૯ મહામારી દરમિયાન આંતરરાષ્ટ્રીય છાત્રો માટે કામના કલાકોની ૨૦ કલાકની મર્યાદા અસ્થાયી રૂપે માફ કરી દીધી હતી જેના કારણે છાત્ર દર સપ્તાહે ૨૦ કલાકથી વધુ લગભગ ૪૦ કલાક ફુલટાઈમ કરી રહ્યા હતા અને એથી વધારાની કમાણી કરી રહ્યા હતા. અહેવાલો મુજબ આ મંગળવારથી પુરી થઈ હતી.

કેનેડીયન એલાયન્સ ઓફ સ્ટુડન્ટસ એસોસીએશન (સીએએસએ)ના એડવોકેસી નિર્દેશક માટે સલમાસીએ જણાવ્યું હતું કે આ જાહેરાતથી ૨ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય છાત્રોને દર વર્ષે પોતાના ખિસ્સાથી સરેરાશ ઓછામાં ઓછા ૫ હજાર ડોલર અર્થાત ૪.૧૭ લાખ રૂપિયાનું નુકસાન થશે.

# રાજકોટમાં વધુ બે યુવાનના હાર્ટએટેકથી મોત

**ગોકુલધામ આવાસમાં રહેતા પરેશભાઈ ત્રિવેદી અને પેડક રોડ પર એકલવાયું જીવન જીવતા રાજુભાઈએ સારવારમાં દમ તોડ્યો**



મૃતક પરેશભાઈ

રાજકોટ, તા.૧

રાજકોટમાં વધુ બે યુવાનના હાર્ટ એટેકથી મોત થયું છે. ગોકુલધામ

(અનુસંધાન ૧૨ મા પાને)


જોઈએ છે
કલાર્ક -૩ કેશીયર -૧
કોમ્પ્યુટર તથા એકાઉન્ટના જાણકાર, અનુભવીને પ્રથમ પસંદગી, વાહન હોવું જરૂરી, સ્વહસ્તે અરજી સાથે રૂબરૂ મળવું
કામકાજનો સમય : સવારે ૮:૩૦ થી રાત્રે ૮:૩૦ સુધી
આશાપુરા એન્ટરપ્રાઈઝ
આજી જી.આઇ.ડી.સી. પી-રોડ, રાજાવીર ફાઉન્ડ્રીની બાજુમાં, કીર્તી પેકેઝીંગની સામે, રાજકોટ. મો. ૯૩૭૫૦ ૭૭૬૩૬
SIMPLE


પ્લોટ વેચવાનો છે
૨૮૦ વાર
શ્રી ગીરીકન્દ્રા રેસીડેન્સી
કાલાવડ રોડ,ન્યારી ડેમ રોડ, તીર્થ ફલેટની બાજુમાં
જયેશભાઈ-૯૮૨૪૫ ૦૮૫૨૧


Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૬૪


પરજીયા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
PARAJIYA TOURS & TRAVELS
ચલો ચલે ચાર ધામ કી યાત્રા કરને...
હરિદ્વાર-કેદારનાથ-બદ્રીનાથ તારીખઃ- ૦૮-૦૫-૨૦૨૪ દિવસઃ- ૧૫/૧૭
ચાર ધામ પ્રવાસી સ્લીપર કોચ બસ દ્વારા સુંદર આયોજન
રહેવા ને શુદ્ધ ગુજરાતી ભોજન સાથે હરિદ્વાર થી ઉપર સાઇટ શીન સાથે ફેમીલી સંગ ધમાલ મસ્તી કરવા આજે કોન્ટેક્ટ કરોઃ-
મો. ૯૯૧૩૮ ૨૩૩૮૦
સ્કૂલ પ્રવાસ, કંપની સ્ટાફ પ્રવાસ તેમજ એક દિવસથી ચાર દિવસના ગ્રુપ પ્રવાસનું સુંદર આયોજન કરી આપવામાં આવશે.


મહેનતુ માણસો જોઈએ છે
મશીનરીની દુકાન માટે
(ઉંમર ૨૦ થી ૨૫ વર્ષ આસપાસ)
પગાર : ૧૦ થી ૧૨ હજાર આસપાસ
વાહન તથા ઓળખાણ જરૂરી
ગરેડીયા કુવા રોડ પર
Ph. 0281-2224376

જોઈએ છે
રાજકોટની નામાંકીત કંપનીને નીચે મુજબના સ્ટાફ જોઈએ છે
■ ફોર્જીંગ ઓપરેટર
• ફોર્જીંગ લાઇનમાં પ્રેસ ઉપર કામ કરી શકે તેવા ૧ થી ૨ વર્ષના અનુભવી ઓપરેટર જોઈએ છે.
■ સી.એન.સી. ઓપરેટર
• સી.એન.સી. ઓપરેટીંગના ૧ થી ૨ વર્ષના અનુભવી ઓપરેટર જોઈએ છે.
આકર્ષક પગાર, બોનસ, ઈન્સેન્ટીવ, કેન્ટીન તથા ટ્રાન્સપોર્ટેશન સુવિધા આપવામાં આવશે.
RTL
રવી ટેકનોફોર્જ પ્રા. લી.
સર્વે નં. 50/P-1, ટોલ પ્લાઝા પાછળ, રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે, ગામ : પીપળીયા, જી.: રાજકોટ (ગુજરાત). ફોન : (02827) 350 232
82380 23282

### શા માટે વેકસીનથી લોહીના ગઠ્ઠા જામે છેઃ એસ્ટ્રાજેનેકા પાસે તેનો જવાબ નથી

# કોવિડ વેકસીનની ગંભીર આડઅસર અંગે એસ્ટ્રાજેનેકા જાણતી હતી!!

### લંડનમાં તબીબે પ્રશ્ન ઉઠાવ્યોઃ કંપનીએ જે રીતે સાહજીકતાથી આડઅસર સ્વીકારી તે અત્યંત ગંભીરઃ માનવ પરિક્ષણ સમયે જ ખ્યાલ આવી ગયો હશે

નવી દિલ્હીઃ દેશ એક તરફ કોવિડકાળથી આગળ વધી ગયો છે તે સમયે જ બ્રિટનની એક અદાલતમાં કોવિડ વેકસીન નિર્માતા કંપની એસ્ટ્રાજેનેકાએ જે રીતે વેકસીનની આડઅસર બને તેમાં લોહીના ગઠ્ઠા જામી જવાની સમસ્યા તથા ખાસ કરીને હૃદયરોગ માટે પણ કારણ બની શકે છે તેવા તારણોથી એક ભયનો માહોલ સર્જાયો છે અને જેઓએ ખાસ કરીને કોવિશિલ્ડ વેકસીનના બે ડોઝ ઉપરાંત બુસ્ટર ડોઝ પણ લીધો છે તેમાં અનેકના કાર્ડિયાક એરેસ્ટ જેવા હૃદયના અચાનક જ થંભી જવાથી થતા મોતની ઘટનાઓ વધતા હવે વેકસીનની આડ અસરની પણ તેમાં ભૂમિકા હોય તેવી શંકા વધી છે. એસ્ટ્રાજેનેકાએ વેકસીન આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ શકે છે તેવું જણાવ્યું છે પણ શા માટે તે થાય છે તે સ્પષ્ટ કર્યુ નથી. કંપનીએ કહ્યું કે તેમની વેકસીન કે અન્ય કોઈ વેકસીનના કારણે આ પ્રકારની સ્થિતિ બને છે. બ્રિટનની અદાલતમાં આ અંગેના દસ્તાવેજી પુરાવા પણ રજુ થયા છે. કુલ ૫૧ લોકોએ વેકસીનના કુષ્પ્રભાવ મુદ્દે કંપની સામે વળતર દાવા સમયે એસ્ટ્રાજેનેકાએ તેમની ઉપરાંત અન્ય કોઈપણ કોવિડ વેકસીનમાં આ સ્થિતિ બની શકે છે તે દર્શાવ્યું છે.



એસ્ટ્રાજેનેકાએ કહ્યું કે બહું જવલ્લેજ કેસમાં આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ શકે છે. જેમાં લોહીના ગઠ્ઠા જામી જવા અને લોહીમાં પ્લેટલેટ ઘટવાની સમસ્યા બની શકે છે. ભારતમાં આ વેકસીનનું ઉત્પાદન પુના સ્થિત સીરમ ઈન્સ્ટીટયુટ દ્વારા કરવામાં આવ્યું હતું.

હવે આ મુદ્દે કંપની સામે કેસ દાખલ કરનારના ધારાશાસ્ત્રી એ જણાવ્યું કે વેકસીન લીધા બાદ કંપનીએ સ્વીકારેલી આડઅસરથી જે ૫૧ લોકોએ અરજી કરી છે તેમાં ૧૨ તો મૃત્યુ પામ્યા છે અને તેમના મૃત્યુમાં આ કારણ જ દર્શાવાયુ છે જે કંપની સ્વીકારે છે. સૌથી મહત્વનું એ છે કે હજું ફકત એસ્ટ્રાજેનેકાને જ આ આડઅસર જે ઘાતક બની શકે છે તેણે અદાલતમાં મામલો પહોંચ્યા પછી તે સ્વીકાર કર્યા છે. બ્રિટન સ્થિત ભારતીય કાર્ડિયોલોજીસ્ટ ડો. અસીમ મલ્હોત્રા કહે છે કે કંપની વેકસીનની આ ગંભીર આડઅસર અંગે જાણતી જ હશે અને તેથી જ વેકસીન સહિતના આ પ્રકારના તબીબી સંશોધનમાં પ્રથમ તેનો પ્રયોગ પ્રાણીઓ પર કરાય છે તે પણ થયુ નથી. કંપનીએ જે સાહજીકતાથી સ્વીકાર્યુ તેથી આ પ્રકારની સાઈડ ઈફેકટ અંગે અગાઉથી જાણતી હશે તો પછી શા માટે સીધુ માનવ પરિક્ષણ કરાયું તે પ્રશ્ન છે અને ૧૮ વર્ષથી ઉપરના લોકોને માટે આ વેકસીન સુરક્ષિત છે તેવા વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ જે દાવો કર્યો હતો તેની સામે હવે પ્રશ્ન ઉઠે છે અનેક દર્દીઓને વેકસીન લીધા બાદ થોડાજ સપ્તાહમાં માથાનો તીવ્ર દુખાવો દ્રષ્ટિ ધુંધળી થવી, છાતીમાં દુખાવો પગમાં સોજા ચડવા, પેટમાં દર્દ તથા શ્વાસની તકલીફ જેવા લક્ષણ હતા તેમાં એ હજુ પણ મેડીકલ ચેકઅપ કરાવવું જોઈએ. કારણ કે લાંબાગાળે પણ અસર થઈ શકે છે. કોરોનામાં વિશ્વભરના લોકોના સ્વાસ્થ્ય પર અસર કરી જ છે અને કોવિડમાં તો બુસ્ટર ડોઝ સુધીના ટીકા લગાવાય છે.

## વેકસીનના પ્રથમ ડોઝ સમયે જોખમ વધુ હોય છેઃ પૂર્વ વૈજ્ઞાનિક

### બે કે ત્રણ ડોઝ લીધા બાદ જો સાઈડ ઈફેકટ થવાની હોય તો તે પ્રારંભના બે કે ત્રણ માસમાં જ થઈ જાય છે

દિલ્હી, તા.૧

કોરોના વેકસીનની સાઈડ ઈફેકટ અંગે વિવાદ છે ત્યારે ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચના પૂર્વ વૈજ્ઞાનિકે દાવો કર્યો છે કોવીશિલ્ડથી ગભરાવાની જરુર નથી. ૧૦ લાખમાંથી વધુને વધુ ૭ લોકોને આ વેકસીનની આડ અસર થઇ શકે છે. સાઇડ ઈફેકટમાં જો કે તેણે સ્વીકાર્યુ છે કે લોહીના ગઠ્ઠા જામી જવા સહિતની જે સ્થિતિ એસ્ટ્રાજેનેકાએ સ્વીકારી છે તે યોગ્ય છે પરંતુ તમે પ્રથમ ડોઝ લો ત્યારે સૌથી વધુ જોખમ હોય છે. આઇસીએમઆરના પૂર્વ વૈજ્ઞાનિક ડો. અમન ગંગાખેડકરએ કહ્યું કે બીજો ડોઝમાં જોખમ ઘટી જાય છે અને ત્રીજા ડોઝમાં તો જોખમ ભાગ્યે જ હોય છે અને પ્રથમ બે-ત્રણ માસમાં આ પ્રકારની સ્થિતિ સર્જાઇ છે. હવે જ્યારે આપણે વેકસીન લીધા પછી ત્રણ થી ચાર વર્ષ થયા છે તેથી તેનાથી ડરવાની જરૂર નથી.

### વેકસીન લીધા બાદ માથાનો તિવ્ર દુખાવો, ધુંધળી દ્રષ્ટિ, છાતીમાં દર્દ, પગમાં સોજા વિ. લક્ષણો જ લોહીના ગઠ્ઠા જામવા ભણીના સંકેત છે

## વેકસીનની સાઈડ ઈફેકટથી મોત સામે એસ્ટ્રાજેનેકાએ ફકત સહાનુભૂતિ દર્શાવી

લંડન તા.૧

બ્રિટીશ કંપની એસ્ટ્રાજેનેકાની કોવિડ વેકસીનના ગંભીર સાઈડ ઈફેકટ અંગે ઈંગ્લેન્ડની એક અદાલતમાં ૧૦૦ બિલિયન પાઉન્ડનો દાવો દાખલ થયો છે તે વખતે જ એસ્ટ્રાજેનેકાએ એક નિવેદનમાં જે લોકોને આ પ્રકારની સાઈડ ઈફેકટ થઈ છે તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. એસ્ટ્રાજેનેકાએ ખુદે સ્વીકાર્યુ છે કે વેકસીનની સાઈડ ઈફેકટ થઈ શકે છે અને હવે એક નિવેદનમાં જણાવ્યું કે જે લોકોએ વેકસીન લીધા બાદ પોતાના પ્રિયજન ગુમાવ્યા છે કે જેમને કોઈ ગંભીર અસર થઈ છે તેના પ્રત્યે અમને સહાનુભૂતિ છે. કંપનીએ એવું કહ્યું કે રોગીઓની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમીકતા છે અને વેકસીન સહિતની અમારી દવાના સુરક્ષિત ઉપયોગને સુનિશ્ચિત કરવા અમારા આકરા ધોરણો છે.

---

### કોંગ્રેસ પક્ષને ગાંધી કુટુંબની બેઠક પર પણ હવે નવો ચહેરો શોધવો પડશે

# અમેઠીમાંથી ચુંટણી લડવા રાહુલનો ઈન્કાર

### રાયબરેલી અંગે સસ્પેન્સ યથાવતઃ રાહલને ડર છે કે તે જો હવે અમેઠીથી લડે તો ભાજપ પરિવારવાદનો આરોપ મુકશે

નવી દિલ્હીઃ

લોકસભા ચુંટણીમાં ઉતરપ્રદેશની બે બેઠકો રાયબરેલી અને અમેઠી અંગે કોંગ્રેસે હજુ ઉમેદવાર જાહેર કર્યા નથી પણ પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ રાહુલ ગાંધીએ અમેઠી કે રાયબરેલી બે માંથી કોઈ પર પણ ચુંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે અને હવે ઉમેદવારી નોંધાવશે. છેલ્લા બે દિવસ જ બાકી હોવાથી કોંગ્રેસ પક્ષે અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે ચુંટણી લડવા નવો ચહેરો શોધવો પડશે તો રાયબરેલીમાં પ્રિયંકા ગાંધી ચુંટણી લડશે કે કેમ તેના પર હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. હવે આ બેઠક પર સમાજવાદી પક્ષ પોતાના ઉમેદવાર મુકીને સ્મૃતિ ઈરાનીને ટકકર આપે તેવો સંકેત છે. અગાઉ પણ જો રાહુલ ગાંધી લડવા માંગતા હોય તો સપાનો મહત્વપૂર્ણ ટેક્ષ આપવા ખાતરી આપી હતી. રાહુલે તેવું મંતવ્ય વ્યકત કર્યુ છે કે જો અમેઠી કે રાયબરેલીમાં ગાંધી કુટુંબનો કોઈ વ્યક્તિ ચુંટણી લડે તો ભાજપને પરિવારવાદનો આરોપ મુકવાની તક મળી જશે. બીજી તરફ પ્રિયંકાના પતિ રોબર્ટ વાડ્રા પણ અમેઠી બેઠક લડવા આતુર છે પણ તેઓને કોંગ્રેસ પક્ષ ટિકીટ આપે તેવી શકયતા નહીવત છે.



## કોવિશિલ્ડ રસી રાજકીય મુદ્દો બન્યો ! શકિતસિંહ ગોહિલના સરકાર પર પ્રહાર

અમદાવાદ, તા. ૧

કોરોનાની વેકસીન કોવિશિલ્ડથી લોહીના ગંઠા જામી જવાનું અને પ્લેટેટસ ઘટી જવાનું જોખમ હોવાની કંપનીની કબુલાત પછી ચૂંટણી ટાણે જ કોરોના રસીનો મુદ્દો ચગવા લાગ્યો છે.



ગુજરાતના કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલે કોરોનાની કોવિશિલ્ડ રસી મુદ્દે સરકાર સામે સવાલ ઉઠાવ્યા હતા.

શકિતસિંહ ગોહિલે કહ્યું કે રસીકરણ બાદ વિશ્વ આરોગ્ય સંગઠનની ગાઇડલાઇન મુજબ સર્વે કેમ કરાયો ન હતો તેવો સવાલ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે ભારતમાં એમસીઆરઆઇ જેવી સંસ્થા હોવાથી ખાનગી કંપનીને કેમ કામ અપાયું હતું. આ પ્રકારની બેદરકારીનો જવાબ માંગવાની સાથોસાથ તેમણે કહ્યું કે દુનિયાના અન્ય દેશો કરતા ભારતમાં કોરોના રસીની કિંમત વધુ હોવા વિશે પણ સરકારે જવાબ આપવો જોઇએ. સરકારે દેશમાં કોરોના રસીકરણ વિશે કોઇ ડેટા રાખ્યા નથી અને લોકોની કોઇ ચિંતા નહીં કર્યાનો પણ આક્ષેપ કર્યો હતો.

## સલમાનના ઘેર ફાયરીંગ કરનારાઓને હથિયાર પૂરા પાડનારનો પોલીસ કસ્ટડીમાં આપઘાત

### આરોપી અનુજ થાપરે હોસ્પિટલમાં દમ તોડ્યોઃ પોલીસની કામગીરી સામે પ્રશ્ન

મુંબઇ, તા.૧

થોડા દિવસ પહેલા બોલીવૂડ સ્ટાર સલમાન ખાનના ઘર પર ફાયરીંગના કેસમાં આરોપીઓને હથિયાર પુરા પાડનાર આરોપીએ પોલીસ કસ્ટડીમાં આપઘાત કરતાં સનસનાટી ફેલાઇ ગઇ છે.

આ અંગેની વિગત મુજબ વર્ષો પહેલા એકટર સલમાન ખાને ફિલ્મ ‘હમ સાથ સાથ હૈ’ના શૂટીંગ દરમિયાન કાળિયાર હરણનો શિકાર કર્યો હતો. કાળિયાર હરણને બિશ્નોઇ પૂજનીય માને છે. આ ઘટના બાદ બિશ્નોઇ ગેંગનો ફિલ્મ હિરો સલમાન ખાન દુશ્મન બની ગયો છે.



લોરેન્સ બિશ્નોઇએ સલમાન ખાનનો જીવ લેવાના સોગંદ ખાધા છે. સલમાન પર હુમલાની અગાઉ પણ કોશિશો થઇ છે જેને પગલે પોલીસે સલમાન ખાનને ખાસ સુરક્ષા બંદોબસ્ત આપ્યો છે.

તાજેતરમાં સલમાન ખાનના બાન્દ્રા સ્થિત ગેલેકસી એપાર્ટમેન્ટમાં ગોળીબારની ઘટના બની હતી. હવે આ બનાવમાં આરોપીઓને હથિયાર પૂરા પાડવાના આરોપમાં અનુજ થાપર નામના શખ્સને પોલીસે પંજાબથી પકડી પાડ્યો હતો. આ અનુજે આજે પોલીસ કસ્ટડીમાં આપઘાત કર્યો હતો.

આપઘાતનો પ્રયાસ કરનાર અનુજ થાપરની હાલત ગંભીર હાલતમાં ખસેડાયો હતો જ્યાં તેણે અંતિમ શ્વાસ લીધા હતા. પોલીસ કસ્ટડીમાં મોતથી આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે.

---

### વહેલી સવારથી પાટનગરની પોશ શાળા વિસ્તારોમાં દહેશતનો માહોલ

# દિલ્હીની ૧૦૦થી વધુ શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ‘જેહાદી’ ધમકી મળતા અફરાતફરી

### દિલ્હી પબ્લીક સ્કુલ સહિતની શાળાઓને સવારે ૪.૧૫ થી મળવા લાગેલા ઈ-મેલમાં ‘જેહાદી-ભાષા’; દિલ્હી પોલીસની ટીમો દોડીઃ બાળકોને સલામત કરાયા- વાલીઓની પણ દોડધામ

**એક સાથે અનેક શાળાઓમાં ધમકીભર્યા ઈ-મેલથી પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ મેદાનમાંઃ નોઈડાની શાળાઓમાં પણ ધમકી**

નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં વધુ એક વખત પાડોશી નોઈડાની ૧૦૦થી વધુ શાળાઓમાં બોમ્બ મુકયા હોવાની ધમકી મળતા જ જબરી અફડાતફડી મચી ગઈ છે અને દિલ્હી પોલીસની બોમ્બશોધક ટીમ સહિતની ખાસ ટીમો આ શાળાઓમાં પહોંચીને પ્રથમ વિદ્યાર્થીઓ સહિત તમામને સલામત કરીને હવે દરેક શાળાના ખુણેખુણાની તપાસ કરી રહી છે. આજે સવારે દ્વારીકા સ્થિત દિલ્હી પબ્લીક સ્કુલ અને બાદમાં અન્ય ૯થી વધુ શાળાઓને ઈ-મેલથી આ પ્રકારની ધમકી મળી હતી. દિલ્હી પોલીસ પહેલા આ દ્વારીકાની શાળાએ પહોંચીને તુર્તજ ઈમારત ખાલી કરાવી હતી અને ત્યાં જ એક બાદ એક શાળાઓ પણ આ પ્રકારની ધમકી મળી હોવાના અહેવાલ આવતા જ જબરી અફડાતફડી મચી ગઈ હતી. પુર્વી દિલ્હીની મયુર વિહાર સ્થિત મધર મેરી સ્કુલ ઉપરાંત સંસ્કૃતિ સ્કુલ, નોઈડાની દિલ્હી પબ્લીક સ્કુલ અને અન્ય બે શાળાઓના સંચાલકોને પણ આ પ્રકારના ઈ-મેલ મળ્યાની પોલીસને જાણ કરતા દિલ્હી પોલીસના પગલે તુર્તજ અલગ અલગ ટીમો બનાવીને ઉચ્ચ અધિકારીઓને દોડતા કરી દીધા હતા તથા શાળા સંચાલકોએ તુર્તજ વાલીઓને પણ તેમના સંતાનોને લઈ જવા ફોન શરૂ કરી દેતા જબરો દહેશતનો માહોલ સર્જાયો હતો.

પ્રથમ ઈ-મેલ દ્વારીકાની પબ્લીક સ્કુલને સવારે ૪.૧૫ કલાકે મળ્યો હતો અને તેમાં મોકલનારના આઈપી એડ્રેસ સહિતના મુદ્દે તપાસ શરૂ થઈ ત્યાંજ બીજી શાળાઓમાંથી પણ ઈ-મેલ મળ્યાના ખબર મળ્યા હતા અને એક તરફ શાળાઓની આસપાસ પોલીસ ડોગ સ્કવોડ તથા બોમ્બ વિરોધી સ્કવોડ વિ. પહોંચવા લાગી હતી તો બીજી તરફ આ ખબર પ્રસરવા લાગતા ચિંતાતુર વાલીઓએ તેમના બાળકને લેવા દોટ મુકી હતી. પોલીસે પ્રથમ તમામને એક સલામત સ્થળો પર પહોંચાડીને બાદમાં શાળાની તપાસ શરૂ કરી હતી. તમામ શાળાઓને એક જ સમાજ લખાયેલા ઈ-મેલ મળ્યા હતા અને તમામને ધમકીની અતિ ગંભીર ભાષા લખાઈ હતી અને તેનાથી પોલીસની ચિંતા વધી ગઈ હતી. આ અંગે હજુ તપાસ ચાલુ છે પણ કોઈ શાળામાંથી બોમ્બ કે વાંધાજનક ચીજો મળી નથી પણ તકેદારી રૂપે તમામ શાળામાં રજા જાહેર કરવામાં આવી છે તથા પોલીસે ખાસ ડીટીસી બસો દોડાવીને બાળકને સલામત તેમના આવાસે પહોંચાડવા પણ વ્યવસ્થા કરી હતી.

## જેહાદની આગ અમારા દિલોમાં લાગી ગઈ છેઃ તમે સળગી ઉઠશો

### છત બાજુ જુઓ તમારા શરીરના ટુકડા થશેઃ પગ નીચે આગ લાગશેઃ તમામ શાળાઓને મળેલા ઈ-મેલ એક જ આઈપી એડ્રેસથી મોકલાયા હોવાના સંકેત

નવી દિલ્હી, તા.૧

પાટનગરમાં સૌથી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના ઇ-મેઇલમાં ભારોભાર જેહાદી ભાષાનો ઉપયોગ થયો છે. આ ઇ-મેઇલ તમામ શાળાઓને એક સરખો મળ્યો હતો અને તેમાં લખાયું છે કે અમારા હાથમાં જે લોખંડ છે તે અમારા દિલને ગળે વળગાડે છે. ઇંશાઅલ્લાહ અમે તેને હવામાં ઉડાડીને તમારા શરીરના ટુકડે-ટુકડા કરી દેશું. તમારા શરીરને ચીરી નાખીશું, તમારી ગરદન અને ચહેરો ફાડી નાખશું, અલ્લાહની મરજી થઇ તો તમને આગમાં લપેટી દેશું જેના કારણે તમારો શ્વાસ ઘુંટાઇ જશે. કાફીરોને માટે જહન્નુમની આગ અલગ છે તમે એ જ આગમાં સળગી જશો. ઇ-મેઇલમાં એ પણ લખાયું છે કે તમારા જે બુરાઇ સર્જવામાં આવી છે. તેનો ધુમાડો આકાશમાંથી ઉતરશે. અમારા દિલમાં જેહાદની આગ લગાવી દેવાઇ છે અને અમે આગ બની ગયા છીએ. ઇંશાઅલ્લાહ ફકત બદલાની જ તરફેણ કરે છે.

---

## એપથી રોકાણ સ્કીમમાં છેતરપીંડી મામલે સીબીઆઈની મોટી કાર્યવાહી : ૩૦ સ્થળો દરોડા

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્રીય તપાસ બ્યુરોએ એચપીઝેડ ટોકન એપ (HPZ Token App) દ્વારા રોકાણની લાલચ આપી રાષ્ટ્રવ્યાપી છેતરપિંડીના કેસમાં ૧૦ રાજ્યોમાં અને કેન્દ્ર શાસિક પ્રદેશોમાં ૩૦ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા છે. આ રાજ્યોમાં દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો સમાવેશ થાય છે. સીબીઆઈએ એચપીઝેડ ટોકન એપ સંબંધિત મામલામાં અત્યાર સુધીમાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, હાર્ડ ડ્રાઈવ, સિમકાર્ડ, એટીએમ, ડેબિટ કાર્ડ, ઈ-મેઈલ એકાઉન્ટ તેમજ વિવિધ ડોક્યુમેન્ટ સહિત મહત્વના ડિજિટલ પુરાવાઓ જપ્ત કર્યા છે.

સમાચાર એજન્સીના અહેવાલો મુજબ સીબીઆઈએ છેતરપિંડી યોજનામાં સામેલ બે ખાનગી કંપનીઓ અને તેના નિદેશકો વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. સીબીઆઈના જણાવ્યા મુજબ કથિત આરોપીઓમાં શિગૂ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને લિલિયન ટેક્નોકૈબ પ્રાઈવેટ લિમિટેડ (બંને ખાનગી કંપનીઓ) અને તેના નિદેશક સામે કેસ નોંધવામાં આવ્યો છે.

એચપીઝેડ ટોકન આધારિત એપનું કામકાજ કરે છે અને તે બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો કરન્સી માટે ખાનકામ મશીનોમાં રોકાણ કરીને વપરાશકર્તાઓને મોટા નફાની લાલચ આપે છે. છેતરપિંડી કરનારાઓ લોકોને છેતરવા માટે એક મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરતા હતા. તેઓ બિટકોઈન ખાણકામમાં રોકાણ કરવા બદલ મોટું રિટર્ન મેળવવા માટે એચપીઝેટ ટોકન એપમાં રોકાણ કરવાનું કહી લોકોને લલચાવતા હતા. સીબીઆઈના જણાવ્યા મુજબ અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે, રોકાણકારોની રકમ એકત્ર કરવા માટે કુલ ૧૫૦ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરાયો હતો.

સીબીઆઈએ કહ્યું કે, આ મામલે તપાસ હાથ ધર્યા બાદ છેતરપિંડી અટકાવવાની સાથે આરોપીઓ વિરૂદ્ધ પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. આ કેસમાં હજુ પણ તપાસ ચાલુ છે. શરૂઆતમાં એપ દ્વારા ફંડનો ઉપયોગ રોકાણકારોને ચુકવણી કરીને વિશ્વાસ વધારવા માટે કરાતો હતો. ભારતની બહાર ગેરકાયદેસર રીતે ફંડ ટ્રાન્સફર થતા પહેલા તે ફંડને ઘણીવાર ક્રિપ્ટોકરન્સીમાં બદલવામાં આવતું હતું અથવા હવાલા વ્યવહારો દ્વારા ટ્રાન્સફર કરાતું હતું.

# સિધ્ધુ મુસેવાલા હત્યાકાંડના આરોપી ગોલ્ડી બરાડની અમેરિકામાં હત્યા

### માફીયા વોરનું પરિણામ : દલ્લા-લખબીર ગેંગે જવાબદારી લીધી

કેલિફોર્નિયા, તા.૧ : પંજાબના જાણીતા ગાયક સિધ્ધુ મુસેવાલાના હત્યા કાંડનો મુખ્ય આરોપી ગોલ્ડી બરાડની અમેરિકામાં હત્યા કરવામાં આવી છે. ગોલ્ડીનું મુળ નામ સતિન્દરસિંહજી છે અને પંજાબી ગાયક મુસેવાલાની હત્યામાં તેમનું નામ ખુલ્યું હતું. ચંદીગઢમાં તેની પિતરાઇ ભાઇની હત્યા બાદ તે અપરાધની દુનિયામાં પ્રવેશ્યો હતો અને તેને મુસેવાલા સહિતના અનેક હત્યાકાંડોમાં પણ ભૂમિકા ભજવી હતી. અમેરિકાના કેલિફોર્નિયામાં તેની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. જેની હત્યાની જવાબદારી દલ્લા-લખબીર ગેંગે લીધી છે. તે સ્ટુડન્ટ વિઝા પર કેનેડા પણ ગયો હતો. મે ૨૦૨૨માં પંજાબના માનસા જિલ્લામાં એક ગામ પાસે સિધ્ધુ મુસેવાલાની હત્યા કરવામાં આવી હતી તેની જવાબદારી ગોલ્ડીએ લીધી હતી અને કહ્યું હતું કે માહોલીમાં એક હત્યાના આરોપીને મુસેવાલાના મેનેજરે આશરો આપ્યો હતો. બાદમાં મુસેવાલાએ ખુદે મેનેજરને મદદ કરી હતી. આમ તેને મુસેવાલાને જવાબદાર ગણાવ્યો હતો અને હવે તેની હત્યા પાછળ પણ આ જ પ્રકારે ગેંગવોર હોવાનું માનવામાં આવે છે.





## ચુનારવાડ માતાને બચાવવા વચ્ચે પડતાં દિકરી જમનાબેન બારીયાને ઈજા પહોંચી

રાજકોટ તા.૧

માતાને બચાવવા વચ્ચે પડતાં દિકરી જમનાબેન બારીયાને ઈજા પહોંચતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ શિવાજી નગર શેરી નં-૭ માં રહેતી જમનાબેન મુકેશભાઈ બારીયા (ઉ.વ.૩૫) પોતાની માતા મોંઘીબેનને બચાવવા વચ્ચે પડતાં ત્રણ શખ્સો જમનાબેનને ઈજા પહોંચાડી નાસી ગયા હતા. આ અંગે તેઓનાં પરિવારજનોએ જણાવ્યું કે શિવાજી નગર શેરી નં-૭ માં રહેતી મોંઘીબેન પાસે રઘુ નામનાં યુવકે ઓરડી માંગી હતી. જે ઓરડી આપવાનું ના કહેતાં તેજ વિસ્તારમાં રહેતાં અને કૌટુંબીક સગા થતાં રઘુ, વિશાલ, શીલું અને તેની સાથેના અજાણ્યા શખ્સોએ મોંઘીબેન પર હુમલો કર્યો હતો. રઘુએ છરી બતાવી મારી નાખવાની ધમકી આપી હતી. મોંઘીબેનને બચાવવાં તેમની દિકરી જમનાબેન બારીયા વચ્ચે પડતાં તેઓની ઈજા પહોંચી હતી. બાદ યુવતીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેઓને સંતાનમાં એક દીકરો- દિકરી છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

## લોઠડામાં પંપના કારખાનામાં આગ લાગી, સ્ક્રેપનો ઢગલો બળીને ખાખ

રાજકોટ, તા.૧

શહેર નજીક લોઠડામાં શ્રીરામ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં હયાત પમ્પિંગ પ્રા.લી. કારખાનાના સ્ક્રેપ યાર્ડમાં આગ લાગ્યાની જાણ થતાં ફાયર વિભાગના શૈલેશભાઈ મેર, હાર્દિકભાઈ પરનાળિયા, વિકાસભાઈ ઝીંઝુવાડિયા, વશરામભાઈ મકવાણા વગેરે દોડી ગયેલ. સ્ક્રેપ યાર્ડમાં પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. પુઠા, ડબ્બા, નાની મોટી સબ મર્શિબલ માટે ઉપયોગમાં આવતી સામગ્રી સળગી ગઈ હતી. સ્થળ પર કારખાના માલિક દિવ્યેશભાઈ હસમુખભાઈ તોગડીયા હાજર હતા. નુકસાનીનો આંક અને આગનું કારણ જાણવા મળેલ નહોતું.

## ટેન્કર દુર્ઘટનાથી માર્ગ પર ઓઈલ ઢોળાતા સીએમ શિંદે લોકોની મદદે આવ્યા

### મુખ્યમંત્રી શિંદે થાણેથી મુંબઈ જતા હતા ત્યારે માર્ગ પર ઓઈલ ઢોળાયેલું જોતા કાફલો રોકાવ્યો હતો

મુંબઈ તા.૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે થાણેથી પોતાના ઘેર મુંબઈ જઈ રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે રસ્તામાં એક ટેન્કર દુર્ઘટનાગ્રસ્ત થવાથી રસ્તા પર ઓઈલ ઢોળાયેલુ જોયું હતું અને તરત પોતાના કાફલાને રોકીને તે કારમાંથી બહાર આવ્યા હતા અને લોકોની મદદ કરવા માટે આગળ આવ્યા હતા.

તેમણે નિશ્ચિત કર્યુ હતું કે રસ્તા પર ઓઈલ ળાવાથી કોઈપણ લપસે નહી. ઘટના પુર્વી એકસપ્રેસ વે પર મુલુંડ અને ભાંડુપ વચ્ચે બની હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૨૦-૨૫૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૭૦-૨૫૨૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૯૦-૧૭૨૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૪૦-૧૬૭૦ |
| પામોલીયન તેલ | ૧૪૭૫-૧૪૮૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૩૬૦-૨૩૮૦ |
| દિવેલ | ૨૦૧૦-૨૦૩૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ)
૭૩૨૫૦(-૧૦૫૦)

ચાંદી